बालभारती हीरक महोत्सव

# ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર

## ધોરણ છઠ્ઠું



Tele MANAS
National Tele Mental Health Programme
14416

# ટેલી-માનસ હેલ્પલાઈન

## ટેલી માનસ (આંતરરાજ્ય ટેલી માનસિક સ્વાસ્થ્ય સહાય અને નેટવર્કિંગ)

(૧૪૪૧૬/૧૮૦૦-૮૯-૧૪૪૧૬)

કેન્દ્ર પુરસ્કૃત યોજના ટેલી માનસ રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ઑક્ટોબર ૨૦૨૨થી મહારાષ્ટ્ર રાજ્યમાં પણ અમલમાં મુકવામાં આવી છે. ટેલી માનસ કાર્યક્રમ અંતર્ગત સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન નંબર)-૧૪૪૧૬ દ્વારા ૨૪ X ૭ નિઃશુલ્ક એકાત્મિક અને સર્વ સમાવેશક માનસિક આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવે છે. જેમાં વિવિધ માનસિક સમસ્યાઓ માટે તજજ્ઞો દ્વારા ઉપચાર અને સમુપદેશન કરવામાં આવે છે. ટેલી માનસ સહાયતા ક્રમાંક પર ફોન કર્યા બાદ તમે આપેલી માહિતી સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ નિઃસંકોચ પોતાની સમસ્યા અને શંકા જણાવી તે વિશે માર્ગદર્શન મેળવવું. બીજા લોકોને પણ આ સુવિધા દ્વારા સહાયતા મેળવવા કહેવું. કેન્દ્ર શાસન દ્વારા શરૂ કરાયેલ ટેલી માનસ ઍપમાં ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ છે.

# મનોદર્પણ

**મનોદર્પણ સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન) 8448440632**

શિક્ષણ મંત્રાલયના નેજા હેઠળ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ દ્વારા ચાલતા મનોદર્પણ ઉપક્રમના માધ્યમે જુલાઈ ૨૦૨૦થી નિઃશુલ્ક દૂરધ્વનિ સેવા-મનોદર્પણ (૮૪૪૮૪૪૦૬૩૨) વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને માનસ શાસ્ત્રીય માર્ગદર્શન અને સહાયતા પ્રદાન કરવા માટે અઠવાડિયાના સાતે દિવસ સવારે ૮થી સાંજે ૮ વાગ્યા દરમિયાન ઉપલબ્ધ છે. વિદ્યાર્થી, વાલી અને શિક્ષકો આવશ્યક માર્ગદર્શન અને સમુપદેશન મેળવવા માટે આ હેલ્પલાઈન પર સંપર્ક કરી શકે છે.



પ્રસ્તુત પાઠ્યપુસ્તક રાજ્ય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ, મહારાષ્ટ્ર, પુણે દ્વારા તૈયાર કરાયેલા અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ અનુસાર તૈયાર કરવામાં આવ્યું છે. તેમજ તેમના દ્વારા આ પાઠ્યપુસ્તકની સમીક્ષા કરવામાં આવી છે.

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ-૨૧૧૬/(પ્ર.ક્ર. ૪૩/૧૬) એસડી-૪ દિનાંક ૨૫-૦૪-૨૦૧૬ અન્વયે સ્થાપિત થયેલી સમન્વય સમિતિની ૧૯-૦૫-૨૦૨૬ રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

# ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર

## ધોરણ છઠ્ઠું



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪.

બાજુના ચોરસમાં આપેલા Q.R. Codeને સ્માર્ટફોન વડે સ્કેન કરતા, ડિજિટલ પાઠ્યપુસ્તક તેમજ પાઠ્યપુસ્તકના ઘટક સંબંધિત દૃશ્ય, શ્રાવ્ય અને દૃશ્યશ્રાવ્ય સ્વરૂપમાં અધ્યયન અધ્યાપન સાહિત્ય ઉપલબ્ધ થશે.

प्रथम आवृत्ति :
જૂન ૨૦૨૬

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.
આ પુસ્તકના તમામ હક્કો મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્ય પુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્ય પુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર પુન:મુદ્રિત કરી શકાશે નહીં.

## ઈતિહાસ સમિતિ

ડૉ. શુભાંગના અત્રે, અધ્યક્ષ
શ્રી. કિશોર પાટીલ, સદસ્ય
શ્રીમતી મુગ્ધા લેલે, સદસ્ય
ડૉ. શિવાની લિમયે, સદસ્ય
શ્રી. પંકજ શિંદે, સદસ્ય
ડૉ. અનુજા શિંદે, સદસ્ય
શ્રી. અરુણ ઇંગળે, સદસ્ય
શ્રીમતી સુમન ગાયકવાડ, સદસ્ય
શ્રી. તારાચંદ આવળે, સદસ્ય
શ્રી. કુશલકુમાર સમરીત, સદસ્ય
શ્રી. વિક્રમ અડસુળે, સદસ્ય
શ્રી પ્રશાંત શેવતકર, સદસ્ય
શ્રી સુહાસ ધસ, સદસ્ય
ડૉ. સચિન ડેંગળે, સદસ્ય
શ્રી. નિલેશ બનકર, સદસ્ય
શ્રી. શ્રીકાંત બાપટ, સદસ્ય
શ્રી. સોમેશ શર્મા, સદસ્ય
શ્રી. નિનાદ તેંડુલકર, સદસ્ય
ડૉ. સિદ્ધાર્થ જાદવ, સદસ્ય
ડૉ. વિજય માને, સદસ્ય
શ્રી. શંકર ખરાત, સદસ્ય
ડૉ. પ્રશમ કોલ્હે, સદસ્ય
ડૉ. રાજાનંદ પટ્ટેબહાદુર, સદસ્ય
ડૉ. નલિની વાઘમારે, સદસ્ય
શ્રી. રામેશ્વર લોટકે, (અભ્યાસક્રમ સમન્વયક)
શ્રી અરુણ જાધવ, (અભ્યાસક્રમ સમન્વયક)
શ્રીમતી વર્ષા સરોદે, સદસ્ય સચિવ

## નાગરિકશાસ્ત્ર સમિતિ

ડૉ. હર્ષદ ભોસલે, અધ્યક્ષ
ડૉ. પ્રિયા ઇંજળકર, સદસ્ય
શ્રી. અવિનાશ બગાડે, સદસ્ય
શ્રી ચંદ્રહાસ હિપ્પરકર, સદસ્ય
શ્રી. પ્રશાંત જોશી, સદસ્ય
પ્રા. સુનિતા દળવી, સદસ્ય
શ્રી શામ રાઉત, સદસ્ય
ડૉ. શિવાજી રેણાપુરે, સદસ્ય
શ્રી કૃષ્ણા રોકડે, સદસ્ય
શ્રીમતી અંજલી ઢમાળ, સદસ્ય
શ્રી શિવાજી કરાળે, સદસ્ય
ડૉ. રાજેશ પાવડે, સદસ્ય
શ્રી બાળુ ભોસલે, સદસ્ય
ડૉ. સુચિતા ઘોગરે-કાટકર, સદસ્ય
ડૉ. વ્યંકટેશ ખરાત, સદસ્ય
ડૉ. જ્યોતિ બુવા, સદસ્ય
ડૉ. પ્રભાકર લોંઢે, સદસ્ય
ડૉ. નંદકિશોર બોકાડે, સદસ્ય
શ્રી. નારાયણ મુદગલવાડ, સદસ્ય
શ્રી. દત્તાત્રય રાઠોડ, સદસ્ય
ડૉ. બાબાસાહેબ કિલચે, સદસ્ય
શ્રી રવિન્દ્ર જિંદે, સદસ્ય
ડૉ. સંહિતા જોશી, સદસ્ય
ડૉ. નેહા આગાશે, સદસ્ય
શ્રીમતી વર્ષારાણી ભોપળે, અભ્યાસક્રમ સમન્વયક
શ્રીમતી વર્ષા સરોદે, સદસ્ય સચિવ

## કેન્દ્રસ્થ સમિતિ સદસ્ય

ડૉ. મહેશ્વર કળલાવે
શ્રી પ્રશાંત દિવેકર
શ્રી મોહન શેટે
શ્રીમતી પ્રતિમા ગુપ્તે

## ભાષાંતર સંયોજક

શ્રીમતી કેતકી જાની
વિશેષાધિકારી ગુજરાતી,
કાર્યકારી વિદ્યાસચિવ ભાષા, પાઠ્યપુસ્તક મંડળ, પુણે.

## સમીક્ષક

ડૉ. મંજિરી ભાલેરાવ
ઈતિહાસ (ગુણવત્તા પરીક્ષક)
ડૉ. સંજ્યોત આપટે
નાગરિકશાસ્ત્ર (ગુણવત્તા પરીક્ષક)
એડ. જયશ્રી આવ્હાડ
(કાયદા નિષ્ણાત )
ડૉ. શર્મિષ્ઠા ઓક
(CWSN તજ્જ્ઞ)

મુખપૃષ્ઠ અને ચિત્રકાર : શ્રી. દેવદત્ત બલકવડે

અક્ષરાંકન : સમર્થ ગ્રાફિક્સ,પુણે.
કાગળ : ૭૦ જી.એસ.એમ.ક્રીમવોવ્હ
મુદ્રણાદેશ :
મુદ્રક :

## લેખક

ડૉ. પ્રિયા ગોહાડ
ડૉ.પરિમલ સુધાકર
ડૉ. શિવાજી મોટેગાવકર

## નિર્મિતિ

શ્રીમતી મિતાલી શિતપ
કાર્યકારી મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી. શશાંક કણિકદળે
નિર્મિતિ અધિકારી

## સંયોજન

શ્રીમતી વર્ષા સરોદે
(કાર્યકારી વિશેષાધિકારી)
ઈતિહાસ અને નાગરિકશાસ્ત્ર, પાઠ્યપુસ્તક મંડળ, પુણે.

## પ્રકાશક

શ્રી.હેમંત બાબર
કાર્યકારી નિયંત્રક,
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ, પ્રભાદેવી, મુંબઈ-૨૫.

## ભાષાંતરકાર

શ્રીમતી તરુબહેન પોપટ
શ્રીમતી ભગવતીબહેન પંડ્યા

# ભારતનું સંવિધાન

આમુખ

અમે ભારતના લોકો ભારતને એક
સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક
પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;
વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ,
ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા;
દરજ્જા અને તકની સમાનતા;
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તે સર્વમાં વ્યક્તિનું ગૌરવ
અને રાષ્ટ્રની એકતા અને અખંડતા
સુદૃઢ કરે એવી બંધુતા વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાનસભામાં
૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી
તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

# ભારતનું સંવિધાન

### ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) સંવિધાનનું પાલન કરવું.
સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.
(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.
(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.
(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.
(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.
(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.
(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.
(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.
(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.
(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.
(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

# રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત–ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જય ગાથા,
જનગણમંગલદાયક જય હે,
ભારત ભાગ્ય વિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

# પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# राज्यगीत

जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।धृ।।

भिती न आम्हा तुझी मुळी ही गडगडणाऱ्या नभा
अस्मानाच्या सुलतानीला जबाब देती जिभा
सह्याद्रीचा सिंह गर्जतो शिव शंभू राजा
दरी दरीतून नाद गुंजला महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।१।।

काळ्या छातीवरी कोरली, अभिमानाची लेणी
पोलादी मनगटे खेळती, खेळ जीवघेणी
दारिद्र्याच्या उन्हात शिजला
निढळाच्या घामाने भिजला
देश गौरवासाठी झिजला
दिल्लीचे ही तख्त राखितो, महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा ।।२।।

# પ્રસ્તાવના

રાષ્ટ્રીય શિક્ષણ ધોરણ-૨૦૨૦ અનુસાર મહારાષ્ટ્ર રાજ્યનો 'શાલેય શિક્ષણ અભ્યાસક્રમ ૨૦૨૬' તૈયાર કરવામાં આવ્યો છે. આ સરકારમાન્ય અભ્યાસક્રમનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી તબક્કાવાર શરુ કરવામાં આવ્યો છે. આ અભ્યાસક્રમમાં ધોરણ ૩ થી ૫ સુધી ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર વિષયનો સમાવેશ 'આપણી આસપાસનું વિશ્વ ભાગ-૨'માં કરવામાં આવ્યો છે. જ્યારે ધોરણ ૬ થી આગળના ધોરણનાં અભ્યાસક્રમમાં ઇતિહાસ અને નાગરિકશાસ્ત્રના સ્વતંત્ર પાઠ્યપુસ્તકો રહેશે. આ પાઠ્યપુસ્તક તમારા હાથમાં આપતાં અમને ખૂબ જ આનંદ થાય છે.

ભારતીય જ્ઞાન પરંપરા, પંચકોશ, એકવીસમી સદીના કૌશલ્યો, બહુવિદ્યાશાખીય દષ્ટિકોણ, કૃતિયુક્ત અને વિદ્યાર્થીકેન્દ્રિત અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા જેવા વ્યાપક દષ્ટિકોણને ધ્યાનમાં રાખીને આ પાઠ્ય પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. પ્રાથમિક શિક્ષણના આ તબક્કે વિદ્યાર્થીઓમાં કઈ અધ્યયન નિષ્પત્તિઓ વિકસવી જોઈએ તે ધ્યાનમાં રાખીને પાઠમાં વિવિધ કૃતિઓ, અધ્યયન અનુભવો અને ઉપક્રમો જેવી વિષયવસ્તુની નવેસરથી રચના કરવામાં આવી છે. રાષ્ટ્રીય શૈક્ષણિક ધોરણનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં અધ્યયન નિષ્પત્તિઓ વિકસાવવાનો છે. તેથી પાઠ્યપુસ્તકમાં આ બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

ઇતિહાસના વિભાગમાં 'પ્રાચીન ભારતનો ઇતિહાસ' આપવામાં આવ્યો છે. તેના દ્વારા વિદ્યાર્થીઓને પોતાની સંસ્કૃતિ અને પરંપરાનું સર્વાંગી જ્ઞાન પ્રાપ્ત થશે. તેમજ તેમની સામાજિક એકતા સંબંધિત જાગૃતિ વધારવાનો હેતુ છે.

પ્રાચીન ભારતનો ઇતિહાસ માનવ ઉત્ક્રાંતિ, સંસ્કૃતિના વિકાસ અને સમૃદ્ધ પરંપરાનો સાક્ષી છે. આ પાઠ્ય પુસ્તકના ઇતિહાસ વિભાગમાં પુરાતત્વીય સાધનો, શિલાલેખો, સિક્કાઓ, સાહિત્યિક ગ્રંથો અને વિદેશી પ્રવાસીઓના પ્રવાસવર્ણનો જેવા ઐતિહાસિક સ્રોતોના આધારે પ્રાચીન ભારતનો વિગતવાર ઇતિહાસ આલેખવામાં આવ્યો છે.

અશ્મયુગીન ભટકતી જીવનશૈલીથી માંડીને ખેતી, સ્થિર વસાહતો અને શહેરીકરણ સુધીનો પ્રવાસ આ પાઠ્યપુસ્તકમાં આપવામાં આવ્યો છે. હડપ્પા સંસ્કૃતિ, વૈદિક કાળ, મહાજનપદોનો ઉદ્દય, મૌર્ય, શુંગ, સાતવાહન, ગુપ્ત વગેરે વિવિધ કાળખંડોનો રાજકીય, સામાજિક અને આર્થિક ઇતિહાસ સરળ અને અભ્યાસપૂર્ણ રીતે સમજાવવામાં આવ્યો છે. આ પ્રાચીનકાળની શાસનવ્યવસ્થા, અર્થતંત્ર અને સમાજરચના વચ્ચેનો પરસ્પર સંબંધ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. તેમજ કલા, સ્થાપત્ય, સાહિત્ય, વિજ્ઞાન, ગણિત, આયુર્વેદ, તત્ત્વજ્ઞાન અને ધર્મ જેવા સાંસ્કૃતિક પાસાઓ દ્વારા પ્રાચીન ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ ઉજાગર કરવામાં આવી છે. પ્રાચીન ભારતનો પ્રભાવ માત્ર ભારતીય ઉપખંડ પૂરતો મર્યાદિત ન રહેતાં ભારતની બહાર કેવી રીતે પડ્યો, તેનો પણ વિચાર કરવામાં આવ્યો છે. વેપાર, ધર્મ અને કલા જેવા માધ્યમો દ્વારા ભારતના ચીન, અગ્નિ એશિયા, મધ્ય એશિયા અને ભૂમધ્ય પ્રદેશ સાથેના સંબંધો પણ સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

પાઠ્ય પુસ્તકને સંવાદાત્મક બનાવવાના પ્રયાસરૂપે વિવિધ ચોરસ દ્વારા વિદ્યાર્થીઓને વધુ કૃતિશીલ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓમાં ઇતિહાસ પ્રત્યે જિજ્ઞાસા ઉત્પન્ન કરવી, ભૂતકાળનું આકલન વિકસાવવું અને ભારતના સમૃદ્ધ વારસા પ્રત્યે જાગૃતિ લાવવી એ પાઠ્યપુસ્તકનો મૂળ ઉદ્દેશ છે

નાગરિકશાસ્ત્રના વિભાગમાં 'સ્થાનિક શાસન સંસ્થાઓ' વિશેની માહિતીમાં વિકાસ યોજનાઓમાં સ્થાનિક જનતાનો સહભાગ, મહિલાઓનો સહભાગ અને તેમના સહભાગણે કારણે થયેલાં પરિવર્તનોનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આપણા દેશનો કારભાર બંધારણ, કાયદા અને નિયમાનુસાર ચાલે છે, તે વિદ્યાર્થીઓને સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું છે. પાઠમાં ચોરસમાં આપવામાં આવેલી માહિતી વિદ્યાર્થીઓના અભ્યાસને વધુ પરિણામકારક બનાવશે.

શિક્ષકો માટે અલગ સૂચનાઓ પણ આપવામાં આવી છે. અધ્યાપન વધુમાં વધુ કૃતિપ્રધાન બને તે માટે વિવિધ ઉપક્રમો આપવામાં આવ્યા છે. વિદ્યાર્થી લોકશાહી પ્રક્રિયામાં સક્રિય રીતે સહભાગી થઈ સજાગ નાગરિક બને તે માટે આ પાઠ્યપુસ્તકનું વિષયવસ્તુ મહત્વપૂર્ણ સાબિત થશે.

પાઠ્યપુસ્તક ક્ષતિરહિત અને ગુણવત્તાસભર બને, તે દષ્ટિએ મહારાષ્ટ્રના બધા વિસ્તારોમાંથી પસંદ કરાયેલ શિક્ષકો તેમજ કેટલાક શિક્ષણતજ્જ્ઞો અને વિષય નિષ્ણાતો દ્વારા આ પાઠ્યપુસ્તકનું સમીક્ષણ કરવામાં આવ્યું છે. પ્રાપ્ત થયેલ સૂચનો અને અભિપ્રાયોનો કાળજીપૂર્વક વિચાર કરીને આ પાઠ્યપુસ્તકને અંતિમ સ્વરુપ આપવામાં આવ્યું છે. મંડળની ઇતિહાસ વિષય સમિતિ અને નાગરિકશાસ્ત્ર વિષય સમિતિ, લેખકો તથા ચિત્રકારોએ ખૂબ જ આત્મીયતાથી આ પાઠ્ય પુસ્તક તૈયાર કર્યું છે. મંડળ સૌનું હૃદયપૂર્વક આભારી છે.

વિદ્યાર્થી, શિક્ષક અને વાલીઓ આ પાઠ્યપુસ્તકનું સ્વાગત કરશે તેવી આશા છે.

ઇતિહાસ અને નાગરિકશાસ્ત્રના આનંદદાયક અધ્યયન માટે શુભેચ્છાઓ !

(અનુરાધા ઓક)
સંચાલક,
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને
અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

**પુણે**
**દિનાંક : ૧ મે ૨૦૨૬**
**ભારતીય સૌર દિનાંક : વૈશાખ ૧૧, શકે ૧૯૪૮, મહારાષ્ટ્ર દિન**

# પાઠ અનુસાર અધ્યયન નિષ્પત્તિ

| અ.ક્ર. | અધ્યયન ક્ષમતા | અધ્યયન નિષ્પત્તિ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| **અભ્યાસક્રમ ધ્યેય :** CG – ૧ માનવી જીવનનાં વિવિધ પાસાઓ સંબંધિત સ્ત્રોતોને સમજવા અને તેમનું અર્થપૂર્ણ અનુસંધાન કરવું. | | | |
| ૧ | **ઇતિહાસના સ્રોત**<br>C – ૧.૧ માનવી જીવનના ઐતિહાસિક, સાંસ્કૃતિક, ભૌગોલિક અને સામાજિક-રાજકીય પાસાઓ સમજવા માટે માહિતીના વિવિધ (પ્રાથમિક અને દ્વિતીયક) સ્રોતો સંકલિત કરી તેમનો અર્થ સમજાવે છે.<br><br>C– ૧.૨ વિષયવસ્તુ, તક્તા/કોષ્ટક, આકૃતિઓ અને નકશાઓના સ્વરુપમાં આપવામાં આવેલી માનવ જીવનના વિવિધ પાસાઓ સંબંધિત માહિતીનું પ્રસ્તુતિકરણ અને વિશ્લેષણ કરે છે. | • પ્રાચીન સમયના માનવ જીવનના વિવિધ પાસાઓ સમજવા ઇતિહાસના સ્રોતોને સ્પષ્ટ કરીને તેના દ્વારા વિવિધ માહિતી એકત્રિત કરી તેનો અર્થ સમજાવે છે.<br>અ) પ્રાચીન ઇતિહાસના પ્રાથમિક સ્રોતો જણાવે છે.<br>બ) ઇતિહાસના દ્વિતીયક સ્રોતો જણાવે છે.<br>ક) ઇતિહાસના ભૌતિક સ્રોતોના નામ જણાવી માહિતી મેળવે છે.<br>ડ) ઇતિહાસના લિખિત સ્રોતો ઓળખીને માનવ જીવનના વિવિધ પાસાઓ સમજે છે.<br>ઇ) ઇતિહાસના મૌખિક સ્રોતો ઓળખીને માહિતી સમજી લે છે.<br>ફ) ઇતિહાસના અભ્યાસ માટેના વિવિધ(ભૌતિક/લિખિત/મૌખિક) સ્રોતોનું વર્ગીકરણ કરેછે.<br>• મહારાષ્ટ્રના વિવિધ ઉત્ખનન સ્થળો, વારસાના સ્થળો અને સંગ્રહાલયોના નામ જણાવે છે, તેને મહારાષ્ટ્રના નકશામાં દર્શાવે છે અને તેની માહિતી આપે છે. તેના સંરક્ષણ અને જતનનું મહત્ત્વ સમજે છે તથા માનવ જીવનના વિવિધ પાસાઓ સાથે તેનો પરસ્પર સંબંધ જોડે છે.<br>અ) મહારાષ્ટ્રના વિવિધ ઉત્ખનન સ્થળો અને વારસાના સ્થળો જણાવી તે મહારાષ્ટ્રના ન કશામાં દર્શાવે છે.<br>બ) મહારાષ્ટ્રના વિવિધ વસ્તુસંગ્રહાલયોની મુલાકાત લઈ માહિતી મેળવીને લખે છે.<br>• વિષયવસ્તુ, તક્તા, આકૃતિઓ અને નકશાઓનું નિરીક્ષણ કરીને પ્રાચીન સમયના માન વીજીવન સંબંધિત માહિતીનું સંકલન અને વર્ગીકરણ કરે છે.<br>અ)માનવ જીવનના પાસાઓ સંબંધિત આશયમાંથી માહિતી સંકલિત કરીને વર્ગીકરણ દ્વારા સમજી લે છે.<br>બ) આકૃતિઓની સહાયતાથી માનવ જીવનના પાસાઓ સંબંધિત માહિતી સંકલિત કરીને વર્ગીકરણ દ્વારા સમજી લે છે.<br>ક) પ્રાકૃતિક અને ઐતિહાસિક નકશાઓનું નિરીક્ષણ કરીને માનવ જીવન સાથે સંબંધિત ઐતિહાસિક દ્રષ્ટિએ મહત્વના સ્થળો નકશા પર દર્શાવે અને તેના આધારે માહિતીનું સંકલન કરીને વર્ગીકરણ દ્વારા સમજી લે છે.<br>ડ) માનવ જીવનના પાસાઓ સંબંધિત માહિતી કોષ્ટકો/તક્તાની સહાયતાથી સંકલિત કરીને વર્ગીકરણ દ્વારા સમજે છે. | ૧,૨,૩,૪,૫,૬,૭<br>૨,૩,૪,૫,૬,૭<br>૨,૩,૪,૫,૬,૭<br>૨,૩,૪,૫,૬,૭<br>૨,૩,૪,૫,૬,૭<br>૨,૪,૫,૬,૭<br>૨,૩,૪,૫,૬,૭<br>૫,૬,૭,૧૩,૧૪,૧૫<br>૧૩,૧૪,૧૫<br>૧૩,૧૪<br>૮,૯,૧૦,૧૧,૧૨,<br>૧૩,૧૪,૧૫<br>૮,૯,૧૦, ૧૨,<br>૧૩,૧૪,૧૫<br>૮,૧૦,૧૪<br>૯,૧૪,૧૫<br>૮,૧૦,૧૩,૧૪,૧૫ |
| **અભ્યાસક્રમ ધ્યેય :** CG – ૧. માનવ જીવનના વિવિધ પાસાઓ સાથે સંબંધિત સ્રોતોને સમજવા અને તેનું અર્થપૂર્ણ અનુસંધાન કરવું.<br>CG – ૨. માનવ સંસ્કૃતિમાં રહેલા સાતત્ય અને પરિવર્તનની પ્રક્રિયાઓને કેટલાક વિશિષ્ટ ઉદાહરણો, તેના સંદર્ભો અને ઐતિહાસિક ઘટનાઓની મદદથી શોધવી. | | | |
| ૨ | **માનવ વિકાસના તબક્કાઓ**<br>C– ૧.૧ માનવી જીવનના ઐતિહાસિક, સાંસ્કૃતિક, ભૌગોલિક અને સામાજિક-રાજકીય પાસાઓ સમજવા માટે માહિતીના વિવિધ (પ્રાથમિક અને દ્વિતીયક)સ્રોતો એકત્રિત કરવા અને અને તેનું અર્થપૂર્ણ અનુસંધાન કરે છે.<br><br>C– ૨.૧ ભૂતકાળના મુખ્ય પરિવર્તનો અને તેની સમાજ પર થયેલી અસરનું સ્પષ્ટ વિશ્લેષણ કરે છે. | • મહારાષ્ટ્રના વિવિધ ઉત્ખનન સ્થળો, વારસાસ્થળો અને સંગ્રહાલયોના નામ જણાવે છે, મહારાષ્ટ્રના નકશામાં દર્શાવે છે અને તેની માહિતી આપે છે.તેના સંરક્ષણ અને જતનનું મહત્વ સમજે છે તથા માનવ જીવનના વિવિધ પાસાઓ સાથે તેનો પરસ્પર સંબંધ જોડે છે.<br>ક) મહારાષ્ટ્રના વિવિધ વારસા સ્થળો નકશામાં દર્શાવી માહિતી જણાવે છે અને તેના જતન સંવર્ધનનું મહત્ત્વ સમજે છે.<br>• પ્રાચીન સમયની માનવ સંસ્કૃતિ વિશેની માહિતીના આધારે વિવિધ પરિવર્તનોનો અભ્યાસ કરીને, તેની પ્રાચીન ભારતના સાંસ્કૃતિક વિકાસ પર પડેલીઅસર સ્પષ્ટ કરે છે અને માનવ સંસ્કૃતિમાં સાતત્ય તથા પરિવર્તનની પ્રક્રિયાને સમજી લે છે.<br>અ) વિવિધ ભૌગોલિક વિશેષતાઓની પ્રાચીન ભારતના સાંસ્કૃતિક વારસા પર થયેલી અસર સ્પષ્ટ કરે છે.<br>બ) પ્રાગૈતિહાસિક કાળની સંકલ્પના સમજીને પ્રાગૈતિહાસિક કાળ અને ઐતિહાસિક કાળ આ બંને સમયગાળાની માનવ સંસ્કૃતિની વિકાસયાત્રા અનેપરિવર્તનો વિશેની માહિતી જણાવે છે.<br>• અશ્મયુગ અને તામ્રપાષાણ યુગનો અર્થ અને માહિતી કહે છે. તે સમયના માનવ જીવનમાં થયેલા બદલાવ સમાજ પર થયેલું પરિણામ સ્પષ્ટ કરે છે.<br>અ) અશ્મયુગનો અર્થ જણાવી મહારાષ્ટ્રના અશ્મયુગીન સ્થળો નકશામાં દર્શાવે છે.<br>બ) પુરાતન અશ્મયુગ, મધ્ય અશ્મયુગ અને નૂતન અશ્મયુગની માહિતી જણાવી તુલના કરે છે.<br>ક) પુરાતન અશ્મયુગ, મધ્ય અશ્મયુગ અને નૂતન અશ્મયુગમાં માનવ જીવનમાં થયેલ ફેરફાર જણાવે છે.<br>ડ) તામ્રપાષાણ યુગનો અર્થ સ્પષ્ટ કરે છે.<br>ઇ) તામ્રપાષણ યુગીન મહારાષ્ટ્રના સાવળદા, જોર્વે, ઇનામગાવ, દાયમાબાદ વગેરે સ્થળો નકશામાં દર્શાવી તેમનું મહત્ત્વ જણાવે છે.<br>ફ) તામ્રપાષાણ યુગની વિશેષતાઓ જણાવે છે.<br>• માનવ સમાજના વિકાસના વિવિધ તબક્કાઓ સમજી માનવી વસાહત, સભ્યતા, સંસ્કૃતિ વગેરેના સંદર્ભમાં સમયાનુરુપ થતા પરિવર્તનોનો માનવ સમાજ પર થયેલા પરિણામનું વિશ્લેષણ કરે છે. | ૧૩,૧૪,૧૫<br>૬,૧૫<br>૧૦,૧૧,૧૨,૧૩,<br>૧૪,૧૫<br>૯,૧૦,૧૬,૧૭,૧૮<br>૧૦,૧૧,૧૨,૧૩,૧૪<br>૧૦,૧૧,૧૩,૧૪,૧૫<br>૧૦,૧૧,૧૫<br>૧૧,૧૨,૧૩,૧૪,૧૫<br>૧૧,૧૨,૧૩,૧૪,૧૫<br>૧૩,૧૪,૧૫<br>૧૩,૧૪,૧૫<br>૧૩,૧૪,૧૫<br>૮,૯,૧૦,૧૧,૧૨,<br>૧૩, ૧૪,૧૫ |

| | | | |
|---|---|---|---|
| | **અભ્યાસક્રમ ધ્યેય** :CG–૨.માનવ સંસ્કૃતિમાંરહેલાસાતત્ય અને પરિવર્તનની પ્રક્રિયાઓને કેટલાંક વિશિષ્ટ ઉદાહરણો, તેના સંદર્ભો અને ઐતિહાસિક ઘટનાઓની મદદથી શોધવી. | | |
| ૩ | હડપ્પા સંસ્કૃતિ<br>C– ૨.૧ ભૂતકાળના મુખ્ય પરિવર્તનો અને તેની સમાજ પર પડેલી અસરનું સ્પષ્ટ વિશ્લેષણ કરે છે. | • પ્રાચીન હડપ્પા સંસ્કૃતિના ઉત્ખનન (ખોદકામ) સ્થળોને નકશા પર બતાવીને, તે લોકોના જીવનની વિશેષતા, થયેલા ફેરફારો સ્પષ્ટ કરી હડપ્પા સંસ્કૃતિના પતનના કારણો કહે છે.<br>અ) હડપ્પા સંસ્કૃતિનો સમયગાળો જણાવે છે.<br>બ) હડપ્પા સંસ્કૃતિના સ્થળો અને સમકાલીન વૈશ્વિક સંસ્કૃતિના સ્થળો નકશામાં દર્શાવે છે.<br>ક) હડપ્પા સંસ્કૃતિની નગરરચનાની વિશેષતાઓ જણાવીને લોકજીવનમાં થયેલાં ફેરફાર સ્પષ્ટ કરે છે.<br>ડ) હડપ્પા સંસ્કૃતિના પતનના કારણો સ્પષ્ટ કરે છે. | ૧૬,૧૭,૧૮,૧૯,૨૦<br>૨૧,૨૨,૨૩,૨૪,૨૫<br>૧૭,૨૪<br>૧૭,૧૮,૨૫<br>૧૮,૧૯,૨૦,૨૧,<br>૨૨,૨૩,૨૪ |
| ૪ | વૈદિક સંસ્કૃતિ<br>C– ૨.૧ ભૂતકાળના મુખ્ય પરિવર્તનો અને તેના સમાજ પર થયેલી અસરનું સ્પષ્ટ વિશ્લેષણ કરે છે. | • વૈદિકોત્તર સમયની સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય સંસ્થાઓના કાર્ય અને જનપદોની માહિતી એકત્રિત કરીને માનવ સમાજ માટે તેનું મહત્વ સમજાવે છે.<br>અ) વૈદિક સાહિત્યના નામ જણાવીને ભારતીય સંસ્કૃતિમાં તેનું મહત્વ જણાવે છે.<br>બ) વૈદિક સમયની રાજકીય, સામાજિક, ધાર્મિક, આર્થિક વ્યવસ્થા, સાંસ્કૃતિક જીવન અને આશ્રમવ્યવસ્થા વગેરેની માહિતી આપે છે. | ૨૬,૨૭,૨૮,૨૯,<br>૩૦,૩૧,૩૨<br>૨૭,૨૮,૨૯,૩૦,<br>૩૧,૩૨<br>૨૮,૨૯,૩૦,૩૧,૩૨ |
| | **અભ્યાસક્રમ ધ્યેય** : CG –૭ અ) ભારતનો સમૃદ્ધ ભૂતકાળ અને વર્તમાન, તેની ગૌરવશાળી સાંસ્કૃતિક વિવિધતામાંએકતા, બહુલવાદ( સહ-અસ્તિત્વ),વારસો, પરંપરા, સાહિત્ય, કલા, સ્થાપત્ય, તત્ત્વજ્ઞાન, વૈદ્યકશાસ્ત્ર, વિજ્ઞાન અને માનવજાતને આપેલા અન્ય યોગદાનને સમજવું. | | |
| ૫ | વિવિધ ધર્મોનો ઉપદેશ<br>C– ૭.૩ ભારતીય પરંપરાનુસાર સમુદાયો અને સામાજિક જૂથોના સમાવેશથી તથા તેમની સાંસ્કૃતિક બાબતોને લીધે પડતા વૈશ્વિક પ્રભાવને જાણે છે. | • પ્રાચીન સમયના વિવિધ સમુદાયો, તેમનો પોશાક, રહેણીકરણી, જીવનશૈલી, વર્તણૂંક, સંસ્કૃતિ, પરંપરા, શિક્ષણ અને વ્યવસાયોનેજાણી લે છે.<br>અ) પ્રાચીન ભારતીય પરંપરાનો વિશ્વના વિવિધ સમુદાયો પર પડેલો પ્રભાવ જણાવે છે.<br>બ) પ્રાચીન ભારતના વિવિધ ધાર્મિક પ્રવાહો અને તેમના વિચારો સ્પષ્ટ કરે છે. | ૩૩,૩૪,૩૫,૩૬,૩૭<br>૩૮,૩૯,૪૦,૪૧,૪૨<br>૩૩,૩૪,૩૫,૩૬,૩૭<br>૩૮,૩૯,૪૦,૪૧,૪૨<br>૩૩,૩૪,૩૫,૩૬,૩૭<br>૩૮,૩૯,૪૦,૪૧,૪૨ |
| | **અભ્યાસક્રમ ધ્યેય** : CG – ૪ સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય સંસ્થાઓના કાર્યોની સમાજ પર થતી અસર સમજવી તેમજ વ્યક્તિ અને સામૂહિક સંસ્થાઓ સમાજને કેવી રીતે આકાર આપે છે તે સમજવું. | | |
| ૬ | જનપદ અને મહાજનપદ<br>C– ૪.૧ વિદ્યાર્થી પોતાના પરિસર અથવા પ્રદેશની વિવિધ સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય સંસ્થાઓના કાર્ય વિશે માહિતી એકત્રિત કરે છે, તેનું વ્યવસ્થાપન કરે છે અને તેનો અર્થ સમજાવે છે. માનવ સમાજ માટે તેના મહત્વને ઓળખે છે. | • વૈદિકોત્તર સમયની સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય સંસ્થાઓના કાર્ય અને જનપદોની માહિતી એકત્રિત કરીને માનવ સમાજ માટે તેનું મહત્વ સમજાવે છે.<br>અ) વૈદિકોત્તર સમયની(વૈદિકકાળ પછીના સમયની) સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય સંસ્થાઓની માહિતી એકત્રિત કરીને તે સમયના (તત્કાલીન)માનવ જીવનમાં તેનું મહત્વ જણાવે છે.<br>બ) પ્રાચીન ભારતના જનપદો જણાવીને તેમની વિશેષતા અને મહત્વ ઉદાહરણ સાથે જણાવે છે.<br>ક) પ્રાચીન ભારતના વિવિધ મહાજનપદોએ આપેલું યોગદાનને જણાવીને તેમની તુલના કરે છે. | ૪૩,૪૪,૪૫,૪૬,૪૭<br>૪૮<br>૪૩,૪૪,૪૫,૪૬,૪૭<br>૪૮<br>૪૩,૪૪,૪૫,૪૬,૪૭<br>૪૮<br>૪૩,૪૪,૪૫,૪૬,૪૭<br>૪૮<br>૪૫,૪૮ |
| | **અભ્યાસક્રમ ધ્યેય** : CG - ૪ સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય સંસ્થાઓના કાર્યોની સમાજ પર થતી અસર સમજવી તેમજ વ્યક્તિ અને સામૂહિક સંસ્થાઓ સમાજને કેવી રીતે આકાર આપે છે તે સમજવું. | | |
| ૭ | મૌર્યકાલીન ભારત<br>C– ૪.૨ સામાન્ય રીતે વ્યક્તિ/જૂથ/ સમુદાય અને સમાજપરસામાજિક, સાંસ્કૃતિક તથા રાજકીય સંસ્થાઓના પ્રભાવનું મૂલ્યાંકન કરે છે. | ૧) પ્રાચીન સમયના વિવિધ સામ્રાજ્યો, વ્યક્તિઓ અને સમાજનોતે સમયના સમાજ પર પડેલા પ્રભાવનું મૂલ્યાંકન કરે છે.<br>અ) મૌર્ય સામ્રાજ્યની સ્થાપના અને વિસ્તારમાંચંદ્રગુપ્ત મૌર્ય અને સમ્રાટ બિંદુસારે આપેલા યોગદાનને સમજાવે છે.<br>બ) સમ્રાટ અશોકની કલિંગ વિજયયાત્રાની માહિતી અને તેના પરિણામો સમજાવી તેનું મૂલ્યાંકન કરે છે.<br>ક) સમ્રાટ અશોકના કલિંગ યુદ્ધ,ધર્મપ્રસાર અને લોકકલ્યાણકારી કાર્યોમાં આપેલું યોગદાન સમજાવે છે.<br>ડ) સમ્રાટ અશોકના ધર્મપ્રસારના કાર્યોનું વિશ્લેષણ કરીને તેનું મૂલ્યાંકન કરે છે.<br>ઇ) સમ્રાટ અશોકના લોકકલ્યાણકારી કાર્યોનું મહત્વ સમજાવે છે.<br>ફ) મૌર્યકાલીન શાસનવ્યવસ્થા અને લોકજીવન વિશે માહિતી આપે છે.<br>ગ) મૌર્યકાલીન કલા, સ્થાપત્ય અને સાહિત્યની માહિતી આપી ભારતના રાષ્ટ્રીય પ્રતિકો અને મૌર્યકાલીન સ્થાપત્યકળા વચ્ચેનો સહસંબંધ સમજાવે છે. | ૪૯,૫૦,૫૧,૫૨,૫૩<br>૫૪,૫૫,૫૬<br>૪૯,૫૦,૫૧,૫૨,<br>૫૫,૫૬<br>૫૨,૫૩,૫૫,૫૬<br>૫૨,૫૩,૫૫,૫૬<br>૫૨,૫૩,૫૫,૫૬<br>૫૩,૫૫,૫૬<br>૫૩,૫૪,૫૫,૫૬<br>૫૪,૫૫,૫૬ |

**અભ્યાસક્રમ ધ્યેય :** CG –૩ વિવિધ સામાજિક અને ઐતિહાસિક ઘટનાઓ અથવા પ્રસંગોના કારણો અને પરિણામો વચ્ચેનો સંબંધ (કાર્ય-કારણ સંબંધ) શોધવો અને તેને માનવ જીવન પર પડતાં સર્વાંગી પ્રભાવ સાથે જોડવો.
CG – ૭ અ)- ભારતનો સમૃદ્ધ ભૂતકાળ અને વર્તમાન, તેની ગૌરવશાળી સાંસ્કૃતિક વિવિધતામાં એકતા, બહુલવાદ (Pluralism–સહ-અસ્તિત્વ), વારસો, પરંપરા, સાહિત્ય, કલા, સ્થાપત્ય, તત્ત્વજ્ઞાન, વૈદ્યકશાસ્ત્ર, વિજ્ઞાન અને માનવજાતને આપેલા અન્ય યોગદાનસહ જાણવું.
CG – ૭ બ)-ભૌગોલિક વૈવિધ્ય હોવા છતાં એકતા માટે જરૂરી અન્ય તત્વો દ્વારા ભારતીય હોવાનો અર્થ અને મહત્વ સમજવું અને તેની જાણ હોવી.

| | | | |
|---|---|---|---|
| ૮ | **પ્રાચીન ભારતના અને મહારાષ્ટ્રના રાજ્ય તથા રાજવંશો**<br>C–૭.૪ પ્રાચીન ભારતના અને મહારાષ્ટ્રના મહત્વપૂર્ણ રાજ્યો તથા રાજવંશોને ઓળખે છે.<br><br>C–૩.૨ સામાજિક જૂથો અને સમુદાયો વચ્ચે તેમના પ્રદેશોમાં તેમજ વિશ્વના અન્ય ભાગોમાં રહેલા સમન્વય અને થતાં સંઘર્ષના કારણો તથા તેના માનવ સમાજ પર પડેલો પ્રભાવ ઓળખે છે. | • પ્રાચીન ભારતના અને મહારાષ્ટ્રના મહત્વપૂર્ણ રાજ્યો તથા રાજવંશો (શુંગ, કણ્વ, સાતવાહન, કુશાણ , ગુપ્ત, વર્ધન વગેરે)નું યોગદાન સ્પષ્ટ કરે છે. | |
| | | અ) શુંગ સામ્રાજ્યનો વિસ્તાર સ્પષ્ટ કરીને તેમનું ગ્રીક રાજાઓ વિરોધી વલણનું વિશ્લેષણ કરે છે. | ૫૭,૫૮,૫૯,૬૦,<br>૬૧, ૬૨,૬૩,૬૪ |
| | | બ) કણ્વ સામ્રાજ્યનો વિસ્તાર સ્પષ્ટ કરે છે. | ૫૭,૬૩,૬૪ |
| | | ક) પ્રાચીન મહારાષ્ટ્રના અને ભારતના સાતવાહન વંશના વિશેષ યોગદાનને સ્પષ્ટ કરે છે. | |
| | | ડ) ઇન્ડો-ગ્રીક રાજાઓએ ભારતીય નાણા નિર્મિતિમાં આપેલાં મહત્ત્વપૂર્ણ /નાવીન્યસભર યોગદાન સ્પષ્ટ કરે છે. | ૫૮,૬૩,૬૪<br>૫૯,૬૩,૬૪ |
| | | ઇ) શક વંશના સામ્રાજ્યનો વિસ્તાર સ્પષ્ટ કરે છે. | ૫૮,૬૩,૬૪ |
| | | ફ) કુશાણોના સામ્રાજ્યનો વિસ્તાર, પ્રશાસન વ્યવસ્થાઅને ભારતીય સંસ્કૃતિનો તેમના પર પડેલો પ્રભાવ સ્પષ્ટ કરે છે. | ૫૯,૬૩,૬૪<br>૬૦,૬૩,૬૪ |
| | | ગ) ગુપ્તકાલીન રાજકીય, આર્થિક, સામાજિક જીવનની માહિતી આપે છે. | |
| | | હ) સમ્રાટ હર્ષવર્ધન દ્વારા સામ્રાજ્ય વિસ્તારમાં આપેલું યોગદાન સ્પષ્ટ કરે છે. | ૬૧,૬૩,૬૪ |
| | | જ) કુશાણોનું રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં આપેલું યોગદાન સ્પષ્ટ કરે છે. | ૬૨,૬૩,૬૪ |
| | | લ) પરદેશી આક્રમણોને કારણે ભારતીયોની યુદ્ધનીતિ , આહાર, રીતભાત અને પરંપરાઓમાં થયેલાં ફેરફારોના પરિણામો સ્પષ્ટ કરે છે. | ૬૦,૬૧,૬૪<br>૫૭,૫૮,૬૦ |

**અભ્યાસક્રમ ધ્યેય :** CG –અ) ભારતનો સમૃદ્ધ ભૂતકાળ અને વર્તમાન,તેની ગૌરવશાળી સાંસ્કૃતિક વિવિધતામાં એકતા, બહુલવાદ( સહ-અસ્તિત્વ), વારસો, પરંપરા, સાહિત્ય, કલા, સ્થાપત્ય, તત્વજ્ઞાન, વૈદકશાસ્ત્ર, વિજ્ઞાન અને માનવજાતને આપેલાં ઇતર યોગદાન સાથે જાણવું.
બ) ભૌગોલિક વિવિધતા હોવા છતાં પણ એકતા માટે આવશ્યક ઘટકો દ્વારા ભારતીય અસ્મિતાનો અર્થ અને મહત્વ વિશેની જાણ હોવી.

| | | | |
|---|---|---|---|
| ૯ | **પ્રાચીન ભારતનો સાંસ્કૃતિક વારસો.**<br>C–૭.૧ ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક તત્વો, ભાષા, કલા, તત્ત્વચિંતન, મૂલ્યો, પોશાક , આહાર, પરંપરા, તહેવારો-ઉત્સવો, વેપાર-વાણિજ્ય, આયુર્વેદ, યોગ અને આરોગ્ય સંબંધિતજીવનશૈલીમાંરહેલી સમાનતાઓ ઓળખીને વિવિધતામાં એકતા સ્પષ્ટ કરે છે.<br><br>C–૭.૩ ભારતીય પરંપરા અનુસાર વિવિધ સમુદાયો અને સામાજિક જૂથોનું સમાવેશન તથા તેમની સાંસ્કૃતિક બાબતોથી પડતા જાગતિક પ્રભાવ જાણે છે. | ૧) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના સમૃદ્ધ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક તત્વો સમજી તેની સમાનતાઓ ઓળખીને વિવિધતામાંએકતા સ્પષ્ટ કરે છે. | ૬૯,૭૦ |
| | | અ) પ્રાચીન ભારતના સાંસ્કૃતિક જીવનમાં ભાષા, કલા, પરંપરા, પોશાક , આહાર વગેરે ઘટકોની માહિતી ઉદાહરણ સાથે સમજાવે છે. | ૬૫,૬૬,૬૭,૭૨,૭૩ |
| | | બ) પ્રાચીન ભારતના આર્થિક જીવનમાં વેપાર અને વાણિજ્યની માહિતી ઉદાહરણ સાથે સમજાવે છે. | ૬૯ |
| | | ક) પ્રાચીન ભારતની વૈદિકશાસ્ત્રની જ્ઞાનશાખાઓમાં આયુર્વેદ, યોગ અને આરોગ્ય સંબંધિત આદતો/ જીવનશૈલી/ દિનચર્યાનીમાહિતી વર્ગીકરણ સાથે સમજાવે છે. | ૬૯,૭૦,૭૨ |
| | | ડ) પ્રાચીન ભારતના વિવિધ પ્રદેશો અને મહારાષ્ટ્રની સંસ્કૃતિમાં રહેલી સમાનતા-ભિન્નતા સ્પષ્ટ કરી, વિવિધતામાં એકતા ઉદાહરણ સાથે સમજાવે છે. | ૭૦,૭૧ |
| | | ૧) પ્રાચીન સમયના વિવિધ સમુદાયો, તેમના પોશાક, રહેણીકરણી, જીવનશૈલી, વર્તન, સંસ્કૃતિ, પરંપરા, શિક્ષણ અને વ્યવસાયોની ઓળખ પ્રાપ્ત કરે છે. | ૭૦,૭૧,૭૨,૭૩ |
| | | ક) ભારતના પ્રાચીન વિશ્વવિદ્યાલયોની માહિતી એકત્રિત કરીને તેને સમજે છે. | ૭૧,૭૨,૭૩ |
| | | ડ) પ્રાચીન ભારતીય વ્યવસ્થા અત્યંત સમૃદ્ધ અને પ્રગતિશીલ હતી, તેનું સકારણ વિવેચન કરે છે. | ૬૯ |

**અભ્યાસક્રમ ધ્યેય :** CG – ૨ : માનવ સંસ્કૃતિના સાતત્ય અને પરિવર્તનની પ્રક્રિયાઓને કેટલાંક વિશિષ્ટ ઉદાહરણો, તેના સંદર્ભો અને ઐતિહાસિક ઘટનાઓની મદદથી શોધવી.
CG – ૩ : વિવિધ સામાજિક અને ઐતિહાસિક ઘટનાઓ અથવા પ્રસંગોના કારણો અને પરિણામો વચ્ચેનો સંબંધ કાર્ય-કારણ સંબંધ શોધી તેને માનવ જીવન પર પડતાં સર્વાંગી પ્રભાવ સાથે જોડવો..

| | | | |
|---|---|---|---|
| ૧૦ | **પ્રાચીન ભારત અને વિશ્વ**<br>C– ૨.૨ માનવ જીવનમાં રહેલા વિશિષ્ટ સંબંધો, પરંપરાઓ, રીતરિવાજો અને કાર્યો સમાજમાં મોટા પરિવર્તનો થવા છતાં લાંબા સમય સુધી ટકી રહે છે તેના કારણો અને પ્રસાર ઘટકો ઓળખે છે.<br>C–૩.૨ સામાજિક જૂથો અને સમુદાયો વચ્ચે તેમના પ્રદેશોમાં તેમજ વિશ્વના અન્ય ભાગોમાં રહેલા સમન્વય અને થતાં સંઘર્ષના કારણો તથા તેના માનવ સમાજ પર પડેલો પ્રભાવ ઓળખે છે. | ૧) માનવ જીવનમાં રહેલા વિશિષ્ટ સંબંધો, રીતરિવાજો અને પરંપરાઓ મોટા સામાજિક પરિવર્તનો આવવા છતાં કેવી રીતે ટકી રહે છે તે સમજાવે છે.તેમજ પર્શિયન અને ગ્રીક સંસ્કૃતિના સમન્વય અને સામંજસ્યનાઘટકો જણાવે છે. | ૭૪,૭૫<br>૭૪,૭૫,૭૬ |
| | | અ) પર્શિયન સંસ્કૃતિના ભારત પરના સાનુકૂળ અને પ્રતિકૂળ પરિણામો જણાવે છે. | ૭૬,૭૭ |
| | | બ) ગ્રીક સંબંધોના ભારત પરના સાનુકૂળ અને પ્રતિકૂળ પરિણામો જણાવે છે. | ૭૮,૮૦,૮૧ |
| | | ૨) પોતાના આસપાસ રહેલી માનવ જીવનની વિવિધતા સ્પષ્ટ કરીને અનેક પ્રાચીન સંસ્કૃતિઓ વચ્ચેના પરસ્પર સંપર્ક, વિવિધ પ્રદેશો વચ્ચેના સમન્વય અને સંઘર્ષને સમજી તેની માનવ જીવન પર થયેલી દીર્ઘકાલીન અસર વિશદ કરે છે. | ૭૮,૭૯,૮૧ |
| | | અ) ભારત અને નજીકના દેશોના પરસ્પર સંબંધોના સહસંબંધો સ્પષ્ટ કરે છે. | ૮૦,૮૧ |
| | | બ) ભારતીય ઉપખંડ અને ઈરાન, ગ્રીસ વચ્ચેના સંબંધો સ્પષ્ટ કરી પશ્ચિમ એશિયાઈ દેશોના સામ્રાજ્ય વિસ્તારને કારણે ભારતીય ઉપખંડ પર થયેલા રાજકીય, સામાજિક, આર્થિક, વેપાર, સંદેશાવ્યવહાર, પ્રશાસકીય, શૈક્ષણિક પરિણામો વિશદ કરે છે. | ૭૬,૭૭,૮૧ |
| | | ક) સિકંદરના ભારતમાં આક્રમણને કારણે સામાજિક અને રાજકીય પરિસ્થિતિમાં થયેલા ફેરફાર જણાવે છે. | |

## પાઠ્યપુસ્તકનો ઉપયોગ કરતી વખતે

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મુખ્ય ઉદ્દેશ રાજ્યના તમામ વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પત્તિમાં સુધારો કરવાનો હોવાથી, પાઠ્ય પુસ્તકના પ્રારંભિક પૃષ્ઠોમાં સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓને દરેક શિક્ષકે અધ્યાપન કરતી વખતે અચૂક સામે રાખવી આવશ્યક છે.
- દરેક પાઠની અધ્યાપન પ્રક્રિયાનું નિયોજન કરતી વખતે, અધ્યયન નિષ્પત્તિ અનુસાર પાઠમાં આપેલા  અધ્યયન અનુભવો અને વિવિધ કૃતિઓનું આયોજન અવશ્ય કરવું.
- દરેક પાઠમાં બહુવિદ્યાશાખીયદ્રષ્ટિકોણથી વિવિધ અધ્યયન અનુભવો સૂચવવામાં આવ્યા છે, તેનો સર્વગ્રાહી વિચાર કરવો. વિવિધ વિષયોની મદદથી એકાત્મિક રીતે સહજતાથી અધ્યયન થાય તેની કાળજી લેવી.
- વિદ્યાર્થીઓને પ્રાચીન ભારતનો ઇતિહાસ ભણાવવાનો હેતુ એ છે કે, વિદ્યાર્થીઓને આપણી સંસ્કૃતિ અને પરંપરાઓ વિશેસર્વાંગી માહિતી મળે અને તેના દ્વારા સામાજિક તથા રાષ્ટ્રીય અખંડિતતા પ્રત્યે તેઓ વધુ જાગૃત બને. શિક્ષકોએ પ્રાચીન ભારતનો ઇતિહાસ શીખવતી વખતે આ હેતુ ધ્યાનમાં રાખીને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાનું નિયોજન કરવું.
- વિવિધ કૃતિઓ કરાવવાથી વિષયની ઊંડી સમજ અને વિષયજ્ઞાન સમૃદ્ધ થશે.
- વિષયવસ્તુનો બોજો ન વધે તે માટે પાઠ્ય પુસ્તકમાં દરેક મુદ્દાની વિગતવાર માહિતી, ઉદાહરણો અને સ્પષ્ટીકરણો આપવા શક્ય નથી. તેથી, શિક્ષકોએ અધ્યયન પૂર્વે વિવિધ સંદર્ભોના આધારે વિદ્યાર્થીઓ માટે વિષયવસ્તુ વધુ સરળ અને સહજ બને તેવી યથાયોગ્ય માહિતી આપવી જરૂરી છે.
- પ્રાચીન ભારતના ઇતિહાસના અભ્યાસ દ્વારા આપણા સાંસ્કૃતિક વારસા પ્રત્યે ગૌરવની ભાવના નિર્માણ થાય તે માટે વિવિધ પ્રકારની પ્રાચીન વસ્તુઓ, સિક્કાઓ, પ્રાચીન સ્થાપત્યના ઉદાહરણો વિશે વધુમાં વધુ માહિતી મેળવવાના સાધનો કયા છે, તેનું માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપવું. પાઠ્યપુસ્તકની માહિતી ઉપરાંત તે સંદર્ભે વધુ માહિતી મેળવવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.
- હડપ્પા સંસ્કૃતિના સમયથી જ વિદેશો સાથે સ્થપાયેલા વેપારી સંબંધો પ્રાચીન ભારતની સમૃદ્ધિના મૂળમાં હતા, તે બાબત ધ્યાનમાં રાખીને આંતરરાષ્ટ્રીય વેપારનું સ્વરૂપ વિદ્યાર્થીઓને ટૂંકમાં સમજાવવું. આ પ્રકારનો વેપાર વિશ્વબંધુત્વ અને આંતરરાષ્ટ્રીય સામનજસ્ય  વિના શક્ય નથી, તે બાબત વિદ્યાર્થીઓના ધ્યાનમાં લાવવી.
- રામાયણ અને મહાભારત જેવા મહાકાવ્યો અગ્નિ એશિયાનાઇન્ડોનેશિયા, કમ્બોડિયામાં  નૃત્યનાટ્ય સ્વરુપે રજૂ કરવાની પરંપરા આજ સુધી જળવાઈ રહી છે. ત્યાંના પ્રાચીન શિલ્પોમાં પણ રામાયણ અને મહાભારતની વાર્તાઓનો સમાવેશ જોવા મળે છે. તે અંગે વધુ માહિતી મેળવીને વર્ગમાં રજૂ કરી શકાય, તે માટે વિદ્યાર્થીઓને પ્રકલ્પ તૈયાર કરવા આપવા.
- નાગરિકશાસ્ત્ર વિષયની શરૂઆત કરતા પહેલા આપણા દેશનું શાસન માળખું સ્પષ્ટ કરવું. સંઘ શાસન (કેન્દ્ર સરકાર), ઘટક રાજ્ય શાસન (રાજ્ય સરકાર) અને સ્થાનિક શાસનનું સ્વરૂપ ટૂંકમાં સ્પષ્ટ કરવું.
- ભારતની ખાદ્ય વિવિધતા દર્શાવવા માટે 'આપણું સામાજિક જીવન' પાઠમાં ભારતના સ્થૂળ-નકશાનો ઉપયોગ કર્યો છે.
- સ્થાનિક વહીવટ અંગે રાજ્ય સરકારના સ્વતંત્ર કાયદા હોય છે. વિદ્યાર્થીઓને તે કાયદાઓની વિગતવાર માહિતી આપવી અપેક્ષિત નથી, પરંતુ આપણા દેશનો વહીવટ બંધારણ, કાયદા અને નિયમો અનુસાર ચાલે છે તે તેમને અચૂક જણાવવું. કાયદાનું શાસન હોવાના ફાયદા તેમને વિવિધ ઉદાહરણો દ્વારા સમજાવવા.
- ૭૩મા અને ૭૪મા બંધારણીય સુધારાઓને કારણે સ્થાનિક શાસન સંસ્થાઓનું સશક્તિકરણ થયું છે, આ બાબત ધ્યાનમાં રાખીને સ્થાનિક શાસન સંસ્થાઓમાં થયેલાં ફેરફારો વિદ્યાર્થીઓને જણાવવા.
- સ્થાનિક શાસન સંસ્થાઓમાં મહિલાઓની ભાગીદારી અને તેમની ભાગીદારીથી આવેલા પરિવર્તનનો અચૂક ઉલ્લેખ કરવો.
- બ્રિટિશ શાસન દરમિયાન સ્થાનિક શાસન 'સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા' કહેવાતું. આઝાદી પછી તમામ સ્તરે સ્વરાજ્ય હોવાથી હવે તે 'સ્થાનિક શાસન સંસ્થા' કહેવાય છે.
- શિક્ષકોએ વિશેષ જરૂરિયાતો ધરાવતા વિદ્યાર્થીઓ માટે, અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન સાંકેતિક ભાષા (Sign Language ) તેમજ અન્ય પૂરક શિક્ષણશાસ્ત્રીય પદ્ધતિઓનો ઉપયોગ કરવો. વિશેષ જરૂરિયાતો ધરાવતા વિદ્યાર્થી ઓને જે રીતે શક્ય હોય તે રીતે વ્યક્ત થવાની તક આપવી.

# અનુક્રમણિકા


| અ.ક્ર. | પાઠનું નામ | પૃ.ક્ર. |
|---|---|---|
| ૧ | ઇતિહાસના સાધનો | ૧ |
| ૨ | પ્રાગૈતિહાસિક કાળ | ૮ |
| ૩ | હડપ્પા સંસ્કૃતિ | ૧૬ |
| ૪ | વૈદિક સંસ્કૃતિ | ૨૬ |
| ૫ | વિવિધ ધર્મોનો ઉપદેશ | ૩૩ |
| ૬ | જનપદો અને મહાજનપદો | ૪૩ |
| ૭ | મૌર્યકાલીન ભારત | ૪૯ |
| ૮ | પ્રાચીન ભારત અને મહારાષ્ટ્રના રાજ્યો તથા રાજવંશો | ૫૭ |
| ૯ | પ્રાચીન ભારતનો સાંસ્કૃતિક વારસો | ૬૫ |
| ૧૦ | પ્રાચીન ભારત અને જગત | ૭૪ |



# ૧ ઇતિહાસના સાધનો




૧.૧ ઇતિહાસની રચના
૧.૨ ભૌતિક સાધનો
૧.૩ લેખિત સાધનો
૧.૪ મૌખિક સાધનો
૧.૫ પ્રાચીન ભારતના ઇતિહાસના સ્રોત
૧.૬ મહારાષ્ટ્રના વસ્તુ સંગ્રહાલયો અને વારસાસ્થળો


**આપણા દેશનો ઇતિહાસ ખૂબ પ્રાચીન છે, પણ તે આપણને કેવી રીતે જાણવા મળ્યું? આપણા પૂર્વજો કેવી રીતે રહેતા હતા? તેમના જીવનમાં ઘટેલી ઘટના, તેમની સંસ્કૃતિ, સમાજ અને રાજ્યવ્યવસ્થાનો અભ્યાસ કેવી રીતે કરી શકાય ?**

આવા પ્રશ્નો તમને પણ થયા હશે ને? તમને થયેલા પ્રશ્નો લખો.



**કલ્પના કરો.**

તમે એક કિલ્લામાં ફરો છો. અચાનક તમને જમીન ઉપર એક સિક્કો મળ્યો અથવા એકાદ ભીંત ઉપર કોતરેલો લેખ દેખાયો. એકાદ ઝાડના મૂળમાં છૂપાયેલ માટીનું ઠીકરું દેખાય, તો તમને ચોક્કસ પ્રશ્ન થશે કે આ ક્યા કાળનો હશે? આનો અર્થ શો ? આ વસ્તુ ભૂતકાળની કઈ વાત કહેતી હશે?

આ જ પ્રશ્નોના ઉત્તર શોધવા માટે આપણે ઇતિહાસના વિવિધ સાધનોનો અભ્યાસ કરીએ છીએ.

આ જ તે જાદુઈ ચાવી છે, જેના વડે આપણે હજારો વર્ષો પહેલાના લોકોના જીવનમાં ડોકિયું કરી શકીએ છીએ.

ધોરણ પાંચમાં, તમે આ વિશે માહિતી મેળવી છે. આપણે ઇતિહાસમાં જે કાંઈ શીખીએ છીએ, તે ઇતિહાસ પુરાવાના આધારે જ લખાય છે. જે બાબતના આધારે ઇતિહાસના પુરાવા મળે છે તે બાબત ઇતિહાસની માહિતી મેળવવાના સ્રોત છે.

## ૧.૧ ઇતિહાસની રચના

ઇતિહાસની રચના એટલે ટુકડે ટુકડે એકાદો કોયડો ઉકેલવા જેવું છે. ભૂતકાળનાં સિક્કા, શિલાલેખ, ચિત્રો, માટીના વાસણો જેવી અનેક વસ્તુઓ જાણે તે કોયડાના નાનાં નાનાં ટુકડા છે. જ્યારે ઇતિહાસકાર આ ટુકડાઓ સારી રીતે જોડે છે, ત્યારે આપણા ભૂતકાળનું એક સુંદર ચિત્ર તૈયાર થાય છે.

સંશોધનના સ્રોતના આધારે આપણે ભૂતકાળની ઘટના, વિચાર, સંસ્કૃતિ અને જીવનશૈલી જાણી શકીએ છીએ. આ સ્રોતનું વિભાજન પ્રાથમિક સાધનો, દ્વિતીય સાધનો અને મૌખિક સાધનો એમ કરવામાં આવે છે.

**આપણાં પૂર્વજોએ વાપરેલી વસ્તુઓ, કોતરેલા લેખ, બાંધેલા સ્થાપત્યો તેમ જ તે સમયના રિવાજો, પરંપરા, લોકકલા, લોકસાહિત્ય, ઐતિહાસિક દસ્તાવેજો જેવા વિવિધ સાધનોમાંથી આપણે ઇતિહાસ શોધી શકીએ છીએ. આ બધાને 'ઇતિહાસના સાધનો' કહેવામાં આવે છે.**

| પ્રાથમિક સાધનો | દ્વિતીય સાધનો | મૌખિક સાધનો |
|---|---|---|
| આ સાધનો સીધા સંબંધિત કાળના હોય છે. | આ સાધનોમાં પ્રાથમિક સાધનોનો અભ્યાસ કરીને માહિતી આપેલી હોય છે. | આ સાધનોમાં ભૂતકાળની ઘટના, પરંપરા, સંસ્કૃતિ અથવા અનુભવો મૌખિક સ્વરૂપમાં પેઢી દર પેઢી જતન કરેલાં હોય છે. |
| જેમ કે- શિલાલેખ, તામ્રપટ, સિક્કા, મૂળ દસ્તાવેજ (ભોજપત્રો, કરારપત્રો, પત્રો વગેરે) જૂની વસ્તુઓ, શસ્ત્રો, જૂના રહેઠાણ, મંદિરો ઇત્યાદિ. | જેમ કે- ઇતિહાસ વિષયક પુસ્તકો, લેખ, માહિતીપટ, સંશોધન પરના નિબંધ, નિષ્ણાંતોના વ્યાખ્યાનો, વિશ્વકોશ ઇત્યાદિ. | જેમ કે- લોકકથા, દંતકથા, લોકગીત, ઓવી, ભારુડ, લાવણી, પોવાડા, લોકનાટ્ય, કીર્તન, તમાશા ઇત્યાદિ. શૌર્યકથા, વીરગાથા, ગ્રામજનોની, વૃદ્ધોની યાદો અને અનુભવ, પ્રવાસવર્ણનો, વેપારી અથવા સૈનિકોએ કહેલી કથાઓ. |
| મહત્ત્વ: ઇતિહાસ લખતી વખતે આ સાધનો તે સમયની યથાયોગ્ય માહિતી આપે છે. | મહત્ત્વ : આ સાધનોમાંથી ઇતિહાસની સુસંગત માહિતી મળે છે. આ સાધનો સંશોધકોએ વિશ્લેષણ કરીને તૈયાર કરેલા હોય છે. | મહત્ત્વ: લેખિત પુરાવા ન હોય તે સમયનું લોકજીવન, પરંપરા અને સંસ્કૃતિ સમજવા માટે મૌખિક સાધનોનો ઉપયોગ થાય છે. |

## ૧.૨ ભૌતિક સાધનો



**કરી જુઓ.**

તમારા ઘરની જૂની વસ્તુઓ તમારા ઘરનો અથવા કુટુંબનો ઇતિહાસ કહે છે. જેમ કે- ફોટો સંગ્રહ, એકાદ જૂનું વાસણ, એકાદું ચિત્ર અથવા દાદીની સાચવેલી સાડી આ બધું એક પેટીમાં સાચવીને મૂકો. તેને આપણે 'વારસા પેટી' કહીશું! આ વસ્તુ શેનો ઇતિહાસ કહે છે, તે વર્ગમાં કહો.

આ વસ્તુઓ ઇતિહાસના ભૌતિક સાધનો છે. **ભૌતિક સાધનો એટલે જેને આપણે આંખોથી જોઈ શકીએ અને હાથથી સ્પર્શ કરી શકીએ એવા સાધનો.** આ સાધનોનો ઉપયોગ ઇતિહાસના અભ્યાસમાં બહુ મહત્ત્વનો હોય છે. **ભૌતિક સાધનો તે સમયના માણસોનું જીવન, સંસ્કૃતિ, પરંપરા, રમતગમત, કળા અને વિજ્ઞાનની માહિતી આપે છે. આ સાધનો ઇતિહાસ સંશોધનમાં પ્રાથમિક સાધન માનવામાં આવે છે.** પ્રાચીન કાળમાં માણસોએ વાપરેલી અનેક વસ્તુઓ આજે પણ મળી આવે છે. તેમાં શિલાલેખ, તામ્રપટ, જૂના સિક્કા, શસ્ત્રો, વાસણો, પથ્થરો અથવા ધાતુની મૂર્તિ, જૂની ઈમારતો, કિલ્લા, મંદિરો, જળાશયો ઈત્યાદિનો સમાવેશ થાય છે. આ બધાં 'ભૌતિક સાધનો' છે. આ સાધનો આજે પણ પુરાતત્ત્વીય સંગ્રહાલયમાં અને ઐતિહાસિક સ્થળોમાં જોવા મળે છે. ઉત્ખનન કરતી વખતે મળેલા માટીનાં ઠીકરાં, તેના માટે વાપરેલી માટી, તેની ઉપરના લેપ અને રંગીન નકશીકામ કે કલાકૃતિ પરથી આ વાસણ કયા સમયનું હશે, તે શેના માટે વપરાતું



ભૌતિક સાધનો

હશે, એ વૈજ્ઞાનિક પદ્ધતિના આધારે જાણી શકાય છે. અનાજ, ફળોના બીજ અને પ્રાણીઓનાં હાડકાં જેવા અવશેષોને આધારે જે તે સમયગાળાની આહારપદ્ધતિ જાણી શકાય છે. કોતરેલા શિલાલેખ તત્કાલીન વહીવટ, ધાર્મિક અને સામાજિક જીવનની માહિતી આપે છે. તે સમયના શસ્ત્રો અને સંરક્ષક દીવાલો, રાજમહેલો, પુરાતન રહેઠાણોનો અભ્યાસ કરવાથી તે સમયની સંરક્ષણ વ્યવસ્થા, લડાઈની પદ્ધતિ અને વાસ્તુકલાની માહિતી મળે છે. તેમ જ જૂના સિક્કા અથવા મુદ્રાના આધારે તે સમયની અર્થવ્યવસ્થા, રાજ્યકર્તાના નામો, ધાર્મિક પરંપરા અને કલાની માહિતી મળે છે. માટે જ, ભૌતિક સાધનો તે સમયના માનવી જીવનનો ઇતિહાસ સમજવા માટે મહત્ત્વના છે.

## ૧.૩ લેખિત સાધનો

**લેખિત સ્વરૂપમાં જે સાધનો ઉપલબ્ધ છે, તેને આપણે 'લેખિત સાધનો' કહીએ છીએ.** આ લેખિત સાધનો દ્વારા તે સમયની ભાષા, લિપિ, સંસ્કૃતિ, રાજકીય ધોરણો, સમાજરચના, ધાર્મિક અને સામાજિક વિચારસરણી વિષયક માહિતી મળે છે.

પથ્થરયુગમાં એટલે કે પ્રાગૈતિહાસિક કાળમાં, માણસને લખવાની કળાની જાણ ન હતી. તે કાળની માહિતી આપણે ભૌતિક સાધનોને આધારે જાણી શકીએ. પરંતુ જેમ જેમ માણસની આકલન ક્ષમતા અને ભાષા વિકસિત થતી ગઈ, તેમ તેમ તેમણે પોતાના અનુભવ અને માહિતી ચિત્રો અને ચિહ્નો દ્વારા વ્યક્ત કરવાની શરૂઆત કરી. આ જ લેખનકળાની શરૂઆત હતી. તે પછી લેખનપદ્ધતિ વિકસિત થતા લાંબો સમય લાગ્યો.



### શું તમે જાણો છો ?

ઇતિહાસ લખવા માટે જે સમયમાંના લેખિત પુરાવા ઉપલબ્ધ હોય છે, તે સમયને આપણે 'ઐતિહાસિક કાળ' તરીકે ઓળખીએ છીએ. જે કાળમાં લિપિનો ઉગમ અને વિકાસ થયો ન હતો, તે સમયને 'પ્રાગૈતિહાસિક કાળ' કહેવામાં આવે છે.

પ્રાચીન સમયમાં વેપારી, પ્રવાસી, રાજા અને વિદ્વાનો પોતાના અનુભવો, ઘટનાઓ અથવા આદેશોની નોંધ કરતા હતા. લેખિત સાધનો દ્વારા આપણને તે સમયની લિપિ, ભાષા, લેખનશૈલી અને લોકોના આચાર-વિચાર, પરંપરા અને જીવન પદ્ધતિ વિશે માહિતી મળે છે. તે સમયની નોંધને આધારે કાળખંડની માહિતી મળે છે. આ સાધનોને આધારે ઇતિહાસકાર વિશ્લેષણ કરીને તે તે સમયગાળાનો ઇતિહાસ લખે છે. વિવિધ સંગ્રહાલયો, ગ્રંથાલયો અને મંદિરોમાં પ્રાચીન સમયના લેખિત સાધનો જોવા મળે છે.



### કરી જુઓ.

તમારા દાદા-દાદી કે તમારા કુટુંબના અન્ય વડીલો સાથે વાત કરો. તેમની બાળપણની યાદો, તેમનાં ગામ/શહેરની કથા, તહેવાર-ઉત્સવ, તેમણે અનુભવેલી એકાદી ઐતિહાસિક ઘટના વિશે જાણી તમારી નોટબુકમાં નોંધો. તમને ખ્યાલ આવશે કે ઇતિહાસ કેટલો જીવંત અને રસપ્રદ છે!

## ૧.૪ મૌખિક સાધનો

**મૌખિક સાધનો એટલે લખીને ન રાખતાં મોઢે કહેવામાં આવતી માહિતી.** તે સમાજની સ્મૃતિમાં સચવાયેલી હોય છે. તેમાં લોકકથા, દંતકથા, ઓવીઓ, પોવાડા, કહેવતો, લોકગીતોનો સમાવેશ થાય છે. કેટલીકવાર મૌખિક સ્વરૂપમાં એકાદ સમાજનો ઇતિહાસ, જીવનશૈલી, સામાજિક ઘટના, તહેવાર-ઉત્સવોનું વર્ણન પેઢી દર પેઢી સચવાયેલું હોય છે. કેટલીક દંતકથા કાલ્પનિક હોવા છતાં, તેની પાછળ કોઈક સામાજિક, ઐતિહાસિક સંદર્ભ છૂપાયેલો હોય છે. વ્યક્તિની વિચારસરણી અને સમૂહની વિચાસરણીના ઘડતરમાં મૌખિક પરંપરાનો સહભાગ હોય છે. તેથી ઇતિહાસના અભ્યાસમાં મૌખિક સાધનોનો ઉપયોગ કરતી વખતે ઇતિહાસકાર તે બાબત તપાસીને, તુલનાત્મક પદ્ધતિથી વિચાર કરે છે. અને અન્ય સાધનોની મદદથી ઇતિહાસ લેખન માટે તેનો ઉપયોગ કરે છે.

## ૧.૫ પ્રાચીન ભારતના ઇતિહાસના સાધનો

પ્રાચીન કાળખંડ એટલે અશ્મયુગીન કાળથી આઠમાં શતક સુધીનો સમયગાળો. પથ્થરયુગનો ઇતિહાસ પૂર્ણપણે પુરાતત્ત્વીય ઉત્ખનનમાંથી પ્રાપ્ત થયેલા ભૌતિક સાધનો પર આધારિત છે. તે પછીના સમયનો ઇતિહાસ સમજવા માટે લેખિત સાધનોનો મોટા પ્રમાણમાં ઉપયોગ થયો છે.

ભારતીય ઇતિહાસના સૌથી પ્રાચીન સાધનો એટલે વેદ-શરૂઆતમાં વેદ લેખિત સ્વરૂપમાં ન હતા, તે મોઢે કરવાનું તંત્ર પ્રાચીન ભારતીયોએ વિકસિત કર્યું હતું. સમય જતાં વેદોનું લેખન થયું. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આ ચાર વેદોમાં દેવોની સ્તુતિ, યજ્ઞવિધી અને સામાજિક જીવનની માહિતી મળે છે. વેદો પછી બ્રાહ્મણગ્રંથ, આરણ્યકો અને ઉપનિષદોની નિર્મિતિ થઈ. પ્રાચીન ભારતીય તત્ત્વજ્ઞાનની ઓળખ આ ગ્રંથો દ્વારા થાય છે. તેમ જ રામાયણ અને મહાભારત જેવા મહાકાવ્યો સુદ્ધા પ્રાચીન ભારતીય ઇતિહાસના સાધનો છે.



**શોધો જોઈએ.**

સંઘમ સાહિત્ય તમિળ ભાષાનું સૌથી પ્રાચીન સાહિત્ય છે. તે વિશેની માહિતી શોધીને લખો.

પ્રાચીન ભારતમાં જૈન અને બૌદ્ધ તત્ત્વજ્ઞાનના આધારે મોટા પ્રમાણમાં લેખિત સાહિત્ય તૈયાર થયું હતું. 'ત્રિપિટક' નામે બૌદ્ધ ગ્રંથમાં ગૌતમ બુદ્ધનો બોધ, ભિખ્ખુઓ માટેના નિયમો અને તાત્વિક ચર્ચા આપેલી છે. આ ગ્રંથ પાલી ભાષામાં લખાયેલો છે. જૈન ધર્મોના ગ્રંથ-આગમમાં વર્ધમાન મહાવીરના બોધ અને અહિંસાનું મહત્ત્વનું વર્ણન છે. આ ગ્રંથ અર્ધમાગધી નામની પ્રાકૃત ભાષામાં લખાયેલ છે. આ ધાર્મિક ગ્રંથોની સાથેસાથે કેટલાક ગ્રંથ-વહીવટ, નીતિનિયમ અને કાયદાઓ તેમજ સમાજ વ્યવસ્થા સંબંધી હતા. લખેલી માહિતી કેવળ ગ્રંથોમાં જ નથી હોતી. પરંતુ તે પથ્થરો, તામ્રપત્ર અને ભીંતો પર પણ કોતરેલી હોય છે. સમ્રાટ અશોકે અનેક શિલાલેખ તૈયાર કરીને ધર્મનીતિ અને સમાજનીતિ વિશેના વિચારો પ્રજા સુધી પહોંચાડ્યા છે. આ લેખ મુખ્યત્વે બ્રાહ્મી લિપિમાં કોતરાયેલા છે. તેમાંના કેટલાક લેખ ખરોષ્ટી અને અરેમાઈક લિપિમાં કોતરાયેલા છે. તેમજ, જમીનનું દાન અને કરમાફી વિશેના આદેશ તામ્રપટ પર કોતરીને રાખવામાં આવતા આ નોંધમાંથી વહીવટની માહિતી જાણવા મળે છે.



**કરી જુઓ.**

તમારું, તમારા મિત્ર-સખીનું કે કુટુંબના સભ્યોના નામ નીચે આપેલા કોષ્ટક આધારે બ્રાહ્મી લિપિમાં લખો.



પ્રાચીન ભારત વિશેની માહિતી મેળવવા માટે પરદેશી પ્રવાસીઓએ લખેલા પ્રવાસવર્ણનો પણ મહત્ત્વના છે. તેમણે અહીં જોયેલી શિક્ષણ-વ્યવસ્થા ધાર્મિક જીવન, લોકજીવન ઈત્યાદિનું સવિસ્તર વર્ણન કરેલું છે. તેથી આપણને તે સમયમાં ભારતીયોનું જીવન કેવું હતું, તેની માહિતી મળે છે.

## ૧.૬ મહારાષ્ટ્રના વસ્તુસંગ્રહાલયો અને વારસાસ્થળો

### ■ મહારાષ્ટ્રના વસ્તુસંગ્રહાલયો

ઇતિહાસ વિષયક વસ્તુ સંગ્રહાલયમાં ઇતિહાસના સાધનોનો સંગ્રહ અને પ્રદર્શન કરવામાં આવે છે. મહારાષ્ટ્રમાં અનેક પ્રસિદ્ધ વસ્તુસંગ્રહાલયો છે. ત્યાં આપણને પ્રાચીન સમયની વસ્તુ, સિક્કા, શસ્ત્રો, ચિત્રકલા, મૂર્તિ, હસ્તલિખિત, વેશભૂષા, હસ્તકલા અને અન્ય ઐતિહાસિક વસ્તુઓ જોવા મળે છે. મહારાષ્ટ્રમાં આવેલું છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુસંગ્રહાલય, મુંબઈ પ્રસિદ્ધ છે. અહીં ભારતના ઇતિહાસ સંબંધી અનેક વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પૂનાની ડેક્કન કોલેજ પદવ્યુત્તર અને સંશોધન સંસ્થાનાં વસ્તુસંગ્રહાલયમાં પ્રાગૈતિહાસિક કાળની વસ્તુઓ જોવા મળે છે. રાજા દિનકર કેળકર સંગ્રહાલયમાં વિવિધ ઘરગથ્થુ વસ્તુઓ, દાગીના, શસ્ત્રો, વાદ્યો, વસ્ત્રો અને કલાકૃતિના વિભાગો છે. તે પહેલાના કાળના લોકોની જીવનશૈલીનું દર્શન કરાવે છે. નાગપુરનું મધ્યવર્તી સંગ્રહાલય, છત્રપતિ સંભાજીનગરમાં આવેલું છત્રપતિ શિવાજી મહારાજ સંગ્રહાલય, કોલ્હાપુરનું શ્રી છત્રપતિ શાહૂ સંગ્રહાલય



છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુસંગ્રહાલય

અને સાતારામાં આવેલું શ્રી છત્રપતિ શિવાજી મહારાજ સંગ્રહાલય, નાસિક જિલ્લાના ત્ર્યંબકેશ્વર પાસે અંજનેરીનું 'શાંતિ-કૃષ્ણ મ્યુઝિયમ ઑફ મની ઍન્ડ હિસ્ટરી' ઈત્યાદિ ઐતિહાસિક દૃષ્ટિકોણથી મહત્ત્વપૂર્ણ વસ્તુસંગ્રહાલયના કેટલાંક ઉદાહરણો છે.

### ■ મહારાષ્ટ્રનાં વારસાસ્થળો

મહારાષ્ટ્ર એક સમૃદ્ધ ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરંપરા ધરાવતું રાજ્ય છે. યુનેસ્કો નામની વૈશ્વિક સ્તરની સંસ્થાએ માન્યતા આપેલાં તેમજ રાજ્ય શાસન દ્વારા સંરક્ષિત અનેક મહત્ત્વના વારસાસ્થળો મહારાષ્ટ્રમાં છે, જે આપણા ઇતિહાસના ગૌરવશાળી



અજિંઠા ગુફાઓ

પ્રતીકો છે. સૌથી પ્રસિદ્ધ વારસા સ્થળ એટલે અજિંઠા અને વેરુળની ગુફાઓ. ૧૯૮૩માં યુનેસ્કોની જાગતિક વારસાસ્થળોની યાદીમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુંબઈ નજીકની ઘારાપુરી ગુફાઓ, કાન્હેરી ગુફાઓ પણ પ્રસિદ્ધ છે. ૧૯૮૭ની સાલમાં ઘારાપુરીની ગુફાઓનો પણ જાગતિક વારસા તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. મુંબઈની વિશેષ રીતે સુશોભિત (આર્ટ-ડેકો) ૭૬ ઇમારતોનો ૨૦૧૮માં યુનેસ્કોની જાગતિક વારસાસ્થળોની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

મુંબઈનું છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસનું ભવ્ય રેલવે સ્થાનક બ્રિટિશ કાળની 'ગોથિક' સ્થાપત્ય શૈલીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ૧૯૯૭માં તેને જાગતિક વારસાસ્થળ જાહેર કરવામાં આવ્યું છે.

'પશ્ચિમ ઘાટ' તરીકે ઓળખાતી મહારાષ્ટ્રની

સહ્યાદ્રિની પર્વતમાળા જૈવવિવિધતાથી પરિપૂર્ણ હોવાથી ૨૦૧૨માં યુનેસ્કોએ તેને નૈસર્ગિક વારસાસ્થળ તરીકે માન્યતા આપી છે. અહીં અનેક દુર્લભ પ્રાણી, પક્ષી અને વનસ્પતિ જોવા મળે છે. યુનેસ્કોએ તાજેતરમાં 'મરાઠા મિલિટરી લેન્ડસ્કેપ્સ' નામે ૧૨ કિલ્લાઓને જાગતિક વારસાસ્થળ તરીકે માન્યતા આપી છે. તેમાંનાં ૧૧ કિલ્લા મહારાષ્ટ્રમાં છે. જિંજી કિલ્લો તામિળનાડુ રાજ્યમાં છે. આ બધા કિલ્લાઓ મરાઠા સામ્રાજ્યના લશ્કરી કૌશલ્યના, સ્થાપત્ય કલાના અને સાંસ્કૃતિક વારસાના મહત્ત્વના પ્રતીક માનવામાં આવે છે.

મહારાષ્ટ્રના આ વારસા સ્થળો, આપણી સંસ્કૃતિ, ઇતિહાસ અને પરંપરાના પ્રતીક છે. આ સ્થળો ઐતિહાસિક પર્યટનનું આકર્ષણ કેન્દ્ર છે. તેમનો અભ્યાસ કરીને આપણને સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસા પ્રત્યે ગૌરવ અનુભવાય છે.

### તમારો શો મત છે ?

વારસાસ્થળોનું સંવર્ધન આપણા સહુનું કર્તવ્ય છે. તે માટે તમે શું યોગદાન આપશો ?



## સ્વાધ્યાય

**પ્ર.૧ અ) આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ શોધીને વિધાનો પૂર્ણ કરો.**

૧. ભગવાન મહાવીરનો ઉપદેશ ........... ગ્રંથમાં મળે છે.

અ) ઉપનિષદ  બ) ત્રિપિટક

ક) આગમ સાહિત્ય  ડ) સંઘમ સાહિત્ય

૨. ભારતીય ઇતિહાસનું સૌથી પ્રાચીન સાધન એટલે ..........

અ) આરણ્યકો  બ) વેદ

ક) બ્રાહ્મણગ્રંથ  ડ) ઉપનિષદો

**બ) યોગ્ય જોડકાં જોડો.**

| જૂથ 'અ' | જૂથ 'બ' |
|---|---|
| ૧) લેખિત સાધનો | અ) લોકગીતો |
| ૨) ભૌતિક સાધનો | બ) પરદેશી પ્રવાસીઓએ લખેલા પ્રવાસવર્ણનો |
| ૩) મૌખિક સાધનો | ક) સિક્કા, શસ્ત્રો |

**પ્ર.૨ અ) સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો.**




**બ) ચિત્રમાં કયા પ્રકારના સાધનો દર્શાવ્યા છે, તે લખો.**



..................................................



..............................



..............................

**પ્ર.૩ અ) નીચેના પ્રશ્નોના ઉત્તરો ટૂંકમાં લખો.**

૧. ઇતિહાસના લેખિત અને મૌખિક સાધનો વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

૨. ભૌતિક સાધનોના નામ લખીને ઇતિહાસના અભ્યાસ માટે તેમનું મહત્ત્વ લખો.

૩. આધુનિક સમયના કયા સાધનો ભવિષ્યની પેઢીને ઇતિહાસ કહી શકશે? તે લખો.

પ્ર.૪

અ) એકાદ જૂની વસ્તુ જેમ કે મૂર્તિ, સિક્કા નાણાં, વાસણો, દાગીના, દસ્તાવેજો, રમકડાં ઈત્યાદિ પરથી માનવી જીવનમાં થયેલાં ફેરફાર વિશે કઈ માહિતી મળે છે, તે લખો.

બ) નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.

| શહેરનું/ જગ્યાનું નામ | વસ્તુ સંગ્રહાલયનું નામ | વિશેષતા |
|---|---|---|
| મુંબઈ | ............. | ............... ............... |
| ............. | રાજા દિનકર કેળકર સંગ્રહાલય | ............... ............... |
| ............. | ............... ............... | વિવિધ પુરાતત્વીય વસ્તુઓનું સંગ્રહાલય |

કૃતિ

- તહેવારો અને ઉત્સવો સંબંધિત લોકગીત, કથા, પોવાડા, ભારૂડ, ઓવીઓનો સંગ્રહ કરીને પરિપાઠમાં રજૂ કરો.
- મહારાષ્ટ્રના 'વારસ સ્થળો'નું ચિત્ર કોષ્ટક તૈયાર કરો અને તેનો ઉપયોગ કરીને 'વારસા ભીંત' તૈયાર કરો.

પ્ર.૫ ઇન્ટરનેટની મદદથી 'મરાઠા મિલિટરી લૅન્ડસ્કેપ્સ' નામે જાહેર કરાયેલા બાર કિલ્લાઓના નામ શોધો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | લ્હે | ર | જ | ય | ગ | ડ | ખાં | તું | ગ | ળા | અ |
| કુ | કે | અ | વ | રા | જ | ગ | ઢ | દે | ન્હા | ર | ર્ના |
| લા | ળ | ક | સુ | વ | ર્ણ | દુ | ર્ગ | પ | રી | સ | ળ |
| બા | ના | હ | વં | વા | રુ | ગ | ઢ | વા | સ્તે | ટા | સિં |
| વિ | વિ | રિ | દ | શી | ભી | સિ | મા | લ | વ | ણ | ધુ |
| જ | શા | ખં | ન | વ | વ | હ | પા | સ | ઢ | પ | દુ |
| ય | ળ | દ્ધ | ગ | ને | ગ | ગ | લી | ગ | ભો | ર | ર્ગ |
| દુ | ગ | ગ | ડ | રી | ડ | ડ | હ | ના | દ | ગિ | રી |
| ર્ગ | ઢ | ડ | ઉં | દે | રી | લો | વા | રૂ | ગ | ડ | રા |
| પ્ર | તા | પ | ગ | ઢ | તો | ર | ણા | કાં | ગો | રી | ય |
| વ | સ | ઈ | નો | કિ | લ્લો | ક | મ | લ | ગ્ગ | ડ | ગ |
| રા | જિં | જી | સિં | ખ | ગ | ડ | રા | જ | ગ | ડ | ઢ |

૧. રાયગઢ
૨. ______
૩. ______
૪. ______
૫. ______
૬. ______
૭. ______
૮. ______
૯. ______
૧૦. ______
૧૧. ______
૧૨. ______

**ઉપક્રમ :**

- તમારા ગામની/જિલ્લાની નજીકના સંગ્રહાલયની મુલાકાત લો. તેનું અહેવાલ-લેખન કરો.

***

# ૨ પ્રાગૈતિહાસિક કાળ



२.१ પ્રાચીન ભારત-ભૌગોલિક પાર્શ્વભૂમિ
२.२ પ્રાગૈતિહાસિક કાળ
२.३ મધ્યપાષાણયુગથી નવીન પાષાણયુગ
२. ४ તામ્રપાષાણ યુગ
२.५ મહારાષ્ટ્રના ઉત્ખનન સ્થળો

વિદ્યાર્થીઓ, એક ક્ષણ માટે આંખો મીંચો અને કલ્પના કરો કે, તમે એવા સમયમાં રહો છો કે જ્યાં મોબાઈલ નથી, ગાડી નથી, રમકડાં નથી. અરે, ઘર, ગામ, શાળા, રસ્તા કાંઈ જ નથી !

**કહો જોઈએ !**

- એવા કાળમાં તમે રહેતા હોત, તો તમારું રોજિંદુ જીવન કેવું હોત?
- તમે ક્યાં રહેતા હોત ?
- એવી જગ્યાએ કડકડતી ઠંડીમાં ગરમાવો મેળવવા તમે શું કર્યું હોત?
- રસોઈ કેવી રીતે બનાવી હોત ?
- જંગલી પ્રાણી તમારા તરફ આવતું જોઈને, તમે શું કર્યું હોત ?

હજારો લાખો વર્ષો પહેલા આદિમાનવના સમયમાં તેને આવી જ પરિસ્થિતિનો સામનો કરવો પડતો હતો. આજે આપણે જે જોઈએ છીએ, જે સુખ સુવિધાઓ ભોગવીએ છીએ, તે મેળવતા માટે લાખો વર્ષો વીતી ગયા. સમયના આ તબક્કામાં ભટકતી અવસ્થામાંથી સ્થિર જીવન તરફ, જંગલમાંથી ગામ તરફ અને આગળ ઉન્નત સંસ્કૃતિ સુધીનો અદ્ભુત ઇતિહાસ સમાયેલો છે. ચાલો, માનવીની આ એકદમ શરૂઆતની અવસ્થા વિશે તબક્કાવાર જાણીએ.

**તમને યાદ છે?**

આ પહેલા તમે માનવ ઉત્ક્રાંતિના તબક્કા અને આદિમાનવનું જીવન, આહાર પદ્ધતિ, હથિયારો, કલા વગેરે વિશે અભ્યાસ કર્યો હતો. તેમાંથી તમને શું શું યાદ છે, તેનું વર્ગમાં પુનરાવર્તન કરો.

## २.१ પ્રાચીન ભારત-ભૌગોલિક પાશ્વભૂમિ




માનવી ઇતિહાસના વિકાસમાં જે તે પ્રદેશમાંની ભૌગોલિક પરિસ્થિતિનો અત્યંત મહત્ત્વનો ફાળો છે. જે પ્રદેશમાં મનુષ્ય રહે છે, ત્યાંના પર્વત, નદીઓ, હવામાન, જમીન અને નૈસર્ગિક સાધન સંપત્તિ ત્યાંના

માનવ સમૂહની જીવનપદ્ધતિ નક્કી કરે છે. ક્યા પાક લેવા, ક્યા પ્રાણીઓ પાળવા, ક્યાં વસતી બનાવવી, વાહનવ્યવહાર કેવો હોવો જોઈએ આ બધું તે પ્રદેશની ભૌગોલિક વિશિષ્ટતા પર અવલંબે છે. પ્રાચીન ભારતમાં માનવી સંસ્કૃતિનો વિકાસ વિવિધ સ્વરૂપમાં થયો. તેનું મુખ્ય કારણ ભારતની ભૌગોલિક વિવિધતા છે.

ભારત એક વિશાળ દેશ હોવા છતાં વિવિધતાથી શોભાયમાન છે. ઉત્તર તરફના તોફાની પવનો, વાવંટોળ, થીજવી દેતી ઠંડી જેવી નૈસર્ગિક આપત્તિઓથી હિમાલયની ઊંચી ઊંચી પર્વતમાળાઓ રક્ષણ કરે છે. ઉત્તર ભારતનું હવામાન ઠંડુ અને સૂકું હોય છે, જ્યારે દક્ષિણ ભારતનું હવામાન ઉષ્ણ અને ભેજવાળું હોય છે. તેને લીધે ખેતીની પદ્ધતિ, પાક અને માનવીની જીવનશૈલીમાં જુદાપણું દેખાઈ આવે છે.



પ્રાચીન કાળમાં ભારતની નદીઓને લીધે તૈયાર થયેલ કાંપયુક્ત ફળદ્રુપ જમીનમાં ખેતીનો વિકાસ થયો. મધ્ય ભારતનો વિસ્તૃત ઉચ્ચ પ્રદેશ અને ગંગા-યમુનાના દુઆબાનો મેદાની પ્રદેશ ખેતી માટે સૌથી વધુ અનુકૂળ છે.

દક્ષિણના ઉચ્ચ પ્રદેશની માટી ફળદ્રુપ છે. તેને કાળી માટીની જમીન તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રદેશમાં તામ્રપાષાણ સંસ્કૃતિનો વિકાસ થયો. પ્રાચીન મહારાષ્ટ્રની તામ્રપાષાણયુગની વસાહતો, ખેતી અને જીવનશૈલી માટે ગોદાવરી કૃષ્ણા જેવી નદીઓ અને તેની ઉપનદીઓ આધારભૂત બની.

ભારતના પશ્ચિમ કિનારા પર અરબી સમુદ્ર અને પૂર્વમાં બંગાળનો ઉપસાગર હોવાથી પ્રાચીન સમયથી જ સાગરી વ્યાપારને વેગ મળ્યો. તેને લીધે દૂરદૂરના પ્રદેશના લોકો અને સંસ્કૃતિ સાથે ભારતીયો સંપર્કમાં આવ્યા.

આ વિવિધ ભૌગોલિક વિશિષ્ટતાને લીધે ભારતમાં અનેક સંસ્કૃતિ, પરંપરા અને જીવન પદ્ધતિ નિર્માણ થઈ.

### ૨.૨ પ્રાગૈતિહાસિક કાળ :

ગયા વર્ષે તમે શીખ્યા છો કે 'એપ' વાનરની કેટલીક પ્રજાતિ ઉત્ક્રાંતિ પામીને માનવ નિર્માણ થયો. શરૂઆતમાં આ માનવને 'આદિ માનવ' કહેવામાં આવતો.

આદિમાનવનું જીવન બહુ મુશ્કેલ હતું. તે ભટકતી અવસ્થામાં હોવાથી સતત ખોરાક, પાણીની શોધમાં ફરતો હતો. ખોરાક માટે તે શિકાર કરતો. ફળો, કંદમૂળો, ભેગાં કરતો. તેના હથિયારો લાકડાં, પથ્થર કે હાડકાંમાંથી બનાવેલા હતાં. આદિમાનવ ઈશારા, વિવિધ પ્રકારના અવાજ કે હાવભાવની મદદથી સંવાદ સાધતો હોવો જોઈએ.

તે કાળને પ્રાગૈતિહાસિક કાળ તરીકે ઓળખવામાં આવે છે. ગત પાઠમાં તમે માહિતી મેળવી છે કે, જે કાળમાં લિપિનો ઉગમ કે વિકાસ થયો ન હતો, તે કાળને 'પ્રાગૈતિહાસિક કાળ' કહેવામાં આવે છે.

આ સમયમાં માનવીએ લાક્ષણિક પ્રગતિ કરી હતી. તેના જીવનનો અભ્યાસ મોટેભાગે પથ્થરના હથિયાર, હાડકાં, માટીનાં વાસણો, ગુફાચિત્રો જેવા પુરાવાના આધારે કરવામાં છે. માનવીના સાધનોમાં, જીવનશૈલીમાં, ખોરાકની પદ્ધતિમાં અને વસતીના સ્વરૂપમાં ક્રમશઃ ફેરફાર થતો ગયો.

**માનવીના ઉત્ક્રાંતિના મહત્ત્વના તબક્કા-**

કુશલ માનવ (હોમો હેબિલિસ) → ટટ્ટાર ચાલતો માનવ (હોમો ઈરેક્ટસ્) → શક્તિમાન માનવ (નિએન્ડરથલમેન) → બુદ્ધિમાન માનવ (હોમો સેપિયન) → પ્રગતિશીલ બુદ્ધિશાળી માનવ (હોમો સેપિયન સેપિયન)



**શું તમે જાણો છો ?**

તમને એક મજાની વાત ખબર છે ? 'યતિ' હિમાલયમાં રહેનાર રહસ્યમય અને મોટા વાળવાળું પ્રાણી છે. એવી દંતકથા છે તેને 'હિમમાનવ' કહેવામાં આવે છે. ઘણીવાર આ પરિસરમાં મળતાં મોટા આકારના પદચિહ્નો હિમાલયના રીંછના કે અન્ય પ્રાણીઓના હશે એવું સંશોધન દ્વારા જણાય છે. તો પણ માનવશાસ્ત્રીઓ આ કથાનો અભ્યાસ કરે છે. કારણકે આવી દંતકથા સંસ્કૃતિ, પરંપરા અને લોકોની કલ્પનાશક્તિ વિશે ઘણું બધું કહે છે.

■ **અશ્મયુગ :**

જે કાળના મોટેભાગે પથ્થરના હથિયારો મળતા હતા, તેને આપણે 'અશ્મયુગ' કહીએ છીએ. 'અશ્મ' એટલે પથ્થર.

**વિચાર કરો**

અશ્મયુગના માણસે પથ્થરનો ઉપયોગ શેના માટે કર્યો હશે?

માનવે પથ્થરોને ઘસીને હથિયારો તૈયાર કર્યા હશે. કઠણ કવચ ધરાવતો ફળો કે મજ્જાં-હાડકાં તોડવા માટે તે તોડહથિયારોનો ઉપયોગ કરતો હશે. પથ્થરને આકાર આપવો એ તેની બુદ્ધિના વિકાસનું લક્ષણ છે. હથિયારોના આકાર અને પ્રકાર પરથી અશ્મયુગના સમયને ત્રણ કાળખંડમાં વહેંચવામાં આવે છે- પુરાશ્મ યુગ, મધ્યાશ્મ યુગ અને નવાશ્મયુગ.

■ **પુરાશ્મયુગ**

પુરાશ્મયુગનો માનવ સંપૂર્ણ રીતે નિસર્ગ પર અવલંબિત હતો. તે ગુફામાં કે મોટા ઝાડની ડાળી પર રહેતો હતો. પુરાશ્મયુગની શરૂઆતના હથિયાર ઉબડખાબડ હતા. જેનો ઉપયોગ તે શિકાર કરવા, ઉખાડવા, ખોદવા જેવા કામો માટે કરતો. માનવના ઇતિહાસની સૌથી મહત્ત્વની શોધ એટલે અગ્નિની શોધ, આ જ કાળમાં થઈ.

**વિચાર કરો**

અગ્નિનો ઉપયોગ કરતા શીખ્યા પછી માનવના જીવનમાં ક્યા ફેરફારો આવ્યા હશે? વિચાર કરો અને લખો.

- અનાજ રાંધતા આવડવાથી, તે પચવું સહેલું બન્યું.
- ------------------------
- ------------------------
- ------------------------

પુરાશ્મયુગના હથિયારો નદી કે ઝરણાના કાંઠા પર મળી આવે છે. મહારાષ્ટ્રના પુરાશ્મયુગ સ્થળોમાંથી નાસિક પાસેનું ગંગાપુર અને નેવાશા પાસે આવેલ ચિરકી-નેવાસા જેવા સ્થળો પ્રસિદ્ધ છે.

## ૨.૩ મધ્યાશ્મ યુગથી નવાશ્મયુગ -

■ **મધ્યાશ્મ યુગ**

આ સમયમાં બુદ્ધિશાળી મનુષ્ય ડુંગરના ઢોળાવ દ્વારા રચાયેલી નૈસર્ગિક ગુફામાં અને શૈલાશ્રયમાં આશ્રય લેતો હતો. શૈલાશ્રય એટલે ડુંગરની સામે આવેલી ખડક. ત્યાં તે સમૂહમાં રહેવા લાગ્યા. તે સમયમાં પથ્થરના હથિયારો બનાવવાના તંત્રમાં સારી એવી પ્રગતિ થઈ. હથિયારોનો આકાર નાનો બન્યો. હવે તે જુદાજુદા પ્રકારના પથ્થર વાપરવા લાગ્યો. શિકાર, મચ્છીમારી, કાપણી, લણણી એવા અનેક પ્રકારના કામ માટે આ હથિયારો ઉપયોગી થતા. તે શિંગડા અને હાડકાં ઘસીને ધારદાર હથિયાર બનાવવા લાગ્યો. માણસે કૂતરા, બકરી, ઘેટા જેવા પ્રાણીઓને પાળવાની શરૂઆત કરી. કૂતરો માણસે પાળેલું પહેલું પ્રાણી ! માછીમારીની શરૂઆત પણ આ જ સમયમાં થઈ. આગળ જતાં તે ગુફા અથવા હંગામી આશ્રય સ્થાનમાં રહેવા લાગ્યો. આ સમય એટલે ભટકતા જીવનમાંથી સ્થિર જીવન તરફ જનારા પ્રવાસનો સંક્રમણ કાળ. મહારાષ્ટ્રના જળગાંવ જિલ્લામાં આવેલ 'પાટણે' મહત્ત્વનું મધ્યાશ્મયુગીન સ્થળ છે.

**કહો જોઈએ !**

આપેલા ચિત્રનું નિરીક્ષણ કરો. તેના વિશે વર્ગમાં ચર્ચા કરો.



નૈસર્ગિક ગુફા

■ નવાશ્મયુગ

નવાશ્મયુગમાં હથિયારો બનાવવાના તંત્રમાં વધારે પ્રગતિ થઈ. તેમાં ઘસીને ચકચકીત કરેલ 'કુહાડી' નામના એક નવા પથ્થરના હથિયારનું નામ ઉમેરાયું. પુરાશ્મ યુગમાં કુહાડીના પાનાના આકારના હથિયાર હતા, પરંતુ હવે માનવે તેમાં દાંડો બેસાડવાની યુક્તિ શોધી કાઢી. તેને આધુનિક કુહાડીનું પ્રારુપ કહી શકાય.



નવાશ્મયુગીન કુહાડી



ધારદાર લાકડી વડે વાવણી કરતી સ્ત્રીઓ

આ કાળનો સૌથી મોટો ફેરફાર એટલે ખેતીના તંત્રમાં થયેલી પ્રગતિ. મધ્યાશ્મયુગમાં નૈસર્ગિક રીતે ઉગાડેલા અનાજની કાપણી કરતા માનવ શીખ્યો હતો. નવાશ્મયુગમાં યોગ્ય ઋતુમાં અનાજ વાવવાનું તેણે શરૂ કર્યું. આ સમયમાં વાવવાથી માંડીને કાપણી કરવા સુધી એક જગ્યાએ રહેવું પડતું. તેને લીધે કેટલોક સમય તે એક જગ્યાએ રહેવા લાગ્યો. તેમાંથી જ ધીરે ધીરે ગામ-વસાહતોનો ઉદય થયો.

**કરી જુઓ.**

પુરાશ્મયુગમાં, મધ્યાશ્મયુગમાં અને નવાશ્મ-યુગમાં માનવની જીવનશૈલીમાં થયેલા ફેરફારો બતાવતું તુલનાત્મક કોષ્ટક તૈયાર કરો.

ખેતીની શોધ નવાશ્મયુગની મહત્ત્વની ઘટના છે. આ કાળમાં અનાજ, દૂધનું ઉત્પાદન કરવાની કલા માનવે આત્મસાત કરી હતી. ખેતીની શરૂઆત કરવાનો શ્રય સ્ત્રીઓને આપવામાં આવે છે. અણીદાર લાકડીના આધારે સ્ત્રીઓ બી વાવવાનું કામ કરતી હશે. વાવણી કરવા માટે વાપરવામાં આવતી અણીદાર લાકડીને પૂરતું વજન મળે, જમીનમાં ઊંડે સુધી ખોદી શકાય તે માટે લાકડીની વચ્ચે છિદ્ર કરીને પથ્થર લગાડવામાં આવતો. કેટલીક આદિવાસી જાતિમાં સ્ત્રીઓ હજુ પણ આ પદ્ધતિથી વાવણી કરે છે. જરૂરિયાત પૂરતું અનાજ મળવાથી માનવની રોજની રઝળપાટ બંધ થઈ. ખેતીને કારણે મળેલી સ્થિરતાને કારણે પાકેલું અનાજ લાંબો સમય સુધી સંગ્રહ કરવું શક્ય બન્યું. સમૂહમાંના બધાંની જરૂરિયાત પૂરી થયા બાદ પણ વધે તેટલું અનાજ મળવા લાગ્યું. તેને લીધે સમૂહમાંનાં કેટલાક સ્ત્રી-પુરુષોને નવી બાબતની શોધ કરવા, કલ્પનાને આધારે નવા કૌશલ્યો વિકસિત કરવા માટે પૂરતો સમય મળવા લાગ્યો. જીવનને સ્થૈર્ય મળવાથી માનવ અનેક ક્ષેત્રમાં પ્રગતિ કરવા લાગ્યો.

ખેતીની સાથે સાથે માનવ પ્રાણીઓને પાળતા શીખ્યો. કેટલાક પ્રાણીઓ મહેનતનું કામ કરવા માટે અને વજન ઉપાડવા માટે ઉપયોગી થયા.

ખેતીના વિકાસની સાથે માટીના વાસણો ઘડવાની કલા અસ્તિત્વમાં આવી. જુદા જુદા આકારના અને રંગના વાસણો તૈયાર કરીને તેના પર સુંદર કારીગરીનું કામ માનવ કરવા લાગ્યો. કાપડ વણવાની કળા માનવે આ જ સમયે હસ્તગત કરી. લાકડાની હોડી બનાવીને પાણી પર ચલાવવાનું તંત્ર તે નવાશ્મયુગમાં શીખ્યો.

નવાશ્મયુગમાં ખેતીના વિકાસની સાથે સાથે નદીકાંઠાના ફળદ્રુપ પ્રદેશમાં માનવ સ્થાયી થવા લાગ્યો. તેની રઝળપાટ બંધ થઈ. 'કુટુંબ' નામની સંસ્થા આ કાળમાં આકાર લેવા લાગી.

## ૨.૪ તામ્રપાષાણ યુગ :

માનવે તાંબાની ધાતુની શોધ કરી. તાંબાનો વપરાશ શરૂ થયો. આ કાળમાં પથ્થરના હથિયારોનો પણ ઉપયોગ થતો હતો. એટલે આ સમયગાળાને ‘તામ્રપાષાણ યુગ’ કહેવામાં આવે છે. તામ્રપાષાણ યુગમાં પૈડાની શોધ થઈ. પૈડાને લીધે વાહન વ્યવહાર ઝડપી અને સુલભ બન્યો. આ સમયમાં મોટા પ્રમાણમાં જમીનનો ખેતી માટે ઉપયોગ થવા લાગ્યો.

સામાનની આપ-લે શરૂ થઈ. વેપારમાં વધારો થયો. તામ્રપાષાણયુગમાં વેપાર ધંધા વધ્યા, તે જ પ્રમાણે કૌશલ્ય પર આધારિત લાકડાકામ, ધાતુકામ જેવા વ્યવસાય શરૂ થયા. તેમાંથી વેપારી કેન્દ્રો નિર્માણ થયા. અને તેમનો વિસ્તાર થતાં નગરોનું નિર્માણ થયું.

તામ્રપાષાણયુગનો માનવ ઘઉં, જુવાર, ચોખા, કઠોળ, કપાસનું ઉત્પાદન કરતો હતો. તે કેટલાક પ્રમાણમાં શિકાર અને માછીમારી પણ કરતો હતો, પણ આ બાબતો તેના નિર્વાહનાં મુખ્ય સાધનો ન હતા. ખેતીને પૂરક પશુપાલન પણ તેના જીવનનો મુખ્ય ભાગ બન્યું.

આ સમયમાં મૃત વ્યક્તિનું દફન ઘરમાં કે ઘરના આંગણામાં કરવામાં આવતું હતું. દફન કરતી વખતે ક્યારેક મૃતદેહની બાજુમાં મૂકેલા રોજિંદા વપરાશના વાસણો મળી આવ્યા છે.

## ૨.૫ મહારાષ્ટ્રમાંનાં ઉત્ખનન સ્થળો.

મહારાષ્ટ્રમાં તાપી, ગોદાવરી, કૃષ્ણા, ભીમા, પ્રવરા જેવી નદીઓના કાંઠા પર તામ્રપાષાણ સંસ્કૃતિના સ્થળો મળી આવ્યા છે. ત્યાં પથ્થરના હથિયારો, માટીના વાસણો, તાંબાની વસ્તુઓ, અનાજનો સંગ્રહ કરવા માટે હાથેથી બનાવેલી કોઠીઓના પુરાવા ઉત્ખનનમાં મળી આવેલા છે.

| મહત્વના ઉત્ખનન સ્થળો | ઉત્ખનનના મુખ્ય પુરાવા : |
|---|---|
| દાયમાબાદ (જિલ્લો-અહિલ્યાનગર)<br>દાયમાબાદ મહારાષ્ટ્રનું સૌથી પ્રસિદ્ધ અને સંશોધનની દષ્ટિએ મહત્ત્વનું સ્થળ છે. આ સ્થળની શોધ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ ખાતાના બી.પી. બોપર્ડીકરે કરી હતી. | કાંસાની ધાતુની ચાર વસ્તુઓ મળી. ગાડાને જોડેલો બળદ, પાડો, ગેંડો, હાથી આ વસ્તુઓ હવે ‘દાયમાબાદ બ્રૉંઝેસ’ તરીકે ઓળખાય છે. |
| ઈનામગાવ : (જિલ્લો-પુણે)<br>ઈનામગાવ વિકસિત તામ્રપાષાણ ગામ-વસાહતનું ઉત્તમ ઉદાહરણ છે. આ સ્થળનું ઉત્ખનન પુરાતત્ત્વશાસ્ત્રી ડૉ.હ.ધી.સાંકલિયા, ડૉ.ઝેડ.ડી. અન્સારી અને ડૉ.મ.કે.ઢવળીકરે કર્યું છે. | ઘઉં, જવ, ચોખા, કઠોળ, બાજરી અને તલની વાવણીના પુરાવા મળી આવ્યા છે.<br>ગાય-ભેંસ, બકરી અને ઘેટાં જેવા પાલતુ પ્રાણીઓના હાડકાં મળ્યા. તેમજ વન્ય પ્રાણીઓના શિકારના (જેમ કે- હરણ, નીલગાય, ડુક્કર અને માછીમારીના પુરાવા મળ્યા.<br>લાલ અને કાળા રંગના, પૈડા પર બનાવેલી ભૌમિતિક આકૃતિનું નકશીકામ કરેલા માટીના વાસણો.<br>વિશિષ્ટતા - બે માટલાના મોઢા એકબીજાને જોડીને તેમાં નાના બાળકને દફન કરવાની પદ્ધતિ જોવા મળી. |

| | |
|---|---|
| જોર્વે (જિલ્લો-અહિલ્યાનગર)<br>જોર્વે સંસ્કૃતિ મહારાષ્ટ્રની સૌથી પ્રસિદ્ધ અને તામ્રપાષાણ યુગની સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિનો પહેલો પુરાવો જોર્વેમાં મળ્યો. આ સ્થળનું ઉત્ખનન પુરાતત્વશાસ્ત્રી ડૉ.હ.ધી. સાંકલિયા અને ડૉ.શાં.ભા.દેવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. | લાલ રંગ ઉપર કાળા રંગનું નકશીકામ ધરાવના માટીના વાસણો, તાંબાના કડા, મણકા.<br>ઘરની ગોળ કે લંબચોરસ રચના તેમ જ અનાજનો સંગ્રહ કરવા માટેની માટીની કોઠીઓ, જુવારના વાવેતરના પુરાવાઓ મળી આવ્યા. |
| સાવળદા (જિલ્લો નંદુરબાર) :<br>સાવળદા સંસ્કૃતિ મહારાષ્ટ્રના આદ્ય ખેડૂતોની સૌથી જૂની સંસ્કૃતિ છે. સાવળદાનું ઉત્ખનન પુરાતત્વશાસ્ત્રી ડૉ.હ.ધી.સાંકલિયાએ કર્યું હતું. | લાલ રંગની માટીના વાસણ, તેના પર કાળા રંગથી નકશીકામ કરેલું જોવા મળે છે. |
| નેવાસા - (જિલ્લો-અહિલ્યાનગર)<br>નેવાસા મહારાષ્ટ્રનું એક મહત્ત્વનું તામ્રપાષાણ ઉત્ખનન સ્થળ છે. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ ખાતાના ભૂતપૂર્વ મહાનિર્દેશક ડૉ.એમ.એન.દેશપાંડેએ આ સ્થળની શોધ કરી હતી . | માટીના રંગીન વાસણ, પથ્થરની કુહાડી, તાંબાના દાગીનાના અવશેષ, ગાય, ઘેટાં-બકરી, બળદ જેવા પ્રાણીઓના અવશેષો મળ્યા. |



**શોધો જોઈએ.**

મહારાષ્ટ્રના ઉપરના કોષ્ટકમાં દર્શાવેલા ઉત્ખનન સ્થળો કઈ નદીના કિનારે આવેલા છે તે ઇન્ટરનેટની મદદથી શોધો.



## સ્વાધ્યાય

**પ્ર.૧ અ) નામ લખો.**

૧. ભારતનો કાળી માટીની જમીન ધરાવતો ઉચ્ચપ્રદેશ-------

૨. ભારતમાં ખેતીને સૌથી વધુ અનુકૂળ પ્રદેશ -----

૩. લિપિની શરૂઆત કે વિકાસ થયો ન હતો તે સમય ----

૪. દાયમાબાદ ઉત્ખનન સ્થળ શોધનાર ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષક --------

**બ) યોગ્ય રીતે જોડો.**

| 'અ' જૂથ | 'બ' જૂથ |
|---|---|
| ૧. પુરાશ્મ યુગ | અ) મોટા ધારદાર હથિયારો |
| ૨. મધ્યાશ્મ યુગ | બ) પૈડાંની શોધ |
| ૩. નવાશ્મ યુગ | ક) ખેતીના તંત્રજ્ઞાનમાં પ્રગતિ |
| ૪. તામ્રપાષાણ યુગ | ડ) અગ્નિની શોધ |

પ્ર.૨ અ) નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.

| ક્ર. | વિશિષ્ટતા | મધ્યાશ્મ યુગ | નવાશ્મ યુગ |
|---|---|---|---|
| ૧. | નિવાસ | ગુફા | ----- |
| ૨. | વ્યવસાય | ----- | ખેતી, પશુપાલન |
| ૩. | સાધનો | નાના આકારના હથિયારો | ----- |
| ૪. | કલા | ---- | માટીના રંગીન વાસણો |
| ૫. | જીવનશૈલી | ભટકતી | ----- |

બ) નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવી ખોટા વિધાનો સુધારીને લખો.

૧. જોર્વેમાં કાંસ્ય ધાતુની ચાર વસ્તુઓ મળી.

---

૨. નેવાસામાં જોર્વે સંસ્કૃતિનો પહેલો પુરાવો મળ્યો.

---

૩. મહારાષ્ટ્રના આદ્ય ખેડૂતોની જૂની તામ્રપાષાણ યુગીન સંસ્કૃતિ ઈનામગાવમાં મળી આવે છે.

---

પ્ર.૩ અ) નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો.

૧. નવાશ્મયુગમાં માનવની જીવનશૈલી કઈ રીતે બદલાઈ ?

૨. તામ્રપાષાણયુગની મુખ્ય વિશેષતાઓ કઈ ?

બ) નીચેના યુગની બે વિશેષતાઓ લખો.

૧. પુરાશ્મ યુગ

૨. મધ્યાશ્મ યુગ

પ્ર.૪ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો :

૧. જો નવાશ્મયુગના માનવે ખેતીનાં તંત્રજ્ઞાનની શોધ ન કરી હોત તો આજનું માનવજીવન કેવું હોત ? કારણ સાથે ઉત્તર લખો.

૨. નવાશ્મયુગમાં 'માટીના વાસણો' બનાવવાની કળા વિકસિત થવાથી માનવનું રોજિંદુ જીવન કેવી રીતે બદલાયું?

પ્ર.૫ તમારે નવું ઘર લેવું છે. તે માટે કઈ કઈ જીવનાવશ્યક બાબતોનો વિચાર કરીને તમે નવું ઘર લેશો ? ઉદા. પાણી

કૃતિ –

- કુશળ કારીગર ચાકડા પર માટીના વાસણો બનાવતી (ચાકડાની) વખતે કઈ કૃતિ કરે છે તે જાણવા માટે તેમને શાળામાં આમંત્રિત કરીને મુલાકાત લો. કેટલીક વસ્તુ તમે પોતે બનાવીને જુઓ.
- આપણા દેશના વિકાસમાં ભૌગોલિક પરિસ્થિતિનું મહત્વપૂર્ણ યોગદાન છે. નીચેના મુદ્દાઓને આધારે તે વિશે તમારી નોટબુકમાં નોંધ લખો.

૧. ભારતની પર્વતમાળા

૨. ભારતની નદીઓ

૩. ભારતને મળેલો સમુદ્ર કિનારો.

ઉપક્રમ :

૧. મહારાષ્ટ્રના નકશામાં મહારાષ્ટ્રના ઉત્ખનન સ્થળો દર્શાવો.

૨. જો હું આદિમાનવ હોઉં તો --- ક્યાં રહ્યો હોત ? શું ખાધું હોત? આના પર આધારિત નાટ્ય કે એકપાત્રી અભિનય (રોલ પ્લે) રજૂ કરો.

***

# ૩ હડપ્પા સંસ્કૃતિ



| | |
|---|---|
| ૩.૧ કાળખંડ | ૩.૩ લોકજીવન |
| ૩.૨ સ્થાન અને વિસ્તાર | ૩. ૪ હડપ્પા સંસ્કૃતિના વિનાશના કારણો |

ભારતીય ઉપખંડમાં આશરે ૪૫૦૦ વર્ષ પહેલા એક નાગરી સંસ્કૃતિ વિકાસિત થઈ હતી. જેને આપણે 'હડપ્પા સંસ્કૃતિ' કહીએ છીએ. આશ્ચર્યની વાત એ છે કે આ સંસ્કૃતિ એટલી પ્રગતિશીલ હતી કે તે સમયમાં નગરમાં સ્વચ્છ અને પહોળા રસ્તા, સુનિયોજિત નગરરચના, સમૃદ્ધ વેપાર અને લેખનનો ઉપયોગ થતો હતો. હજારો વર્ષો પહેલા પણ આપણાં પૂર્વજોની જીવનશૈલી અત્યંત શિસ્તબદ્ધ અને પ્રગલ્ભ હતી તે આપણને હડપ્પા સંસ્કૃતિને આધારે સમજાય છે.



**કહો જોઈએ !**

તમને નાગરી સંસ્કૃતિ વિશે માહિતી છે, તે વિશે વર્ગમાં ચર્ચા કરો.

- હડપ્પા સમયમાં નગરની રચના કેવી હતી?
- લોકોનું જીવનધોરણ કેવું હતું?
- વેપાર વ્યવસ્થા અને ખેતીનું તંત્ર કેવું હતું?
- આ શહેરનો વિનાશ કેમ અને કેવી રીતે થયો ?

ચાલો, આ બધા પ્રશ્નોનાં ઉત્તરો મેળવવા ઇતિહાસની બારીમાંથી સીધા હડપ્પા સંસ્કૃતિના સમયમાં ડોકિયું કરીએ.

'સંસ્કૃતિ' એટલે નૈસર્ગિક સાધન સંપત્તિના આધારે વિકસેલી જીવન પદ્ધતિ'. આ વાક્ય પરથી તમે શું સમજ્યા, એ વિશે વર્ગમાં ચર્ચા કરો.

સંસ્કૃતિ એક સામાજિક અને સાંસ્કૃતિક વ્યવસ્થા છે. આપણે અગાઉના પાઠમાં નદી કિનારાની સંસ્કૃતિ કેવી રીતે ઉદય પામી તે વિશે માહિતી મેળવી છે. ધીમે ધીમે વિકસિત થતા થતા તેનું નાગરી સંસ્કૃતિમાં રૂપાંતર થયું. તેમાંની જ એક પ્રાચીન અને પ્રગતિશીલ સંસ્કૃતિ છે હડપ્પા સંસ્કૃતિ. આ સંસ્કૃતિના અનેક સ્થળો સિંધુ નદીની ખીણમાં મળી આવ્યા, એટલે તેને સિંધુ સંસ્કૃતિ પણ કહેવામાં આવે છે. પુરાતત્ત્વશાસ્ત્ર પધ્ધતિ અનુસાર એકાદી સંસ્કૃતિના પુરાવા બતાવનાર પહેલું ઉત્ખનન જે શહેરમાં થાય, તે શહેરનું નામ તે સંસ્કૃતિને આપવામાં આવે છે. પંજાબની રાવી નદીના કાંઠે હડપ્પામાં સન ૧૯૨૧માં સૌ પ્રથમ ઉત્ખનન શરૂ કરવામાં આવ્યું, એટલે આ સંસ્કૃતિને 'હડપ્પા સંસ્કૃતિ' નામ મળ્યું.

## નદીકાંઠાની સંસ્કૃતિ

નવાશ્મ યુગમાં માનવી જીવન મુખ્યત્વે ખેતી પર આધારિત હતું. તેના કારણે સ્થાયી જીવનની શરૂઆત થઈ. માનવે ગામ વસાહતો વસાવી. **માનવે ગ્રામ - વસાહતો ક્યાં વસાવી હશે?** જ્યાં મબલખ પાણી, ફળદ્રુપ જમીન, વાહન વ્યવહારની સગવડ હોય તેવા સ્થળે, એટલે કે, નદીકાંઠે ગામ-વસાહતો સ્થાપી. જગતની પ્રાચીન સંસ્કૃતિઓ ટાયગ્રિસ-યુફ્રેટિસ (મેસોપોટેમિયા) નાઈલ (ઈજિપ્ત), હોયાંગ હો (ચીન), સિંધુ (હડપ્પા) જેવી નદીઓની નજીક વિકસિત થઈ છે.

## ૩.૧ કાળખંડ

કલ્પના કરો, આપણે હજારો વર્ષો પહેલાના સમયમાં પ્રવેશ કરીએ છીએ. હડપ્પા સંસ્કૃતિનો ઇતિહાસ ફક્ત એક કાળખંડનો નથી, તે માનવી સંસ્કૃતિના ઇતિહાસની એક યાત્રા છે. આ કાળખંડમાં વિવિધ ઘટનાઓ બની, સામાજિક અને સાંસ્કૃતિક ફેરફારો થતા ગયા અને આ સંસ્કૃતિ ઉત્તરોત્તર સમૃદ્ધ બનતી ગઈ, પરંતુ પછી વિવિધ આપત્તિઓનો સામનો થતા સંસ્કૃતિનું પતન થવા લાગ્યું. એટલે કે આ સંસ્કૃતિના સમયગાળામાં વિવિધ ઘટનાઓ બની તેને લીધે હડપ્પા સંસ્કૃતિનો વિકાસ, ઉત્કર્ષ અને અંતે તેનો નાશ થયો.

આપણે હડપ્પા સંસ્કૃતિના ત્રણ મહત્ત્વના તબક્કાઓ વિશે માહિતી મેળવીએ.

સામાન્ય રીતે હડપ્પા સંસ્કૃતિના સમયે નીચે પ્રમાણે વિભાજિત કરવામાં આવે છે.




**હડપ્પા સંસ્કૃતિની ગામ-વસાહતો :** શરૂઆતનો સમય પૂર્વ હડપ્પા સંસ્કૃતિ કાળ (ઈસવી સનપૂર્વે આશરે ૩૩૦૦ થી ૨૬૦૦) તરીકે ઓળખાય છે. આ સમયમાં ધીરેધીરે ગામથી શહેર તરફ વિકાસ થતો ગયો અને 'શહેરીકરણ'ની પ્રક્રિયાની શરૂઆત થઈ.

**પ્રગલ્ભ હડપ્પા સંસ્કૃતિનો સમૃદ્ધ કાળ-** પ્રગલ્ભ હડપ્પા સંસ્કૃતિનો સમૃદ્ધ કાળ (ઈસવી સન પૂર્વે આશરે ૨૬૦૦ થી ૧૯૦૦), આ સમય હડપ્પા સંસ્કૃતિનો સુવર્ણ કાળ માનવામાં આવે છે. શહેરની રચના, વ્યવસ્થાપન, વેપાર, હસ્તકલા, શિલ્પકલાનો વિકાસ થયો. મોહેંજોદડો, હડપ્પા, ધોળાવીરા, લોથલ જેવાં સંસ્કૃતિના પ્રમુખ કેન્દ્રો તે વખતે વિકાસ પામ્યા.

**હડપ્પા સંસ્કૃતિના પતનનો સમય-** ઉત્તર હડપ્પા સંસ્કૃતિનો સમય (ઈસવીસન પૂર્વ આશરે ૧૯૦૦ થી ૧૩૦૦), આ કાળમાં ધીરે ધીરે હડપ્પા સંસ્કૃતિના વિનાશની શરૂઆત થઈ. ત્યાંનાં મુખ્ય કેન્દ્રોનો નાશ થયો. કેટલીક જગ્યાએ સંસ્કૃતિના અવશેષ મળ્યા. તેના પરથી બદલાતી સંસ્કૃતિના સ્વરૂપ વિશે માહિતી મળે છે.



**શોધો જોઈએ.**

'હડપ્પા સંસ્કૃતિ'ના નકશામાં પ્રાચીન ભારતમાં હડપ્પા સંસ્કૃતિનો પ્રસાર ક્યાં થયો હતો તે બતાવો. હડપ્પા, મોહેંજોદડો, લોથલ, કાલીબંગન, ધોળાવીરા, રાખીગઢી આ શહેરો ક્યા ભાગમાં છે? આ સ્થળો આજે ક્યા ભાગમાં છે, તેની નોંધ કરો.

## ૩.૨ : સ્થાન અને વિસ્તાર :

હડપ્પા સંસ્કૃતિની વસાહતો મોટા પ્રમાણમાં સિંધુ નદીના ખીણ પ્રદેશમાંની મોટા પ્રમાણમાં મળી આવે છે. નદી કાંઠાની ફળદ્રુપ જમીનને લીધે ખેતીનો વિકાસ થયો. નદીના કિનારે ગામ વસાહતો સ્થાપાઈ. તેમાં હડપ્પા, મોહેંજોદડો, કાલીબંગન, લોથલ, ધોળાવીરા,




રાખીગઢી, બનાવલી અને ચન્હુદડો મહત્ત્વના સ્થળો છે. આ સંસ્કૃતિનો ભૌગોલિક વિસ્તાર આશરે ૧૫ લાખ ચોરસ કિલોમીટર હતો. હડપ્પા સંસ્કૃતિનો વિસ્તાર ઉત્તરમાં જમ્મુ કાશીરના મંડાથી લઈને ભારતના પશ્ચિમ કિનારે આવેલા ગુજરાતનાં ધોળાવીરા અને લોથલ, તેમજ મહારાષ્ટ્રના અહિલ્યાનગર પાસેના દાયમાબાદ સુધી પથરાયેલો હતો. પશ્ચિમમાં બલુચિસ્તાન સુધી (હાલનું પાકિસ્તાન) હડપ્પા સંસ્કૃતિ પહોંચી હતી, જ્યારે પૂર્વમાં હડપ્પા સંસ્કૃતિનો વિસ્તાર ઉત્તરપ્રદેશના આલમગીરપુર સુધી થયો હતો. દૂરના પ્રદેશો સાથે થતો વેપાર હડપ્પા સંસ્કૃતિના વિસ્તારનું મુખ્ય કારણ હતું.

**૩.૩ લોકજીવન :** હડપ્પા સંસ્કૃતિના સ્થળોના ઉત્ખનનમાં મળેલા પુરાવાઓને લીધે ત્યાંના લોકજીવન વિશે માહિતી મળે છે. જે ભૌતિક પુરાવા મળ્યા છે, તેના પરથી તેમની જીવનપદ્ધતિ શિસ્તબદ્ધ હતી એવું જણાઈ આવે છે. નગરરચના, સુવ્યવસ્થિત રસ્તા, ઘરનું બાંધકામ, ગંદા પાણીના નિકાલની ઉત્તમ વ્યવસ્થા, લેખ ધરાવતી મુદ્રા, માટીના ઉચ્ચ ગુણવત્તાયુક્ત વાસણો, વિવિધ પ્રકારનાં રમકડાં હડપ્પા સંસ્કૃતિની વિશેષતા છે.

### રહેણીકરણી અને ઘરની રચના

હડપ્પા સંસ્કૃતિના લોકોના ઘરો પાકી ઈંટોથી બાંધેલા હતા.



**શું તમે જાણો છો ?**

હડપ્પા સંસ્કૃતિના લોકોએ તેમના ઘરના બાંધકામ માટે જે પદ્ધતિ વાપરી હતી, તે પદ્ધતિને 'ઇંગ્લિશ બૉંડ' પદ્ધતિ કહેવામાં આવે છે. આ પદ્ધતિમાં ઈંટો આડી અને ઊભી એવી વિશિષ્ટ રીતે મૂકવામાં આવે છે, જેના લીધે ભીંતો વધુ મજબૂત અને ટકાઉ બનતી. ઇંટોનો આકાર પ્રમાણસર હતો. એક ઈંટ સામાન્ય રીતે ૧:૨:૪ પ્રમાણમાં હતી. હડપ્પા સંસ્કૃતિના લોકોની આ પદ્ધતિ વાપરવાનું કારણ, તેમના ઘરને પૂર, ધરતીકંપ અને સમયાંતર થનારા ઘસારાથી સંરક્ષણ આપવાનું એવું લાગે છે.

ઘરમાં વચ્ચે આંગણું, તેની આજુબાજુ ઓરડા, પ્રવેશદ્વાર પાસે કૂવો અને શૌચાલય હતું. પાણી પૂરવઠાની અને ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા એકદમ ઉત્તમ હતી. દરેક ઘરમાંથી ગંદુપાણી બહાર લઈ જવા માટે માટીના નેવાંનો ઉપયોગ કરાતો. એક વિશેષ બાબત એટલે રસ્તા પરની ગટરો ઇંટોથી બનાવેલી હતી અને તે વ્યવસ્થિત ઢાંકેલી હતી. આ ઉપરથી સાર્વજનિક આરોગ્ય માટે તેઓ કેટલા જાગૃત હશે, તે જણાઇ આવે છે.

**તમારો શો મત છે ?**

હડપ્પા સંસ્કૃતિથી 'સ્વચ્છ ભારત અભિયાન' સુધીનો વિચાર કરીએ તો સ્વચ્છતા મૂળભૂત જરૂરિયાત છે, એ સ્પષ્ટ થાય છે.



**કહો જોઈએ !**

તમારા ગામમાં કે શહેરમાં સ્વચ્છતા કેવી રીતે રાખવામાં આવે છે તેની માહિતી હશે.

હડપ્પા સમયના શહેરના રસ્તાઓ સમાંતર અને એકબીજાને કાટખૂણે છેદે એ રીતે બાંધેલા હતા. આ રીતે તૈયાર થયેલી ચોરસાકાર ખુલ્લી જગ્યામાં ઘરો બાંધવામાં આવતા હતા.

નગરના બે કે તેથી વધુ વિભાગ બનાવ્યા હતા. દરેક વિભાગની સ્વતંત્ર કિલ્લાબંધી કરવામાં આવતી. ઊંચાઈ પર બાંધેલા વિભાગ ને 'બાલેકિલ્લા' કહેવતા. બાલેકિલ્લામાં અધિકારીઓની વસતી હતી. બાલેકિલ્લાના બહારના વિભાગમાં સામાન્ય લોકોની વસતી હશે.



**કરી જુઓ !**

'બાલેકિલ્લો' એટલે એકાદા કિલ્લાનો સૌથી અંદરનો અને સુરક્ષિત ભાગ જેને કિલ્લાનું હૃદય કહેવાય, તે મોટેભાગે સૌથી ઊંચી જગ્યાએ બાંધવામાં આવે છે. જેને લીધે આસપાસના પરિસર પર નજર રાખવાનું સહેલું પડે અને શત્રુના હુમલા વખતે આ અંતિમ સંરક્ષણબિંદુ બને છે. બાલેકિલ્લામાં રાજવાડા, દરબાર, શસ્ત્રાગાર, અન ાજના કોઠાર અને મંદિરો એવી મહત્ત્વની ઈમારતો હશે. રાયગઢ, રાજગઢ કિલ્લાઓમાં બાલેકિલ્લાનું સ્થાન મહત્ત્વનું હતું. તેમાંનાં એકાદા બાલેકિલ્લાનું ચિત્ર કાળાપાટિયા પર કે તમારી નોટબુકમાં દોરો.

મોહેંજોદડોનું મહાસ્નાનગૃહ તે સમયના સ્થાપત્યનો એક વિશેષ નમૂનો છે. મહાસ્નાનગૃહ અને આજુબાજુની જગ્યામાં કોઈ



મોહેંજોદડોનું મહાસ્નાનગૃહ

ધાર્મિક વિધિ કરવામાં આવતી હશે, એવો કેટલાક વિદ્વાનોનો મત છે. મહાસ્નાનગૃહનો એક મોટો પાણીનો કુંડ છે, જે આશરે ૧૨ મીટર લાંબો, ૭ મીટર પહોળો અને ૨.૫ મીટર ઊંડો છે. તે પાકી ઈંટોથી બંધાયેલો હતો. તેમાં પાણી ભરવા અને બહાર કાઢવા માટે ખાસ તંત્રજ્ઞાન વપરાયું હતું. તેની આજુબાજુ નાની ઓરડીઓ હતી.

### આહાર પદ્ધતિ

ઘઉં, જવ, વટાણા, તલ, નાચણી, મસૂર અને વિવિધ પ્રકારની દાળ લોકોના આહારનો મુખ્ય ઘટક હતા. દૂધ, માંસ, માછલી પણ કેટલીક જગ્યાએ ખાવામાં આવતી હતી એવા પુરાવા મળ્યા છે. અનાજ રાંધવા માટે તેઓ માટીના વાસણો વાપરતા. કેટલાક વાસણો પર સુંદર રંગકામ અને નકશી પણ હતી. આ નકશી લાલ રંગના વાસણ પર કાળા કલરથી કરવામાં આવી હતી. નકશીના નમૂનામાં માછલીના ભીંગડા જેવી ભાત, એકબીજામાં ગુંચાયેલા વર્તુળો, પીંપળાના પાન વગેરે પ્રતીકોનો સમાવેશ છે.



વાસણો



**ચર્ચા કરો.**

ઘઉં, ચણા, ચોખા, સત્તુ, જવ, મસૂર, અડદ, બાજરી વગેરેમાંથી ક્યા અનાજ હડપ્પા સમયમાં હતા અને ક્યા નહોતા, તેના પર વર્ગમાં ચર્ચા કરો.

### વસ્ત્રો અને દાગીના

હડપ્પા સંસ્કૃતિના લોકોનાં વસ્ત્રો અને દાગીના તે સમયના તંત્રજ્ઞાન, સૌંદર્યદષ્ટિ અને જીવનશૈલીની માહિતી આપે છે. હડપ્પા સમયના લોકો સુતરાઉ અને રેશમી વસ્ત્રો વાપરતા હતા.



હડપ્પા સંસ્કૃતિના દાગીના

પુરાતત્ત્વીય ઉત્ખનનમાં મળેલા પુરાવાઓને આધારે તેમના પોશાક વિષે અંદાજ બાંધી શકાય છે. પુરુષ અને મહિલા બન્નેના પહેરવેશમાં ઘૂંટણ સુધીનાં વસ્ત્ર અને ઉપરણનો સમાવેશ હતો છે. હડપ્પા સંસ્કૃતિના લોકો દાગીના ઘડવામાં બહુ કુશળ હતા. તેઓ માટી અને ચકમકના રંગબેરંગી પથ્થરના, શંખ, તાંબુ, ચાંદી, સોનાનાં મણકા બનાવતા હતા. તેની અન્ય દેશોમાં ખાસ કરીને મેસોપોટેમિયામાં બહુ માગણી હતી. હડપ્પા સંસ્કૃતિના લોકો હાર, કાનની બુટ્ટી, બાજુબંધ, બંગડીઓ, વીંટીઓ, કમરપટ્ટા જેવા અલંકારોનો ઉપયોગ કરતા હશે.

### વ્યવસાય અને વેપાર

હડપ્પા સંસ્કૃતિના લોકો ખેતી કરીને વિવિધ પાક પકવતા હતા.તેમાં ઘઉં, જવ મુખ્ય પાક હતા. હડપ્પા સંસ્કૃતિના લોકોને કપાસ જાણ હતી. હડપ્પા સંસ્કૃતિના કારીગરો લોખંડ, કાંસુ, માટી, સોનામાંથી વસ્તુઓ બનાવવી, કાપડ વણવું, વગેરે વ્યવસાયો કરતા હતા. માટીનાં ઉત્તમોત્તમ વાસણ બનાવતા. નૌકાવિહારની તેમને ખબર હતી. તેને લીધે દૂરનો વેપાર શક્ય બન્યો.

### શું તમે જાણો છો ?

કાલીબંગનમાં જગતની સૌથી જૂની ખેડેલી ખેતીજમીન મળી આવી છે. તે હાલના રાજસ્થાન રાજ્યનાં હનુમાનગઢ જિલ્લામાં, ઘગ્ગર નદીના કિનારે વસેલું છે.

આ ઉપરથી ધ્યાનમાં આવે છે કે કાલીબંગનનાં લોકો ખેતીમાં કેટલાં પ્રગતિશીલ હતા. તેમણે ઘઉં, જવ, ચણા, જેવા અનેક અનાજ વાવ્યા હતા. આજે પણ કાલીબંગન વિસ્તારમાં ખેતીકામ માટે ઊંટનો ઉપયોગ કરવામાં આવે છે. ખાસ કરીને તેના ખેડાણની નિશાનીઓ અને હડપ્પા સમયની ખેડાણની નિશાનીમાં સમાનતા જોવા મળે છે.

કાલીબંગનની એક ખાસ વિશેષતા એટલે અહીં અગ્નિકુંડો મળી આવ્યા છે. તેનો ઉપયોગ ધાર્મિક વિધિ માટે કરાતો હોવો જોઈએ.



હડપ્પા સંસ્કૃતિના અન્ય શહેરોની જેમ અહીં પણ કચરાપાણીની સુનિયોજીત વ્યવસ્થા, ઇંટોના ઘરો અને ચલણના (મુદ્રાના) નમૂના મળી આવ્યા છે.

હડપ્પા સંસ્કૃતિના લોકોએ ફક્ત ગામમાં કે બાજુના શહેરોમાં જ નહિ, પરંતુ દૂરદૂરના દેશો સાથે પણ વેપાર પ્રસ્થાપિત કર્યો હતો. તેમણે મેસોપોટેમિયા (આજના 'ઈરાક'), ઈજિપ્ત પ્રદેશની સાથે વસ્તુઓની આપ-લે કરી હતી. તેઓ મણકા, દાગીના, માટીના વાસણો અને કપાસ વેચી બદલામાં ધાતુ, કિંમતી પથ્થરો અને અન્ય વસ્તુઓ લાવતા. હડપ્પાથી નિકાસ થનારી વસ્તુમાં ફાયન્સ અને કાર્નેલિયન નામના લાંબા મણકાનો મહત્ત્વપૂર્ણ સહભાગ હતો. ફાયન્સ એ કાચ જેવા મોટે ભાગે વાદળી, લીલા અને જાંબલી રંગના બનાવવામાં આવતા હતા. હડપ્પામાં તૈયાર કરવામાં આવતી ફાયન્સની બંગડીઓ, મણકા અને દાગીના મોટા પ્રમાણમાં દક્ષિણ મેસોપોટેમિયાના સુમેરમાં વેપારી માર્ગે પહોંચાડવામાં આવતા હતા. તે સિવાય, કાર્નેલિયના (અકિક) લાલ રંગના રત્નમાંથી લાંબા અને ગોળ મણકા તૈયાર કરવામાં આવતા હતા. આ મણકા મેસોપોટેમિયામાં વેચવામાં આવતા હતા. ત્યાં દાગિનામાં કે ધાર્મિક વસ્તુમાં તે વપરાતા હતા. આ વેપારમાંથી હડપ્પા સંસ્કૃતિને આર્થિક સમૃદ્ધિ પ્રાપ્ત થઈ.

### શું તમે જાણો છો?

ઈનન્ના દેવી સુમેર સંસ્કૃતિની મુખ્ય દેવી હતી. મેસોપોટેમિયાના મહાકાવ્યમાં આપેલી પૌરાણિક વાર્તાઓ પરથી આપણને હડપ્પાકાલીન વેપાર વિષે મહત્ત્વની માહિતી મળે છે. ઈનન્ના દેવી



પોતાના વૈભવના પ્રતીક તરીકે લાજવર્દીનો (લેપિસ લાઝુલી) ઉપયોગ કરતી હતી. લાજવર્દી એક

વાદળી રંગનો કિંમતી પથ્થર છે. પ્રાચીન સમયમાં, લાજવર્દીને અત્યંત દુર્લભ અને કિંમતી માનવામાં આવતો. તેની ખાણો અફઘાનિસ્તાનમાં હતી. હડપ્પા સમયના વેપારીઓ તેનો વેપાર કરતા હતા. મેસોપોટેમિયામાં તેની માગણી વધુ હતી. ઈનન્નાની કથા પરની પૌરાણિક કથાઓ ઇતિહાસનો મહત્ત્વનો સ્રોત મનાય છે. કારણ કે તે સમયના સમાજ, સંસ્કૃતિ, ધર્મ અને રાજકીય પરિસ્થિતિનું પ્રતિબિંબ તેમાં જોવા મળે છે.

તે સમયનું લોથલ શહેર મહત્ત્વનું બંદર હતું, ત્યાં વિશાળ આકારની ગોદી મળી આવી છે. હડપ્પા સંસ્કૃતિનો વેપાર અરબી સમુદ્રના કિનારેથી ઈરાનના અખાત સુધી ચાલતો હતો. હડપ્પાના લોકોના સિક્કા મોટેભાગે વેપાર માટે વપરાતા હતા. સિક્કા પર બળદ, હાથી, ભેંસ, ગેંડા, વાઘ જેવા પ્રાણીઓ તેમ જ ક્યાંક મનુષ્યની આકૃતિ પણ જોવા મળતી.



### કહો જોઈએ !

ચિત્રમાં હડપ્પા કાલીન મુદ્રા (સિક્કો) જુઓ. તેના પર એક શીંગડાવાળા કલ્પિત પ્રાણીનું ચિત્ર જોવા મળે છે. તમે કોઈ વસ્તુ પર કે વાસ્તુ પર આવું કાલ્પનિક પ્રાણી જોયું છે?



### કલા અને મનોરંજન

હડપ્પા સંસ્કૃતિના લોકો કલાપ્રેમી અને કુશળ કારીગર હતા. તેમણે માટી, ધાતુ અને કિંમતી પથ્થરનો ઉપયોગ કરી અનેક સુંદર વસ્તુઓ તૈયાર કરી. હડપ્પા સંસ્કૃતિની એક કાંસાની મૂર્તિ મળી આવી છે, તે ‘નર્તકી’ નામે ઓળખાય છે. તે સિવાય, હડપ્પાના લોકોએ પ્રાણીઓની આકૃતિ રમકડાં અને સિક્કા તૈયાર કર્યા હતા. હડપ્પા સંસ્કૃતિની એક અતિશય પ્રસિદ્ધ અને મહત્ત્વની વસ્તુ એટલે ત્યાંથી મળેલ એક વિશિષ્ટ પૂતળું. આ પૂતળું મોહેંજોદડો નામના સ્થળે ઉત્ખનન વખતે મળી આવ્યું હતું. હાલમાં તે નવી દિલ્હીના



હડપ્પાકાલીન કલાનો નમૂનો

રાષ્ટ્રીય સંગ્રહાલયમાં મૂકેલું છે. આ પૂતળું એક શાંત ગૂઢ અને આદરણીય વ્યક્તિત્વનું દર્શન કરાવે છે. તેને ‘રાજા-ધર્મગુરુ’ તરીકે ઓળખવામાં આવે છે.



હડપ્પાકાલીન માટીના રમકડાં

પુરાતત્ત્વીય ઉત્ખનનમાં મળેલી વસ્તુઓમાં રમકડાં મળ્યા છે. આ રમકડાં માટીમાંથી બનાવવામાં આવતા હતા. તેમાં બળદ, કૂતરા, હાથી જેવા પ્રાણીઓની પ્રતિકૃતિ તેમજ પૈડાથી ચાલતી ગાડી, ભમરડા, સીટીનો સમાવેશ થાય છે.

### ૩.૪ : હડપ્પા સંસ્કૃતિના વિનાશના કારણો :

હડપ્પા સંસ્કૃતિ ભારતની બહુ પ્રગતિશીલ અને સંપન્ન સંસ્કૃતિ હતી, પણ કેટલાક સમય બાદ આ સંસ્કૃતિનો ધીરેધીરે નાશ થવા લાગ્યો. આ નાશની પાછળના કારણો જાણવા સંશોધન કરવામાં આવ્યું છે. સૌથી મુખ્ય કારણ એટલે નદીના પ્રવાહમાં બદલ થયો હશે. નદીના પ્રવાહ બદલાવાને કારણે પાણીની તંગી નિર્માણ થઈ તેની ખેતી અને જીવનપર અસર થઈ. બીજું કારણ મહાપૂર, દુકાળ કે ધરતીકંપ જેવી નૈસર્ગિક આપત્તિને કારણે નગરો નાશ પામ્યાં હશે. હજી એક મહત્ત્વનું કારણ એટલે સુમારે ઈસવીસન પૂર્વ ૨૩૦૦ ના સમયે સુમેરિયન વેપારમાં મંદી આવી અને હડપ્પા સંસ્કૃતિના નાશની શરૂઆત થઈ.



**શું તમે જાણો છો ?**

સાર્ગન અક્કડ સામ્રાજ્યનો એક શક્તિશાળી રાજા હતો. તેના સમયમાં મેસોપોટેમિયા અને હડપ્પા સંસ્કૃતિ વચ્ચે સમુદ્ર માર્ગે વેપાર થતો હોવાના પુરાવા મળી આવ્યા છે. આ વેપારમાં લાજવર્દી, સોનું, ચાંદી, મોતી વગેરે કિંમતી વસ્તુઓની આપ લે થતી હશે, પરંતુ સાર્ગનના સમય પછી મેસોપોટેમિયામાં રાજકીય અસ્થિરતા નિર્માણ થઈ. તેનું પરિણામ હડપ્પા સંસ્કૃતિના વેપાર પર થયું. તેને લીધે સાર્ગનના સમયનો વેપાર ધીમે ધીમે બંધ થયો. પરિણામે હડપ્પા સંસ્કૃતિના નગરોની અર્થવ્યવસ્થાની પડતી શરૂ થઈ. ઉદ્યોગધંધા ઓછા થયા અને લોકોએ નગર છોડીને નાના ગામ તરફ સ્થળાંતર કર્યું.

હડપ્પા સંસ્કૃતિનો પ્રભાવ લાંબા સમય સુધી ટકી રહ્યો. હડપ્પા સંસ્કૃતિના નગરો આજે ભલે નાશ પામ્યા, પણ તેના અવશેષો પરથી આપણને ઇતિહાસ, પરંપરા અને તત્કાલીન જીવનશૈલીની માહિતી મળે છે. એટલે જ હડપ્પા સમૃદ્ધ સંસ્કૃતિ હતી, જેને લીધે આપણી સાંસ્કૃતિક પરંપરાનો પાયો નંખાયો.



**કરી જુઓ.**

નીચેની લીટીમાં, હડપ્પા સંસ્કૃતિના શહેરોના નામ? તે શહેરો કેવા હતા? કઈ કલાકૃતિ મળી આવી? કઈ વસ્તુઓનો વેપાર થતો? વગેરે માહિતી લખો.



# સ્વાધ્યાય

**પ્ર.૧અ) આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

૧. હડપ્પા સંસ્કૃતિની શોધ ----- નદીના કાંઠે થઈ.

અ) ગંગા　　બ) યમુના

ક) સિંધુ　　ડ) ગોદાવરી

૨. હડપ્પા સંસ્કૃતિમાં મહાસ્નાનગૃહ ------ જગ્યાએ મળી આવ્યા.

અ) ધોળાવીરા　　બ) લોથલ

ક) કાલીબંગન　　ડ) મોહેંજોદડો.

૩. હડપ્પા સંસ્કૃતિની ગોદી ------- શહેરમાં મળી આવી.

અ) લોથલ　　બ) રાખીગઢી

ક) બનાવલી　　ડ)ધોળાવીરા

**બ) સાચું કે ખોટું તે લખો.**

૧. દૂરદૂરના પ્રદેશો સાથેનો વેપાર હડપ્પા સંસ્કૃતિના વિસ્તારનું મુખ્ય કારણ હતું.

૨. હડપ્પા સંસ્કૃતિના લોકો સાર્વજનિક આરોગ્યની બાબતે જાગૃત ન હતા.

૩. હડપ્પા સંસ્કૃતિના વિનાશનું એક કારણ વેપારની મંદી હતું.

**પ્ર.૨ અ) સંકલ્પનાચિત્ર પૂર્ણ કરો.**




**બ) શબ્દકોયડામાં ઉત્ખનન નગરોના નામો પૂર્ણ કરો.**




**પ્ર.૩ ટૂંક નોંધ લખો.**

૧. મોહેંજોદડોનું મહાસ્નાનગૃહ

૨. હડપ્પાકાલીન વસ્ત્ર અને દાગિના

૩. હડપ્પાકાલીન કલા અને મનોરંજન

**પ્ર.૪ પાઠનાં નકશાનું નિરીક્ષણ કરો અને પ્રશ્નોના ઉત્તરો લખો.**

૧. ભારતના રાજસ્થાન રાજ્યના હડપ્પા સંસ્કૃતિના કોઇપણ એક સ્થળનું નામ લખો.

૨. ભારતની આંતરરાષ્ટ્રીય સીમારેખા બહારની હડપ્પા સંસ્કૃતિના કોઈપણ એક સ્થળનું નામ લખો.

૩. મંડા નામનું હડપ્પા સંસ્કૃતિનું સ્થળ કઈ નદી કિનારે છે?

૪. હડપ્પા સંસ્કૃતિનું દાયમાબાદ સ્થળ વર્તમાન કાળમાં ભારતના કયા રાજ્યમાં છે?

**પ્ર.૫ નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તરો લખો.**

૧. હડપ્પા સંસ્કૃતિની સુસૂત્ર નગરરચના આજના શહેરોના નિયોજન માટે કેવી રીતે આદર્શ ઠરી શકે તે ઉદાહરણ સાથે સ્પષ્ટ કરો.

૨. હડપ્પા સંસ્કૃતિના નગરની અર્થવ્યવસ્થા શેના થકી ભાંગી ?

કૃતિ –

* હડપ્પા સંસ્કૃતિના એકાદ ઉત્ખનન સ્થળની પ્રતિકૃતિ તૈયાર કરો.
* તમારા સ્થાનિક પરિસરના રસ્તાની રચના અને હડપ્પાકાલીન રસ્તાની રચના વિશે વર્ગમાં ચર્ચા કરી.

ઉપક્રમ :

૧. હડપ્પા સમયના સુનિયોજિત નગર, ઘરો, રસ્તાઓ, પાણીની વ્યવસ્થા, ગટર વ્યવસ્થાની પ્રતિકૃતિ તૈયાર કરો.

૨. મહારાષ્ટ્ર શાસનના *https://water.maharashtra.gov$.in/en/scheme/sant-gadgebaba-gram-swachhta-abhiyan/* આ સંકેતસ્થળ પરથી સંત ગાડગેબાબા ગ્રામ સ્વચ્છતા અભિયાનની માહિતી મેળવીને વર્ગમાં રજૂ કરો.

***

# ૪ વૈદિક સંસ્કૃતિ



૪.૧ વૈદિક સાહિત્ય

૪.૨ વૈદિક કાળનું લોકજીવન

**તમે ક્યારેય 'સુડોકુ' રમત રમ્યા છો?**

'સુડોકુ'ની રમત તર્કશક્તિ અને સંખ્યાજ્ઞાનનો સંગમ હોય છે. આ રમત આધુનિક કાળમાં નિર્માણ થઈ છે. નીચેના ચોરસમાં ૧ થી ૯ અંક એ રીતે લખો કે દરેક આડી અને ઊભી હરોળમાં એક અંક એક જ વાર આવે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૩ | | ૭ | | ૨ | ૪ | |
| ૧ | | | | ૨ | ૫ | | ૭ | ૮ |
| | | ૫ | ૬ | | | ૯ | | |
| ૨ | | | ૯ | | | | ૬ | |
| | ૯ | ૮ | | | | ૫ | ૩ | |
| | ૩ | | | | ૮ | | | ૭ |
| | | ૧ | | | ૨ | ૪ | | |
| ૯ | ૫ | | ૭ | ૪ | | | | ૧ |
| | ૮ | ૬ | | ૩ | | ૭ | | ૯ |

પહેલાં જ્યારે સંગણક કે કૅલ્ક્યુલેટર પણ ન હતાં, ત્યારે પ્રાચીન કાળથી ભારતમાં ગણિતની પરંપરા છે. શંકરાચાર્ય શ્રી.ભારતી કૃષ્ણ તીર્થ દ્વારા લખાયેલા 'વૈદિક ગણિત' પુસ્તકમાં કેટલાક સૂત્રો રજૂ કરવાં આવ્યા છે. જેના દ્વારા મોટામાં મોટી સંખ્યા ઉદાહરણો ક્ષણમાં જ ઉકેલી શકાતાં હતાં !

આપણે ૯૮ × ૯૯ આ ગુણાકાર ઝડપથી કરવો છે.

તેના માટે વૈદિક ગણિતમાં એક સૂત્ર છે. '**निखिलं नवत: चरमं दशत: ।**' તે અનુસાર –

પગથિયું ૧લું

૯૮ – ૧૦૦ (પાયો) = – ૦૨

૯૯ – ૧૦૦ (પાયો) = – ૦૧

પગથિયું ૨જું

૯૮    – ૦૨

૯૯    – ૦૧

---

એટલે ગુણાકાર ૯૭૦૨

(ચોકડી-બાદબાકી કરો. તમને સરખો જ, ઉત્તર મળશે. ઉત્તર – ૯૭, તે જવાબમાં ડાબી તરફ લખો અને

(– ૦૨) X (– ૦૧) = ૦૨

આ ઉત્તર ૯૭ની જમણી તરફ લખો.)

જવાબ- ૯૮ × ૯૯ = ૯૭૦૨

જે કાળમાં વિદ્યુત, સંગણક કે મોબાઈલ ન હતાં તે સમયમાં જ્ઞાન અને વિજ્ઞાનમાં પ્રગતિશીલ સંસ્કૃતિ આપણા દેશમાં હતી. વૈદિક સંસ્કૃતિ આપણાં ભારતની જૂની અને સમૃદ્ધ સંસ્કૃતિ છે. 'વેદ'ના ગ્રંથોમાં તે સમયમાં લોકો કેવી રીતે રહેતાં, શું શીખતા તેમની જીવનશૈલી કેવી હતી, તેનું સુંદર વર્ણન છે.

**વૈદિક સંસ્કૃતિના લોકોને જ્ઞાન કઈ રીતે પ્રાપ્ત થયું હશે?**
**વેદ એટલે શું ?**
**તે જમાનામાં સમાજરચના કેવી હતી?**
**વૈદિક પરંપરા હજુ પણ અસ્તિત્વમાં છે ?**
**ગણિત, વિજ્ઞાન, યોગ, આયુર્વેદ જેવા અનેક વિષયોનું જ્ઞાન તેમને હતું ?**
**ચાલો, આપણે જાણીએ-આ જ્ઞાન ક્યાંથી આવ્યું અને આપણને શું કહે છે?**

## ૪.૧ વૈદિક સાહિત્ય (વાઙ્મય)

'વિદ' એટલે જાણવું. તેનાથી 'વેદ' સંજ્ઞા બની. તેનો અર્થ 'જ્ઞાન' પણ થાય છે. વૈદિક સાહિત્યના ગ્રંથો ભારતનાં પ્રાચીન કાળના સૌથી વધુ મહત્ત્વના ગ્રંથ માનવામાં આવે છે. તે સાહિત્ય મુખ્યત્વે વેદોમાં સંગ્રહિત છે. વેદ પ્રાચીન કાળનાં જ્ઞાનનાં, ધર્મના, તત્ત્વજ્ઞાનનાં અને જીવનશૈલીના મુખ્ય સ્રોત છે. વેદમાંની ઋચાઓ ઋષિઓને સ્ફૂરી. વેદમાંના કેટલાંક સૂક્તો સ્ત્રીઓએ પણ રચ્યાં છે.

**ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આ ચાર વેદ છે.** વેદ સંસ્કૃત ભાષામાં રચેલાં છે. તે મુખ્યત્વે મંત્ર, સ્તુતિ, યજ્ઞવિધિ, તત્ત્વજ્ઞાન, અને સમાજજીવન સાથે સંબંધિત છે. ઋગ્વેદ સૌથી પ્રાચીન વેદ છે.

આ ચાર વેદોને 'સંહિતા' કહે છે. સંહિતાની રચના પછી દરેક વેદ માટે બ્રાહ્મણગ્રંથ, આરણ્યકો અને ઉપનિષદોની રચના કરવામાં આવી. વૈદિક સાહિત્યમાં તેમનો પણ સમાવેશ થાય છે.

**બ્રાહ્મણ-ગ્રંથ –** બ્રાહ્મણગ્રંથ વેદોનો એક મહત્ત્વનો ભાગ છે. આ ગ્રંથ મુખ્યત્વે યજ્ઞ, પૂજન અને ધાર્મિક વિધિથી સંબંધિત છે. યજ્ઞ કેવી રીતે કરવાં, ક્યા મંત્રો વાપરવા અને તેનો અર્થ શું છે? એનું સવિસ્તર વર્ણન આમાં કરેલું છે.

**આરણ્યકો –** 'આરણ્યક' શબ્દ 'અરણ્ય' એટલે કે જંગલ શબ્દ પરથી તૈયાર થયો છે. કારણ આ

**નીચે આપેલા કોષ્ટકને વર્ગમાં સાથે મળીને વાંચો. આ ચાર વેદોના મુખ્ય વિષયો, તેમની વિશેષતાઓ અને મહત્ત્વ તમને તેમાંથી સરળતાથી સમજાઈ જશે.**

| ઋગ્વેદ | યજુર્વેદ | સામવેદ | અથર્વવેદ |
|---|---|---|---|
| મુખ્ય વિષય-મંત્ર દેવતાના સ્તવનો (સ્તુતિગાન) | મુખ્ય વિષય-યજ્ઞ, હવન, ધાર્મિક વિધિ | મુખ્ય વિષય- મંત્રપઠન | મુખ્ય વિષય – જીવન શૈલી ખેતી (કૃષિ), ઔષધોપચાર |
| વિશેષતા – અગ્નિ, ઇંદ્ર, વરૂણ જેવા દેવોનાં સ્તોત્ર | વિશેષતા – યજ્ઞકર્મ, હવન પદ્ધતિ | વિશેષતા – મંત્રોનું છંદબદ્ધ ગાન | વિશેષતા – ઔષધોપચાર, ઘરગથ્થુ હવન પદ્ધતિ |
| મહત્ત્વ : પ્રાચીન વેદ, દેવતાનાં સ્તુતિગાન અને યજ્ઞનું મહત્ત્વ શીખવે છે. | મહત્ત્વ : ધાર્મિક વિધિ અને ધાર્મિક આચાર-વિચાર શીખવે છે. | મહત્ત્વ : સંગીત અને મંત્રોનો અભ્યાસ | મહત્ત્વ : આરોગ્ય, ઘરગથ્થુ જીવન, જીવનોપયોગી જ્ઞાન વિશે માર્ગદર્શન આપે છે. |

ગ્રંથ અરણ્યમાં રહેતાં સાધકો માટે રચવામાં આવ્યાં હતાં. આ ગ્રંથમાં યજ્ઞના અર્થ, ધ્યાન, સાધના અને આત્મજ્ઞાન સંબંધી વિચાર માંડવામાં આવ્યા છે.

**ઉપનિષદો :** 'ઉપનિષદ' શબ્દનો અર્થ ગુરૂ પાસે બેસીને જ્ઞાન મેળવવું છે. આ ગ્રંથમાં આત્મા, પરમાત્મા, બ્રહ્મ અને વિશ્વનું તત્ત્વજ્ઞાન આપેલું છે. ઉપનિષદમાં રોજિંદા જીવનથી ઉપર ઉઠી વ્યવહારિક આત્મજ્ઞાન પર ભાર આપવામાં આવ્યો છે.



**કહો જોઈએ !**

૧. આ વેદમાં મુખ્યત્વે દેવતાંના સ્તવનો છે. તેમાં નિસર્ગદેવતાનું વર્ણન છે.

ઉત્તર ------------------------------------

૨. આ વેદમાં યજ્ઞ કરવાની વિધિ અને પદ્ધતિ આપેલી છે.

ઉત્તર ------------------------------------

૩. આ વેદમાં સ્તવનો સ્વરબધ્ધ કરવામાં આવતા. આમાંના શ્લોક સંગીત સાથે કહેવામાં આવતાં.

ઉત્તર ------------------------------------

૪. આ વેદ 'સામાન્ય લોકોનાં જીવન સાથે સંબંધિત વેદ' છે. કારણ આમા આરોગ્ય અને ઘરગથ્થુ ઉપચારની માહિતી છે.

ઉત્તર ------------------------------------

### ૪.૨ વૈદિક કાળનું લોકજીવન :

વૈદિક કાળના બે વિભાગ છે. વૈદિક કાળ (આને જ ઋગ્વેદ કાળ પણ કહે છે.) અને ઉત્તર વૈદિક કાળ. વૈદિક કાળ સાધારણપણે ઈ.સ.પૂર્વ ૧૫૦૦થી ઈ.સ.પૂર્વ ૧૦૦૦ મનાય છે. આ સમયની માહિતી મુખ્યત્વે ઋગ્વેદમાંથી મળે છે. આ કાળમાં લોકજીવન પશુપાલન ઉપર આધારિત હતું. ધીમે ધીમે ખેતીની શરૂઆત થઈ હતી. તે સમયમાં 'ગાય' મુખ્ય સંપત્તિ માનવામાં આવતી હતી.

ઉત્તર વૈદિક કાળ ઈ.સ.પૂર્વે ૧૦૦૦ થી ઈ.સ.પૂર્વે ૬૦૦ માનવામાં આવે છે. આ સમયમાં વૈદિક લોકોએ ગંગાના ખીણ પ્રદેશમાં સ્થળાંતર કર્યુ અને ત્યાં વસવાટ કર્યો. ખેતી, વેપાર અને હસ્તકલાનો વધુ વિકાસ થયો. આ જ સમયમાં નગરોનો ઉદય થયો.

**વૈદિક કાળ**

| પૂર્વ વૈદિક કાળ | ઉત્તર વૈદિક કાળ |
|---|---|
| ઈ.સ.પૂર્વ ૧૫૦૦થી ઈ.સ.પૂર્વ ૧૦૦૦ | ઈ.સ.પૂર્વે ૧૦૦૦થી ઈ.સ.પૂર્વે ૬૦૦ |

#### કુટુંબ અને સમાજરચના :

વૈદિક કાળમાં કુટુંબ સમાજનો સૌથી નાનો ઘટક હતો. દરેક કુટુંબમાં માતા-પિતા, બાળકો, દાદા-દાદી અને બીજા સગાસંબંધી એમ બધાં સાથે રહેતાં. હાલનાં પ્રમાણે જ તે સમયમાં પણ સમાજ પિતૃસત્તાક હતો. એટલે કે, કુટુંબ સંબંધી બધાં નિર્ણયો લેવાનો અધિકાર 'કુટુંબ પ્રમુખ' પાસે હતો. કુટુંબપ્રમુખ 'ગૃહપતિ' પણ કહેવાતાં. કુટુંબમાંના ઈતર સભ્યો કુટુંબપ્રમુખની આજ્ઞાનું પાલન કરતાં. **અનેક કુટુંબો મળીને ગ્રામવસાહત (ગામ) બનતાં અને અનેક ગામ ભેગા થઈને 'જન' (રાજ્ય) બનતાં.** ગામના પ્રમુખને ગ્રામણી અને રાજ્યના પ્રમુખને રાજા કહેતાં. સમાજમાં બધાંએ ધર્મ, સત્ય અને ન્યાયનું પાલન કરવું ફરજિયાત મનાતું. લોકો પરસ્પર સહકાર્ય અને પ્રેમ ભાવનાથી વર્તન કરતાં. પ્રત્યેક વ્યક્તિનું સમાજમાં વિશેષ જવાબદારી અને સ્થાન હતું. વૈદિક સમાજમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ ચાર વર્ણ (વર્ગ) હતાં.

#### શિક્ષણ અને સંસ્કાર :

વૈદિક કાળમાં શિક્ષણ સમાજમાં અત્યંત મહત્ત્વની બાબત મનાતી. વિદ્યાર્થીઓને ગુરૂકુળ પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવતું. એટલે કે, ગુરૂના આશ્રમમાં રહીને શીખતાં, ગુરૂની સામે બેસીને અધ્યયન કરતાં. વિદ્યાર્થીઓને ગુરૂકુળમાં શિસ્તબધ્ધ જીવન જીવવાનું શીખવવામાં આવતું. જેને કારણે તેઓ



ગુરૂકુળ

જ્ઞાન, નૈતિકતા અને કર્તવ્યનિષ્ઠાને આદર્શ રાખીને સમાજમાં કામ કરે. ગુરૂ આદર્શ જીવન જીવવા માટેનાં માર્ગદર્શક હતાં. વિદ્યાર્થીઓ વેદ, ગણિત, ખગોળશાસ્ત્ર, આયુર્વેદ, સંગીત, નીતિશાસ્ત્ર અને યુદ્ધકલાનો અભ્યાસ કરતાં. શિક્ષણનું ધ્યેય ફક્ત જ્ઞાન મેળવવું જ નહોતું, નમ્રતા, શિસ્ત, ધર્મ અને આત્મનિયંત્રણ જેવા મૂલ્યો આત્મસાત કરવાનું પણ હતું.

**વિચાર કરો.**

તમે જો ગુરૂકુળમાં શીખતાં હોત તો તમારી દિનચર્યા શું હોત? તેના પર એક નિબંધ લખો.

**કરી જુઓ.**

પ્રાચીન ભારતીય સાહિત્યમાંની કથાઓ ઇતિહાસ અને સંસ્કૃતિના કેટલાંક પાસાઓ પર પ્રકાશ પાડવા ઉપયોગી હોય છે. તેમાંથી સમાજ રચના અને તત્કાલીન જીવનજરૂરી મૂલ્યો સમજવામાં મદદ થશે. કેટલીક એવી કથાઓ શોધો અને વર્ગમાં નાટ્યરૂપે ભજવો.

### આશ્રમ વ્યવસ્થા :

પ્રાચીન ભારતની વૈદિક સંસ્કૃતિમાં આશ્રમ વ્યવસ્થા અસ્તિત્વમાં હતી. આ વ્યવસ્થામાં વ્યક્તિના આયુષ્યના ચાર તબક્કા માનવામાં આવ્યાં છે. દરેક આશ્રમના વિશિષ્ટ કર્તવ્યો અને ઉદ્દેશો આપેલાં છે.

### ચાર આશ્રમ :

**બ્રહ્મચર્યાશ્રમ-** બ્રહ્મચર્યાશ્રમ આયુષ્યનો પહેલો તબક્કો મનાય છે. આ તબક્કે બાળકોએ ગુરૂની દેખરેખ હેઠળ શિક્ષણ લેવું જરૂરી હતુ. આ સમય દરમ્યાન વિદ્યાર્થીઓ ધ્યાન દઈને અધ્યયન કરતાં.

**ગૃહસ્થાશ્રમ-** શિક્ષણ પુરું થયા પછી વ્યક્તિ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે. જેમાં વિવાહ, કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓ પૂરી કરવી વગેરે બાબતોનું મહત્વ છે.

**વાનપ્રસ્થાશ્રમ-** ગૃહસ્થાશ્રમમાં રહી બધી જવાબદારીઓ પાર પાડી એક નિશ્ચિત તબક્કે વ્યક્તિએ કુટુંબથી થોડે દૂર જઈને ધ્યાન, તપસ્યા, તાત્વિક ચિંતન કરવું અપેક્ષિત છે.

**સંન્યાસાશ્રમ-** સંન્યાસાશ્રમ જીવનનો અંતિમ તબક્કો મનાય છે. આ તબક્કે મનુષ્યે બધા સંબંધોનો ત્યાગ કરીને મનુષ્ય જન્મનો અર્થ સમજવા જીવવું અને એક જ ઠેકાણે વધુ સમય રહેવું નહીં એવો સંકેત હતો.

**કરી જુઓ.**

આશ્રમ વ્યવસ્થા પર આધારિત જીવન પધ્ધતિનાં ચાર તબક્કા વિશે તકતો તૈયાર કરો. પ્રત્યેક તબક્કાનું ચિત્ર, તેનાં કર્તવ્ય, મહત્ત્વની માહિતી લખી વર્ગમાં પ્રદર્શિત કરો.

વૈદિક કાળમાં લોકોનું જીવન સાદું પરંતુ શિસ્તબધ્ધ હતું. તેમને સત્ય, સંયમ, ઉદારતા જેવાં મૂલ્યોનું પાલન મહત્ત્વપૂર્ણ છે, તે શીખવવામાં આવતું. સમાજમાં એકતા, સહકાર્ય અને એકબીજાનો આદર જેવી બાબતોને મહત્ત્વ અપાતું. લોકો ઋતુમાન પ્રમાણે આવતાં ઉત્સવો, યજ્ઞ, ગીત-સંગીત અને નૃત્ય જેવા માધ્યમો દ્વારા જીવનનો આનંદ ઉજવતાં. અન્નધાન્યનો બગાડ કરવો નહિ, ગરીબોને મદદ કરવી, શિસ્તથી જીવવું જેવી બાબતો નૈતિકમૂલ્યોનો જ ભાગ હતી. આ નૈતિકમૂલ્યોનાં લીધે સમાજમાં સકારાત્મક સંસ્કાર પ્રસ્થાપિત થતાં અને તેના આધારે વ્યક્તિમત્વ પરિપક્વ બનતું. આમ વૈદિક જીવનશૈલી નિસર્ગ સાથે સુસંગત અને શ્રમપ્રધાન હતી.

**તમારો મત શું છે ?**

આશ્રમ વ્યવસ્થાને કારણે, વ્યક્તિના જીવનનું આયોજન, નિયમિતતા, સંયમ અને ફરજની જવાબદારી કેળવવામાં મદદ મળતી હશે.

### દૈનિક જીવન (દિનચર્યા)

વૈદિક કાળમાં લોકોનો આહાર સાદો અને પૌષ્ટિક હતો. તે સમયમાં લોકો ખેતી અને પશુપાલન પર આધાર રાખતાં હતાં, તેથી તેમનાં આહારમાં ધાન્ય, દૂધ, દહીં, મધ, ફળો અને શાકભાજીનો સમાવેશ હતો. જવ, ઘઉં, ચોખા, બાજરી વગેરે ધાન્યનો ઉપયોગ તેમના આહારમાં થતો. આમ, વનસ્પતિજન્ય અન્નનો ઉપયોગ થતો. તેઓ ઋતુનુસાર ફળો ખાતાં. અન્ન શુદ્ધ અને સાત્ત્વિક હોવું જોઈએ, યોગ્ય સમયે જ અન્નગ્રહણ કરવું. તે સર્વસામાન્ય નિયમો હતા. તેઓની આહારપદ્ધતિ એકંદરે આરોગ્યદાયી અને નિયમિતતા પર આધારિત હતી.



**વિચાર કરો.**

તમારી દિનચર્યામાં ઉઠવાનો સમય, આહાર, વ્યાયામ, અભ્યાસ, આરામ જેવી બાબતોમાં નિયમિતતા હોવી જોઈએ. આ વિશે તમારો મત શો છે?

વૈદિક લોકજીવનમાં આરોગ્યને ખૂબ જ મહત્ત્વ અપાતું. પ્રાચીન ભારતીય વૈદ્ય-શાસ્ત્રમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે સંતુલિત આહાર, યોગ અને શારીરિક-માનસિક સ્વાસ્થ્ય પર ભાર આપવામાં આવતો. તેથી લોકો લાંબુ અને નિરોગી જીવન જીવતાં હતાં.



**કરી જુઓ !**

તમારાં કુટુંબમાં એક દિવસનું ભાણું તમે નક્કી કરો. તેમાં કયા પદાર્થો વધુ આરોગ્યવર્ધક છે અને શા માટે ? તે વિશે કુટુંબના સદસ્યો સાથે ચર્ચા કરો.

મનોરંજનની દૃષ્ટિએ વૈદિક લોકો સંગીત, નૃત્ય, ગાયન, વાદ્યવાદન, કથાવાર્તા કહેવી, તાત્વિક ચર્ચા કરવી વગેરેમાં રમમાણ થઈ જતાં. ધનુર્વિદ્યા, રથશાસ્ત્ર, મલ્લયુદ્ધ, ચોપાટ કે સોંગટાબાજી વગેરે રમતો રમતાં. ઉત્સવ અને ધાર્મિક મેળાવડાં સામાજિક એકતા ટકાવવા માટે મનોરંજનના મુખ્ય સાધનો હતાં.

વૈદિક કાળમાં સંગીત અતિશય મહત્ત્વનું હતું. સંગીત ફક્ત મનોરંજનનું સાધન નહોતું, વૈદિક-પઠનમાં સ્વરોનું અત્યંત મહત્ત્વ હતું. સંગીત ધાર્મિક અને અધ્યાત્મિક તેમજ લોકજીવનનો અવિભાજ્ય અંગ મનાતું. મંત્રોચ્ચાર માટે સ્વરોનું જ્ઞાન આવશ્યક હોવાનો વિચાર સામવેદમાં છે. તે જમાનામાં વીણા, મૃદંગ, શંખ અને વાંસળી જેવા વાદ્યો વાપરવામાં આવતા. આ વાદ્યોનો ઉપયોગ યજ્ઞ, નૃત્ય અને ધાર્મિક વિધિ માટે કરવામાં આવતો. પુરૂષ અને સ્ત્રીઓ બંને ગાયન અને નૃત્યમાં સહભાગી થતા. વૈદિક કાળમાં સંગીત, આનંદ અને આધ્યાત્મિકતાનું પ્રતીક ગણાતું. તેનાં કારણે જ આગળ ભારતીય શાસ્ત્રીય સંગીતની પરંપરાનો વિકાસ થયો.

**સ્ત્રીઓનું સ્થાન :** પૂર્વ વૈદિક કાળમાં બરાબરીનું સ્થાન હતું. તેમને શિક્ષણ લેવાનો પૂર્ણ અધિકાર હતો. તેમને પુરૂષોની જેમ જ વેદાધ્યયન કરવાની છૂટ હતી. અનેક સ્ત્રીઓ વિદૂષી તરીકે પ્રખ્યાત હતી. લોપામુદ્રા, ઘોષા, ગાર્ગી, મૈત્રેયી, અપલા વગેરે તે સમયની પ્રસિધ્ધ વિદૂષીઓનાં કેટલાંક. ઉદાહરણ છે. સ્ત્રીઓ ધાર્મિક વિધી, યજ્ઞયાગમાં સક્રિય ભાગ લેતી. માત્ર ઉત્તર વૈદિક કાળમાં સમાજ અધિક પિતૃસત્તાક બન્યો. સ્ત્રીઓનાં શિક્ષણ પર બંધન આવ્યું અને તેમનું સ્વાતંત્ર્ય ઓછું થયું. ધીરે ધીરે તેમનાં પરનાં બંધનો વધતાં ગયા. તેમનું સ્થાન કુટુંબ અને સમાજમાં વધુને વધુ ગૌણ થતું ગયું.

**આર્થિક જીવન : આ સમયમાં લોકોનું આર્થિક જીવન મુખ્યત: ખેતી અને પશુપાલન આધારિત હતું.** ઘઉં, જવ, ચોખા અને અન્ય ધાન્ય પકવતાં હતાં. વૈદિક સમયમાં પશુઓનું સ્થાન ખૂબ મહત્ત્વનું હતું. ગાય, બળદ, ઘોડાં, ઘેટાં-બકરાં મુખ્ય પ્રાણીઓ હતાં. ગાય

વિનિમયનું સાધન હતું. ઘોડાઓનો ઉપયોગ યુદ્ધ અને યજ્ઞકર્મમાં થતો હતો. બળદનો ઉપયોગ જમીન ખેડવા અને અવરજવરમાં સાધન તરીકે થતો હતો.

**કૃષિ ઉપરાંત ઈતર અનેક વ્યવસાય પ્રચલિત હતાં જેમાં પશુપાલન, ધાતુકામ, કુંભારકામ, ભરતગુંથણ, સુવર્ણકામ અને રથનિર્મિતિ વગેરે કેટલાંક મહત્ત્વનાં ઉદ્યોગ હતાં.** વેપાર ધીમેધીમે વિકસિત થતો હતો. વસ્તુવિનિમય પદ્ધતિથી વ્યવહાર કરવામાં આવતો. કેટલાંક ઠેકાણે નાના બજારો નિર્માણ થયાં. નૌકાનયન અને નદીમાર્ગે વેપાર કર્યાનો ઉલ્લેખ પણ મળી આવે છે. વ્યાવસાયિક અને કારીગર સમાજવ્યવસ્થા મહત્ત્વનાં ઘટકો હતાં. તેમનો સ્વતંત્ર સંઘ 'શ્રેણી' નામે ઓળખાતો હતો. તેમનાં પ્રમુખ 'શ્રેષ્ઠી' કહેવાતા.

**ધાર્મિક જીવન :** વૈદિક કાળમાં લોકોનો ધર્મ નિસર્ગપૂજા આધારિત હતો. વૈદિક લોકોએ કુદરતી ઘટકોને દેવતાનું સ્થાન આપ્યું હતું. જેમ કે, અગ્નિ, વરૂણ, મરુત્ (વાયુ), સૂર્ય, ઉષા (પ્રભાત), પૃથ્વી, સોમ (ચંદ્ર). ઈન્દ્ર સૌથી બળવાન દેવતા માનવામાં આવતાં. યજ્ઞમાં અર્પણ કરેલી આહુતિ દેવતા સુધી પહોંચે છે, એમ માનવામાં આવતું. યજ્ઞમાં અન્ન, ઘી અને ધાન્યની આહુતિ આપવામાં આવતી. વૈદિક મંત્રોનું પઠન કરીને દેવતાઓને પ્રસન્ન કરવામાં આવતાં. ધર્મનો પાયો સત્ય, ન્યાય, 'ઋત' એટલે નિસર્ગચક્ર અબાધિત રહે તેના પર આધારિત હતો.



**શું તમે જાણો છો ?**

ભારતીય નૌકાદળના બોધચિહ્ન ઉપરનું '**शं नो वरुण:**' ઉપનિષદમાંના શ્લોક પર આધારિત છે. આ વાક્યનો અર્થ છે કે, ''વરૂણદેવતા અમારું રક્ષણ કરો.' નૌકાદળે આ વાક્યના માધ્યમથી જળનાં નિયંત્રક અને સાગરના માર્ગદર્શક વરૂણ દેવતાનું સન્માન કર્યું છે. ભારતને સ્વતંત્રતા મળ્યાં પછી નૌકાદળ પ્રમુખનું બોધચિહ્ન નક્કી કરતી વખતે તત્કાલીન ગવર્નર જનરલ સી. ગોપાલાચારીએ આ ઘોષવાક્ય સૂચવ્યું હતું. ભારતીય નૌકાદળનું નવું ચિહ્ન છત્રપતિ શિવાજી મહારાજની રાજમુદ્રાથી પ્રેરિત છે.




**રાજકીય વ્યવસ્થા :** વૈદિક સમયનાં સમાજમાં રાજાનું સ્થાન મહત્ત્વનું હતું. રાજા કેવળ સત્તાધારક નહીં પણ ધર્મ અને ન્યાયનું પાલન કરનારા હોવા જોઈએ, એવી આદર્શ કલ્પના રાજા માટેની હતી. રાજાના નિર્ણયમાં તેમને સલાહ આપવા માટે બે સંસ્થાઓ કામ કરતી. તેને 'સભા' અને 'સમિતિ' નામે સંબોધવામાં આવતી. સભા એટલે 'જ્યેષ્ઠ વ્યક્તિઓનું મંડળ જે મહત્ત્વનાં નિર્ણયો લેવામાં મદદ કરતું. જ્યારે 'સમિતિ' એટલે ગ્રામ અથવા સમુદાયના સર્વસામાન્ય લોકોની ઉપસ્થિતિમાં ચર્ચા કરવા માટે યોજેલી બેઠક. આ ઉપરાંત 'વિદથ' અને 'જન' સંસ્થાઓ પણ રાજાને માર્ગદર્શન કરતી. સભા અને 'વિદથ' સંસ્થાઓના કામકાજમાં સ્ત્રીઓનો પણ સહભાગ હતો.



વેદકાલીન રથ

રાજ્ય કારભાર ઉત્તમ રીતે ચલાવવામાં મદદ કરવા રાજાઓ અધિકારીઓની નિમણૂંક કરતાં. પુરોહિત, સેનાપતિ અને સભાપતિ ખાસ મહત્ત્વના અધિકારીઓ હતા. **કરવસૂલી કરવા માટે નિમાયેલાં અધિકારીઓ 'ભાગદૂધ' કહેવાતાં.** 'જન'ની આવકમાંથી રાજાનો 'ભાગ' ભેગો કરે, તે ભાગદૂધ. યુદ્ધના સમયમાં રાજા પોતે સૈન્યનું નેતૃત્વ કરતાં હતાં. રાજ કારભાર મુખ્યત્વે ધર્મ, ન્યાય, સંરક્ષણ અને સમાજમાં સુવ્યવસ્થા વગેરે તત્વો પર આધારિત હતો.

વૈદિક સમયમાં રાજા રાજ્યનાં પ્રમુખ હોવા છતાં તેમને સર્વાધિકાર નો'તાં, તેમને સભા અને 'સમિતિની' સલાહ અનુસાર રાજકારભાર ચલાવવો પડતો.



## સ્વાધ્યાય

**પ્ર.૧ અ) એક શબ્દમાં જવાબ લખો.**

૧. 'વિદથ'એટલે ------------------------------

૨. ગુરૂજન પાસે રહીને જ્ઞાન મેળવવું એટલે --------

૩. જ્યેષ્ઠ વ્યક્તિઓનું મંડળ એટલે --------

**બ) જોડકાં જોડો.**

| 'અ' ગટ | 'બ' ગટ |
|---|---|
| ૧) ઋગ્વેદ | અ) યજ્ઞમાં મંત્રોનું ગાન |
| ૨) યજુર્વેદ | બ) આરોગ્ય અને ઔષધોપચાર |
| ૩) સામવેદ | ક) દેવતાંના સ્તવનો |
| ૪) અથર્વવેદ | ડ) યજ્ઞ વિધિનું વર્ણન |

**પ્ર.૨ અ) સંકલ્પના ચિત્રપૂર્ણ કરો.**




**બ) નોંધ લખો.**

૧) વૈદિકકાળની શિક્ષણ વ્યવસ્થા

૨) વૈદિકકાળનું આર્થિક જીવન

૩) વૈદિકકાળમાં સ્ત્રીઓનું સ્થાન

**પ્ર.૩ અ) નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

૧. વૈદિક સંસ્કૃતિમાં ખેતીને મહત્ત્વ હતું.

૨. વૈદિક સમયમાં, સમાજમાં સ્ત્રીઓનું સ્થાન સન્માનજનક હતું.

**બ) વૈદિક કાળમાં મનોરંજનનાં સાધનો અને વર્તમાન કાળના મનોરંજનના સાધનો વચ્ચે સામ્ય અને ફરકનાં મુદ્દા લખો.**

**પ્ર.૪ વૈદિક કાળની રાજકીય વ્યવસ્થાનો તક્તો પૂર્ણ કરો.**

| પદ/ સંખ્યા | કાર્ય |
|---|---|
| સભા | ------------------------------ |
| સમિતિ | ------------------------------ |
| ભાગદૂધ | ------------------------------ |

**પ્ર.૫ યોગસાધના કર્યા પછી આપણી જીવનશૈલીમાં ક્યા ફેરફાર આવી શકે છે?**

**ઉપક્રમ :**

* શિક્ષણ મેળવવાનો મનોમન નિર્ધાર કરનાર શિષ્ય એકલવ્યની કથાનું નાટ્યીકરણ સાદર કરો.
* ઈન્ટરનેટની મદદથી વેદનાં શ્લોકોનો સંગ્રહ કરો.
* ભારતીય વાયુસેના, ભૂસેનાનાં બોધ ચિહ્નો અને ઘોષવાક્યો મેળવીને ઉપક્રમ તમારી નોંધપોથીમાં લખો.

***

# ૫ વિવિધ ધર્મોનો ઉપદેશ



| | |
|---|---|
| ૫.૧. વૈદિક ધર્મ | ૫.૫. ખ્રિસ્તી ધર્મ |
| ૫.૨. જૈન ધર્મ | ૫.૬. ઈસ્લામ ધર્મ |
| ૫.૩. બૌદ્ધ ધર્મ | ૫.૭. પારસી ધર્મ |
| ૫.૪. જ્યૂ ધર્મ | |

ભારત ધાર્મિક વિવિધતાનો દેશ છે. પ્રાચીન સમયથી, ભારતમાં વિવિધ ધર્મોનો ઉદય અને પ્રસાર થયો છે. વૈદિક જૈન, બૌદ્ધ, જ્યૂ ખ્રિસ્તી, ઈસ્લામ અને પારસી ધર્મ, આ બધા ધર્મોનું ભારતીય સંસ્કૃતિમાં મહત્ત્વનું સ્થાન છે. આગળ જતાં મધ્યયુગના સમયમાં શીખ ધર્મની સ્થાપના થઈ. દરેક ધર્મનાં ઉપદેશમાં મૂળભૂત જીવનમૂલ્યો, સહિષ્ણુતા, ન્યાય અને નૈતિકતા પર ભાર મૂકાયો છે.

આ ધાર્મિક વિવિધતા ભારતીય સમાજની સંસ્કૃતિને જુદી જ ઓળખાણ આપે છે. સર્વસમાવેશકતા ભારતીય સંસ્કૃતિનો સહજ ગુણ છે. આ ગુણને લીધે આપણા દેશમાં 'વિવિધતામાં એકતા' આજ સુધી ટકી રહી છે.

**પ્રાચીન ભારતમાં ક્યા ધર્મનો પ્રસાર થયો ?**

**વિવિધ ધર્મોનું તત્ત્વજ્ઞાન આપણને શું શીખવે છે ?**

આ પ્રશ્નોના ઉત્તર શોધવા માટે આ પાઠમાં આપણે પ્રાચીન ભારતના વિવિધ ધર્મોનું તત્ત્વજ્ઞાન, ઉપદેશ અને તે ધર્મની પદ્ધતિનો પરિચય મેળવીશું.

પ્રાચીન ભારતમાં ધર્મનું અસ્તિત્વ વ્યક્તિગત શ્રદ્ધા કરતાં વધુ વ્યાપક વિચારોને મહત્વ આપનારું હતું. તેમાં જીવનનાં અંતિમ ધ્યેયની પ્રાપ્તિ, સત્યની શોધ અને સહિષ્ણુતાનું વધુ મહત્ત્વ હતું. પ્રાચીન ભારતમાં અનેક ધર્મનો પ્રચાર થયો. વૈદિક ધર્મ શ્રુતી એટલે કે વેદ, સ્મૃતિ એટલે કે વૈદિક સાહિત્ય અને પુરાણોનુસાર આચરણ સૂચવે છે. જૈન અને બૌદ્ધ ધર્મ પ્રાચીન ધર્મ પ્રવાહ છે. ઈસવીસનનાં પહેલાં શતકમાં જ્યૂ અને ખ્રિસ્તી ધર્મનો ભારતમાં પ્રવેશ થયો. ઈસ્લામ અને પારસી ધર્મનાં અનુયાયીઓ સાધારણતઃ ઈસવી સનનાં સાતમા-આઠમા શતકમાં ભારતમાં આવ્યા.



**વિચાર કરો.**

તમારા કુટુંબમાં ઉજવાતા ધાર્મિક ઉત્સવો, પૂજા, પ્રથા, પરંપરા દાદા-દાદી, માતા-પિતા કે વડીલો પાસેથી જાણી લો. આ તહેવારો-ઉત્સવો ઉજવવા, પ્રથા કે પરંપરા પાછળનાં તાર્કિક કારણો ક્યા હશે ? તેની ચર્ચા કરો.

## ૫.૧. વૈદિક ધર્મ :

વૈદિક ધર્મ ભારતનો સૌથી જૂનો ધર્મ મનાય છે. વૈદિક સાહિત્ય ધર્મનો મૂળભૂત આધાર છે. વૈદિક લોકો યજ્ઞ, નિસર્ગપૂજન અને તે માટે વૈદિક મંત્રો દ્વારા આહુતિ અર્પણ કરતાં હતાં. પ્રાચીન ભારતમાં સર્વસામાન્ય લોકોનું જીવન સાદું, ધર્મ અને નૈતિક મૂલ્યો પર આધારિત હતું. જેમ કે, સત્યવચન, કુટુંબના

વડીલોનો આદર, સંબંધોનું માન રાખવું, બીજાને દુ:ખ થાય એવું વર્તન ન કરવું, વગેરે પર ભાર આપવામાં આવતો. સમયાંતરે આ બાબતો વધારે ગુંચવણભરી થતી ગઈ.

વૈદિક ધર્મના મુખ્ય ગ્રંથોમાં વેદ, ઉપનિષદો, પુરાણો અને ધર્મશાસ્ત્રોનો સમાવેશ છે. વેદોમાં યજ્ઞ, મંત્ર અને દેવતાઓની માહિતી આપેલી છે. ઉપનિષદના તત્વજ્ઞાનમાં આત્મા, બ્રહ્મ, જીવનનો ઉદ્દેશ અને મોક્ષની ચર્ચા છે. ત્યાનુસાર માનવી જીવન, નિસર્ગ અને વિશ્વ બધું 'પરબ્રહ્મનો' જ આવિષ્કાર છે. તેને જ 'તત્' કહેવાય છે. આ વિચાર બે વિખ્યાત વાક્યોમાં રજૂ કરાયો છે.

> **તે વાક્યો આ પ્રમાણે છે.**
>
> **'अहं ब्रह्मास्मि । - હું બ્રહ્મ છું.**
>
> **तत् त्वम् असि- તું તે જ છે (તું 'તત્' છે.)'**

હિંદુ ધર્મ વૈદિક ધર્મનું અધિક વ્યાપક રૂપ છે. હિંદુ ધર્મે વેદોનાં જ્ઞાનનું જતન કર્યું તેમ જ ભક્તિ, તત્ત્વજ્ઞાન અને મોક્ષ કલ્પનાનો વિચાર રૂઢ કર્યો. હિંદુ ધર્મમાં એવું મનાય છે કે, પ્રત્યેક વ્યક્તિનું ભવિષ્ય તેનાં કર્મ પર આધારિત છે. ધર્મ એટલે ફક્ત ધાર્મિક વિધિ નથી. સત્ય, નૈતિકતા કર્તવ્યપાલન અને સમાજસેવા જેવા મુલ્યો પ્રમાણે વર્તન કરવું વ્યક્તિનો જન્મજાત ધર્મ જ છે. આ મૂલ્યોનુસાર જીવવું એટલે જ ધર્મનું પાલન કરવું છે. યજ્ઞ, હોમ-હવન, ઉપાસના-પૂજાપાઠ કરવાં, તહેવારો અને ઉત્સવો ઉજવવા વગેરે હિંદુ ધર્મની જીવનશૈલીનો જ ભાગ છે. ધર્મપાલન અને રોજિંદા જીવનના વ્યવહારનો ઉત્તમ સંગમ હિંદુ જીવન શૈલીમાં જોવા મળે છે. પ્રાચીન ભારતીય સમાજમાં વિકાસ પામેલી સંસ્કૃતિ, કલા, સાહિત્ય અને વિજ્ઞાન માં પણ ધર્મ જીવન અને વ્યાવહારિકતાનો સંબંધ જોડવામાં આવ્યો છે.

'ભગવદ્ગીતા' હિંદુ ધર્મનો પવિત્ર ગ્રંથ છે. 'ફળની આશા રાખ્યા વિના દરેકે પોતાનું કર્તવ્ય કરવું' એમ આ ગ્રંથમાં કહેલું છે. ઈસવી સનના આઠમાં શતકમાં આદ્ય શંકરાચાર્ય થઈ ગયા. જ્ઞાન અને વૈરાગ્ય જેવી બાબતો પર તેમણે ભાર આપ્યો. 'ઉપનિષદ', 'બ્રહ્મસૂત્ર' અને 'ભગવદ્ગીતા' પર ભાષ્ય લખીને તેમણે તેનો અર્થ સ્પષ્ટ કર્યો. તેમણે ભારતની ચાર દિશામાં બદ્રીનાથ, દ્વારકા, જગન્નાથપૂરી અને શૃંગેરી ઠેકાણે ચાર મઠની સ્થાપના કરી.



આદ્ય શંકરાચાર્ય

> **सर्वे भवन्तु सुखिन:** - બધાં સુખી થાય.
>
> **सर्वे सन्तु निरामया:** - બધાં વ્યાધિમુક્ત રહે.
>
> **सर्वे भद्राणी पश्चन्तु:** - બધાંનું કલ્યાણ થાવ.
>
> **मा कश्चिद्ध दु:ख भाग्भवेत्** - કોઈ દુ:ખી ન રહે.
>
> આ સંસ્કૃત શ્લોકની દરેક લીટીમાં પ્રાણીમાત્રનું કલ્યાણ થાય એ વિચાર અને તેમનાં માટે કરૂણા વ્યક્ત કરી છે.



**કરી જુઓ.**

'સાત દિવસમાં તમે કરેલાં સારાં કામ' તમારી નોંધપોથીમાં લખી રાખો. જેમ કે, મિત્રને મદદ કરી, ઘરમાં સાફસફાઈ કરી, ઝાડને પાણી પાયું વગેરે અઠવાડિયાના અંતે આ કામો દ્વારા' મને શું શીખવા મળ્યું? તે કહો.



**શું તમે જાણો છો?**

ભારતીય તત્ત્વજ્ઞાનની પરંપરાના વિવિધ મતપ્રવાહોમાં છ મુખ્ય મતપ્રવાહ છે, તેને 'ષડ્‌દર્શન' કહે છે. ભારતીય તત્ત્વજ્ઞાનના આ છ દર્શનનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. 'દર્શન' શબ્દનો અર્થ તત્ત્વજ્ઞાન છે.

ષડ્‌દર્શનમાં સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા અને વેદાંત આ છ દર્શનનો સમાવેશ થાય છે. આ દર્શનમાં વિશ્વનું તત્ત્વજ્ઞાન, સૃષ્ટિ, આત્મા અને મોક્ષ જેવા મૂળભૂત પ્રશ્નોનાં જવાબ શોધવામાં આવે છે.

૧. **સાંખ્યદર્શન :** આ દર્શનમાં વિશ્વની ઉત્પત્તિ કેવી રીતે થઈ, તેનું સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું છે.

૨. **યોગ દર્શન :** આ દર્શન નિરામય શરીર માટે સાધના અને ધ્યાન દ્વારા આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા પર ભાર મૂકે છે.

૩. **ન્યાય દર્શન :** આ દર્શન તર્કશાસ્ત્ર અને જ્ઞાન પર આધારિત છે.

૪. **વૈશેષિક દર્શન :** વિશ્વ અણુનું બનેલું છે. તે આ દર્શનનો એક મહત્ત્વનો સિદ્ધાંત છે.

૫. **પૂર્વમીમાંસા દર્શન :**આ દર્શન વેદના કર્મકાંડનું વિશ્લેષણ કરે છે.

૬. **વેદાંત દર્શન :** આ દર્શન ઉપનિષદના તત્ત્વજ્ઞાન પર આધારિત છે.

## ૫.૨. જૈન ધર્મ

જૈન ધર્મ ભારતના પ્રાચીન ધર્મો પૈકી એક છે. આ ધર્મમાં 'અહિંસા'ના તત્વને મહત્ત્વ આપવામાં આવ્યું છે. ધર્મજ્ઞાન પ્રગટ કરનારને જૈન ધર્મમાં 'તીર્થંકર' કહે છે. જૈન પરંપરા મુજબ કુલ ૨૪ તીર્થંકરો થઈ ગયા. વર્ધમાન મહાવીર જૈન ધર્મની પરંપરાના ચોવીસમા તીર્થંકર હતાં.

### વર્ધમાન મહાવીર : (ઈ.સ.પૂ.૫૯૯ થી ઈ.સ.પૂ.૫૨૭)

હાલ જે રાજ્ય આપણે 'બિહાર' નામે ઓળખીએ છીએ તે રાજ્યમાં પ્રાચીન સમયમાં 'વૃજ્જી' નામે એક મહાજન પદ હતું. તેની રાજધાની હતી વૈશાલી. વૈશાલી નગરના એક ભાગ કુંડગ્રામમાં વર્ધમાન મહાવીરનો જન્મ થયો. તેમના પિતાનું નામ સિદ્ધાર્થ અને માતાનું નામ ત્રિશલા હતું.

વર્ધમાન મહાવીરે જ્ઞાનપ્રાપ્તિ માટે ઘરબારનો ત્યાગ કર્યો. સાડાબાર વર્ષ તપશ્ચર્યા કર્યા પછી તેમને જ્ઞાન પ્રાપ્તિ થઈ. આ જ્ઞાન 'કેવલ' એટલે 'વિશુદ્ધ' સ્વરૂપનું હતું, એટલે તેઓ 'કેવલી' કહેવાયા. શરીરને સુખ આપતી બાબતોથી થતા આનંદ અને ત્રાસદાયક બાબતોથી થતી પીડાની પોતા પર કોઇપણ પ્રકાર અસર થવા ન દેવી એટલે કે વિકારો પર વિજય મેળવવો, આ વિજય તેમણે મેળવ્યો હોવાથી તેઓ 'જિન' એટલે કે 'જીતનારા' કહેવાયા. 'જિન' આ શબ્દ પરથી જૈન શબ્દ તૈયાર થયો. વિકારો પર વિજય મેળવનારા મહાન વીર એટલે વર્ધમાન 'મહાવીર' કહેવાયા. જ્ઞાનપ્રાપ્તિ પછી લોકોને ધર્મ સમજાવવા આશરે ત્રીસ વર્ષ સુધી ઉપદેશ આપ્યો. લોકોને ધર્મ



વર્ધમાન મહાવીર

સહજ સમજાય તે માટે વર્ધમાન મહાવીર 'અર્ધમાગધી' લોકભાષામાં લોકો સાથે સંવાદ સાધતા. તેમણે આપેલો ધર્મ શુદ્ધ આચરણ પર આધારિત હતો. શુદ્ધ આચરણ માટે તેમણે કહેલાં માર્ગનો સાર પંચમહાવ્રતો અને ત્રિરત્નોમાં સમાયેલો છે.

લોકોને ઉપદેશ આપવા તીર્થંકરોની જે સભાઓ થતી તેને અર્ધમાગધી ભાષામાં સમવસરણ કહેતાં હતા. આ સમવસરણ સમતા આધારિત હતું. આ સમવસરણમાં બધાં વર્ણના લોકોને પ્રવેશ હતો.

**પંચ મહાવ્રતો :** પંચ મહાવ્રતો એટલે અત્યંત કડક રીતે પાલન કરવાનાં પાંચ નિયમ.

**૧. અહિંસા :** કોઈપણ જીવને હાનિ થાય અથ વા હિંસા થાય એવું આચરણ કરવું નહિ.

**૨. સત્ય :** દરેક વચન અને કૃતિ સાચી હોવી.

**૩. અસ્તેય :** 'સ્તેય' એટલે ચોરી. બીજાની માલિકી કે હક્કની વસ્તુ માલિકની સંમત્તિ વગર લેવી એટલે ચોરી. ચોરી ન કરવી, એટલે અસ્તેય.

**૪. અપરિગ્રહ :** વ્યક્તિ મનમાં લોભ રાખીને માલ મિલકતનો સંગ્રહ કરવાંની વૃત્તિ ધરાવે છે. આવો સંગ્રહ ન કરવો, એટલે અપરિગ્રહ.

**૫. બ્રહ્મચર્ય :** શરીરને સુખ આપે તેવી બાબતોનો ત્યાગ કરી વ્રતોનું પાલન કરવું એટલે બ્રહ્મચર્ય.

**ત્રિરત્નો :** ત્રિરત્નો એટલે. ૧. 'સમ્યક્ દર્શન', ૨. 'સમ્યક્ જ્ઞાન' ૩. 'સમ્યમ્ ચરિત્ર' આ ત્રણ તત્ત્વો. સમ્યક્નો અર્થ છે, સંતુલિત.

**૧) સમ્યક્ દર્શન :** તીર્થંકરોના ઉપદેશમાંથી સત્ય જાણીને તેના પર શ્રદ્ધા રાખવી.

**૨) સમ્યક્ જ્ઞાન :** તીર્થંકરોના ઉપદેશ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીને તેનો અર્થ ઊંડાણમાં જઇને સમજવો.

**૩) સમ્યક્ ચરિત્ર :** પંચમહાવ્રતોનું ચુસ્તપણે પાલન કરવું.

**ઉપદેશનો સાર :** મહાવીરના ઉપદેશમાં 'અનેકાન્તવાદ'નો સિદ્ધાંત સત્યની શોધ માટે ખૂબ મહત્ત્વનો માનવામાં આવે છે. 'અનેકાન્ત' શબ્દમાં 'અન્ત' શબ્દનો અર્થ 'દષ્ટિકોણ' છે. સત્યની શોધ કરતી વખતે તે વિષયના એકાદ બે દષ્ટિકોણ પર લક્ષ આપીને નિર્ણય લેવાથી 'સત્યનું પૂર્ણ જ્ઞાન' થતું નથી. એટલે જ તે વિષયના અનેક દષ્ટિકોણો પર ધ્યાન આપવું આવશ્યક હોય છે, એવું આ સિદ્ધાંતમાં માનવામાં આવ્યું છે. આ સિદ્ધાંતના કારણ સમાજમાં પોતાનાં મત વિશે દુરાગ્રહ રાખવાની વૃત્તિ રહેતી નથી. બીજાનાં મત વિષે સહિષ્ણુતા નિર્માણ થાય છે.

મનુષ્યની મોટાઈ તેના વર્ણ ઉપર નહીં, તેના ઉત્તમ ચારિત્ર્ય પર આધારિત છે, એવો વર્ધમાન મહાવીરનો ઉપદેશ હતો. સ્ત્રીઓનાં જ્ઞાન મેળવવાના માર્ગો વૈદિક પરંપરામાં ધીમે ધીમે બંધ થયાં હતાં. પરંતુ વર્ધમાન મહાવીરે સ્ત્રીઓને સંન્યાસ લેવાનો અધિકાર આપ્યો. બધાં પ્રાણીઓ પર પ્રેમ કરો, મનમાં બીજા માટે દયા અને કરૂણા રાખો. જીવો અને જીવવા દો, એવો ઉપદેશ આપ્યો.



**વિચાર કરો**

આજના સમયમાં 'સત્ય બોલવું' સિધ્ધાંત આચરણમાં મૂકવો કેવી રીતે ઉપયોગી થશે ?

'પ્રેમ અને દયા' આ તત્ત્વજ્ઞાનનો આધુનિક સમાજમાં કેવી રીતે ઉપયોગ થશે ?

વર્તમાન સમયમાં 'અહિંસા'નું મહત્ત્વ છે ?

નાગરિક તરીકે આપણે આ સિધ્ધાંત કેવી રીતે આચરણમાં લાવી શકીએ?

## ૫.૩. બૌદ્ધ ધર્મ :

બૌદ્ધ ધર્મનો પ્રસાર ભારતમાં અને ભારતની બહાર અનેક દેશોમાં થયો. ગૌતમ બુદ્ધ બૌદ્ધ ધર્મના સંસ્થાપક છે.

### ગૌતમ બૌદ્ધ (ઇ.સ.પૂ ૫૬૩ થી ઇ.સ.પૂ. ૪૮૩)

ગૌતમ બુદ્ધનો જન્મ નેપાળના લુંબિની વનમાં થયો હતો. તેમના પિતાનું નામ શુદ્ધોધન અને માતાનું નામ મહામાયા (માયા દેવી) હતું. ગૌતમ બુદ્ધનું મૂળ નામ સિદ્ધાર્થ હતું. તેમને માનવજીવનનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું, માટે તેઓ 'બુદ્ધ' કહેવાયા. માનવી જીવન માં દુ:ખ કેમ છે ? આ પ્રશ્ન તેમને થયો. તેનો જવાબ



ગૌતમ બુદ્ધ

શોધવા તેમણે ઘરબારનો ત્યાગ કર્યો. વૈશાખ મહિનાની પૂનમને દિવસે બિહારમાં 'ગયા' શહેરની નજીક આવેલા 'ઉરુવેલા' સ્થળે ઝાડ નીચે તેઓ ધ્યાનસ્થ બેઠાં હતાં. તે સમયે તેમને 'જ્ઞાન' પ્રાપ્ત થયું. તે પીપળાના વૃક્ષને હવે 'બોધીવૃક્ષ' કહે છે. તેમ જ ઉરુવેલા સ્થાનને 'બોધગયા' કહે છે. તેમણે પહેલું પ્રવચન વારાણસી નજીક સારનાથમાં આપ્યું. આ પ્રવચનમાં તેમણે જે ઉપદેશ આપ્યો તેને 'ધમ્મ' કહે છે. આ પ્રવચન દ્વારા તેમણે ધમ્મના ચક્રને ગતિ આપી તેથી આ ઘટનાને પાલીભાષામાં 'ધમ્મચક્કપવત્તન' કહે છે. સંસ્કૃતમાં તેને 'ધર્મચક્રપ્રવર્તન' કહે છે. તે પછીના સમયમાં તેમણે ધમ્મનો ઉપદેશ આપવા માટે



બોધિવૃક્ષ

આશરે પિસ્તાળીસ વરસ 'ચારિકા' કરી. ચારિકા એટલે પગપાળા ફરવું. તેમણે તેમનો ઉપદેશ 'પાલી' લોકભાષામાં આપ્યો. બૌદ્ધ ધમ્મમાં બુદ્ધ, ધમ્મ અને સંઘને શરણે જવાની સંકલ્પના મહત્ત્વની છે. આ સંકલ્પનાને 'ત્રિશરણ' કહે છે. તેમણે કહેલો ધમ્મનો સાર નીચે પ્રમાણે છે.

**આર્યસત્યો** : માનવી જીવનનાં બધા વ્યવહારના મૂળમાં ચાર સત્ય છે. તેને 'આર્યસત્ય' કહે છે.

૧) દુ:ખ : માનવી જીવનમાં દુ:ખ હોય છે.

૨) દુ:ખનું કારણ : દુ:ખનું કારણ હોય છે.

૩) દુ:ખનું નિવારણ : દુ:ખ દૂર કરી શકાય છે.

૪) પ્રતિપદ : પ્રતિપદ એટલે માર્ગ. આ દુ:ખનો અંત કરવાનો માર્ગ શુદ્ધ આચરણનો માર્ગ છે. આ માર્ગને 'અષ્ટાંગિક માર્ગ' કહે છે.

**પંચશીલ** : ગૌતમબુદ્ધે પાંચ નિયમોનું પાલન કરવા કહ્યું છે. તે નિયમોને જ 'પંચશીલ' કહે છે.

૧) પ્રાણીઓની હત્યા કરવી નહિ.

૨) ચોરી કરવી નહિ.

૩) અનૈતિક આચરણથી દૂર રહેવું.

૪) અસત્ય બોલવું નહિ.

૫) માદક પદાર્થોનું સેવન કરવું નહિ.

**બૌદ્ધ સંઘ:** પોતાના ધમ્મનો ઉપદેશ કરવા માટે તેમણે ભિખ્ખુઓનો સંઘ તૈયાર કર્યો. ગૃહસ્થ જીવનનો ત્યાગ કરીને સંઘમાં પ્રવેશ કરતાં અનુયાયીઓને 'ભિખ્ખુ' કહે છે. બુદ્ધની જેમ ભિખ્ખુઓ પણ ચારિકા કરીને લોકોને ધમ્મનો ઉપદેશ આપવા જતાં. સ્ત્રીઓનો સ્વતંત્ર સંઘ હતો. તેમને 'ભિક્ષુની' કહે છે. બૌદ્ધ ધર્મમાં બધાં વર્ણો અને જાતિના લોકોને પ્રવેશ મળતો.

### શું તમે જાણો છો?

**અષ્ટાંગિક માર્ગ :**

૧) **સમ્યક્ દૃષ્ટિ :** ચાર આર્ય સત્યોનું જ્ઞાન હોય.

૨) **સમ્યક્ સંકલ્પ :** હિંસા વગેરે તત્વોનો ત્યાગ.

૩) **સમ્યક્ વાચા :** અસત્ય, ચાડીઓ, કઠોરતા અને નિરર્થક બડબડ ન કરવી.

૪) **સમ્યક્ કર્માન્ત :** પ્રાણીઓની હત્યા, ચોરી અને સ્વૈરાચારથી દૂર રહેવું.

૫) **સમ્યક્ આજીવ :** ઉપજીવિકા ગેરમાર્ગે ન કરતા યોગ્ય માર્ગે જ કરવી.

૬) **સમ્યક્ વ્યાયામ :** વ્યાયામ એટલે પ્રયત્ન કરવો. ખરાબ કર્મો થાય નહિ; અને થાય તો તેનો ત્યાગ કરવો; સારાં કર્મો કરવાં અને સારાં કર્મોનો નાશ ના થાય તે માટે પ્રયત્ન કરવો.

૭) **સમ્યક્ સ્મૃતિ :** મન એકાગ્ર કરી લોભ વગેરે વિકારો દૂર કરવા અને આપણા ચિત્તને યોગ્ય રીતે સમજાવવું.

૮) **સમ્યક્ સમાધિ :** ચિત્ત એકાગ્ર કરી ધ્યાનનો અનુભવ લેવો.

**ઉપદેશનો સાર :** ગૌતમ બુદ્ધે માનવી બુદ્ધિની સ્વતંત્રતાની ઘોષણા કરી. વર્ણ વિષમતા નકારી. જન્મથી કોઈ શ્રેષ્ઠ કે કનિષ્ઠ હોતું નથી, આચરણ પરથી શ્રેષ્ઠતા કે કનિષ્ઠતા નક્કી થાય છે. 'નાની અમથી ચકલી પણ પોતાના માળામાં સ્વચ્છંદપણે ચીં ચીં કરે'. તેમનું આ વચન પ્રખ્યાત છે. જે સ્વતંત્રતા અને સમતા જેવા મૂલ્યો વિષે તેમનું ચિંતન દર્શાવે છે. પુરૂષોની જેમ સ્ત્રીઓને પણ પોતાની ઉન્નતિ કરવાનો અધિકાર છે, એવો તેમણે ઉપદેશ કર્યો. યજ્ઞ જેવા કર્મકાંડનો વિરોધ કર્યો. તેમણે આપેલાં ઉપદેશમાં પ્રજ્ઞા, શીલ, કરૂણા વગેરે મૂલ્યો માનવોનું કલ્યાણ સાધનાર છે. સર્વ પ્રાણીમાત્ર માટે 'કરૂણા' તેમનાં વ્યક્તિત્વનું અસાધારણ પાસું છે.

### કહો જોઈએ.

ગૌતમ બુદ્ધનો ઉપદેશ સહિષ્ણુતા ફક્ત ભારતીય સમાજ માટે જ નહિ, પણ સંપૂર્ણ માન વજાત માટે આજે પણ માર્ગદર્શક કેમ છે?

### કરી જુઓ.

જાતક કથાઓને કારણે બૌદ્ધ ધર્મનો મૂળભૂત ઉપદેશ સહજ સમજાય છે. તેમાંથી આપણને નૈતિક મૂલ્યો અને જીવનનાં પાઠ મળે છે. તમારા વાચનાલયમાં ઉપલબ્ધ પુસ્તકો અથવા ઈન્ટરનેટની મદદથી એક જાતક કથા પસંદ કરી વર્ગમાં સાદર કરો.

**લોકાયત :** લોકાયત અથવા ચાર્વાક નામે ઓળખાતો પ્રાચીન કાળનો વિચારપ્રવાહ પણ મહત્વપૂર્ણ છે. તેમણે સ્વતંત્ર વિચારો પર ભાર મૂક્યો હતો. તેમણે વેદોના પ્રમાણને નકાર્યા હતા.

પ્રાચીનકાળમાં ભારત ભૂમિમાં નવાંનવાં ધાર્મિક વિચારોના સ્ત્રોત નિર્માણ થતા રહ્યાં. સમયાંતરે ભારતીય સમાજમાં જ્યૂ, ખ્રિસ્તી, ઈસ્લામ અને પારસી ધર્મનો પણ પ્રચાર થયો.

## ૫.૪. જ્યૂ ધર્મ

જ્યૂ ધર્મના લોકો આશરે ઈસવી સનના પ્રથમથી ત્રીજા શતકમાં કેરળનાં કોચીમાં આવ્યા હશે. આ ધર્મને 'યહુદી' ધર્મ પણ કહે છે. ઈશ્વર એક જ છે, તેવું આ લોકો માને છે.



સિનેગોગ

'તોરાહ' જ્યૂ ધર્મનો મુખ્ય ગ્રંથ છે. જ્યૂ ધર્મના ઉપદેશમાં ન્યાય, સત્ય, શાંતિ, પ્રેમ, કરૂણા, વિનમ્રતા, દાન, સારું બોલવું, સ્વાભિમાન જેવા ગુણો પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમના પ્રાર્થના સ્થળને 'સિનૅગૉગ' કહે છે.

## ૫.૫. ખ્રિસ્તી ધર્મ :

ઈશુખ્રિસ્ત ખ્રિસ્તી ધર્મનાં સંસ્થાપક હતાં. ઇશુ ખ્રિસ્તના ૧૨ શિષ્યોમાંના એક, સેંટ થોમસ ઈસવી સનનાં પહેલા શતકમાં કેરળમાં આવ્યા. તેમણે ઇસવીસન બાવનમાં ત્રિચૂર જિલ્લાના પલ્લયૂરમાં ચર્ચની સ્થાપના કરી. ખ્રિસ્તી ધર્મના ઉપદેશ અનુસાર ઇશ્વર એક જ છે. તે સૌના પ્રેમાળ પિતા અને સર્વશક્તિમાન છે. ઇશુખ્રિસ્ત દેવના પુત્ર હોવાથી માનવજાતિના ઉદ્ધાર માટે પૃથ્વી પર આવ્યા, એવું મનાય છે. આપણે સૌ એકબીજાના બંધુભગિની છીએ. આપણે સૌએ એકબીજા ઉપર અને પોતાના શત્રુઓ ઉપર સુદ્ધા પ્રેમભાવ રાખવો. બીજાની ભૂલો માફ કરવી, એવો ઉપદેશ ખ્રિસ્તી ધર્મમાં આપ્યો છે. 'બાઈબલ' ખ્રિસ્તી ધર્મનો પવિત્ર ધર્મગ્રંથ છે. તેમના પ્રાર્થના સ્થળને 'ચર્ચ' કહે છે.



ચર્ચ



### કરી જુઓ.

એક કાગળ પર બધાં ધર્મનાં સકારાત્મક સંદેશ લખી એકબીજાને આપો. બધાં સાથે મળીને સકારાત્મક સંદેશાઓની સાંકળ તૈયાર કરો અને વર્ગમાં તેનું વાંચન કરો.

## ૬. ઈસ્લામ ધર્મ

ઈસ્લામ એકેશ્વરવાદ માનતો ધર્મ છે. અલ્લાહ એક જ છે અને મહમદ પયગમ્બર તેમના મોકલેલા છે. ઈશ્વરનો સંદેશ પયગમ્બર દ્વારા પવિત્ર 'કુરાન' ધર્મગ્રંથમાં પ્રકટ થયેલો છે. 'ઈસ્લામ' શબ્દનો અર્થ 'શાંતિ' ઉપરાંત 'અલ્લાહને શરણે જવું' એવો પણ થાય છે, સર્વ સમયે અને સર્વત્ર ફક્ત અલ્લાહ છે, તે સર્વ શક્તિમાન અને પરમ દયાળુ છે, તેવું ઈસ્લામમાં કહ્યું છે. માનવ અસ્તિત્વનો હેતુ અલ્લાહની ઉપાસના કરવાનો જ છે, એવું મનાય છે. મનુષ્યે જીવનમાં કેવું વર્તન કરવું તેનું માર્ગદર્શન પવિત્ર 'કુરાન' ધર્મગ્રંથમાં આપેલું છે. ભારત અને અરબસ્તાન વચ્ચે ઘણાં પ્રાચીનકાળથી વેપારી સંબંધ હતો. અરબસ્તાનના વેપારી કેરળના કિનારા પરના બંદરોની મુલાકાત લેતા. ઈસવી સનના સાતમા સૈકામાં અરબસ્તાનમાં ઈસ્લામનો પ્રસાર થયો. તે જ સૈકામાં અરબ વેપારીઓ દ્વારા ભારતમાં ઈસ્લામનું આગમન થયું. ઈસ્લામ ધર્મના પ્રાર્થનાસ્થળને 'મસ્જિદ' કહે છે.



મસ્જિદ

## ૫.૭. પારસી ધર્મ

પારસી લોકો અને વૈદિક સંસ્કૃતિના લોકો વચ્ચે પ્રાચીનકાળથી જ સંબંધ હતો. પારસી ધર્મના પવિત્ર ગ્રંથનું નામ 'અવેસ્તા' છે. ઋગ્વેદ અને અવેસ્તાની ભાષામાં સમાનતા છે. પારસી લોકો ઈરાનના 'પાર્સ' અથવા 'ફાર્સ' નામના પ્રાંતમાંથી ભારત આવ્યા, માટે તેઓ 'પારસી' કહેવાય છે. તેઓ પ્રથમ ગુજરાતમાં આવ્યાં. તેઓ ઈસવીસનના આઠમા સૈકામાં આવ્યા

હશે, એવો કેટલાંકનો મત છે. ઝરથુસ્ટ્ર પારસી ધર્મના સંસ્થાપક હતા. 'અહુર મજદ' તરીકે તેમના દેવનો ઉલ્લેખ કરવામાં આવે છે. પારસી ધર્મમાં 'અગ્નિ' અને 'પાણી' આ બે તત્ત્વોનું ખૂબ મહત્ત્વ છે. તેમનાં મંદિરમાં પવિત્ર અગ્નિ પ્રજ્વલિત કરેલો હોય છે. તે મંદિરને 'અગિયારી' કહે છે. ઉત્તમ વિચાર, ઉત્તમ વાણી અને ઉત્તમ કાર્ય આ ત્રણ મુખ્ય આચરણ તત્ત્વો પારસી વિચારસરણીનો સાર છે.



અગિયારી

**પારસી ધર્મનું તત્ત્વજ્ઞાન કહે છે :**

''જગતમાં સજ્જનતા અને દુર્જનતાનો સંઘર્ષ સતત ચાલુ જ હોય છે. માનવે હંમેશા સજ્જનતાનો માર્ગ પસંદ કરવો.''



**કરી જુઓ.**

'ધાર્મિક એકાત્મતા' વિષય પર પોસ્ટર અથવા ચાર્ટ તૈયાર કરો. તેમાં વિવિધ ધર્મનાં તત્ત્વજ્ઞાનનો સમાવેશ કરી વર્ગમાં પ્રદર્શન કરો.

ભારતમાં પ્રાચીનકાળથી જ ધાર્મિક સહિષ્ણુતા હતી. ભારતીય સંસ્કૃતિમાં **'एकं सत् विप्रा बहुधा वदन्ती'** સૂત્ર મૂળભૂત રીતે વણાયેલું છે. તેનો અર્થ છે, અંતિમ સત્ય એક જ છે. તેને અનેક નામ આપવામાં આવે છે.' તેથી જ ભારતીય સમાજે હંમેશા બધાને સમાવી લીધાં છે. બધા ધર્મોનો ભારતની સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરા ઉપર ઊંડો પ્રભાવ રહ્યો છે. આ ધર્મના અનુયાયીઓએ સાંસ્કૃતિક સમૃદ્ધિ, સામાજીક સૌહાર્દ અને ધાર્મિક સહિષ્ણુતના વિચારોને પ્રોત્સાહન આપ્યું. ધાર્મિક રીતે વૈવિધ્યસભર ભારત આજે પણ સર્વ ધર્મોના સમન્વયથી સમૃદ્ધ અને બીજા ધર્મો સાથે સહિષ્ણુતાથી જીવવાની વિશેષતા ધરાવે છે.



**શું તમે જાણો છો ?**

'દરેક ધર્મનું તત્ત્વજ્ઞાન (દર્શન) જીવનની નૈતિકતા, શાંતિ અને સામાજીક ન્યાય પર આધારિત છે.'



## સ્વાધ્યાય

**પ્ર.૧ અ) એક શબ્દમાં જવાબ લખો.**

૧. ભારતીય સંસ્કૃતિનો સહજ ગુણ ______________

૨. જૈન ધર્મમાં ધર્મજ્ઞાન પ્રગટ કરનારા ___________

૩. ગૌતમ બુદ્ધે પહેલું પ્રવચન વારાણસી નજીક ____________ માં આપ્યું.

૪. જ્યૂ ધર્મીઓનો મુખ્ય ધર્મગ્રંથ ______________

૫. ઈસ્લામ લોકોનું પ્રાર્થનાસ્થળ ____________

**પ્ર.૨ અ) તક્તો પૂર્ણ કરો.**

| ધર્મ | ધર્મગ્રંથ | પ્રાર્થનાસ્થળ |
|---|---|---|
| ----------- | ----------- | સિનૅગૉગ |
| ----------- | બાઈબલ | ----------- |
| ----------- | ----------- | મસ્જિદ |
| ----------- | અવેસ્તા | ----------- |

બ)

| દર્શન | સ્પષ્ટીકરણ |
| --- | --- |
| ----------- | વિશ્વની ઉત્પત્તિ કેવી રીતે થઈ, તેનું વિવેચન |
| યોગદર્શન | ----------- |
| ----------- | તર્કશાસ્ત્ર અને જ્ઞાન પર આધારિત |
| વૈશેષિક દર્શન | ----------- |
| ----------- | વેદના કર્મકાંડનું વિશ્લેષણ |
| વેદાંત દર્શન | ----------- |

**ક) નીચેની ઘટના કાળક્રમાનુસાર ગોઠવો.**

૧. ગૌતમ બુદ્ધે ભ્રમણ કરીને લોકોને ઉપદેશ આપ્યો.

૨. ગૌતમ બુદ્ધનો જન્મ લુંબિનીમાં થયો.

૩. 'બોધગયા'માં બોધિવૃક્ષની નીચે ધ્યાન કરતી વખતે તેમને જ્ઞાન પ્રાપ્તિ થઈ.

**પ્ર.૩ ટૂંક નોંધ લખો.**

૧) આર્યસત્ય ૨) ભગવદ્ગીતા

૩) પંચશીલ તત્ત્વો ૪) ત્રિરત્નો

**પ્ર.૪) નીચેનાં પ્રશ્નોના જવાબ લખો.**

૧) વિવિધ ધર્મના અહિંસા, કરૂણા અને સત્ય જેવા મૂલ્યોની સમાજ પર શી અસર થાય છે?

૨) કોઈપણ બે ધર્મના ઉપદેશમાં રહેલી સમાનતા ઉદાહરણ આપી સ્પષ્ટ કરો.

**પ્ર.૫ પ્રાર્થના/ ધ્યાન-ધારણા, વિપશ્યનાથી માનવી સમૂહને ક્યા ફાયદા થાય છે?**

**કૃતિ -**

- વિવિધ ધર્મના તહેવારોની માહિતી એકત્રિત કરો.
- 'સર્વધર્મ સમભાવ' પર જૂથ ચર્ચા કરો.
- પાઠમાં આવેલાં મહત્ત્વના સ્થાનો નકાશામાં બતાવો. જેમ કે, ધાર્મિક સ્થળો, સ્તૂપ, જન્મસ્થાનો વગેરે.

## ઉપક્રમ

૧. નીચે આપેલી જગ્યામાં તમારા મનપસંદ તહેવારનો પ્રકૃતિ સાથે સંબંધ દર્શાવતું ચિત્ર દોરો.

***

# ૬ જનપદો અને મહાજનપદો



| | |
|---|---|
| ૬.૧ જનપદો | ૬.૩ ગણરાજ્ય |
| ૬.૨ મહાજનપદો | ૬.૪ મગધસામ્રાજ્યનો ઉદય |

**જાણી લો.**

ગામનો અને શહેરનો કારભાર કોણ અને કેવી રીતે ચલાવે છે ? એ વિશે માહિતી મેળવો.

પ્રાચીન ભારતમાં અનેક નાની નાની ગામ-વસાહતો હતી. ત્યાંના લોકો ખેતી કરતાં, વેપાર કરતાં અને સાથે મળીને રહેતા હતા. ધીરે ધીરે ગામ-વસાહતોના કારભાર માટે ગામ-વસાહતોના સમૂહ તૈયાર થયાં. આ સમૂહને જનપદ નામ આપવામાં આવ્યું.

જેમ જેમ સમય ગયો તેમ તેમ કેટલાક જનપદ પ્રબળ બન્યાં. તેમની પાસે સૈન્ય, ફળદ્રુપ જમીન, ઉત્તમ પ્રશાસન અને સમૃદ્ધ વેપાર હતો.જનપદનો વિસ્તાર થતાં થતાં, તેમનું રૂપાંતર આગળ જતાં 'મહાજનપદ'માં થયું.

**ચર્ચા કરો.**

**આટલાં મોટા રાજ્યમાં સૌથી વધારે શક્તિશાળી કોણ હશે ?**

**જનપદો, મહાજનપદો અને રાજ્યો આ ત્રણમાં શો ફરક હશે ?**

**કેટલાંક જનપદોનો વિસ્તાર થયો, તે કેવી રીતે થયો હશે ?**

હવે આપણે તત્કાલીન સમાજજીવન અને શાસનવ્યવસ્થાનું સ્વરૂપ સમજીએ.

## ૬.૧ જનપદ

સાધારણપણે ઇસવીસન પૂર્વે ૧૦૦૦થી ઈસવી સન પૂર્વ ૬૦૦ના સમયગાળાને, ઉત્તર વૈદિક કાળખંડ માનવામાં આવે છે. આ સમયમાં લોકો ધીરે ધીરે સ્થિર થયા. કેટલાંક સ્થળે તેમની સ્થાયી વસાહતો નિર્માણ થઈ. આ વસાહતો આગળ જતાં જનપદના નામે ઓળખાવા લાગી. 'જનપદ' એટલે કોઈ વિશિષ્ટ પ્રદેશમાં રહેતા લોકોનો સમૂહ. જ્યાં લોકો સાથે મળીને રહેતાં. ખેતી, પશુપાલન અને નાના પ્રમાણમાં વેપાર કરતા હતાં. આ લોકસમૂહ એક જાતિના હોવાથી તેમની જાતિનું નામ તે જનપદને આપવામાં આવતું. દરેક જનપદનો પોતાનો એક પ્રમુખ હોય. પરંતુ દરેક નિર્ણયો સમાજના વડીલોની સલાહથી જ લેવામાં આવતાં. જનપદના લોકોનું જીવન પરસ્પર સહકાર પર આધારિત હતું. જનપદને પ્રાચીન ભારતીય રાજકીય વ્યવસ્થાનું પ્રથમ પગથિયું માનવામાં આવે છે. અહીં લોકોનો સહભાગ, સામૂહિક નિર્ણય અને સામાજિક સંગઠન પર ભાર મૂકવામાં આવતો હતો.

## ૬.૨ મહાજનપદ

ઇસવીસન પૂર્વે લગભગ ૬ઠા સૈકામાં કેટલાંક જનપદો આર્થિક વ્યવહાર, સૈન્ય વ્યવસ્થા અને પ્રશાસનની દૃષ્ટિએ અધિક સામર્થ્યવાન બનવા લાગ્યા. આવાં મોટાં રાજ્યો 'મહાજનપદ' તરીકે ઓળખાયા. મહાજનપદમાં અનેક ગામડાં, નગર, વેપાર માર્ગ અને સશસ્ત્ર સૈન્યનો સમાવેશ હતો.




મહાજનપદોમાં રાજા અથવા સલાહકાર મંડળ નેતૃત્વ કરતું. અહીંની પ્રશાસન વ્યવસ્થા સુવ્યવસ્થિત હતી. મહાજનપદોમાં ખેતી, વેપાર, બજારો અને કલાઓનો વિકાસ થયો. કેટલાંક જનપદો તેમના બાજુના જનપદનો પરાભવ કરી તેમનો પ્રદેશ પોતાના રાજ્યમાં ભેળવી દેતા. ઇસવીસન પૂર્વે છઠ્ઠા સૈકા સુધી મહાજનપદોમાંના સોળ મહાજનપદોને વિશેષ મહત્વ પ્રાપ્ત થયું હતું.

તેમનાં નામ નીચે પ્રમાણે છે -

**મહાજનપદો અને તેમની રાજધાનીના નગર -**

૧. કાશી- વારાણસી
૨. કોસલ- શ્રાવસ્તી
૩. અંગ-ચંપા
૪. મગધ-ગિરીવ્રજ/રાજગૃહ
૫. વૃજ્જી/ વૃજ્જી-વૈશાલી
૬. મલ્લ/માલવ-કુશિનાર/કુશીનગર

૭. ચેદિ- શુક્તિમતી /સોથ્થિવતી
૮. વંશ / વત્સ - કૌશાંબી
૯. કુરુ ઇન્દ્રપ્રસ્થ /ઇન્દ્રપટ્ટણ
૧૦. ઉત્તર પાંચાલ-અહિચ્છત્ર, દક્ષિણ પાંચાલ-કાંપિલ્ય
૧૧. મત્સ્ય-વિરાટનગર
૧૨. શૂરસેન- મથુરા
૧૩. અશ્મક / અસ્સક - પોટલી/પોતન/પોદન
૧૪. અવંતી- ઉજ્જયિની અને મહિષ્મતિ
૧૫. ગાંધાર-તક્ષશીલા
૧૬. કંબોજ-રાજપુર

મહાજનપદોનો વિકાસ એ પ્રાચીન ભારતમાં સામ્રાજ્યોનો ઉદય થવા પહેલાંનો ટપ્પો હતો.

સોળ મહાજનપદોમાં પણ મગધ, કોશલ, વત્સ અને અવંતિ આ ચાર મહાજનપદો વધુ સામર્થ્યવાન થતાં ગયા. જનપદની તુલનામાં, મહાજનપદ લોકસંખ્યા, ભૂભાગ અને સાધન સંપત્તિની દ્રષ્ટિએ મોટાં હતાં.

## ૬.૩ ગણરાજ્ય

કેટલાંક મહાજનપદોની પ્રશાસન પદ્ધતિમાં જનપદમાંના સામાન્ય લોકોનો પણ સહભાગ હતો, તેમને ગણરાજ્ય કહેતા. ગણરાજ્યોમાં બધા નિર્ણયો રાજાના હાથમાં કેન્દ્રિત હોતા નથી, સલાહકાર મંડળની મદદથી નિર્ણયો લેવામાં આવે. આ મંડળમાં વયોવૃદ્ધ વ્યક્તિ યોદ્ધાઓ અથવા તો ચૂંટાઈ આવેલા લોકોનો સમાવેશ થતો. જનપદમાંની જ્યેષ્ઠ વ્યક્તિઓની 'ગણપરિષદ' હતી. ગણપરિષદના સદસ્યો એકત્રિતપણે ચર્ચા કરીને રાજ્યકારભાર સંબંધી નિર્ણયો લેતાં. આ ચર્ચાઓ જે સભાગૃહમાં થતી, તેને 'સંથાગાર' કહેવામાં આવતું. ઉદાહરણ તરીકે, વૃજ્જીસંઘ એ ગણરાજ્ય હતું. અહીંની નિર્ણય પ્રક્રિયામાં સામાન્ય લોકોનો સહભાગ રહેતો. તે જ પ્રમાણે મલ્લ ગણરાજ્યમાં પણ સામૂહિક નેતૃત્વની પદ્ધતિ હતી. આ ગણરાજ્યોને લીધે પ્રાચીન ભારતમાં લોકશાહીની શરૂઆત થઈ એમ કહી શકાય. પ્રાચીન ભારતમાં રાજસત્તાક અને ગણરાજ્ય પદ્ધતિ કાર્યરત હતી.



**જાણી લો.**

ગણપરિષદની મતદાન પદ્ધતિ- સભાગૃહના સદસ્યોના બહુમતથી નિર્ણય મંજૂર થતાં. મતદાનનું સ્વરૂપ ખુલ્લું મતદાન, ધ્વનિ આધારિત મતદાન અથવા ગોપનીય પદ્ધતિનું મતદાન એમ જુદા - જુદા પ્રકારનું હતું. સભાસદોના મતને 'છંદ' કહેતા. મતદાન માટે વિવિધ રંગોની દંડીકા વપરાતી, જેને 'શલાકા' કહેતાં. મતદાન પ્રક્રિયાનું સંચાલન કરનાર વ્યક્તિને શલાકા ગ્રાહક કહેતાં. અનુપસ્થિત સભાસદોને પણ મતદાનનો અધિકાર આપવામાં આવતો હતો. પરંતુ મોટા ભાગે ઉપસ્થિતોના મતદાન પરથી જ નિર્ણય લેવામાં આવતાં હતાં.



**વિચાર કરો.**

ગણરાજ્યની મતદાન પદ્ધતિ અને આજની મતદાન પદ્ધતિની તુલના કરો.

## ૬.૪ મગધ સામ્રાજ્યનો ઉદય

આશરે ઇસવીસન પૂર્વે ૬ઠા સૈકામાં મહાજનપદોમાં મગધ સૌથી સામર્થ્યશાળી અને પ્રભાવી મહાજનપદ તરીકે ઉદય પામ્યું. પ્રાચીન ભારતમાં રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક દષ્ટિકોણથી તે મહત્વનું બન્યું. મગધ સામ્રાજ્યનો ઉદય થવાનાં કેટલાંક મહત્વના કારણો હતાં.

**ભૌગોલિક સ્થાનનો ફાયદો**

- ગંગા નદીના કાંઠાની ફળદ્રુપ જમીન
- જળ માર્ગે વેપાર

**ખનિજ સંપત્તિ**

- ખાસ કરીને લોખંડનો મોટો કુદરતી ભંડાર
- ખેતીની અદ્યતન તકનીકો અપનાવી અદ્યતન શસ્ત્રોનો ઉપયોગ થવા લાગ્યો.

**રાજ્યથી સામ્રાજ્ય**

- બિંબિસાર અને અજાતશત્રુ જેવા રાજાઓએ રાજ્યનો વિસ્તાર કર્યો.
- પાટલિપુત્રમાં રાજધાનીસ્થાપી. જે લશ્કરી, રાજકીય તેમજ આર્થિક દ્રષ્ટિએ અત્યંત મહત્ત્વનું કેન્દ્ર હતું.પાટલિપુત્રથી સંપૂર્ણ મગધપ્રદેશનું નિયંત્રણ કરવું સરળ બન્યું.
- પ્રશાસકીય સુધારાઓને લીધે રાજ્ય વધુ સંગઠિત બન્યું.

**મજબૂત અર્થવ્યવસ્થા**

- વેપાર અને બજારોનો વિકાસ.
- મહત્વનું વ્યાપારિક કેન્દ્ર હતું. જ્યાંથી બીજા દેશોમાં કાપડ, મસાલા, ધાતુ જેવી મૂલ્યવાન વસ્તુઓની નિકાસ થતી હતી.

**રાજકીય સંબંધ**

- બીજા મહાજનપદોનો સમાવેશ કર્યો.
- રાજ્યના વિસ્તાર માટે વૈવાહિક સંબંધો પ્રસ્થાપિત કર્યા.

પ્રાચીન ભારતમાં સામ્રાજ્ય સ્થાપનાનું આ પહેલું ઉદાહરણ હતું.

બિંબિસાર રાજાએ મગધ સામ્રાજ્યનો પાયો નાખ્યો. તેમના સમયમાં મગધનો વેપાર વધ્યો.ખેતી વ્યવસ્થામાં સુધારો થયો અને આર્થિક સ્થિતિ પણ સુધરી. તેમણે રાજગૃહમાં મગધની રાજધાની સ્થાપી. બિંબિસાર પછી તેમનો પુત્ર અજાતશત્રુ સત્તા પર આવ્યો. તેણે પણ મગધનો વિસ્તાર કરવાનું ધોરણ સ્વીકાર્યું. અજાતશત્રુએ વૃજ્જી અને કોસલ મહાજનપદ જીતી લીધાં.



**શું તમે જાણો છો ?**

અજાતશત્રુએ કેટલાંક નવા શસ્ત્રો તૈયાર કર્યા. તેણે ‘મહાશિલાકંટક’ નામે મોટા પથ્થરોનો



વરસાદ વરસાવે તેવું યંત્ર તૈયાર કર્યુ, જેને કારણે શત્રુઓના કિલ્લાની ભીંતો સહેલાઈથી તૂટી જતી. તેમજ 'રથમુસળ' નામનો કાંટાળા લોખંડના ધારદાર છરાવાળો વિશેષ રથ તૈયાર કર્યો- જે શત્રુના પાયદળમાં ઘુસીને મોટું નુકસાન કરતા. આ નવાં શસ્ત્રોથી અજાતશત્રુને વૃજ્જી જેવા બળવાન ગણરાજ્યની વિરુદ્ધના યુદ્ધમાં પણ નિર્ણાયક વિજય મેળવવામાં મદદ મળી અને મગધ સામ્રાજ્યનો વધુમાં વધુ વિસ્તાર થયો.

અજાતશત્રુએ બિહારમાં પાટલિપુત્રમાં (આજનું પટણા શહેર) નવી રાજધાની પ્રસ્થાપિત કરી.



**કહો જોઈએ !**

રાજધાની કેમ મહત્વપૂર્ણ હોય છે? રાજધાની ક્યાં હોવી જોઇએ? રાજધાની માટેના માપદંડ કયા? શિક્ષકાની મદદથી વર્ગમાં ચર્ચા કરો.

અજાતશત્રુ ગૌતમ બુદ્ધના અનુયાયી બન્યા. ગૌતમબુદ્ધના મહાપરિનિર્વાણ પછી અજાતશત્રુની કારકિર્દીમાં રાજગૃહમાં બૌદ્ધ ધર્મની પહેલી સંગિતી (પરિષદ) થઇ.

અજાતશત્રુ પછી થયેલાં મગધના રાજાઓમાં શિશુનાગ મહત્ત્વનો શાસક હતો. તેણે અવંતિ, વાસુ અને કોસલ રાજ્યો પર વિજય મેળવ્યો. તેથી મગધનું સામર્થ્ય ખૂબ જ વધ્યું.

શિશુનાગ પછી નંદ-વંશનો ઉદય થયો. 'મહાપદમનંદ' નંદ વંશના સૌથી પ્રસિદ્ધ રાજા હતા. તેમણે મગધ સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. ઉત્તર ભારતમાંના અનેક નાના રાજ્યો પર તેમણે પોતાનું આધિપત્ય સ્થાપ્યું. નંદરાજા તેમના મોટાં સૈન્યદળ માટે, સંપત્તિ માટે અને કરવ્યવસ્થા માટે પ્રખ્યાત હતા. તેમના સમયમાં મગધ સૌથી બળવાન રાજ્ય બન્યું. પરંતુ છેલ્લો રાજા ધનાનંદ અત્યંત અહંકારી હતો. તેણે લાદેલા અનેક અન્યાયકારી કરને લીધે પ્રજામાં અસંતોષ વધ્યો. પ્રશાસન વ્યવસ્થા ભ્રષ્ટ થવાથી મગધ સામ્રાજ્ય દુર્બળ બનવા લાગ્યું હતું. અંતે આચાર્ય ચાણક્ય અને ચંદ્રગુપ્તમૌર્યએ મળીને નંદ રાજવંશનો અંત કર્યો અને મૌર્ય સામ્રાજ્યની સ્થ ાપના કરી.

જનપદથી માંડીને સામ્રાજ્ય સુધીનો પ્રવાસ, પ્રાચીન ભારતના રાજકીય વિકાસનો મહત્વનો ટપ્પો ગણાય છે. આ રીતે ગામ-વસાહતથી શરૂ કરીને તેનું મોટા રાજ્યમાં રૂપાંતર કેવી રીતે થયું અને ગણરાજ્ય કેવી રીતે વિકસિત થયા, તે સમજાય છે.



અજાતશત્રુ-શિલ્પ



# સ્વાધ્યાય

**પ્ર.૧ અ) યોગ્ય પર્યાય સામે ☑ કરો.**

૧. ગામવસાહતના કારભાર માટે ગામવસાહતોના સમૂહ તૈયાર થયા, આ સમૂહને શું કહે છે?

અ) જનપદ ☐

બ) મહાજનપદ ☐

ક) રાજ્ય ☐

૨. મગધ સામ્રાજ્યનો પાયો કોણે નાખ્યો?

અ) શિશુનાગ ☐

બ) અજાતશત્રુ ☐

ક) બિંબિસાર ☐

૩. ચન્દ્રગુપ્તમૌર્યએ કોના રાજ વહીવટનો નાશ કર્યો?

અ) શિશુનાગ ☐

બ) નંદ ☐

ક) મૌર્ય ☐

**બ) જોડકાં જોડો.**

| 'અ' જૂથ | 'બ' જૂથ |
|---|---|
| ૧. મતદાન પ્રક્રિયાનું સંચાલન કરનાર વ્યક્તિ | અ. બૌદ્ધ ધર્મનો સ્વીકાર |
| | બ. શલાકા ગ્રાહક |
| ૨. વૃજ્જી | ક. મહાજન પદ |
| ૩. અજાતશત્રુ | ડ. જનપદ |

**પ્ર.૨ એક શબ્દમાં જવાબ લખો.**

૧. નંદવંશનો છેલ્લો રાજા-

૨. મોટાં પથ્થરોનો વરસાદ વરસાવતું યંત્ર-

૩. પાટલિપુત્રને રાજધાની તરીકે પ્રસ્થાપિત કરનાર-

**પ્ર.૩ અ) ટૂંકમાં જવાબ લખો.**

૧. ગામવસાહતોનું નિર્માણ કઈ રીતે થયું?

૨. જનપદનું નિર્માણ શાના લીધે થયું?

૩. મહાજનપદના વિકાસના કારણો લખો.

**બ) તમારા શબ્દોમાં લખો.**

૧. મગધ સામ્રાજ્યને અધિક સામર્થ્યશાળી બનાવવા અજાતશત્રુએ કયા સુધારા કર્યા?

૨. ગણપરિષદની મતદાન પદ્ધતિ અને આજની મતદાન પદ્ધતિ વચ્ચેનું સામ્ય અને તફાવત જણાવો.

**પ્ર.૪ પાઠમાં આપેલા નકશાનું નિરીક્ષણ કરી પ્રશ્નોના જવાબ લખો.**

૧. ભારતની વર્તમાન આંતરરાષ્ટ્રીય સીમારેખાની બહાર હોય તેવા મહાજનપદોના નામ લખો.

૨. 'અશ્મક' મહાજનપદ હાલમાં કયા રાજ્યમાં છે?

૩. કઈ નદીના તટપ્રદેશમાં વધુ પ્રમાણમાં મહાજનપદો આવેલા છે?

**ઉપક્રમ :**

પાઠમાં આવેલા મહાજનપદો વર્તમાનમાં ભારતના કયા કયા રાજ્યોમાં આવે છે ? ઇન્ટરનેટની મદદથી શોધો. મહાજનપદ અને રાજ્યની યાદી તૈયાર કરો.

જેમ કે – અવંતી : ગુજરાત.

***

# ૭ મૌર્યકાલીન ભારત



૭.૧ મૌર્ય સામ્રાજ્યની સ્થાપના
૭.૨ સમ્રાટ અશોક
૭.૩ મૌર્ય સામ્રાજ્યની રાજ્યવ્યવસ્થા
૭.૪ કલા, સ્થાપત્ય અને લોકજીવન

'યુગપ્રવર્તન' એટલે કાળ બદલાવો, સમાજમાં વિચારો અને મૂલ્યોનો નવો પ્રવાહ નિર્માણ થવો. જ્યારે એક વ્યક્તિની પ્રવૃત્તિ અથવા વિચારોને લીધે સમાજને નવી દિશા મળે ત્યારે તે વ્યક્તિને 'યુગપ્રવર્તક' કહે છે.

આવા જ એક યુગપ્રવર્તક કાળનો આરંભ ઈસવીસન પૂર્વે ચોથા સૈકામાં મૌર્ય સામ્રાજ્યની સ્થાપનાથી થયો હતો. તે સમયે ભારત અનેક નાના નાના રાજ્યોમાં વિભાજીત હતું. પરકીય આક્રમણો વધ્યાં હતાં અને એ સમયે મગધ સામ્રાજ્ય દુર્બળ બન્યું હતું. આ કાળમાં ચંદ્રગુપ્ત મૌર્યએ મૌર્ય સામ્રાજ્યની સ્થાપના કરી. જે નવાયુગની શરૂઆત હતી. આ કાર્યમાં રાજા ચંદ્રગુપ્તને આર્ય ચાણક્યની મદદ મળી.



**વિચાર કરો**

ભારતમાં પહેલું મોટું અને સંગઠિત સામ્રાજ્યનું નિર્માણ કઇ રીતે થયું ?

સમ્રાટ અશોકે પોતાના સામ્રાજ્યમાં ઠેકઠેકાણે સ્તંભાલેખ કેમ કોતરાવ્યાં હશે?

ચાલો, આપણે આ બધાં પ્રશ્નોના ઉત્તર શોધવાનો પ્રયત્ન કરીએ.

## ૭.૧ મૌર્ય સામ્રાજ્યની સ્થાપના

પહેલાના પાઠમાં આપણે જોયું કે, મગધ સામ્રાજ્યમાં નંદ વંશના રાજા ધનાનંદ રાજ્ય કરતા હતા. અત્યંત ધનવાન હતો. પ્રજાના મનમાં તેમના માટે અસંતોષ હતો. ચંદ્રગુપ્તે ધનાનંદનો પરાભવ કર્યો. ઈસ્વીસનપૂર્વ ૩૨૧માં ચંદ્રગુપ્તે મગધ જીતી લીધું આગળ જતાં તેમણે અવંતિ અને સૌરાષ્ટ્ર જીતીને મૌર્ય સામ્રાજ્યનો વિસ્તાર કર્યો.



**શું તમે જાણો છો ?**

આર્ય ચાણક્યને 'કૌટિલ્ય અથવા વિષ્ણુગુપ્ત' પણ કહેવામાં આવે છે. તેઓ મહાન, રાજનીતિજ્ઞ અને વિદ્વાન હતા. તેમણે 'અર્થશાસ્ત્ર' નામનો ગ્રંથ લખ્યો છે. ગ્રંથમાં શાસનવ્યવસ્થા, કરપદ્ધતિ, સંરક્ષણ, ગુપ્તચર અને રાજકારણ વિશે મહત્વનાં સિદ્ધાંતો કહ્યાં છે.

નાનપણમાં પોતાના મિત્રો સાથે રમતી વખતે ચંદ્રગુપ્ત રાજાની ભૂમિકા ભજવતા.



તેઓ કોઈ એક ઝાડની નીચે પોતાનો દરબાર ભરતા. એક દિવસ, આર્ય ચાણક્ય ત્યાંથી જતા હતા, ત્યારે તેમણે ચંદ્રગુપ્તને રાજાની ભૂમિકા ભજવતા જોયા. ચંદ્રગુપ્તમાં કુદરતી રીતે જ નેતૃત્વના ગુણ અને ન્યાય આપવાની પધ્ધતિ

જોઈને ચાણક્યએ તેમની ક્ષમતા ઓળખી લીધી. તેમને ખાતરી થઈ ગઈ કે આ જ છોકરો ધનાનંદની અન્યાયી સત્તાનો અંત કરી શકશે.

તે પછી આર્ય ચાણક્ય,ચંદ્રગુપ્તને પોતાની સાથે લઈ ગયા. તેમને શિક્ષણ આપ્યું અને યુદ્ધકળામાં અને પ્રશાસનમાં નિપુણ બનાવ્યા. આગળ જઈને તેમણે મૌર્ય સામ્રાજ્યની સ્થાપના કરી. વિશાખદત્તે લખેલા 'મુદ્રારાક્ષસ' નાટકમાં ધનાનંદનો પરાભવ કરીને ચંદ્રગુપ્ત મૌર્યએ સત્તા કેવી રીતે સ્થાપી તે લખ્યું છે.



### કરી જુઓ !

પુસ્તકાલયના પુસ્તકને આધારે અથવા ઇન્ટરનેટના માધ્યમથી ચંદ્રગુપ્તમૌર્યના ચરિત્ર વિશે માહિતી મેળવો. વર્ગમાં તેમની કથાના આધારે નાટક પ્રસ્તુત કરો.

ગ્રીક સમ્રાટ એલેક્ઝાન્ડર ઉર્ફ સિકંદર જેણે ઇસવીસન પૂર્વે ૩૨૬માં ભારતની વાયવ્ય સરહદના પ્રદેશ પર સવારી કરી હતી. તે ભારતના પંજાબ પ્રાંત સુધી આવ્યો હતો. ત્યાર બાદ તેણે પોતાના દેશમાં પાછા ફરવાનો નિર્ણય લીધો, તે સમયે પાછાં ફરતાં, રસ્તામાં સિકંદરનું મૃત્યુ થયું. ભારતમાં તેણે જીતેલાં પ્રદેશોની વ્યવસ્થા માટે તેણે અધિકારીઓની નિમણૂકો કરી હતી. તેમને 'સત્રપ' કહેવામાં આવતા હતા. તેના મૃત્યુ પછી સત્રપોમાં પણ સત્તા માટે લડાઈઓ શરૂ થઈ. આજ સમય દરમ્યાન ગ્રીક સેનાપતિ સેલ્યુકસ નિકેટર ભારત પર આક્રમણ કરવાના પ્રયત્ન કરતો હતો. ચંદ્રગુપ્તમૌર્ય એ તેનો પરાભવ કર્યો. તેથી મૌર્ય સામ્રાજ્યનું સામર્થ્ય વધ્યું અને સિકંદર બાદ ભારતમાં ગ્રીક સત્તાનો પ્રભાવ વધ્યો નહીં. અફઘાનિસ્તાનના કાબુલ, કંદાહાર, હેરાત જેવા પ્રદેશોનો ચંદ્રગુપ્તમૌર્યના સામ્રાજ્યમાં સમાવેશ થયો. મેગેસ્થેનિસ નામનો સેલ્યુકસ નિકેટરનો રાજદૂત ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં રહ્યો હતો. તેના 'ઇન્ડિકા' નામના ગ્રંથમાં કરેલું વર્ણન મૌર્યકાલીન ભારતના અભ્યાસ માટેનું મહત્વનું સાધન છે.



### શું તમે જાણો છો ?

ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં હાલના ગુજરાત રાજયના જુનાગઢમાં 'સુદર્શન' નામનું તળાવ બાંધ્યું હતું. ખેતી, સિંચન અને પીવાના પાણીનો પૂરવઠો કરવા માટે આ તળાવનો ઉપયોગ થતો હતો. જળવ્યવસ્થા સંભાળવા માટે પ્રશાસનમાં વિશેષ અધિકારીઓ નિમાતાં હતાં. 'અર્થશાસ્ત્ર' ગ્રંથમાં જળાશયનું નુકસાન કરનાર વ્યક્તિને શું દંડ કરવો જોઈએ? તે વિસ્તારથી આપ્યું છે. સુનિયોજિત કરવ્યવસ્થા અને જળાશયોની જાળવણીના કારણે મૌર્યકાળમાં કાર્યક્ષમ જળવ્યવસ્થાપન નિર્માણ થયું. તે પછી અનેક રાજાઓએ આ તળાવની જાળવણી અને સમારકામ પર ધ્યાન આપ્યું. સુદર્શન તળાવનું સમારકામ સમ્રાટ અશોક, શક રાજા રુદ્રદામન અને તેના પછીના સમયના રાજાઓએ પણ કરાવ્યું હતું. તેનો ઉલ્લેખ જૂનાગઢના શિલાલેખમાં મળી આવે છે.

સુદર્શન તળાવને પ્રાચીન ભારતીય જળવ્યવસ્થા અને ઇજનેરી કુશળતાનું આગવું પ્રતીક માનવામાં આવે છે.

### તમારો શો મત છે ?

પ્રાચીનકાળની જળવ્યવસ્થાપન માહિતીનો ઉપયોગ આધુનિક કાળમાં પણ થાય?

ચંદ્રગુપ્તે પોતાની કારકિર્દીના અંતમાં રાજપદનો ત્યાગ કર્યો અને જૈન ધર્મ સ્વીકાર્યો. તે કર્ણાટકના શ્રવણબેળગોળમાં જઈને રહ્યો. ચંદ્રગુપ્ત પછી તેનો પુત્ર બિંદુસાર સત્તા પર આવ્યો. બિંદુસારે સામ્રાજ્યનો વિસ્તાર કરવાનું ચાલુ રાખ્યુ. તેમણે ઇંડો-ગ્રીક સત્રપો સાથે મૈત્રીપૂર્ણ સંબંધ પ્રસ્થાપિત કર્યો. તેમની કારકિર્દીમાં મૌર્ય સામ્રાજ્યનો રાજકીય અને આર્થિક પાયો વધારે મજબૂત થયો.બિંદુસારના મૃત્યુ પછી તેનો પુત્ર અશોક સત્તા પર આવ્યો.


મૌર્યકાલીન ભારત
ઉ.
અશોકના શિલાલેખ
અશોકના સ્તંભાલેખ
અશોકનું સામ્રાજ્ય
ભારતની વર્તમાન આંતરરાષ્ટ્રીય સીમા
આધુનિક શહેર
હિંદુકુશ પર્વત
શહાબાજ ગઢી
મનસેરા
કાબૂલ નદી
તક્ષશિલા
સિંધુ નદી
તોપ્રા
કાલસી
મીરત
દિલ્લી
(ઇંદ્રપ્રસ્થ)
યમુના નદી
બૈરાટ
મથુરા
ગંગા નદી
શ્રાવસ્તી
નિગલીવા
કપિલવસ્તુ
રુમ્મિનદેઈ
નેપાળ
લલિત પાટણ
રામપૂર્વા
લૌરિયા નંદનગઢ
લૌરિયા અરરાજ
પાટલિપુત્ર
ચંબલ નદી
પ્રયાગ
કાશી
સહસ્રામ
મગધ
ચંપા
ઉજ્જયિની
રુપનાથ
કચ્છ
સૌરાષ્ટ્ર
ગિરનાર
નર્મદા નદી
સાંચી
તામ્રલિપ્તી
તાપી નદી
મહાનદી
તોશાલી
જૌગડ
સોપારા
ગોદાવરી નદી
કલિંગ
સન્નતી
આંધ્ર
કૃષ્ણા નદી
મસ્કી
કુપગલ
સુવર્ણગિરી
સિદ્ધાપુર
બ્રહ્મગિરી
અરબી સમુદ્ર
બંગાળનો ઉપસાગર
નેલ્લોર
કાવેરી નદી
ચોળ
પાંડ્ય
લક્ષદ્વીપ
(ભારત)
આંદામાન નિકોબાર દ્વીપ
(ભારત)
0
500
કિલોમીટર
શ્રીલંકા
હિંદી મહાસાગર

## ૭.૨ સમ્રાટ અશોક



સમ્રાટ અશોક

બિંદુસારે તેની કારકિર્દી દરમિયાન ઉજ્જયિની અને તક્ષશિલાના રાજ્યપાલ તરીકે અશોકની નિમણૂક કરી હતી. પરાક્રમ અને સાહસ જેવા ગુણોને લીધે તે સત્તા પર આવ્યો. વાયવ્યમાં અફઘાનિસ્તાનમાં અને ઉત્તરમાં નેપાળથી, દક્ષિણમાં કર્ણાટક અને આંધ્રપ્રદેશ સુધી, તેમજ પૂર્વમાં બંગાળથી પશ્ચિમમાં સૌરાષ્ટ્ર સુધી સમ્રાટ અશોકનું સામ્રાજ્ય ફેલાયેલું હતું.

### સમ્રાટ અશોકનું કલિંગ યુદ્ધ

સમ્રાટ અશોકના જીવન ચરિત્રમાં સૌથી મહત્વની ઘટના એટલે તેનું કલિંગનું યુદ્ધ. પ્રાચીન કલિંગ રાજયનો સમાવેશ આજના ઓડિશા રાજયમાં થતો. કલિંગ મૌર્ય સામ્રાજ્યનો ભાગ ના હોવાથી અશોકે કલિંગ પર ચઢાઈ કરી. તેમાં તે વિજયી થયો. આ યુદ્ધમાં લાખો સૈનિકો માર્યા ગયા. અનેક જણ કેદી બન્યા. થયેલી પ્રચંડ જાનહાનિ જોઈ અશોકને ખૂબ દુખ થયું. આ યુદ્ધને લીધે સમ્રાટ અશોકનું આખું જીવન બદલાઈ ગયું.



**વિચાર કરો.**

ધારો કે, તમે એક પત્રકાર છો. સમ્રાટ અશોકની મુલાકાતમાં કલિંગ યુદ્ધ બાદ સમ્રાટ અશોકનું જીવન કઈ રીતે બદલાયું, તે વિશે ક્યા પ્રશ્નો પૂછશો?

### સમ્રાટ અશોકનું ધર્મપ્રસાર કાર્ય -

અશોકે બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો. રોજિંદા જીવનમાં અહિંસાનું આચરણ, માતા-પિતાની સેવા, ગુરૂજન અને વડીલોનો આદર જેવી બાબતો પર ભાર આપ્યો.

સમ્રાટ અશોકે પોતાનો સંદેશ લોકો સુધી પહોંચાડવા ઠેકઠેકાણે શિલાલેખ અને સ્તંભાલેખ કોતરાવ્યા. આ લેખ બ્રાહ્મી લિપિમાં છે. આ લેખમાં તેણે પોતાનો ઉલ્લેખ, **'देवानं पियो पियदसी'** અર્થાત દેવોને પ્રિય પ્રિયદર્શી એમ કર્યો છે. આ રીતે શિલાલેખો અશોકકાલીન ઇતિહાસના બહુમૂલ્ય સાધનો છે. આ શિલાલેખમાં અહિંસા, જીવદયા, પરોપકાર, ધર્મ સહિષ્ણુતા, ઉત્તમ ચારિત્ર્ય વગેરે સદ્ગુણોનું આચરણ પ્રજાએ કરવું, એવું આવ્હાન મળી આવે છે. તે માટે તેણે સંપૂર્ણ સામ્રાજયમાં ધમ્મ અધિકારીઓ નિમ્યા હતા. તેમને 'ધમ્મમહામત્ત' કહેવાતા. આ અધિકારીઓ લોકોમાં નૈતિકતાનો સંદેશ પહોંચાડતા હતા. આ સિદ્ધાંતોના પ્રસારાર્થે અશોકે દૂરદૂરનાં પ્રદેશોમાં પણ ધર્મ-પ્રસારકો મોકલ્યા હતા. પોતાના પુત્ર મહેન્દ્ર અને કન્યા સંઘમિત્રાને પણ તેમણે શ્રીલંકામાં ધર્મપ્રસાર માટે મોકલ્યા હતા, તેવો ઉલ્લેખ મળે છે. આ સિવાય પશ્ચિમમાં સીરિયા, ઈજિપ્ત, ગ્રીસ તેમ જ પૂર્વમાં મ્યાનમાર વગેરે અનેક દેશોમાં અશોકે ધર્મપ્રસારક મોકલ્યા હતા. અશોકે પાટલિપુત્રમાં બૌદ્ધ ધર્મપરિષદ ભરી હતી.

### સમ્રાટ અશોકના લોકકલ્યાણકારી કાર્યો-

સમ્રાટ અશોકે પોતાની પ્રજા માટે અનેક લોક-કલ્યાણકારી કાર્યો કર્યા. તેણે દવાખાના, ઔષધાલયો અને ધર્મશાળાઓ બાંધી. નગરમાં અને પ્રવાસી માર્ગો પર બંને તરફ ઝાડ ઉગાડ્યા. કૂવા અને પરબની સગવડ કરી. તેણે પ્રાણીઓ માટે પણ દવાખાના બંધાવ્યા. અશોકના શિલાલેખમાં તેની પ્રજા પ્રત્યેની જવાબદારી પ્રેમ અને સેવાભાવ સ્પષ્ટ જણાય છે.



**વિચાર કરો.**

લોકકલ્યાણકારી પ્રશાસકમાં કયા ગુણ હોવા જોઈએ ? તેણે કયા કામોને પ્રાધાન્ય આપવું જોઈએ ? આ વિષય પર વર્ગમાં ચર્ચા કરો.

### ૭.૩ મૌર્ય સામ્રાજ્યની રાજ્યવ્યવસ્થા -

મૌર્યકાલીન રાજ્ય વ્યવસ્થામાં રાજાના હાથમાં સર્વોચ્ચ અધિકારો હતા. રાજાને મદદ કરવા માટે મંત્રીપરિષદ હતી. તેમાં વિવિધ વિભાગોના પ્રમુખ હતા, તેને 'અધ્યક્ષ' કહેવામાં આવતા. આમાંથી કેટલાંક મહત્વના ઉદાહરણો-પણ્યાધ્યક્ષ (વેપારનો મુખ્ય અધિકારી) અને સીતાધ્યક્ષ (ખેતીનો મુખ્ય અધિકારી).

મૌર્યકાળમાં જાસૂસીખાતુ અતિપ્રબળ હતું. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જાસૂસી વ્યવસ્થાનું સવિસ્તર વર્ણન છે. અર્થવ્યવસ્થા અને કર વ્યવસ્થાનું સ્વરૂપ નિશ્ચિત હતું. જન કલ્યાણ, સંરક્ષણ અને ધર્મકાર્ય માટે રાજકોષમાંથી ખર્ચ કરાતો હતો.

રાજકારભારમાં સગવડતા ખાતર રાજ્યની ચાર પ્રાંતમાં વિભાગણી કરી હતી-

| વિભાગ | રાજધાની |
|---|---|
| પૂર્વ | તોશાલી |
| પશ્ચિમ | ઉજ્જયિની |
| ઉત્તર | તક્ષશિલા |
| દક્ષિણ | સુવર્ણગિરી |

**પ્રશાસન ત્રણ મુખ્ય સ્તરે વિભાગવામાં આવ્યું હતું-**

**કેન્દ્ર શાસન-** રાજધાની પાટલિપુત્રમાંથી સામ્રાજ્યના બધાં નિર્ણયો લેવામાં આવતાં. રાજા,મંત્રી પરિષદ અને વિભાગીય અધિકારીઓની મદદથી સંપૂર્ણ સામ્રાજ્યનું પ્રશાસન પ્રભાવી રીતે કરવામાં આવતું.

**પ્રાંતીય પ્રશાસન-** સમ્રાજ્ય જુદા-જુદા પ્રાંતમાં વિભાગવામાં આવ્યુ હતું. પ્રત્યેક પ્રાંત પર કુમાર (રાજપુત્ર) અને મહામાત્યની (પ્રશાસકીય અધિકારી) મદદથી નિયંત્રણ રાખવામાં આવતું હતું.

**સ્થાનિક પ્રશાસન-** ગામ અને નગર સ્તરે ગ્રામણી (ગામના પ્રમુખ), નગર અને સ્થાનિક સમિતિ દ્વારા દૈનંદિન કારભાર, કર, ન્યાય અને સુવ્યવસ્થાનું વ્યવસ્થાપન કરવામાં આવતું હતું.

## શું તમે જાણો છો ?






તમે ભારતીય રાષ્ટ્ર ધ્વજ પર અશોકચક્ર અને રાજમુદ્રા જોઈ છે કે? આ પ્રતીકો વિશે તમે શું જાણો છો ? તે સંબંધી વધુ માહિતી મેળવી તેના પર ચર્ચા કરો.

### ૭.૪ કલા, સ્થાપત્ય અને લોકજીવન

મૌર્યકાળમાં શિલ્પકલા વિકસિત થઈ. સમ્રાટ અશોકે બનાવેલા સ્તંભ અને સ્તૂપ શિલ્પકલાના ઉત્તમ ઉદાહરણો છે. મૌર્યકાળનાં શિલ્પોમા સિંહ, હાથી, બળદ જેવાં પ્રાણીઓનું આબેહૂબ ચિત્રણ જોવા મળે છે.



અશોકસ્તંભ

અનેક પરદેશી પ્રવાસીઓએ લખેલાં પ્રવાસવર્ણનમાં રાજધાની પાટલિપુત્રમાં આવેલા ભવ્ય રાજમહેલોના વર્ણનો મળી આવે છે. ધાર્મિક વાસ્તુકલામાં સ્તૂપ અને વિહારનું મહત્વ હતું. આ કાળમાં ખોદેલી બિહારની બારાબર ગુફા સૌથી પ્રાચીન ગુફા છે. સાંચીનો સ્તૂપ, સારનાથ સ્તૂપ તે કાળના સ્થાપત્યના ઉત્તમ નમૂના છે.



બારાબર ગુફા

મૌર્યકાળમાં પથ્થરોને વિશેષ તંત્ર વડે ઘસીને એટલા લીસા અને ચમકદાર બનાવવામાં આવતા, કે તેમાં અરીસાની જેમ પ્રતિબિંબ દેખાતું. રથ અને ઘોડાની સ્પર્ધા, નૃત્યસંગીત સ્પર્ધા, મલ્લયુદ્ધ જેવા મનોરંજનના માધ્યમો લોકપ્રિય હતા. તેમ જ લોકો સોગઠાબાજી અને ચેસ જેવી રમતો પણ રસપૂર્વક રમતા.

#### કરી જુઓ !

મૌર્યકાલીન સ્તંભ, શિલાલેખ અને શિલ્પોનાં ચિત્રો ભેગાં કરો અને તમારી નોંધપોથીમાં ચોંટાડો.

મૌર્યકાળમાં લોકજીવન સુખી અને સંપન્ન હતું. ખેતીના ઉત્પાદનોનું મહત્વ હતું. ભોજનમાં દૂધ, દહીં ઘી, જુદાં-જુદાં ફળો, ચોખા, જવ ઈત્યાદીનો સમાવેશ કરવામાં આવતો.

### શું તમે જાણો છો કે?

મૌર્ય કાળના લોકજીવન વિશે મેગૅસ્થિનિસના 'ઇંડિકા' ગ્રંથમાં ઘણી માહિતી મળે છે. મેગૅસ્થેનિસ કહે છે કે, 'અહીંના લોકો મહેનતુ અને કરકસરવાળા છે. તેઓ અનેક કલાઓમાં કુશળ છે. ખેડૂતો વર્ષમાં બે વખત પાક લે છે. લડાઈ ચાલુ હોય તો પણ ખેડૂતોને કોઈ ત્રાસ આપતું નથી. શત્રુઓ પણ પાકને નુકસાન પહોંચાડતા નથી. લોકો સુખી અને પ્રામાણિક છે. ચોરી ક્યારેક જ થતી. લોકોને ન્યાય માંગવાની જરૂર ક્યારેક જ પડે છે. ગુલામીની પદ્ધતિ અસ્તિત્વમાં જ નહોતી.

સમ્રાટ અશોકના મૃત્યુ પછી મૌર્ય સામ્રાજ્યનું સામર્થ્ય ધીમે ધીમે ઓછું થતું ગયું. સ્થાનિક શાસકો સ્વતંત્ર થવા લાગ્યા અને સામ્રાજ્યના ટુકડા થયા. મૌર્ય સામ્રાજ્યના છેલ્લા રાજા બૃહદ્રથનો અંત કરીને પુષ્પમિત્ર શુંગે શુંગ વંશની સ્થાપના કરી.

## સ્વાધ્યાય

**પ્ર.૧ અ) યોગ્ય પર્યાય સામે ☑ કરો.**

૧. મુદ્રારાક્ષસ નાટકના કથાનકનો મુખ્ય વિષય

અ) ગુપ્તચર વ્યવસ્થાનું વર્ણન. ☐

બ) નંદ વંશનો અંત અને ચંદ્રગુપ્તનું કાર્ય. ☐

ક) મૌર્ય કાળનું લોકજીવન ☐

૨. આર્ય ચાણક્યના 'અર્થશાસ્ત્ર' નામના ગ્રંથમાં નીચેના બાબતો હતી.-

અ) સદાચરણનાં પર ભાર. ☐

બ) કલિંગ યુદ્ધનું વર્ણન. ☐

ક) શાસન વ્યવસ્થા, કરપ્રણાલી, સંરક્ષણ, જાસૂસી ખાતું અને રાજકારણ. ☐

૩. મેગૅસ્થિનીસના 'ઇંડિકા' ગ્રંથમાં નીચેની બાબતોનું વર્ણન મળે છે -

અ) જળાશયોનું નુકસાન કરનાર વ્યક્તિને શું દંડ આપવો તેનું માર્ગદર્શન ☐

બ) અહિંસા, જીવદયા, પરોપકાર, ધર્મ સહિષ્ણુતા, ઉત્તમ ચારિત્ર્ય ઇત્યાદિ સદ્‌ગુણોનું આચરણ પ્રજાએ કરવું. ☐

ક) અહીંના લોકો મહેનતુ અને કરકસરવાળા છે. ☐

**બ) નામ લખો.**

૧. નંદ વંશનો છેલ્લો રાજા ....................

૨. **'દેવાનં પિયો પિયદસી'**....................

૩. મેગૅસ્થેનિસે લખેલો ગ્રંથ ...............

**પ્ર.૨ અ) સંકલ્પનાચિત્ર પૂર્ણ કરો.**



**બ) આપેલી ઘટનાઓ કાળાનુક્રમે ગોઠવો.**

૧. સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો.

૨. કલિંગના યુદ્ધમાં સમ્રાટ અશોકનો વિજય થયો.

૩. ઉજ્જયિની અને તક્ષશિલાનાં શાસક તરીકે અશોકની નિમણૂંક થઈ.

૪. પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને ધર્મપ્રસાર માટે શ્રીલંકા મોકલ્યા.

**પ્ર.૩ અ) ટૂંકમાં માહિતી લખો.**

૧. સમ્રાટ અશોકનું ધર્મ પ્રસારનું કાર્ય.

૨. મૌર્યકાલીન શિલ્પકલા.

**બ) નીચેની ઘટનાઓ કેમ ઘટી? કારણો લખો.**

૧. સમ્રાટ અશોકે હિંસાનો માર્ગ છોડીને બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો.

૨. ચંદ્રગુપ્ત મૌર્યએ ધનાનંદનો પરાભવ કર્યો.

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો.**

૧. સમ્રાટ અશોકે તેના શિલાલેખ દ્વારા જનતાને કઈ કઈ સૂચનાઓ આપી ?

૨. સુદર્શન તળાવ પ્રાચીન ભારતીય જળ-વ્યવસ્થાપન અને ઇજનેરી કુશળતાનું ઉત્તમ પ્રતીક કેમ માનવામાં આવે છે?

૩. બૌદ્ધ ધર્મ સ્વીકાર્યા પછી સમ્રાટ અશોક પોતાનામાં કયું પરિવર્તન લાવ્યાં ?

**ઉપક્રમ**

૧. 'હું આર્ય ચાણક્ય બોલું છું...' આ એકપાત્રી નાટ્ય પ્રયોગ દ્વારા મૌર્ય સામ્રાજ્યની માહિતી શાળાના પરિપાઠમાં રજૂ કરો.

૨. તમારા પરિસરમાં જળવ્યવસ્થાપન, રેન વોટર હાર્વેસ્ટિંગ, 'હર ઘર જલ' વિશે માહિતી મેળવી તેના પર ચર્ચા કરો.

***

# ૮ પ્રાચીન ભારત અને મહારાષ્ટ્રના રાજ્યો તથા રાજવંશો




૮.૧. શૃંગ વંશ
૮.૨. કાણ્વવંશ
૮.૩. ઇન્ડો-ગ્રીક (યવન) રાજાઓ
૮.૪. શક રાજાઓ
૮.૫. સાતવાહન વંશ
૮.૬. કુશાણ રાજાઓ
૮.૭. ગુપ્ત વંશ
૮.૮. વર્ધન વંશ


**'જો ભારતનો નકશો બોલે તો?'**

કલ્પના કરો કે, ભારતનો નકશો તમારી સાથે વાત કરી રહ્યો છે!

નકશો કહે છે :

''પ્રાચીન સમયમાં મારી અંતર્ગત સીમાએ અનેક સામ્રાજ્યની ચડતી પડતી જોઈ છે. કેટલાક રાજાઓ સમુદ્રપારથી આવ્યા હતા, તો કેટલાક સ્થાનિક હતા.''

સમ્રાટ અશોક પછી મૌર્ય સામ્રાજ્યની પડતી શરૂ થઈ અને છેલ્લે તે લુપ્ત થઈને ભારતવર્ષમાં અનેક નાનીમોટી રાજ્ય સત્તાઓ ઉદય પામી. મૌર્ય પછી શુંગ વંશે, પોતાની સત્તા સ્થાપી. આ સમયમાં ભારત પર ગ્રીક (યવન), શક, કુશાણ જેવા પરદેશીઓના આક્રમણો થતાં રહ્યાં. અહીં તેમની સત્તા સ્થપાઈ. એ જ સમયે દક્ષિણમાં સાતવાહન વંશ ઉદય પામ્યો. તેના પછી દક્ષિણમાં વાકાટક અને ઉત્તરમાં ગુપ્ત વંશનું રાજ્ય સ્થપાયું. ગુપ્ત રાજ્યના અસ્ત પછી વર્ધન વંશ વિશેષ પ્રભાવિત બન્યો.''

**નકશો તમને પૂછે છે :**

- નકશાનું નિરીક્ષણ કરીને તમને કઈ કઈ બાબતો જાણવા મળે છે?
- ઇતિહાસ વિશે માહિતી મેળવવામાં હું તમને કઈ રીતે મદદરૂપ થાઉં છું?
- ગુપ્ત સામ્રાજ્ય ખૂબ મહત્ત્વનું સામ્રાજ્ય હતું. શું મહારાષ્ટ્ર આ સામ્રાજ્યનો ભાગ હતું? તે કહો.

વિદ્યાર્થી મિત્રો, તમને નકશા સાથે પ્રવાસ કરીને ઇતિહાસ વિશે જાણવું ગમશે? તો ચાલો...

## ૮.૧. શુંગ વંશ

સમ્રાટ અશોક પછી મૌર્ય સામ્રાજ્યમાં રાજકીય અસ્થિરતા વધવા લાગી. આવી અસ્થિર પરિસ્થિતિમાં મૌર્ય સેનાના સેનાપતિ પુષ્યમિત્ર શુંગે સત્તા સંભાળી. પુષ્યમિત્ર વૈદિક ધર્મનો સમર્થક હતો. તેણે અશ્વમેધ યજ્ઞ કર્યો. તેના રાજ્યનો વિસ્તાર પંજાબના જાલંધર અને સિયાલકોટ (શાકલ) સુધી થયાનું જણાય છે.

## ૮.૨. કાણ્વ વંશ

દેવભૂતિ શુંગ વંશનો છેલ્લો રાજા હતો. તેના પછી કાણ્વ વંશની સત્તાની સત્તાની સ્થાપના થઈ. કાણ્વ વંશના સંસ્થાપક વસુદેવ કણ્વ હતા. તેમણે કલા, સંસ્કૃતિ અને શિક્ષણને પ્રોત્સાહન આપ્યું.

## ૮.૩. ઇન્ડો-ગ્રીક (યવન) રાજાઓ

સિકંદરની ચઢાઈ પછી તેના સૈન્યના અનેક અધિકારીઓ અને પ્રશાસકો ભારતના વાયવ્ય ભાગમાં સ્થાયી થયા. આગળ જતા તેમણે સ્વતંત્ર રાજ્યો નિર્માણ કર્યા. જે 'ઇંડો-ગ્રીક' (યવન) તરીકે ઓળખાય છે.



**તમે જાણો છો ?**

પ્રાચીન ભારતમાં 'યવન' શબ્દ ગ્રીક લોકો માટે વપરાતો હતો. આ શબ્દની વ્યુત્પત્તિ મૂળ ગ્રીક શબ્દ 'આયોનિયન'માંથી થઈ છે. ઇંડો-ગ્રીકને ભારતીય સાહિત્ય અને શિલાલેખમાં 'યવન' તરીકે સંબોધવામાં આવ્યાં છે. પછીના સમયમાં તો પરદેશથી આવનારા બધા જ 'યવન' કહેવાયા.

અફગાનિસ્તાન, પંજાબ અને ગાંધાર પ્રદેશમાં ઇંડો-ગ્રીકોનો પ્રભાવ વધુ હતો. તે ઇંડો-ગ્રીક રાજાઓમાં મિનેન્ડર એટલે કે મિલિંદ નામના પ્રસિદ્ધ રાજા થયા.

મિનેન્ડર અને બૌદ્ધ ભિક્ષુ નાગસેન વચ્ચે થયેલો પ્રશ્નોત્તર રુપી સંવાદ 'મિલિંદપન્હ' નામના પ્રસિદ્ધ ગ્રંથ માં જોવા મળે છે. તેમાં બૌદ્ધ ધર્મના તત્વોનું વિવરણ આપેલું છે.

ઇંડો-ગ્રીક રાજાના સિક્કાઓ પર દર્શનીય બાજુએ ગ્રીક અને પાછળની બાજુએ ખરોષ્ઠી લિપિનું લખાણ મળી આવે છે. સિક્કાની એક બાજુએ રાજાનો ચેહરો, તેમનું શિરસ્ત્રાણ અને પાછળની બાજુએ દેવતાની પ્રતિમા કોતરેલી રહેતી. તે કાળમાં દરિયાઈ (સાગરી) અને ખુશ્કી (જમીન) માર્ગે પશ્ચિમ એશિયા સાથેનો વેપાર મોટા પ્રમાણમાં વધ્યો હતો.



ઇંડો-ગ્રીક સિક્કા : આગળની અને પાછળની બાજુ



**તમે જાણો છો ?**

ગાંધાર શૈલી ભારતની ઉત્તમ કલાશૈલીઓ પૈકી એક માનવામાં આવે છે. આ શૈલી પર ગ્રીક શૈલીનો પ્રભાવ જોવા મળે છે. આ કલાશૈલીનો વિકાસ મુખ્યત્વે કુશાણ કાળમાં થયો હતો. આધુનિક પાકિસ્તાન, અફગાનિસ્તાન અને વાયવ્ય તરફનું



ભારત જેવા પ્રદેશો ગાંધાર કલાશૈલીના મુખ્ય કેન્દ્રો હતાં. ગાંધાર શૈલીમાં માનવીય આકૃતિ એકદમ વાસ્તવિક દેખાતી. ગાંધાર શૈલીમાં ગૌતમ બુદ્ધની અનેક પ્રતિમા બનાવવામાં આવી હતી.

## ૮.૪. શક રાજાઓ

મૌર્યોત્તર કાળમાં ભારતની વાયવ્ય સીમાથી અનેક પરદેશીઓએ ભારતમાં પ્રવેશ કર્યો. તે પૈકી એક એટલે શક. તેમને 'સ્કિથિયન' પણ કહેવામાં આવે છે. તેમના મૂળસ્થાનને શકસ્તાન અથવા શિસ્તાન કહેવામાં આવતું. શકસ્તાન (સ્કિથિયા) હાલના ઈરાન, અફગાનિસ્તાનના કેટલાક ભાગમાં પસરેલો પ્રદેશ હતો. તેઓ પશ્ચિમ ભારતમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને માળવામાં સ્થિર થયા. રુદ્રદામન પહેલો એ ભારતનાં શક રાજાઓમાં સૌથી પ્રસિદ્ધ અને

શક્તિશાળી શાસક હતો. તેના સમયમાં વેપાર વધ્યો.



જુનાગઢમાં આવેલો શિલાલેખ

રુદ્રદામનના જુનાગઢમાં આવેલાં શિલાલેખ પ્રસિદ્ધ છે. આ શિલાલેખ વિશે તમે પાછલા પાઠમાં માહિતી મેળવી છે. આ શિલાલેખમાં તેની શાસન વ્યવસ્થા, પ્રજાના કલ્યાણ માટે કરેલા કામોની અને યુદ્ધમાં કરેલાં પરાક્રમોની સવિસ્તર માહિતી મળે છે.

શકોના કાળમાં સમુદ્રમાર્ગે વેપાર મોટા પ્રમાણમાં વધ્યો હતો. શકોએ બંદરોનો વિકાસ કરી વેપારીઓને સંરક્ષણ આપ્યું. શકોના સિક્કાઓ મુખ્યત્વે ચાંદીના હતાં. તેના પર બ્રાહ્મી લિપિમાં લખેલા લેખ મળી આવે છે. તેથી ભારતીય સિક્કાશાસ્ત્રનો અભ્યાસ કરતી વખતે શકોના સિક્કા વિશેષ મહત્ત્વના ગણાય છે. આ સિક્કાઓ પર શક સંવત્સરનો ઉલ્લેખ મળી આવે છે. આ સિક્કાઓ પ્રાચીન ભારતના ઇતિહાસનું મહત્વનું સાધન છે.



**શું તમે જાણો છો ?**

'શક સંવત' ભારતીય કાળગણનાની એક મહત્વની પદ્ધતિ છે. આજે પણ તે આપણા પંચાંગમાં વપરાય છે. 'સંવત્સર'નો અર્થ, વર્ષ. દરેક સંવત્સરને વિશેષ નામ હોયં છે. શક સંવતની શરૂઆત ઈસવીસન ૭૮માં થઈ.

હાલનું ચાલુ વર્ષ શક કાળગણનાનું કેટલામું વર્ષ છે, તે જાણવું હોય તો નીચે પ્રમાણે ગણતરી કરો.

ઇસવીસનના ચાલુ વર્ષમાંથી ૭૮ બાદ કરો એટલે ચાલુ શક વર્ષ મળશે.

ઉદાહરણ તરીકે, ઈસવીસન વર્ષ ૨૦૨૬ –૭૮ = હાલનું શક વર્ષ ૧૯૪૮.

તમારા પાઠ્યપુસ્તકની શરૂઆતમાં પણ તમને આ તિથિ દેખાશે, જોજો હોં !



**કરી જુઓ.**

ઉપરના ઉદાહરણને આધારે, તમારા કુટુંબના સદસ્ય અથવા તમારા મિત્રના જન્મવર્ષનું શક સંવત્સર શોધો.

## ૮.૫. સાતવાહન વંશ

સાતવાહન વંશ એ મહારાષ્ટ્રના ઇતિહાસમાં પ્રથમ શક્તિશાળી સામ્રાજ્ય તરીકે ઓળખાય છે. મૌર્યોત્તર કાળમાં દેશમાં અનેક સ્થળે રાજકીય અસ્થિરતા નિર્માણ થઈ હતી. વેપાર ઓછો થયો હતો. પરદેશીઓના આક્રમણો વધ્યા હતા. એવી પરિસ્થિતિમાં સિમુક નામના રાજાએ સાતવાહન વંશની સ્થાપના કરી. સાતવાહને મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક, મધ્ય પ્રદેશ- જેવા ભાગોમાં પોતાનું સામ્રાજ્ય પ્રસ્થાપિત કર્યું. સાતવાહનોમાં સૌથી વધારે સામર્થ્યવાન રાજા એટલે ગૌતમીપુત્ર સાતકર્ણી. તેમણે શક અને યવન જેવી પરદેશી સત્તાઓને પરાભૂત કરીને મધ્યપ્રદેશથી મહારાષ્ટ્ર સુધી સ્થિર અને સંગઠિત સામ્રાજ્ય ઉભું કર્યું. તેની માતા ગૌતમી બલશ્રીનાં નાશિક ખાતે આવેલી ત્રિરશ્મીક ગુફાના શિલાલેખમાં તેના પરાક્રમોનું વર્ણન જોવા મળે છે. તેમાં તેને 'ત્રિસમુદ્રતોયપીતવાહન' સંબોધન કરવામાં આવ્યું છે. જેનો અર્થ છે, જેના ઘોડાઓએ ત્રણ સમુદ્રના પાણી પીધાં છે. ત્રણ સમુદ્ર એટલે અરબી સમુદ્ર, બંગાળનો ઉપસાગર અને હિંદી મહાસાગર.

સાતવાહનોના સમયમાં વેપારનો વિસ્તાર થયો. તેમના રાજ્યોમાંથી રેશમ માર્ગ અને સાગરી વેપાર માર્ગ પસાર થતા. તેથી ભારતીય વેપારીઓએ રોમ, ગ્રીસ જેવા દૂરદૂરના દેશો સાથે વેપાર કરવાનું શરૂ કર્યું.

### તમે આ જાણો છો?

ઇસવીસન પૂર્વ પહેલા-બીજા સૈકાના સમયગાળામાં સાતવાહન રાજા પુળુમાવીની મુદ્રામાં જહાજનું ચિત્ર છે. આ ચિત્ર સાતવાહનના સમયમાં સમુદ્ર માર્ગે ચાલતા વેપારનો નિર્દેશ કરે છે.



સાતવાહનના સિક્કા પર બ્રાહ્મી લિપીમાં પ્રાકૃત ભાષાના લેખ મળી આવે છે. સાંસ્કૃતિક દ્રષ્ટિએ સાતવાહનનો કાળ અત્યંત સમૃદ્ધ મનાય છે. આ સમયમાં બૌદ્ધ ધર્મનું મહત્વ વધ્યું અને અનેક બૌદ્ધ ગુફાઓ કોતરવામાં આવી. સાતવાહન કાળની નાશિક, કાર્લા, કાન્હેરી, ભાજે, પિતળ ખોરા ગુફાઓ પ્રસિદ્ધ છે.




### ૮.૬. કુશાણ રાજાઓ

કુશાણ વંશ મૂળ મધ્ય એશિયાનો હતો. તેમણે અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને ઉત્તર ભારતમાં પ્રવેશ કર્યો અને ભારતીય ઉપખંડમાં પોતાની સત્તા સ્થાપી. કુશાણવંશનો પ્રભાવશાળી રાજા એટલે સમ્રાટ કનિષ્ક. કનિષ્કના કાળમાં કુશાણ સામ્રાજ્ય મથુરાથી પંજાબ, અફઘાનિસ્તાન અને કાશ્મીર સુધી ફેલાયું હતું.

કનિષ્કે પોતાની રાજધાની પુરુષપુરમાં (આજનું પેશાવર) સ્થાપી હતી. તેણે બૌદ્ધ, ધર્મના પ્રચારને પ્રોત્સાહન આપ્યું. તેના સમયમાં બૌદ્ધ પરિષદો ભરવામાં આવી.

કુશાણ રાજવહીવટમાં વેપાર અને અર્થવ્યવસ્થા ઘણી વધી. ભારત, ચીન, રોમ અને મધ્ય એશિયાને જોડતો પ્રસિદ્ધ રેશમ માર્ગ તેમના નિયંત્રણમાં હતો. આ માર્ગે મસાલા, કાપડ, ધાતુ, રેશમ અને દાગીનાનો મોટા પ્રમાણમાં વેપાર થતો. કુશાણોએ સોના-ચાંદીના ઉત્કૃષ્ટ સિક્કાઓનું નિર્માણ કર્યું. આ સિક્કાઓ પર વિવિધ દેવીદેવતાની પ્રતિમાઓ મળી આવે છે. દા.ત.- હેરેક્લિસ (ગ્રીક દેવતા) અર્દોક્શો (ઈરાની દેવતા), શિવ (ભારતીય દેવતા) આમ, કુશાણો પર વિવિધ સાંસ્કૃતિક પ્રવાહોનો પ્રભાવ દેખાય આવે છે.

### શું તમે જાણો છો ?

કનિષ્કની કારકિર્દીમાં ચોથી બૌદ્ધ પરિષદ કુંડલવનમાં (કાશ્મીર) ભરવામાં આવી હતી. આ પરિષદમાં બૌદ્ધ ધર્મનો ઉપદેશ નવેસરથી રજૂ થયો. આ પરિષદમાં 'હીનયાન' અને 'મહાયાન' બે સંપ્રદાય પ્રસ્થાપિત થયા. મહાયાન સંપ્રદાયે મૂર્તિપૂજા સ્વીકારી. આ કાળખંડમાં મથુરા અને ગાંધાર કલાશૈલીઓમાં ગૌતમ બુદ્ધની પ્રતિમાઓ નિર્માણ કરવામાં આવી હતી.

### વિચાર કરો

સિક્કાશાસ્ત્રના અભ્યાસક સિક્કાનો બારીકાઇથી અભ્યાસ કરે છે. તેના આધારે જે તે સમયના ઇતિહાસની રજૂઆતમાં મદદ થાય છે. તમે પણ પ્રયત્ન કરી જુઓ. ચિત્રમાં આપેલ કનિષ્કના સિક્કાનું બંને બાજુએ નિરીક્ષણ કરો.

તમારા ધ્યાનમા શું આવે છે? તે તમારી નોટબુકમાં લખો.



## ૮.૭. ગુપ્ત વંશ

ગુપ્ત સામ્રાજ્યનો કાળ પ્રાચીન ભારતનો ‘સુવર્ણકાળ’ ગણાય છે. ગુપ્ત વંશના સંસ્થાપક શ્રીગુપ્ત હતો. ગુપ્ત સામ્રાજ્યના વિસ્તારની શરુઆત પહેલા ચંદ્રગુપ્તના સમયમાં થઇ. તેના પછી સત્તા પર આવેલા સમુદ્રગુપ્તના પરાક્રમનું વર્ણન તેના જ દરબારના કવિ હરિષેણ દ્વારા લિખિત પ્રશસ્તિમાં નોંધાયું છે. આ પ્રશસ્તિ પ્રયાગરાજમાં અશોક સ્તંભપરના સમ્રાટ અશોકના લેખની નીચે કોતરેલી છે. ભારતમાં કાશ્મીરથી નર્મદા સુધી અને દક્ષિણમાં કાંચી સુધી સમુદ્રગુપ્તે પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું હતું. તેના પછી રાજા ચંદ્રગુપ્ત બીજો ઉર્ફ વિક્રમાદિત્યના સમયમાં ગુપ્ત સામ્રાજ્યની જાહોજહાલી ચરમસીમાએ પહોંચી. તેની કારકિર્દીમાં તેણે શકો પર મેળવેલો વિજય સૌથી મહત્વની ઘટના મનાય છે. તેના સમયમાં ફાહિયાન ન ામનો એક ચીની પ્રવાસી ભારતમાં આવ્યો હતો. તેણે ગુપ્ત સામ્રાજ્યની શાંતિ અને સમૃદ્ધિની પ્રશંસા કરી છે. આ કાળમાં કાલિદાસ, ધન્વંતરી, વરાહ મિહીર જેવા મહાન વિદ્વાન હતા.



સમુદ્રગુપ્ત કાલીન સિક્કાઓ

ગુપ્ત રાજાના રાજ્યકાળમાં કલા, સાહિત્ય, ગણિત, ખગોળશાસ્ત્ર, ધાતુકામ, શિક્ષણ અને ધર્મનો વિકાસ થયો. સ્કંદગુપ્ત ગુપ્ત વંશનો છેલ્લો બળવાન રાજા હતો.

**તમારો શો મત છે ?**

ગુપ્તકાળને સુવર્ણકાળ શા માટે કહે છે ?

## ૮.૮. વર્ધન વંશ

ગુપ્ત સામ્રાજ્યની પડતી પછી ઉત્તર ભારતમાં ફરી રાજકીય અસ્થિરતા નિર્માણ થઈ હતી. વિવિધ પ્રાદેશિક રાજાઓ સત્તા મેળવવા માટે એકબીજા સાથે સંઘર્ષ કરતા હતા. આવી અસ્થિર પરિસ્થિતિમાં વર્ધન વંશનો ઉદય થયો. દિલ્લી નજીક આવેલા થાનેસરમાં પ્રભાકરવર્ધન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેના સમયમાં વર્ધન વંશ પ્રભાવી બન્યો. પરંતુ, આ વંશને ઐતિહાસિક મહત્વ મળ્યું, તેના પુત્ર સમ્રાટ હર્ષવર્ધનના લીધે. તેણે સંપૂર્ણ ઉત્તર ભારતને એકત્રિત કરીને એક બલવાન સામ્રાજ્ય નિર્માણ કર્યું. હર્ષવર્ધને કનોજમાં પોતાની રાજધાની પ્રસ્થાપિત કરી. તેનું સામ્રાજ્ય પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, બિહાર અને બંગાળ સુધી પ્રસરેલું હતું. હર્ષવર્ધન ધર્મશીલ. લોકાભિમુખ અને દાનવીર રાજા તરીકે ઓળખાતો હતો. તેણે ધાર્મિક ઉત્સવોને પ્રોત્સાહન આપ્યું.


ઈ.સ. ચોથાથી છઠ્ઠા સૈકાનું ભારત
ભારતની વર્તમાન આંતરરાષ્ટ્રીય સીમા
૦
૫૦૦ કિલોમીટર
ઉ.
ગુપ્તોનું સામ્રાજ્ય
આધુનિક શહેર
હિંદુકુશ પર્વત
પુરુષપુર
કાશ્મીર
તિબેટ
નેપાળ
કામરૂપ
સિંધુ નદી
દિલ્લી
(ઇંદ્રપ્રસ્થ)
યમુના નદી
ગંગા નદી
કનૌજ
વૈશાલી
પાટલિપુત્ર
ચંપા
ચંબલ નદી
પ્રયાગ
કાશી
બોધગયા
માળવા
બુંદેલખંડ
કચ્છ
ઉજ્જયિની
સાંચી
સૌરાષ્ટ્ર
વલભી
ભરૂચ
નર્મદા નદી
તાપી નદી
તામ્રલિપ્તી
વાકાટક
મહાનદી
સોપારા
ગોદાવરી નદી
કૃષ્ણા નદી
મહાબલિપુરમ
અરબી સમુદ્ર
તુંગભદ્રા નદી
પલ્લવ
બંગાળનો ઉપસાગર
કાવેરી નદી
કાંચી
ચોળ
લક્ષદ્વીપ
(ભારત)
પાંડ્ય
આંદામાન નિકોબાર દ્વીપ
(ભારત)
શ્રીલંકા
હિંદી મહાસાગર



### શું તમે જાણો છો ?

એક વખત હર્ષવર્ધને જોયું કે, તેની રાજધાની કનોજમાં અન્ન-પાણી વિના એક ગરીબ કુટુંબની દુર્દશા થઈ ગઈ છે. ધ્યાનમાં આવતાં જ રાજાએ પોતાના રાજમહેલની બહાર નીકળીને તે કુટુંબને દાન આપ્યું. તેને થયું કે, ફક્ત અન્ન આપવું પર્યાપ્ત નથી, લોકોને શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓ પણ આપવી જોઈએ. તેમણે આજ્ઞા કરી કે દરેક ગામમાં વિદ્યાલયોની સ્થાપના થવી જોઈએ. દવાખાના બનાવવા જોઈએ. તેમજ ભિક્ષુકોને અન્ન અને રહેઠાણ ઉપલબ્ધ કરી આપવા. હર્ષવર્ધનની દયાળુ વૃત્તિને કારણે રાજ્યનાં સર્વ પ્રજાજનોને તેના માટે આદર અને પ્રેમ હતો.

એક વખત હર્ષવર્ધને તેના દરબારમાં સભા ભરીને કહ્યું, કે 'રાજ્યની ખરી સમૃદ્ધિ લોકોના આનંદમાં અને કલ્યાણમાં છે.' જે દાન કરે તે જ ખરો બળવાન રાજા હોય છે. ચીની પ્રવાસી યુઆન સ્વાંગે તેના પ્રવાસવર્ણનમાં પણ હર્ષવર્ધનની દાનવીરતા વિશે લખ્યુ છે. કહે છે કે, સમ્રાટ હર્ષવર્ધન દર પાંચ વર્ષે પ્રયાગરાજમાં દાનનો ભવ્ય ઉત્સવ આયોજિત કરતા. આ ઉત્સવમાં દર વખતે બધી માલમત્તા અને સંપત્તિ દાનમાં આપી દેતા.

હર્ષવર્ધનનો આ દાન-ધર્મ એટલો પ્રખ્યાત થયો કે, આજે પણ તેમને 'દાનવીર' સમ્રાટ તરીકે ઓળખવામાં આવે છે.

દક્ષિણ ભારતના ચાલુક્ય સામ્રાજ્ય સાથે હર્ષવર્ધનનો સંઘર્ષ થયો. ચાલુક્ય રાજા પુલકેશી બીજાએ તેમના દક્ષિણ ભારતમાં પ્રવેશને રોક્યો. તેથી હર્ષવર્ધનનું સામ્રાજ્ય ગંગાના તટપ્રદેશ સુધી મર્યાદિત રહ્યો. તેમના મૃત્યુ પછી વર્ધન સામ્રાજ્યનો હ્રાસ થયો.



### કરી જુઓ.

એક નકશાપોથી તૈયાર કરો. દરેક વંશ દર્શાવો. સ્ટેનસિલ વાપરીને ભારતનો નકશો દોરી, દરેક વંશના પ્રદેશને સ્વતંત્ર રંગે રંગો. તેની રાજધાની, ઉલ્લેખનીય સ્થળો, વેપારી માર્ગ વગેરે ચિન્હોનો ઉપયોગ કરીને દર્શાવો.



## સ્વાધ્યાય

**પ્ર.૧ અ) એક શબ્દમાં જવાબ લખો.**

૧. મૌર્ય સેનાનો સેનાપતિ

૨. કાણ્વવંશના સંસ્થાપક

૩. બૌદ્ધ ભિખ્ખુ નાગસેન અને મિનેન્ડર વચ્ચેના સંવાદ આધારિત ગ્રંથ

૪. ભારતીય કાળગણનાની એક મહત્વની પધ્ધતિ.

**બ) કોણ ? તે લખો.**

૧. તેમને 'ત્રિસમુદ્રતોયપીતવાહન' સંબોધવામાં આવે છે.

૨. તેમની કારકિર્દીમાં બૌદ્ધ ધર્મની ચોથી પરિષદ ભરાઈ.

૩. તેમને ગુપ્ત વંશના સંસ્થાપક માનવામાં આવે છે.

૪. તેઓ દર પાંચ વર્ષે પોતાની બધી જ સંપત્તિ દાન કરી દેતા.

૫. તેમણે હર્ષવર્ધનનો પરાભવ કરીને વર્ધન સામ્રાજ્યની દક્ષિણ બાજુનો વિસ્તાર રોક્યો.

**પ્ર.૨ અ) સંકલ્પનાચિત્ર પૂર્ણ કરો.**




**બ) નીચેની ઘટનાઓ કાળાનુક્રમે ગોઠવો.**

૧. સમ્રાટ અશોક પછી મૌર્ય સામ્રાજ્યમાં અસ્થિરતા વધવા લાગી.

૨. કાણ્વ વંશના વસુદેવ કણ્વ સંસ્થાપક હતા.

૩. મૌર્ય સેનાના સેનાપતિ પુષ્યમિત્ર શુંગે સત્તા હાથમાં લીધી.

૪. દેવભૂતિ શૃંગ વંશનો છેલ્લો રાજા હતો.

**પ્ર.૩ અ) ટૂંકમાં માહિતી લખો.**

૧. ઇંડો-ગ્રીક રાજાના સિક્કાઓ

૨. કુશાણ શાસકો પર વિવિધ સાંસ્કૃતિક પ્રવાહનો પ્રભાવ.

**બ) સકારણ લખો.**

૧. પ્રાચીન કાળખંડમાં ભારતની મુલાકાતે આવેલા પરદેશી પ્રવાસીએ લખેલા પ્રવાસવર્ણનો ઇતિહાસના સાધન તરીકે ખૂબ મહત્વના છે.

૨. ગુપ્તકાળ પ્રાચીન ભારતનો 'સુવર્ણકાળ' માનવામાં આવે છે.

**કૃતિ**

તમે તમારા વાલી સાથે પ્રવાસ/ પર્યટનમાં જાવ ત્યારબાદ તે વિશેની નોંધ કરો.

ઉદાહરણ તરીકે,

- કયા વાહનમાં ગયા હતાં ?
- ત્યાં શું જોયું ?
- ત્યાંની ભૌગોલિક વિશેષતાઓ
- તે સ્થળની કલા, ભાષા અને આહાર

**ઉપક્રમ :**

- સાતવાહન કાલીન ઐતિહાસિક સ્થળો નકશામાં દર્શાવો.
- ચલણ, દેશની વિશેષતા, ધ્યેય ધોરણ પ્રતિબિંબિત કરે છે. ભારતીય ચલણી નોટોનું નિરીક્ષણ કરીને તેના પરની વિશેષતાપૂર્ણ બાબતો લખો.

***

# ૯ પ્રાચીન ભારતનો સાંસ્કૃતિક વારસો



૯.૧. પ્રાચીન ભારતનું સાંસ્કૃતિક જીવન
૯.૨. પ્રાચીન ભારતનો વેપાર, વ્યવસાય અને આર્થિક જીવન
૯.૩. પ્રાચીનભારતનું વૈદ્યકશાસ્ત્ર
૯.૪. મહારાષ્ટ્રની સંમિશ્ર સંસ્કૃતિ
૯.૫. પ્રાચીન ભારતની શિક્ષણપદ્ધતિ.

વિદ્યાર્થીઓ, કલ્પના કરો કે આપણી પાસે પરંપરાગત એવો ખજાનો છે, જેમાં સોનું , માણેક કે પૈસાનો સમાવેશ નથી. તોય તે મૂલ્યવાન છે. આજે આપણે આ અનમોલ ખજાનાનું રહસ્ય ખોલવાના છીએ. આ ખજાનો એટલે 'ભારતનો સાંસ્કૃતિક વારસો'!

ચાલો, તો પછી આ ખજાનાની પેટી ધીરેથી ખોલીને જોઈએ અને આપણા દેશે જતન કરેલી કલા, પરંપરા, નૃત્ય, સંગીત અને પ્રાચીન વસ્તુઓની અનોખી દુનિયા શોધીએ.



**વિચાર કરો.**

- આપણા દેશમાં વિવિધતા છે અને વિવિધતામાં પણ એકતા છે એમ શા માટે કહેવામાં આવે છે?
- ભારતમાં જુદી જુદી ભાષા નૃત્ય વેશભૂષા અને પરંપરા શા માટે છે ?
- અજિંઠાની ગુફાઓમાં સુંદર ચિત્રોનું નિરીક્ષણ કરતી વખતે તમને શું લાગે છે ?
- નાલંદા વિદ્યાપીઠમાં હજારો વિદ્યાર્થીઓ ભણતા હતા એ તમને ખબર છે?
- મહારાષ્ટ્રની ભૂમિમાં સંમિશ્ર સંસ્કૃતિ ફુલીફાલી. તમારા મતે તેના કારણો કયા હશે?

આ વિશે વધુ જાણવા માટે તૈયાર રહો!

## ૯.૧. પ્રાચીન ભારતનું સાંસ્કૃતિક જીવન

પ્રાચીન ભારતમાં સાંસ્કૃતિક જીવન અત્યંત સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ હતું. સંસ્કૃતિના વિવિધ પાસાઓને કારણે આપણને ભારતમાં ધર્મ, તત્વજ્ઞાન, કલા, સાહિત્ય, તહેવારો અને ઉત્સવો, સામાજિક જીવન અને દૈનંદિન વ્યવહાર આ બધાનાં દર્શન થાય છે. વિવિધ ભૌગોલિક પ્રદેશોની પરિસ્થિતિને અનુસરીને ભાષાના, વેશભૂષાના, ખાદ્ય સંસ્કૃતિના અને વાસ્તુકલાના વિવિધ પાસાઓ નિર્માણ થયા. આટલું વૈવિધ્ય હોવા છતાં. '**વસુધૈવ કુટુંબકમ્**' જેવા મૂલ્યોના મૂળ આપણી સંસ્કૃતિમાં એટલા ઊંડા છે કે, તેના લીધે ભારતમાં વિવિધતામાં પણ એકતા દેખાય છે.

### ■ વાઙ્મય અને સાહિત્ય

એક પેઢીએ બીજી પેઢીને મૌખિક પરંપરાથી આપેલું જ્ઞાન એટલે 'વાઙ્મય' અને લેખિત સ્વરુપમાં જે આપણા સુધી પહોંચે તેને 'સાહિત્ય' કહેવાય છે. વાઙ્મયમાં વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત જેવા મહાકાવ્યોનો સમાવેશ થાય છે. સાહિત્યમાં પુરાણો, બૌદ્ધ ગ્રંથ જૈન ગ્રંથ, કાવ્ય, નાટક, નીતિશાસ્ત્ર, તત્વજ્ઞાન અને અન્ય ધાર્મિક ગ્રંથોનો સમાવેશ થાય છે.




સાહિત્ય જ્ઞાન, તત્વજ્ઞાન, નૈતિકમૂલ્યો, ધાર્મિક અને સામાજિક મૂલ્યો શીખવવાનું માધ્યમ છે. પાણિની નામના વ્યાકરણકારે 'અષ્ટાધ્યાયી' નામનો ગ્રંથ લખ્યો હતો. પતંજલિએ તેના પર ભાષ્ય કરતો 'મહાભાષ્ય' નામે ગ્રંથ લખ્યો. મહાભારત અને રામાયણનો ઉપયોગ સામાજિક આદર્શો અને નીતિમૂલ્યો શીખવવા માટે થાય છે.

કાશ્મીરનો ઇતિહાસ વર્ણવતો, કવિ કલ્હણ રચિત ગ્રંથ 'રાજતરંગિણી', બાણભટ્ટ રચિત 'હર્ષચરિત' જેવું ઇતિહાસ વિષયક સાહિત્ય પ્રાચીન કાળમાં તૈયાર થયું.



## શું તમે જાણો છો ?

'પંચતંત્ર' પ્રાચીન ભારતનો પર પ્રખ્યાત કથાસંગ્રહ છે. તેની રચના વિષ્ણુશર્માએ કરી હોવાનું મનાય છે. પંચતંત્રની વાર્તાઓમાં પાત્રો સિંહ, વાઘ, હંસ, કાચબા, સસલા વગેરે પ્રાણીઓ છે, તે વાર્તાઓનું તાત્પર્ય મુખ્યત્વે વ્યક્તિનું નૈતિક વર્તન કેવું હોવું જોઈએ તેનું માર્ગદર્શન આપવાનો છે.

પંચતંત્રની વાર્તાઓ કયા પ્રસંગે કહેવામાં આવી હતી તે વિશેની એક વાર્તા છે.

અમર શક્તિ નામનો એક રાજા હતો. તેને ત્રણ પુત્રો હતા, પરંતુ તેમાંથી કોઈને પણ અભ્યાસમાં રસ ન હોતો. રાજા તેમના ભવિષ્યની ચિંતા કરતો હતો. તેથી તેણે વિદ્વાન શિક્ષક વિષ્ણુશર્માને બોલાવ્યા અને તેમને રાજકુમારોને વ્યવહાર કુશળતા શીખવવા વિનંતી કરી. વિષ્ણુ શર્મા સંમત થયા. તેમણે પુસ્તકો દ્વારા કુશળતા નહીં, પરંતુ વાર્તાઓ દ્વારા, અલગ શિક્ષણતંત્રનો ઉપયોગ કરીને શિક્ષણ આપ્યું. તેમણે પ્રાણીઓ પર આધારિત ટૂંકી વાર્તાઓ બનાવી. આ વાર્તાઓના બોધવડે, મિત્રતા, હિંમત, નીતિ, મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધવો, વિશ્વાસ અને વ્યવહારિક કુશળતા વિષયક માર્ગદર્શન મળે છે. રાજકુમાર આ વાર્તાઓમાં એટલાં લીન થઈ ગયા કે હસતા-રમતાં તેમણે જીવનના મહત્વપૂર્ણ પાઠ સરળતાથી શીખ્યા અને થોડાં જ મહિનામાં તેઓ જ્ઞાની, સમજદાર અને રાજ્યકારભાર માટે યોગ્ય બની ગયાં.

આ બધી વાર્તાઓનો સંગ્રહ 'પંચતંત્ર' તરીકે જાણીતો બન્યો, ઘણા સૈકાઓથી અનેક દેશોમાં,

આ વાર્તાઓ પેઢી-દર-પેઢી ખૂબ રસથી વાંચવામાં અને કહેવામાં આવે છે. પંચતંત્રનો પચાસથી પણ વધુ ભાષાઓમાં અનુવાદ થયો છે. તે જ પ્રમાણે જાતક કથાઓ આપણને સરળ ભાષામાં યોગ્ય-અયોગ્યનું ભાન કરાવે છે.



**કરી જુઓ !**

તમને પંચતંત્રની એકાદ વાર્તા અથવા જાતક કથાઓ ખબર છે? તે કથા મેળવો, વાંચો અને એક કથાનું નાટ્યકીરણ વર્ગમાં રજૂ કરો.

| પ્રાચીન ભારતની નાટ્યકળા | પ્રાચીન ભારતની સંગીતકલા | પ્રાચીન ભારતની નૃત્યકલા |
|---|---|---|
| ● પ્રાચીન ભારતમાં નાટ્યકળા ખૂબજ વિકસિત હતી. ભરતમુનીએ 'નાટ્યશાસ્ત્ર' નામનો ગ્રંથ લખ્યો હતો. આ પુસ્તકમાં નાટ્યકળાના તમામ પાસાઓનું વિગતવાર વર્ણન છે. આજે પણ, નાટક, નૃત્ય અને અભિનય શીખતી વખતે આ ગ્રંથનો અભ્યાસ કરવામાં આવે છે.<br><br>● આ સમયગાળાના કેટલાંક પ્રખ્યાત નાટકો :<br>- મહાકવિ ભાસે 'સ્વપનવાસવદત્ત' નામે પ્રસિદ્ધ નાટક લખ્યું.<br>- અશ્વઘોષે 'સારીપુત્તપ્રકરણ' નાટક લખ્યું હતું.<br>- કાલિદાસ નામે શ્રેષ્ઠ કવિ અને મહાન નાટકકાર થઈ ગયાં . તેમણે ત્રણ વિશ્વ પ્રસિદ્ધ નાટકો 'શાકુંતલ', 'માલવિકાગ્નિમિત્ર' અને 'વિક્રમોર્વશીય' લખ્યા.<br>- શૂદ્રકે 'મૃચ્છકટિક' નાટક લખ્યું હતું. વિશાખદત્તે 'મુદ્રારાક્ષસ' નાટકની રચના કરી હતી.<br>- સમ્રાટ હર્ષવર્ધને 'રત્નાવલી', પ્રિયદર્શિકા અને 'નાગાનંદ' એમ ત્રણ નાટકો રચ્યાં હતાં. | ● ભારતીય સંગીત પરંપરાનો ઉગમ સામવેદમાં છે.<br>● આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ અને અર્થશાસ્ત્ર એ ચાર ઉપવેદ માનવામાં આવે છે, જેમાંથી ગાંધર્વવેદને ભારતીય સંગીત, નૃત્ય અને વાદનનો સ્ત્રોત માનવામાં આવે છે.<br><br>● 'સંગીત રત્નાકર' સંગીત વિષયક પ્રખ્યાત ગ્રંથ છે, જે શારંગદેવ નામના સંગીત નિષ્ણાંતે લખ્યો છે. | ● વૈદિક કાળથી ભારતીય સાહિત્યમાં નૃત્યના સંદર્ભો મળી આવે છે.<br>● ભારતના ઘણા પ્રદેશોમાં વિવિધ નૃત્ય સ્વરૂપો સ્વતંત્ર રીતે વિકસિત થયા.<br>●ભારતીય નૃત્યકળામાં કથ્થકલી, ભરતનાટ્યમ્, મણિપુરી, ઓડિસી, કુચિપુડી અને મોહિનીઅટ્ટમ આ કુલ સાત શાસ્ત્રીય નૃત્ય પરંપરાઓ છે.<br>● પ્રાચીન ભારતમાં, વિવિધ પ્રદેશોમાં લોકનૃત્યો રજૂ કરવામાં આવતા હતા તહેવાર અને ઉત્સવોના પ્રસંગે આનંદ વ્યક્ત કરવા માટે નૃત્ય કરતાં હતાં. લોકનૃત્યો સ્ફૂર્તિદાયી હોય છે. |

## ■ કલા અને સ્થાપત્ય :

પ્રાચીન ભારતની અજિંઠાની ગુફાઓમાંના ભીંતચિત્રો સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. આ ચિત્રો માટે વિવિધ વનસ્પતિ, માટી અને પથ્થરોમાંથી બનાવેલા કુદરતી રંગોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ચિત્રોમાં લોકોના આભૂષણો, કપડાં અને વાળની રચના ખૂબ જ સુંદર અને વિગતવાર દર્શાવવામાં આવી છે. જે તે સમયની જીવનશૈલી, નૃત્ય, સંગીતનાં સાધનો, કુદરત વગેરેનું સુંદર ચિત્રણ દર્શાવે છે. વેરુળની ગુફાઓમાં હિન્દુ, બૌદ્ધ અને જૈન ગુફાઓ જોઈ શકાય છે. વેરુળની કૈલાશ ગુફા એ તો વિશ્વનું અદ્ભુત મંદિરોમાંનું એક છે.

આ ગુફા એક વિશાળ ખડકમાંથી કોતરવામાં આવેલી છે. આ ગુફાની કોતરણી શિખરના કળશથી શરૂ કરીને પાયા સુધી પહોંચી હતી, એટલા માટે જ 'પહેલા કળશ પછી પાયો' કહેવાની પદ્ધતિ રુઢ બની હશે. મંદિરમાં સુંદર શિલ્પો, ઊંચા સ્તંભો અને નંદી-મંડપનું અપ્રતિમ કોતરણી કામ જોવા મળે છે.



વેરુળ-કૈલાસ મંદિર

આ શિલ્પોમાં વિવિધ દેવીદેવતાઓ અને પૌરાણિક વાર્તાઓના દ્રશ્યો પણ કોતરવામાં આવ્યા છે.

બૌદ્ધગુફાઓમાં સ્તૂપ, ચૈત્યગૃહ અને વિહાર તે સમયના સ્થાપત્યના મુખ્ય ઘટકો છે. સ્વતંત્ર રીતે બાંધેલા સ્તૂપો ભારતીય સ્થાપત્યની હજુ એક વિશેષતા છે. સમ્રાટ અશોકના શાસન કાળ દરમિયાન, સાંચીમાં એક સ્તૂપ બાંધવામાં આવ્યો હતો. આગળ જતાં સાતવાહન કાળમાં સાંચી સ્તૂપની આસપાસ ચાર ભવ્ય તોરણ દ્વાર બનાવવામાં આવ્યા હતા. તેમના પર સિંહ, હાથી વગેરેની આકૃતિઓ



સાંચી સ્તૂપ

કોતરવામાં આવી હતી. ગૌતમ બુદ્ધના જીવનના દ્રશ્યો કોતરવામાં આવ્યા છે. આવી જ આકૃતિઓ અન્ય પ્રાચીન સ્તૂપો પર પણ કોતરેલી જોવા મળે છે. બૌદ્ધ ભિક્ષુઓ માટે ધર્મ ચર્ચા કરવા સ્તૂપની આસપાસ એક હોલ બનાવવામાં આવ્યો હતો. તેને 'ચૈત્યગૃહ' કહેવામાં આવે છે કાર્લે (કાર્લા)ની ગુફામાં આવેલું ચૈત્યગૃહ સ્થાપત્ય કલાનું ઉત્તમ ઉદાહરણ છે. બૌદ્ધ સાધુઓના નિવાસ માટે ચૈત્યગૃહની નજીક ગુફાઓ કોરવામાં આવી હતી જેને 'વિહાર' કહેવામાં આવે છે. મહારાષ્ટ્રના ભાજે ખાતેનો 'વિહાર' સૌથી પ્રાચીન માનવામાં આવે છે. નાશિક બેડસે અજંઠા (અજિંઠા) વગેરે સ્થળોના વિહાર પણ પ્રખ્યાત છે ઓડિશામાં ખંડગિરી અને ઉદયગિરી ખાતેની જૈન ગુફાઓ પણ પ્રખ્યાત છે.

### શું તમે જાણો છો ?

દિલ્હીના મેહરૌલીમાં આવેલો લોહસ્તંભ ભારતમાં પ્રાચીન ધાતુશાસ્ત્રનું અનોખું ઉદાહરણ છે. આ સ્તંભ ગુપ્તસમ્રાટ ચંદ્રગુપ્ત બીજા, ઉર્ફે વિક્રમાદિત્યના શાસનકાળ દરમિયાન બનાવવામાં આવ્યો હતો. આ સ્તંભની સૌથી અનોખી વાતએ છે કે, ૧૬૦૦ વર્ષથી પણ વધુ સમય થવા



લોહસ્તંભ

છતાં અડીખમ છે, તેને જરાયકાટ લાગ્યો નથી.

## ૯.૨. પ્રાચીન ભારતમાં વેપાર, વ્યવસાય અને આર્થિક જીવન

આ સમયગાળા દરમિયાન ખેતી મુખ્ય વ્યવસાય હતો. લોકોની ખોરાક, કપડાં અને દૈનિક જરુરિયાતોને પૂર્ણ કરવા માટે ખેતી મહત્વની હતી. ગંગા, યમુના, ગોદાવરી અને કૃષ્ણા જેવી નદીઓ ખેતી માટે અનુકૂળ/પોષક હતી. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વેપાર સમુદ્રમાર્ગે અને જમીનમાર્ગે વિકસિત થયો. પ્રાચીન ભારતમાં ખોરાકની સાથે કાપડ, મસાલા, ધાતુઓ, ઝવેરાત, હાથીદાંત અને કિંમતી રત્નો જેવી ચીજોનો મોટા પાયે વેપાર થતો હતો. ખાસ કરીને સાતવાહનના સમયમાં, રોમન સામ્રાજ્ય સાથે પણ વેપાર સંબંધો હતાં. મસાલા, રેશમી કાપડ, મોતી જેવી ચીજોનો વેપાર થતો હતો. નવાબજારો નિર્માણ થયા, ચલણ વ્યવસ્થા સુનિયોજીત હતી. યોગ્ય કર વ્યવસ્થા લાગુ કરવામાં આવી. તેથી રાજ્યનું અર્થતંત્ર મજબૂત અને સ્થિર રહ્યું.ખેતી ઉપરાંત, કાપડ ઉદ્યોગ અને ધાતુની ચીજોનું ઉત્પાદન જેવા ઉદ્યોગો પણ આર્થિક જીવન માટે જરૂરી હતા. વેપાર માર્ગો પર બંદરો, બજારો અને નગરોનો વિકાસ થઈ રહ્યો હતો. આ સમયગાળા દરમિયાન વેપારને કારણે આવેલી સમૃદ્ધિનો પ્રભાવ સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય જીવનપર દેખાતો હતો.



**શું તમે જાણો છો?**

સાતવાહનોના સમયથી દક્ષિણમાં વેપાર અને ઉદ્યોગનો વિકાસ થયો હતો. ખેતીમાં સમૃદ્ધિ, વધતાં જતાં ઉદ્યોગો અને ઘરોના નિર્માણને કારણે, ઈસવીસન પૂર્વે પહેલાં સૈકામાં સાતવાહનશાસન દરમિયાન દક્ષિણમાં/મહારાષ્ટ્રમાં ઘણા શહેરોનો ઉદય થયો. ઉદાહરણ તરીકે, પ્રતિષ્ઠાન (પૈઠણ), તગર(તેર), નાસિક(નાશિક), કરહાટક (કરહાડ) વગેરે તટબંધીવાળા અનેક નગરો અસ્તિત્વમાં હતા. આ શહેરોના ખોદકામમાંથી મળી આવેલાં રોમન સિક્કાઓ પરથી તે સમયના પ્રગત વેપારનો અંદાજ આવે છે. સોપારા, કલ્યાણ, ભડોચ તે સમયના મુખ્ય બંદરો હતા. જુન્નર અને નાશિક જેવા શહેરોમાં મળેલા શિલાલેખોમાં, કુલારિક (માટીના વાસણ બનાવનારા), તીલપિષક (તેલની ઘાણી પર કામ કરનારા) કોલિક (વણકર) જેવા ઘણા વ્યાવસાયિકોનો ઉલ્લેખ જોવા મળે છે.



**તમે શું કરશો ?**

જો તમે તે સમયમાં વેપારી હોત, તો તમને કયો વેપાર કરવાનું ગમત? શામાટે ?

## ૯.૩. પ્રાચીનભારતનું વૈદ્યશાસ્ત્ર/ વૈદ્યકશાસ્ત્ર

ભારતીય વૈદ્યશાસ્ત્રનો ઉગમ, અથર્વ વેદનો જ એકભાગ એવા આયુર્વેદમાંથી થયો છે. નાલંદા જેવી વિદ્યાપીઠ (યુનિવર્સિટી)માં, વૈદ્યશાસ્ત્રએ અભ્યાસનો મુખ્ય વિષય હતો. શારીરિકશ્રમ, માનસિકશ્રમ, ચિંતા, ભય વગેરેને કારણે વ્યક્તિ બીમાર પડે છે. આયુર્વેદ આરોગોથી (વ્યાધી)મુક્ત થઈ સ્વસ્થ અને લાંબુજીવન કેવીરીતે જીવવુંતે શીખવે છે. આ સમય ગાળાના જીવક, સુશ્રુત, ચરક જેવા મહાન ચિકિત્સકો એ શરીર રચના, શસ્ત્ર ક્રિયા, ઔષધ નિર્માણ, રોગનિવારણ અને આહાર પર અમૂલ્ય પુસ્તકો લખ્યા.

- જીવક પ્રાચીન ભારતના પ્રખ્યાત ચિકિત્સક હતા. તેઓ ભગવાન બુદ્ધના ચિકિત્સક હતા જે બૌદ્ધગ્રંથો પરથી જાણવા મળે છે. તેમણે તક્ષશિલામાં વૈદ્યકશાસ્ત્રનો અભ્યાસકર્યો. તેમણે શસ્ત્રક્રિયા, ઔષધોપચાર, અનેરોગનિદાનના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ કાર્ય કર્યું /(મહત્વનું યોગદાન આપ્યું છે.)
- સુશ્રુતે સુશ્રુત સંહિતા નામનો ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથમાં તબિબી શિક્ષણ, વૈદ્યક શિક્ષણ, ઔષધી ચિકિત્સા, શસ્ત્રોપચાર, સારવાર, આરોગ્યવિજ્ઞાન વગેરે વૈજ્ઞાનિક રીતે સમજાવવામાં આવ્યા છે.
- ચરકનાગ્રંથ ચરકસંહિતામાં, રોગપ્રતિકારક શક્તિ, દવાઓનો યોગ્ય ઉપયોગ,આહાર-વિહાર અને જીવનશૈલીનો વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ અરબસ્તાન, તિબેટ, ચીન વગેરે દેશોમાં પણ પ્રખ્યાત હતો.

**શું તમે જાણો છો ?**

'સુશ્રુતસંહિતા' નામના ગ્રંથમાં સુશ્રુતે અનેક શસ્ત્રક્રિયાઓ અને તેના માટે જરૂરી સાધનોની સચિત્ર માહિતી આપી છે. પેટની સર્જરી કરવી, કૃત્રિમ નાક બેસાડવું, ત્વચા પ્રત્યારોપણ કરવું વગેરે જેવી શસ્ત્રક્રિયાઓનું વર્ણન પણ સુશ્રુત સંહિતામાં કરવામાં આવ્યું છે. કુલ ૧૧૨૦ રોગનાં લક્ષણો સાથે રોગોની યાદી આપવામાં આવી છે. સુશ્રુતને 'શસ્ત્રક્રિયાના આદ્ય જનક' માનવામાં આવે છે. નાકની સર્જરી માટે તેમણે શોધેલી પદ્ધતિ ખૂબ જ નાવીન્યપૂર્ણ હતી. નાક તૂટવાને કારણે આવેલી ખોડખાંપણ દૂર કરવા માટે સુશ્રુતે શરૂઆતમાં ગાલની ત્વચાનો ઉપયોગ કર્યો હતો. સુશ્રુતે વિકસાવેલી આ ટેકનિકનો અભ્યાસ આગળ જતાં ૧૮મી સદીમાં યુરોપિયનોએ કર્યો હતો. આ સર્જરીમાં ત્વચાનો જે ભાગ વાપરવામાં આવે છે, તેને આજે પણ 'ઇન્ડિયન ફ્લેપ' તરીકે ઓળખવામાં આવે છે.





સુશ્રુતના ગ્રંથમાં આપેલાં શલ્ય ક્રિયાના ઉપકરણો

## ૯.૪. મહારાષ્ટ્રની મિશ્ર સંસ્કૃતિ

મહારાષ્ટ્રમાં ધર્મ, કલા, ભાષા, શિક્ષણ અને પરંપરાનો અદ્‌ભુત સંગમ થયો. મહારાષ્ટ્ર પ્રાચીન ભારતનું 'મેલ્ટિંગ પૉટ' કહેવાય છે. મોટા સમુદ્રકિનારાને કારણે અહીં વેપાર, બાહ્ય સંપર્ક અને વિવિધ સંસ્કૃતિઓ સાથે લેણદેણ સુલભ બની. સાતવાહન કાળમાં રોમન સામ્રાજ્ય સાથે વેપાર વધ્યો. અજિંઠા વેરૂળ અને કાન્હેરીની ગુફાઓમાં બૌદ્ધ, જૈન અને હિંદુ પરંપરા દેખાય છે. સ્થાપત્ય કલા, શિલ્પ કલા અને શિલાલેખોને લીધે તત્કાલીન ઈતિહાસ શોધી શકાય છે. મહારાષ્ટ્રમાં ભાષા અને સાહિત્યમાં વૈવિધ્ય જોવા મળે છે.

મહારાષ્ટ્રમાં કેટલાંક પ્રસિદ્ધ શૈક્ષણિક કેન્દ્રો હતાં. અહીંનું પ્રાચીન શિક્ષણ મુખ્યત્વે ગુરૂકુળ પરંપરાધારિત હતું. ઉપરાંત ઠેકઠેકાણે શિક્ષણ માટે બૌદ્ધવિહારો પણ પ્રસિદ્ધ હતાં. પૈઠણ, અજિંઠા, વેરૂળ અને કાન્હેરી શિક્ષણના મહત્વપૂર્ણ કેન્દ્રો હતા. ત્યાં વિદ્યાર્થિઓ ધર્મ, તત્વજ્ઞાન, ભાષા, વૈદકશાસ્ત્ર, શિલ્પકળા જેવા વિષયો શીખતા હતાં.

**શું તમે જાણો છો?**



વિદ્યાર્થીઓ, આપેલા ચિત્રનું સૂક્ષ્મ નિરીક્ષણ કરો. આ શેનું ચિત્ર છે?

પથરાળ જમીન પર હજારો વર્ષ પહેલાં કંડારાયેલા આ શિલ્પો છે. તેમાં સૂર્ય, પ્રાણીઓ, નૃત્ય કરતા માણસો અને શિકારી અને વિવિધ ચિહ્નો છે. તેને 'કાતળશિલ્પો' કહેવામાં આવે છે. મહારાષ્ટ્રના કોંકણ વિસ્તારમાં, ખાસ કરીને રત્નાગિરી અને રાજાપુરમાં આવા રહસ્યમય કોતરેલાં શિલ્પો આજે પણ અસ્તિત્વમાં છે.

આ 'કાતળશિલ્પો' મહારાષ્ટ્રનોઅ નોખો અને પ્રાચીન સાંસ્કૃતિક વારસો છે.

## ૯.૫. પ્રાચીન ભારતની શિક્ષણ પદ્ધતિ

શિક્ષણની શરૂઆત ઘરે થતી, ત્યાર પછી વિદ્યાર્થીઓને આગળના શિક્ષણ માટે ગુરુકુલમાં મોકલતા. નાલંદા, તક્ષશિલા, વિક્રમશીલા જેવી વિદ્યાપીઠમાં વિશેષ વિષયોનો અભ્યાસ કરવામાં આવતો. વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ગણિત, જ્યોતિષ, તત્વજ્ઞાન, ભાષા, સંગીત, શિલ્પકલા,અસ્ત્રવિદ્યા, આયુર્વેદ, વાસ્તુકલા વગેરે વિષયોનું ઉચ્ચશિક્ષણ આપવામાં આવતું હતું. ગુરુકુળ પ્રણાલીમાં વિદ્યાર્થી ઓને આચાર-વિચાર, સંસ્કાર, નૈતિકમૂલ્યો અને જીવનશૈલીના નિયમો શીખવવામાં આવતા હતા. પ્રાચીન ભારતમાં સ્ત્રીઓને પણ શિક્ષણનો અધિકાર હતો. લોપામુદ્રા, ગાર્ગી અને મૈત્રેયીનો ઉલ્લેખ કેટલાક ગ્રંથોમાં જોવા મળે છે.

### ■ તક્ષશિલા વિદ્યાપીઠ -

તક્ષશિલા ભારતનું સૌથી પ્રાચીન અને પ્રતિષ્ઠિત શિક્ષણ કેન્દ્રોમાંનું એક હતું. તે આજના પાકિસ્તાનમાં રાવલપિંડી પાસે આવેલું હતું. તક્ષશિલા વિદ્યાપીઠમાં વિવિધ વિષયોનું ગહન શિક્ષણ આપવામાં આવતું હતું. આ વિદ્યાપીઠમાં દૂર-દૂરથી વિદ્યાર્થીઓ આવતા હતા. મૌર્ય સામ્રાજ્યના સ્થાપક ચંદ્રગુપ્ત મૌર્યનું શિક્ષણ તક્ષશિલા વિદ્યાપીઠમાં થયું હતું. વ્યાકરણશાસ્ત્રી પાણિની, વૈદ્ય ચરક અને વૈદ્ય જીવક પણ આ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ હતા.

### ■ નાલંદા વિદ્યાપીઠ

નાલંદા પ્રાચીન ભારતની એક મહત્વની વિદ્યાપીઠ હતી. તેના અવશેષો આજે પણ બિહાર રાજ્યમાં રાજગીર પાસે જોવા મળે છે. યુનેસ્કો દ્વારા ન ાલંદા વિદ્યાપીઠના અવશેષોને 'વિશ્વવિરાસત સ્થળ' તરીકે જાહેર કરવામાં આવ્યા છે. ઈસવીસનની પાંચમી સદીમાં ગુપ્તવંશના શાસનકાળ દરમિયાન નાલંદા વિદ્યાપીઠની સ્થાપના થઈ હતી. નાલંદા વિદ્યાપીઠમાં બૌદ્ધ તત્વજ્ઞાન, વેદ, ગણિત, જ્યોતિષ, સાહિત્ય, સંગીત અને કળા જેવા વિષયો ભણાવવામાં આવતા હતા. અહીં ૧૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ માટે રહેવાની સગવડ હતી અને વિવિધ સ્થળોથી અહીં અધ્યાપકો આવતા હતા. નાલંદા વિદ્યાપીઠમાં એક ભવ્ય પુસ્તકાલય હતું. નાલંદા વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવવા માટે અત્યંત અઘરી પ્રવેશ પરીક્ષા આપવી પડતી હતી.



નાલંદા વિદ્યાપીઠ

### વિક્રમશીલા વિદ્યાપીઠ

વિક્રમશીલા વિદ્યાપીઠની સ્થાપના ઈસવીસન આઠમી સદીમાં થઈ હતી. આ વિદ્યાપીઠ આજના બિહારમાં ભાગલપુર પાસે આવેલી હતી. આ વિદ્યાપીઠમાં પ્રવેશ પરીક્ષા લેવામાં આવતી હતી. અહીં મુખ્યત્વે બૌદ્ધ તત્વજ્ઞાન, ધર્મશાસ્ત્ર, તંત્ર, આયુર્વેદ અને સાહિત્યનો અભ્યાસ કરવામાં આવતો હતો.

### ■ અન્ય મહત્વના શિક્ષણ કેન્દ્રો

પ્રાચીન ભારતમાં નાલંદા, તક્ષશિલા અને વિક્રમશીલા વિદ્યાપીઠો ઉપરાંત વારાણસી,

વલભી અને કૌશામ્બી પણ શિક્ષણના મહત્વના કેન્દ્રો હતા. અહીં કળા, સ્થાપત્ય, વાસ્તુકલા અને સાહિત્યનો ઊંડો અભ્યાસ થતો હતો. મહારાષ્ટ્રમાં પૈઠણ સાતવાહન કાળ દરમિયાન શિક્ષણનું પ્રમુખ કેન્દ્ર હતું. જોયુંને ! ભારતનો પ્રાચીન સાંસ્કૃતિક વારસો કેટલો અદ્ભૂત છે ! ભારતે જ્ઞાનના દરેક ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી હતી. આ એક અણમોલ સાંસ્કૃતિક ખજાનો છે.



**કરી જુઓ !**

તમે પ્રાચીન સાંસ્કૃતિક બાબતો અંગેના ચિત્રો ઇન્ટરનેટ કે પુસ્તકોમાંથી મેળવો. તે ચિત્રોના રંગીન ચાર્ટ અથવા ભીંત ચિત્રો કોષ્ટક તૈયાર કરો. તમારી શાળામાં એક પ્રદર્શન આયોજિત કરો.



## સ્વાધ્યાય

**પ્ર.૧ અ) ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.**

૧. પતંજલિ રચિત ............... વ્યાકરણ વિષયક ગ્રંથ છે.

૨. ભરતમુનિએ ............. ગ્રંથ લખ્યો.

**બ) એક વાક્યમાં જવાબ લખો.**

૧. પંડિત વિષ્ણુશર્માએ લખેલા કથાસંગ્રહનું નામ શું હતુ?

૨. ગૌતમબુદ્ધના જીવનચરિત્ર પર આધારિત કથાને શું કહે છે?

૩. કાશ્મીરનો ઇતિહાસ કહેનારા કવિ કલ્હણના ગ્રંથનું નામ લખો.

૪. સાતવાહનના કાળમાં શિક્ષણનું પ્રમુખ કેન્દ્ર કયું હતું?

**પ્ર.૨ અ) જોડકા જોડો.**

| 'અ' જૂથ | 'બ' જૂથ |
|---|---|
| ૧) શારંગદેવ | અ) શાકુંતલ |
| ૨) ભાસ | બ) સંગીતરત્નાકર |
| ૩) કાલિદાસ | ક) મુદ્રારાક્ષસ |
| ૪) વિશાખદત્ત | ડ) સ્વપનવાસવદત્ત |

**બ) કોષ્ટક પૂર્ણ કરો.**

| પ્રાચીન વિદ્યાપીઠ | વર્તમાન સ્થળ |
|---|---|
| ........................... | પેશાવર |
| નાલંદા | ........................... |
| ........................... | ભાગલપુર |

**પ્ર.૩ અ) ટૂંક નોંધ લખો.**

૧. નાલંદા વિદ્યાપીઠ

૨. સુશ્રુત સંહિતા

**બ) ટૂંકમાં જવાબ લખો.**

૧. ભારતના સાત અભિજાત નૃત્ય પ્રકાર મુખ્યત્વે કયા રાજ્યોના છે, તેના નામ લખો.

૨. દિલ્હીના મેહલીમાં આવે વિશે લોહસ્તંભની માહિતી લખો.

**પ્ર.૪ સવિસ્તર જવાબ લખો.**

૧. સાંચીમાં આવેલા સ્તૂપનું ચિત્ર જુઓ અને વર્ણન લખો.

૨. મહારાષ્ટ્રની સંમિશ્ર સંસ્કૃતિ વિશે ટૂંકમાં માહિતી લખો.

**પ્ર.૫** પ્રાચીનકાળની શિક્ષણ પદ્ધતિ અને આધુનિક શિક્ષણ પદ્ધતિની તુલના કરો.

**પ્ર.૬** શબ્દ કોયડો ઉકેલો.

૧)

| | | | |
|---|---|---|---|
| ૧) મ | | | ૨) |
| | | | |
| | | | |
| | | | |
| ૩) | | | |

ઉભા શબ્દો

૧) એક પ્રાચીન મહાકાવ્ય

૨) એક પ્રાચીન વિદ્યાપીઠ

આડા શબ્દો

૩) એક પ્રાચીન વિદ્યાપીઠ

**ઉપક્રમ :**

- તમારા પરિસરના આયુર્વેદ ડૉક્ટરની મુલાકાત લઈને આયુર્વેદ ઉપચાર પદ્ધતિ વિશે માહિતી લખો.
- ઇન્ટરનેટની મદદથી કાતળશિલ્પોના ચિત્રો શોધો.
- પંચતંત્ર અને જાતકકથાઓ વાંચો તેમાંની એક કથાનું નાટ્યીકરણ પરિપાઠ વખતે રજૂ કરો.

***

# ૧૦ પ્રાચીન ભારત અને જગત



૧૦.૧. પર્શિયન સંસ્કૃતિ સાથેનો સંપર્ક
૧૦.૨. ગ્રીક-રોમન સંસ્કૃતિનો ભારત પર પ્રભાવ
૧૦.૩. ભારત અને પાડોશી દેશો

વિચાર કરો.



આ ભારતમાંથી મળી આવેલો એક રોમન સિક્કો છે. આ સિક્કો ભારતમાં કેવી રીતે આવ્યો હશે?





ડાબી બાજુના ચિત્રમાં ઈરાની સામ્રાજ્યની રાજધાની પર્સિપોલિસમાં આવેલો સ્તંભ દેખાય છે અને જમણી બાજુના ચિત્રમાં અશોકસ્તંભ દેખાય છે. શું બંનેમાં કોઈ સામ્ય દેખાય છે?



આ ચિત્ર તમે પાઠ ૮માં જોયું છે. ગૌતમ બુદ્ધની પ્રતિમા પર ગ્રીક કલાનો પ્રભાવ દેખાય છે. એવું કેમ બન્યું હશે?





આ બે ચિત્રોમાંથી એક ચિત્ર શ્રીલંકાનું અને એક ભારતનું છે. આ બંને ચિત્રમાં વચ્ચે તમને શું સામ્ય દેખાય છે ?




**આ નકશો ભારત અને પશ્ચિમ એશિયા વચ્ચેનો વેપાર માર્ગ દર્શાવે છે. આ માર્ગે કઈ કઈ વસ્તુઓનો વેપાર થયો હશે ?**

આ બધા ચિત્રો દ્વારા તમને સમજાશે કે પ્રાચીન ભારતનો, ભારતની બહારના દેશો સાથે વેપારી સંબંધો હતા. એટલે કે તેમની વચ્ચે સાંસ્કૃતિક આપલે થતી હતી. પ્રાચીન સમયમાં ભારત અનેક દેશો સાથે સાંસ્કૃતિક, ધાર્મિક અને વેપારી સંબંધોથી જોડાયેલું મહત્વનું કેન્દ્ર હતું. મધ્ય એશિયાના પ્રદેશો ઇરાન (પર્શિયા), ચીન, તિબેટ, મ્યાનમાર, શ્રીલંકા, કંબોડિયા અને ઇંડોનેશિયા સાથે ભારતના ઘનિષ્ઠ સંબંધો હતા. આ દેશોમાં ભારતના ધર્મોનો પ્રસાર થયો. સાંસ્કૃતિક સંબંધોને કારણે તે તે દેશમાં જુદી-જુદી કલા શૈલીઓનો ઉદય થયો.



**કરી જુઓ.**

પાઠ્યપુસ્તકના અંતિમ પૃષ્ઠ પર આપેલા ઐતિહાસિક બોધપર કથામાળાનો ભાગ ૪ મેળવો અને તેમાંથી કથા વાચીને ભારત અને અન્ય દેશ વચ્ચેના સાંસ્કૃતિક સંબંધ વિશે માહિતી મેળવો.

### ૧૦.૧. પર્શિયન સંસ્કૃતિ સાથેનો સંપર્ક

પ્રાચીન ભારત અને પર્શિયા વચ્ચે સાંસ્કૃતિક, વેપારી અને રાજકીય સંબંધો હતા. પર્શિયન સંસ્કૃતિ વિશ્વની વિકસિત પ્રાચીન સંસ્કૃતિઓમાંની એક માન વામાં આવે છે. પર્શિયા સામ્રાજ્ય રોમ સુધી વિસ્તરેલું હતું. તે સામ્રાજ્યનું શાસન સુવ્યવસ્થિત હતું. ત્યાંની શિલ્પકલા ઉચ્ચ કક્ષાની હતી. પર્શિયન શિલ્પકળાનો ભારતીય શિલ્પકળા પર પ્રભાવ પડેલો દેખાય છે. ભારતનો વાયવ્ય પ્રદેશ ગાંધાર, સિંધ પર્શિયન સામ્રાજ્યનો એક ભાગ હતો. પર્શિયન સામ્રાજ્યને 'ઍકમેનિયન સામ્રાજ્ય' તરીકે ઓળખવામાં આવે છે. પર્શિયન સામ્રાજ્યની પ્રાંતવાર વિભાગણી કરી હતી. પ્રાંતોનું વિભાગીકરણ અને તે પ્રમાણે કરપદ્ધતિ,

ગુપ્તચર વ્યવસ્થા અને અધિકારીઓની શ્રેણી જેવી બાબતોની સુવ્યવસ્થિત રચના કરી હતી. મૌર્ય સામ્રાજ્યની રાજ્યવ્યવસ્થા પર આ બાબતોનો પ્રભાવ જોવા મળે છે.

સમ્રાટ અશોકના લેખોમાં જોવા મળતી લિપિઓમાં ખરોષ્ઠી અને અરેમાઈક લિપિનો વિકાસ પર્શિયન લિપિમાંથી થયો હતો. ભારત,પર્શિયાને કપડાં, મોતી, હાથી અને મસાલાઓની નિકાસ કરતું હતું, જ્યારે પર્શિયાથી ધાતુઓ અને કિંમતી વસ્તુઓ આવતી હતી.

મૌર્ય સામ્રાજ્યની શિલ્પકલા અને સ્થાપત્ય પર પર્શિયન કલા અને સ્થાપત્યનો પ્રભાવ જોવા મળે છે. અશોક સ્તંભ પર સિંહ, અશ્વ અને બળદના શિલ્પો છે. તેના પર્શિયન શિલ્પ શૈલીનો પ્રભાવ જોવા મળે છે.

## ૧૦.૨. ગ્રીક અને રોમન સંસ્કૃતિનો ભારત પર પ્રભાવ



સમ્રાટ સિકંદર

ઈસવીસન પૂર્વે ૩૨૬માં મૅસિડોનિયાના રાજા સિકંદરે પર્શિયા જીતીને ભારતના વાયવ્ય પ્રદેશ તરફ કૂચ કરી. સિકંદરના ભારત પરના આક્રમણને કારણે ભારતીય ઉપખંડના લોકોને ગ્રીક સંસ્કૃતિનો પરિચય થયો. તેણે સિંધુ પ્રદેશના ઘણા નાના રાજ્યોને પોતાના અધિપત્ય હેઠળ લીધા. સિકંદરના મૃત્યુ પછી તેના સામ્રાજ્યના ટુકડા થયા અને યવન અને ઇન્ડો-ગ્રીક રાજવંશોનો ઉદય થયો. તેમના સમયમાં ગ્રીક સંસ્કૃતિ સાથે સંબંધ જોડાયો. મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત, બિંદુસાર અને સમ્રાટ અશોકના ઈન્ડો-ગ્રીક રાજાઓ સાથે રાજકીય સંબંધો સ્થાપિત થયા હતા. મેગૅસ્થિનીસ ચંદ્રગુપ્તના દરબારમાં રાજદૂત હતો. મેગૅસ્થિનીસ દ્વારા લખાયેલ 'ઇન્ડિકા' ગ્રંથમાંથી મૌર્યકાલીન સમાજ રચના, પ્રશાસન, કૃષિ, વેપાર વગેરે વિશે માહિતી મળે છે. ગ્રીક મૂર્તિકલાના પ્રભાવથી કુશાણકાળમાં ભારતમાં એક નવી કલાશૈલીનો ઉદ્ભવ થયો, જેને 'ગાંધાર કલા' કહેવામાં આવે છે. ગાંધાર કલાશૈલીમાં મુખ્યત્વે ગૌતમ બુદ્ધની મૂર્તિઓ ઘડવામાં આવી હતી. આ શૈલીમાં મૂર્તિઓના ચહેરાના આકાર ગ્રીક ચહેરાકૃતિ સાથે મળતા આવે છે. બેક્ટ્રિયામાં મળેલા ગ્રીક રાજાઓના સિક્કા આ કળાના ઉત્તમ નમૂનાઓ છે. આ સિક્કાઓને 'ઇન્ડો-ગ્રીક' સિક્કાઓ કહેવામાં આવે છે. તે સિક્કાઓ પર ગ્રીક પ્રભાવ જોવા મળે છે.



**કહો જોઈએ.**

હું સમ્રાટ નથી, સૈનિક નથી,
પણ રાજદરબારમાં મારું સ્થાન છે.
મેં પરદેશીની નજરે ભારત જોયું ,
અને જે જોયું તે કહેવા માટે 'ઈન્ડિકા' ગ્રંથ લખ્યો.
હું કોણ?

ઈસવીસનની પહેલી અને બીજી સદી દરમિયાન ભારત અને રોમ વચ્ચેનો વ્યાપાર ખૂબ જ ફૂલ્યો-ફાલ્યો હતો. આ વ્યાપારમાં દક્ષિણ ભારતના બંદરોનું મહત્વ ઘણું વધી ગયું હતું. મહારાષ્ટ્રના કોલ્હાપુર ખાતે થયેલા ઉત્ખનનમાં કાંસાની કેટલીક વસ્તુઓ મળી આવી, જે રોમન બનાવટની હતી.

તમિલનાડુના અરિકામેડુમાં થયેલા ઉત્ખનનમાં પણ રોમન બનાવટની અનેક વસ્તુઓ મળી આવી છે.



**શું તમે જાણો છો ?**

મહારાષ્ટ્રના ધારાશિવ જિલ્લામાં આવેલું 'તેર' સાતવાહન કાળનું એક મહત્વનું વેપારી કેન્દ્ર હતું. અહીંના ઉત્ખનનમાં રોમન સિક્કા, એમ્ફોરો (એક પ્રકારના કુંભ), કાચના મણકા અને હાથીદાંતની કોતરણીવાળા શિલ્પો મળી આવ્યા છે. તેરના કપડાં, મોતી, દાગીના અને હસ્તકલાની વસ્તુઓ રોમન બજારમાં ખૂબ લોકપ્રિય હતી. તેમાં હાથીદાંત પર કોતરણી કરીને બનાવેલી ૧૨ સેન્ટિમીટર ઊંચી ઢીંગલી ખાસ ધ્યાન ખેંચે છે. આના જેવી જ હાથીદાંતની ઢીંગલીઓ ઈસવીસન ૭૯માં જ્વાળામુખીથી નાશ પામેલા ઇટાલીના પ્રાચીન શહેર પૉમ્પેઈના ઉત્ખનનમાં મળી આવી છે. આ પરથી સાબિત થાય છે કે તેર અગત્યનું વેપારી કેન્દ્ર હતું અને તેનો રોમન શહેરો સાથે વેપારી સંપર્ક હતો.

આવા ઘણા વેપારી કેન્દ્રોના ઉલ્લેખ તે સમયના સાહિત્યમાં મળે છે. આ વેપારમાં ઇજિપ્તનું એલેક્ઝાન્ડ્રિયા નામનું બંદર ખૂબ મહત્વનું હતું. ભારતીય માલ અરબી વેપારીઓ એલેક્ઝાન્ડ્રિયા સુધી લઈ જતા. ત્યાંથી તે યુરોપના દેશોમાં મોકલવામાં આવતો. દક્ષિણ ભારતના બંદરોમાંથી રોમન વેપારીઓ સીધા ભારતમાં આવતા અને કપડાં, મસાલા, કિંમતી રત્નો તથા ઔષધીય વનસ્પતિઓ મોટા પ્રમાણમાં ખરીદતા. ભારતમાં આજે પણ હજારો રોમનસિક્કાઓ મળી આવે છે. આ પરથી તે સમયના વેપારનું પ્રમાણ અને મહત્ત્વ સમજાય છે.



**શું તમે જાણો છો ?**

પ્રાચીન કાળમાં ભારતમાંથી નિર્યાત થતાં કાળા મરી, યુરોપમાં અત્યંત મૂલ્યવાન વસ્તુ ગણાતી હતી. રોમમાં તે એટલાં મોંઘા મળતાં કે તેને 'કાળું સોનું' કહેવામાં આવતું. રોમન લોકોના ખોરાકમાં મસાલાઓનો અભાવ હતો. મરી તેમના માટે સ્વાદ અને આરોગ્ય બંને દ્રષ્ટિએ મહત્વના હતા. દક્ષિણ ભારતના બંદરોમાંથી મરી મોટા પ્રમાણમાં રોમન સામ્રાજ્યમાં નિકાસ કરવામાં આવતા હતા. રોમન વેપારીઓ, ભારતીય વેપારીઓને સોનાના સિક્કા આપીને મરી ખરીદતા હતા.રોમન લેખક પ્લિની પોતાના ગ્રંથમાં લખે છે કે, ''ભારતમાંથી રોમમાં મસાલા લાવવા માટે દર વર્ષે પુષ્કળ સોનું રોમમાંથી બહાર જાય છે.''



બોરોબુદૂર

## ૧૦.૩. ભારત અને પાડોશી દેશો

પ્રાચીન ભારતના પાડોશી દેશો સાથે, ખાસ કરીને અગ્નિ એશિયાના દેશો સાથે, અત્યંત ઘનિષ્ઠ અને પ્રભાવશાળી સંબંધો હતા.સમુદ્રી વેપાર, બૌદ્ધ અને હિંદુ ધર્મોના પ્રસાર, ભાષા અને કળાના આદાન-પ્રદાન દ્વારા ભારતનો પ્રભાવ શ્રીલંકા, મ્યાનમાર, થાઈલેન્ડ, કમ્બોડિયા, વિયેતનામ, ઇન્ડોનેશિયા અને મલેશિયા સુધી પહોંચ્યો હતો. ભારતીય વેપારીઓ મસાલા, કપડાં, કિંમતી રત્નો અને ધાતુઓ લઈને સમુદ્રી માર્ગે આ દેશોમાં જતા. તેમાંના કેટલાક ત્યાં જ સ્થાયી થયા અને કેટલાકે ત્યાં પોતાના રાજ્ય સ્થાપ્યાં. બૌદ્ધ ભિક્ષુઓએ બૌદ્ધ તત્ત્વજ્ઞાનનો પ્રચાર કર્યો. અગ્નિ એશિયાના મંદિરો, નૃત્યકલા, કલા, સ્થાપત્ય અને રાજકીય પરંપરાઓમાં ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ સ્પષ્ટપણે જોવા મળે છે. અંકોરવટ જેવા ભવ્ય મંદિરો, બોરોબુદુર સ્તૂપ અને રામાયણ મહાકાવ્યથી પ્રેરિત કલા તેના ઉત્તમ ઉદાહરણો છે. પ્રાચીન ભારત અને અગ્નિ એશિયા વચ્ચેના સંબંધો માત્ર વેપાર પૂરતા મર્યાદિત નહોતા, તે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક આદાન-પ્રદાનના પ્રતિક હતા.



સિગિરિયા ગુફામાંનું ભીંતચિત્ર

### ■ શ્રીલંકા

શ્રીલંકામાં બૌદ્ધ ધર્મના પ્રચાર માટે સમ્રાટ અશોકે પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને શ્રીલંકા મોકલ્યા હતા. તેમના બંનેના નામનો ઉલ્લેખ શ્રીલંકાના બૌદ્ધ ગ્રંથ 'મહાવંસ'માં કરવામાં આવ્યો છે. સંઘમિત્રા પોતાના સાથે બોધિવૃક્ષની એક ડાળી લઈને ગઈ હતી. શ્રીલંકાના અનુરાધાપુર ખાતે આવેલું બોધિવૃક્ષ આ જ ડાળીમાથી વિકસ્યું હોવાનું ત્યાંની પરંપરા મુજબ માનવામાં આવે છે.

શ્રીલંકાના મોતી અને અન્ય કિંમતી વસ્તુઓની ભારતમાં મોટી માંગ હતી. ત્યાંના સિગિરિયા નામના સ્થળે ઈસવીસનની પાંચમી સદીમાં કશ્યપ નામના રાજાએ ગુફાઓ ખોદાવી હતી. આ ગુફાઓમાં આવેલા ભીંતચિત્રોની શૈલી અજિંઠાની ચિત્રશૈલી સાથે સામ્ય દર્શાવે છે. શ્રીલંકાના 'મહાવંસ' અને 'દીપવંસ' નામના પાલી ભાષાના ગ્રંથો ભારત અને શ્રીલંકા વચ્ચેના પરસ્પર સંબંધોની માહિતી આપે છે.

### ■ ચીન

પ્રાચીન સમયથી ભારત અને ચીન વચ્ચે વેપારી અને સાંસ્કૃતિક સંબંધો સ્થાપિત થયા હતા. સમ્રાટ હર્ષવર્ધને ચીનના દરબારમાં રાજદૂત મોકલ્યો હતો. ચીનમાં બનતા રેશમી કપડાને ભારતમાં 'ચિનાંશુક' કહેવામાં આવતું હતું. ચિનાંશુકની ભારતમાં મોટી માગણી હતી. પ્રાચીન ભારતના વેપારીઓ આ ચિનાંશુકને પશ્ચિમી દેશોમાં મોકલતા હતા. આ વેપાર જમીન માર્ગે થતો હતો.ભારત, અફઘાનિસ્તાન અને મધ્ય એશિયામાંથી પસાર થતા આ માર્ગને

'રેશમ માર્ગ' કહેવામાં આવે છે. ભારતના કેટલાક પ્રાચીન સ્થળો આ રેશમ માર્ગ સાથે જોડાયેલા હતા. તેમાં મહારાષ્ટ્રના મુંબઈ નજીક આવેલા પાલઘર જિલ્લાના નાલાસોપારાનો સમાવેશ થાય છે. ભારતમાં આવેલા ફાહિયાન અને યુઆનશ્વાંગ નામના બૌદ્ધ ભિક્ષુઓ પણ રેશમ માર્ગે જ ભારતમાં આવ્યા હતા. યુઆનશ્વાંગનો ઉલ્લેખ હ્યૂએનત્સંગ તરીકે પણ કરવામાં આવે છે.

ઈસવી સનની પ્રથમ સદીમાં ચીની સમ્રાટ 'મિંગ'ના આમંત્રણથી ધર્મરક્ષક અને કશ્યપ માતંગ નામના બૌદ્ધ ભિક્ષુઓ ચીન ગયા હતા. તેમણે અનેક ભારતીય બૌદ્ધ ગ્રંથોનું ચીની ભાષામાં ભાષાંતર કર્યું. ત્યાર બાદ ચીનમાં બૌદ્ધ ધર્મના પ્રસારને વેગ મળ્યો. પાછળથી બૌદ્ધ ધર્મ જાપાન, કોરિયા અને વિયેતનામ જેવા દેશોમાં પણ પહોંચ્યો.



### શું તમે જાણો છો ?

ઈસવીસનની સાતમી સદીમાં ચીનનો વિદ્વાન ભિક્ષુ યુઆનશ્વાંગ બૌદ્ધ ધર્મનું શિક્ષણ મેળવવા માટે ભારતમાં આવ્યો હતો. તેણે નાલંદા વિશ્વવિદ્યાલયમાં ઘણા વર્ષો સુધી જ્ઞાનસાધના કરી. અહીંના વિદ્વાન ભિક્ષુઓએ તેને બૌદ્ધ તત્ત્વજ્ઞાન, વ્યાકરણ, વૈદ્યકશાસ્ત્ર, ધ્યાનવિદ્યા જેવા અનેક વિષયો પરના કિંમતી ગ્રંથો આપ્યા. ભારતમાંથી પરત જતા સમયે પોતાની સાથે લઈ જવા માટે તેણે ૬૦૦ થી વધુ હસ્તલિખિત ગ્રંથો એકત્રિત કર્યા હતા. આ ગ્રંથોને ચીનમાં લઈ જઈ ત્યાંના લોકોને બૌદ્ધ ધર્મની માહિતી આપવાનો તેનો ઉદ્દેશ હતો. યુઆનશ્વાંગે ભારતમાંથી મધ્ય એશિયા તરફ જતો રણમાર્ગ પસંદ કર્યો. દિવસ દરમિયાન ભયંકર તડકો અને રાત્રે કડકડતી ઠંડી જેવી મુશ્કેલ પરિસ્થિતિ હતી. રણ તેના ધૈર્યની કસોટી લઈ રહ્યું હતું. છતાં પણ તે અટક્યો નહીં, કારણ કે તેની પાસે રહેલા ગ્રંથો જ્ઞાનનો ખજાનો હતા. એક દિવસ તે તાકલમકાન રણમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક આકાશ અંધકારમય બની ગયું. થોડી જ ક્ષણોમાં તેની આજુબાજુ રેતીનો ભયાનક વંટોળ શરૂ થયો. ઊંટ પરનો તેનો કાબૂ જવા લાગ્યો અને ગ્રંથો ખરાબ થઈ જશે એવો ડર લાગ્યો. યુઆનશ્વાંગે જીવના જોખમે પણ આ ગ્રંથોને વંટોળથી બચાવી લીધા. ધીમે ધીમે વંટોળ શાંત પડ્યો. આકાશ ફરી સ્વચ્છ બન્યું. થાકેલો અને ધૂળથી ભરાયેલો યુઆનશ્વાંગ ઊભો થયો અને સૌપ્રથમ બધા ગ્રંથો સુરક્ષિત હોવાનું જોઈ લીધું. સદભાગ્યે, બધા ગ્રંથો સુરક્ષિત હતા.



અનેક મહિનાના પ્રવાસ પછી અંતે તે ચીન પહોંચ્યો. ત્યાં તેનું ભવ્ય સ્વાગત થયું. ત્યાંના વિદ્વાનોએ તેના લાવેલા ગ્રંથોનો અભ્યાસ શરુ કર્યો, તેમનું ભાષાંતર કર્યું અને જેના કારણે પૂર્વ એશિયામાં બૌદ્ધ ધર્મની માહિતી મોટા પ્રમાણમાં ફેલાઈ.ચીનના સમ્રાટે પણ તેનું સન્માન કર્યું અને તેના સંગ્રહમાં રહેલા ગ્રંથોના ભાષાંતર માટે વિશેષ કેન્દ્ર સ્થાપ્યું. પછીના કેટલાક વર્ષોમાં યુઆનશ્વાંગે ૭૫ કરતાં વધુ બૌદ્ધ ગ્રંથોનું ચીની ભાષામાં ભાષાંતર કર્યું.



અંકોરવટ ખાતેનું મંદિર

■ **અગ્નિ એશિયા**

કંબોડિયામાં 'ફુનાન' નામના પ્રાચીન રાજ્યની સ્થાપના ઈસવીસનની પ્રથમ સદીમાં થઈ હતી. ચીની પરંપરા મુજબ કૌન્ડિણ્ય નામના ભારતીયે તેની સ્થાપના કરી હોવાની માહિતી મળે છે. ફુનાનના લોકોને સંસ્કૃત ભાષાનું જ્ઞાન હતું. તે સમયના કોતરાયેલા શિલાલેખ ઉપલબ્ધ છે, જે સંસ્કૃત ભાષામાં છે.



**શું તમે જાણો છો ?**

ચીની પ્રવાસીઓની નોંધ મુજબ ઇન્ડોનેશિયાનું 'શ્રીવિજય' સામ્રાજ્ય બૌદ્ધ ધર્મગ્રંથોના અભ્યાસ માટે અને સંસ્કૃત શીખવા માટે મહત્વનું કેન્દ્ર હતું. આ સંદર્ભે એક ઉલ્લેખનીય નોંધ છે. ઈસવીસન ૬૭૧માં ઇત્સિંગ નામનો ચીની પ્રવાસી, ચીનમાંથી પાછા ફરતા ઇરાની વેપારી જહાજ દ્વારા ઇન્ડોનેશિયા આવ્યો હતો. તે સમયે શ્રીવિજય રાજ્યમાં તે છ મહિના સુધી સંસ્કૃત ભાષા શીખવા માટે રહ્યો હતો. ત્યારબાદ તે સમુદ્રમાર્ગે ભારત આવ્યો.ઇત્સિંગે પોતાના લખાણોમાં ચીની ભિક્ષુઓને સલાહ આપી હતી કે તેઓ ભારતમાં આવતાં પહેલાં એકથી બે વર્ષ શ્રીવિજય રાજ્યમાં રહીને સંસ્કૃત શીખે. તેની નોંધ મુજબ તે સમયે શ્રીવિજય રાજ્યના વિહારમાં એક હજાર ભિક્ષુઓ રહેતા હતા.આ પરથી સમજાય છે કે, ચીનમાંથી ભારત આવતા ચીની ભિક્ષુઓ ઇન્ડોનેશિયામાં થોડા મહિના સંસ્કૃત શીખવા માટે રોકાતા અને ત્યારબાદ ભારતમાં આવતા હતા.

અગ્નિ એશિયાના અન્ય દેશોમાં પણ ભારતમાંથી ગયેલા કેટલાક લોકોએ રાજ્યો સ્થપ્યાં હતા. તેમાંના કેટલાક રાજ્યો આગળ જઈ સામ્રાજ્યોમાં પરિવર્તિત થયા. આ રાજ્યોના કારણે ભારતીય સંસ્કૃતિનો પ્રસાર અગ્નિ એશિયામાં સતત થતો રહ્યો. અગ્નિ એશિયાની કલા અને સાંસ્કૃતિક જીવન પર ભારતીય સંસ્કૃતિની સ્પષ્ટ છાપ જોવા મળે છે.ઇન્ડોનેશિયામાં આજે પણ રામાયણ અને મહાભારતની કથાઓ આધારિત નૃત્ય અને નાટકો ખૂબ લોકપ્રિય છે. અગ્નિ એશિયાના રાજ્યોમાં

ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ સતત વધતો ગયો. પ્રાચીન સમયમાં બૌદ્ધ ધર્મ મ્યાનમાર, થાઈલેન્ડ, ઇન્ડોનેશિયા વગેરે દેશોમાં પહોંચ્યો હતો. પછીના સમયમાં શિવ અને વિષ્ણુ મંદિરોનું પણ નિર્માણ થયું.



**શોધો જોઈએ.**

કંબોડિયા, ઇન્ડોનેશિયા, વિયેતનામ, થાઈલેન્ડ અને મ્યાનમારમાં ભારતીય સંસ્કૃતિના પ્રભાવ ધરાવતી કેટલીક ઇમારતોને યુનેસ્કો દ્વારા જાગતિક વારસ સ્થળોનો દરજ્જો આપવામાં આવ્યો છે. તે વિશેની માહિતી શોધો અને તેની યાદી તૈયાર કરો.

આ પાઠમાં આપણે પ્રાચીન ભારતનો જગત સાથેનો પરસ્પર સંબંધ સમજ્યા. આપણે એ પણ શીખ્યા કે પ્રાચીન ઇતિહાસ ભણવાથી વિવિધ દેશોના સંબંધ કેવી રીતે દૃઢ થાય છે.



## સ્વાધ્યાય

**પ્ર.૧ અ) યોગ્ય પર્યાય સામે ☑ કરો.**

૧. ગાંધાર શૈલીમાં કઈ મૂર્તિઓ મોટા પ્રમાણમાં મળી આવી છે?

(અ) શિવ ☐

(બ) વિષ્ણુ ☐

(ક) ગૌતમ બુદ્ધ ☐

૨. ચીની ભીખુ યુઆનશ્વાંગે ભારતની કઈ વિદ્યાપીઠમાં અનેક વર્ષો જ્ઞાન સાધના કરી હતી?

(અ) તક્ષશિલા ☐

(બ) વિક્રમશિલા ☐

(ક) નાલંદા ☐

૩. રામાયણ અને મહાભારતની કથા પર આધારિત નૃત્ય નાટકો કયા દેશમાં લોકપ્રિય છે ?

(અ) ઇન્ડોનેશિયા ☐

(બ) થાઈલેન્ડ ☐

(ક) કંબોડિયા ☐

૪. 'રેશમ માર્ગ' નીચેના પૈકી કયા દેશોમાંથી જાય છે?

(અ) ભારત- શ્રીલંકા- કંબોડિયા ☐

(બ)ભારત-અફઘાનિસ્તાન-મધ્ય એશિયા ☐

(ક) ભારત- ઇન્ડોનેશિયા- ચીન ☐

**પ્ર.૨ અ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

૧. મૌર્ય સામ્રાજ્યની શિલ્પકલા અને સ્થાપત્ય કલા પર પર્શિયન કલા-સ્થાપત્યનો પ્રભાવ કઈ રીતે દેખાઈ આવે છે?

૨. ભારતીય સંસ્કૃતિનો પ્રસાર ભારતની બહાર પણ મોટા પ્રમાણમાં થયો, તેના ઉદાહરણો લખો.

૩. ભારતના અગ્નિ એશિયાના દેશો સાથેના સંબંધો ઘનિષ્ઠ અને પ્રભાવી હતા, તેના પુરાવા લખો.

**બ) ટૂંક નોંધ લખો.**

૧. રેશમ માર્ગ

૨. પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો વિશ્વ પર પડેલો પ્રભાવ

૩. ગાંધાર શિલ્પકલા

**પ્ર.૩ સંકલ્પના ચિત્રપૂર્ણ કરો.**




**કૃતિ**

- વિશ્વના નકશાની રૂપરેખામાં ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ જ્યાં સુધી પહોંચ્યો છે તેવા સ્થળો દર્શાવો. ઉદાહરણ તરીકે: શ્રીલંકા, ઇન્ડોનેશિયા, કંબોડિયા.
- ઇન્ટરનેટની મદદથી શ્રીલંકાના અનુરાધપુરમાં આવેલા બોધિવૃક્ષનું ચિત્ર અને માહિતી મેળવો.

**ઉપક્રમ**

- ભારત અને અન્ય દેશો વચ્ચે થતાં વસ્તુઓના આદાન-પ્રદાનને દર્શાવતો તક્તો નીચે મુજબ તૈયાર કરો.
  ઉદા.,

| દેશ | ભારતમાંથી શું લઈ ગયા? | ભારતપર શું પ્રભાવ પડ્યો? |
|---|---|---|
| રોમ | કાળા મારી | વ્યાપારને કારણે ભારતમાં સોનું આવ્યું |
| ........<br>........ | .............<br>............. | ....................<br>.................... |

- યુઆન શ્વાંગે અનેક ભારતીય ગ્રંથોને પોતાના દેશમાં લઈ જઈ તેનું ભાષાંતર શા માટે કર્યું હશે. તે વિશે વર્ગમાં ચર્ચા કરો.



શિલ્પપટ્ટ : ગાંધારશૈલી

***

# નાગરિકશાસ્ત્ર

# પાઠ અનુસાર અધ્યયન નિષ્પત્તિ

| અ. ક્ર. | અભ્યાસક્રમ ક્ષમતા | અધ્યયન નિષ્પત્તિ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| **અભ્યાસક્રમ ધ્યેય :** CG–૫ કુટુંબમાં પ્રચલિત બાબતોથી માંડીને સમુદાયો , પ્રાદેશિક, રાષ્ટ્રીય સ્તર સુધી સમાજમાં પ્રવર્તતી વિવિધ પ્રકારની અસમાનતા અને પૂર્વગ્રહોને સમજી, આ મુદ્દાઓને ઉકેલવા માટેની પહેલ કરવી | | | |
| ૧ | **આપણું સમાજ જીવન**<br>C–૫.૨ : સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય સંસ્થાઓ દ્વારા વિવિધ સ્તરે કરવામાં આવતા પ્રયત્નો ઓળખે છે, સ્પષ્ટ કરે છે. તેના આધારે સમાનતા, સમાવેશન અને સામાજિક ન્યાય નિશ્ચિત કરવા માટે વ્યક્તિ શું કરી શકે? તેનો અભ્યાસ કરે છે. | ૧. સમાજ સંકલ્પના સ્પષ્ટ કરે છે.<br>૨. કુટુંબનું મહત્વ કહે છે.<br>અ) સગાસંબંધીઓનું મહત્વ કહે છે.<br>બ) સામાજિક રીતિરિવાજોનું વર્ણન કરે છે. | ૮૭,૯૩<br>૮૮, ૯૩<br>૮૮<br>૯૦,૯૧ |
| | | ૩. માનવ જીવનમાં સામાજિક સંસ્થાઓનું યોગદાન સમજાવે છે.<br>૪. સામાજિક સંસ્થાઓના કાર્ય સ્પષ્ટ કરે છે.<br>૫. શાળા એક સામાજિક સંસ્થા છે તે સમજાવે છે. | ૮૯, ૯૩<br>૮૯<br>૮૯ |
| | | ૬. સામાજિક વિવિધતા વિશે માહિતી આપે છે.<br>**અ) ધાર્મિક વિવિધતા વિશે માહિતી આપે છે.**<br>**બ) ભાષાકીય વિવિધતા વિશે માહિતી આપે છે.** | ૯૦, ૯૨, ૯૩<br>૯૦, ૯૨<br>૯૦, ૯૨, ૯૩ |
| | | ૭. સાંસ્કૃતિક વિવિધતા સમજાવે છે. | ૯૧, ૯૨ |
| **અભ્યાસક્રમ ધ્યેય :** CG–૮ ભારતીય બંધારણની વિકાસ પ્રક્રિયા સમજીને, ભારતીય સમાજમાં લોકશાહીના મૂલ્યો સ્થાપિત કરવામાં બંધારણનું મહત્વ જાણવું. | | | |
| ૨ | **ભારતીય બંધારણ**<br>C– ૮.૧ છેલ્લા ઘણા દાયકાઓથી, વિશ્વનાં દેશોને, ખાસ કરીને ભારતને, બંધારણની જરૂર કેમ પડી અને બંધારણના મુખ્ય ઉદ્દેશો ક્યા છે તે જાણે છે.<br>C–૮.૨ ભારતીય બંધારણ નિર્માણ પ્રક્રિયા સ્પષ્ટ કરે છે. તેમાં અંતર્ભૂત ભારતીય સ્વતંત્રતા આંદોલનના આદર્શ વિચારો અને ભારતીય વારસો તથા પરંપરાગત ચાલી આવતી સભ્યતા સમજી લે છે. | ૧. બંધારણનો અર્થ સમજાવે છે.<br>૨. બંધારણના પ્રકારો જણાવે છે.<br>૩. ભારતીય બંધારણની જરુર અને તેનું મહત્વ સમજાવે છે. | ૯૫, ૯૯<br>૯૫<br>૯૫, ૯૯ |
| | | ૪. ભારતીય બંધારણ બનાવવાની પૃષ્ઠભૂમિ સમજાવે છે. | ૯૫,૯૬, ૯૯ |
| | | ૫. બંધારણ સભા વિશે માહિતી આપે છે.<br>૬. મસૂદા સમિતિ વિશે માહિતી આપે છે. | ૯૬,૯૭,૯૮, ૯૯<br>૯૭,૯૮, ૯૯ |
| ૩ | **ભારતીય બંધારણની પ્રસ્તાવનાનું/આમુખનું મહત્વ**<br>C– ૮.૧ છેલ્લા કેટલાક દશકોમાં, કોઈપણ દેશને–ખાસ કરીને ભારતને બંધારણની જરૂર કેમ પડી અને બંધારણના મુખ્ય ઉદ્દેશો ક્યા છે તે જાણે છે.<br>C–૮.૨ ભારતીય બંધારણ નિર્માણ પ્રક્રિયા સ્પષ્ટ કરે છે. તેમાં અંતર્ભૂત ભારતીય સ્વતંત્રતા આંદોલનના આદર્શ વિચારો અને ભારતીય વારસો તથા પરંપરાગત ચાલી આવતી સભ્યતા સમજી લે છે. | **૭. ભારતીય બંધારણની ઉદ્દેશીકા.**<br>અ) ભારતીય બંધારણના હેતુઓ જણાવે છે.<br>**૮. ભારતીય બંધારણની વિશેષતાઓ/ખાસિયતો જણાવે છે.** | ૧૦૦, ૧૦૨<br><br>૧૦૧,૧૦૨, ૧૦૩<br>૧૦૧, ૧૦૩ |
| **અભ્યાસક્રમ ધ્યેય :** CG–૮ ભારતીય બંધારણની વિકાસ પ્રક્રિયા સમજીને, ભારતીય સમાજમાં લોકશાહીના મૂલ્યો સ્થાપિત કરવામાં બંધારણનું મહત્વ જાણવું. | | | |
| ૪ | **ગ્રામીણ સ્થાનિક શાસન સંસ્થા**<br>C– ૮.૩ સ્થાનિક સ્વરાજ શાસન સંસ્થાઓના ત્રિસ્તરીય કાર્યો સ્પષ્ટીકરણ સાથે જણાવે છે. પાયાના સ્તર સુધી લોકશાહી જાળવી રાખવા માટે આ સંસ્થાઓનું મહત્વ સમજાવે છે. તેની પ્રશંસા કરે છે, પ્રોત્સાહન કરે છે. | ૧. સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ત્રિસ્તરીય રચના જણાવે છે.<br>૨. ગ્રામ પંચાયત વિશે માહિતી આપે છે.<br>અ) ગ્રામ પંચાયતની રચના સમજાવે છે.<br>બ) ગ્રામ પંચાયતના કાર્યો જણાવે છે.<br>ક) ગ્રામ પંચાયતના વહીવટ વિશે સમજાવે છે.<br>ડ) ગ્રામસભા વિશે માહિતી આપે છે. | ૧૦૪, ૧૧૧<br>૧૦૪,૧૦૫<br>૧૦૪,૧૦૫, ૧૧૧<br>૧૦૫, ૧૧૧<br>૧૦૬, ૧૧૦, ૧૧૧<br>૧૦૬,૧૦૭ |

| | | | |
|---|---|---|---|
| | | ૩. પંચાયત સમિતિની રચના સમજાવે છે.<br>અ) પંચાયત સમિતિના કામો સમજાવે છે.<br>બ) પંચાયત સમિતિના વહીવટ વિશે માહિતી આપે છે. | ૧૦૮<br>૧૦૮<br>૧૦૮, ૧૧૦, ૧૧૧<br>૧૦૯ |
| | | ૪. જિલ્લા પરિષદની રચના સમજાવે છે.<br>અ) જિલ્લા પરિષદના કામો જણાવે છે.<br>બ) જિલ્લા પરિષદના વહીવટ વિશે માહિતી આપે છે. | ૧૦૯<br>૧૦૯, ૧૧૦, ૧૧૧ |
| **અભ્યાસક્રમ ધ્યેય :** CG-૮ ભારતીય બંધારણની વિકાસ પ્રક્રિયા સમજીને, ભારતીય સમાજમાં લોકશાહીના મૂલ્યો સ્થાપિત કરવામાં બંધારણનું મહત્વ જાણવું. | | | |
| ૫ | **શહેરી સ્થાનિક શાસન સંસ્થા**<br>C- ૮.૩ સ્થાનિક સ્વરાજ શાસન સંસ્થાઓના ત્રિસ્તરીય કાર્યો સ્પષ્ટીકરણ સાથે જણાવે છે. પાયાના સ્તર સુધી લોકશાહી જાળવી રાખવા માટે આ સંસ્થાઓનું મહત્વ સમજાવે છે. તેની પ્રશંસા કરે છે, લોકોને સહભાગી થવા પ્રોત્સાહિત કરે છે. | ૧. નગરપંચાયતની રચના સમજાવે છે.<br>૨. નગરપંચાયતના આરોગ્ય અને શિક્ષણ સંબંધિત કાર્યો જણાવે છે. | ૧૧૨, ૧૧૯, ૧૨૦<br>૧૧૩ |
| | | ૩. નગર પરિષદની રચના સમજાવે છે.<br>અ) નગર પરિષદની ચૂંટણી પ્રક્રિયા જણાવે છે.<br>૪. નગર પરિષદના કાર્યો કહે છે.<br>અ) નગર પરિષદના આવશ્યક કાર્યો કહે છે.<br>બ) નગર પરિષદના ઐચ્છિક કાર્યો કહે છે.<br>૫. નગર પરિષદના આવકના સ્રોત કહે છે. | ૧૧૨, ૧૧૩,૧૧૪, ૧૧૯<br>૧૧૪<br>૧૧૩, ૧૧૪, ૧૧૯<br>૧૧૩, ૧૧૪<br>૧૧૪ |
| | | ૬. મહાનગરપાલિકાની રચના સમજાવે છે.<br>અ) મહાનગરપાલિકાના કાર્યો જણાવે છે.<br>બ) મહાનગરપાલિકાની વિવિધ વિષય સમિતિઓની માહિતી આપે છે.<br>ક) મહાનગરપાલિકાની પ્રશાસન વ્યવસ્થા કહે છે.<br>ડ) મહાનગરપાલિકાના આવકનાં સ્રોત કહે છે. | ૧૧૫<br>૧૧૫, ૧૧૬, ૧૧૯<br>૧૧૬, ૧૧૯, ૧૨૦<br>૧૧૬, ૧૧૭<br>૧૧૬, ૧૨૦<br>૧૧૭ |
| | | ૭. કટક મંડળનો અર્થ જણાવે છે.<br>અ) કટક મંડળની રચના જણાવે છે.<br>બ) કટક મંડળની વિશેષતાઓ જણાવે છે.<br>ક) કટક મંડળના કાર્યો જણાવે છે. | ૧૧૭<br>૧૧૮<br>૧૧૮<br>૧૧૮,૧૧૯ |
| **અભ્યાસક્રમ ધ્યેય :** CG-૮ ભારતીય બંધારણની વિકાસ પ્રક્રિયા સમજીને, ભારતીય સમાજમાં લોકશાહીના મૂલ્યો સ્થાપિત કરવામાં બંધારણનું મહત્વ જાણવું. | | | |
| ૬ | **જિલ્લા પ્રશાસન**<br>C- ૮.૩ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના ત્રિસ્તરીય કાર્યો સ્પષ્ટીકરણ સાથે જણાવે છે. પાયાના સ્તર સુધી લોકશાહી જાળવી રાખવા માટે આ સંસ્થાઓનું મહત્વ સમજાવે છે. તેની પ્રશંસા કરે છે, લોકોને સહભાગી થવા પ્રોત્સાહિત કરે છે. | ૧. જિલ્લા પ્રશાસનના વહીવટી વિભાગોના નામ આપે છે. | ૧૨૧ |
| | | ૨. જિલ્લા મહેસુલ પ્રશાસનની રચના સ્પષ્ટ કરે છે.<br>અ) જિલ્લા મહેસુલ પ્રશાસનના કાર્યોનું વર્ણન કરે છે.<br>બ) જિલ્લા મહેસુલ પ્રશાસનના અધિકારો સંબંધી માહિતી આપે છે. | ૧૨૧,૧૨૨<br>૧૨૨,૧૨૬, ૧૨૭<br>૧૨૧,૧૨૨,૧૨૩,૧૨૬ |
| | | ૩. જિલ્લા પોલીસ પ્રશાસનની રચના સ્પષ્ટ કરે છે.<br>અ) જિલ્લા પોલીસ પ્રશાસનના કાર્યો કહે છે. | ૧૨૪<br>૧૨૪,૧૨૭ |
| | | ૪. જિલ્લા ન્યાય પ્રશાસનની રચના સ્પષ્ટ કરે છે.<br>અ) જિલ્લા ન્યાય પ્રશાસનના કાર્યો કહે છે. | ૧૨૫,૧૨૬<br>૧૨૫,૧૨૬,૧૨૭ |

**નોંધ :** પાઠ્યપુસ્તકમાં વાપરવામાં આવેલા નકશા શૈક્ષણિક ઉદ્દેશ માટે તૈયાર કરવામાં આવ્યા છે. તેમને રાજકીય અને ભૌગોલિક પ્રમાણ માટે ગ્રાહ્ય ધરવા નહીં. ક્ષતિરહિત નકશા તૈયાર કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમ છતાં કોઈ ત્રુટિ જણાય તો તે તાંત્રિક મર્યાદાના કારણે હોઈ શકે છે.

# અનુક્રમણિકા


| અનુક્રમ | પાઠનું નામ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧ | આપણું સમાજજીવન | ૮૭ |
| ૨ | ભારતીય બંધારણ | ૯૪ |
| ૩ | ભારતીય સંવિધાનનું આમુખ અને વિશેષતા | ૧૦૦ |
| ૪ | સ્થાનિક શાસન સંસ્થા (ગ્રામીણ) | ૧૦૪ |
| ૫ | સ્થાનિક શાસન સંસ્થા (શહેર) | ૧૧૨ |
| ૬ | જિલ્લા પ્રશાસન | ૧૨૧ |

# ૧ આપણું સમાજજીવન



૧.૧. સમાજ: અર્થ અને જરૂરિયાત
૧.૨. સામાજિક સંસ્થા અને કાર્ય
૧.૩ સામાજિક વિવિધતા
૧.૪ સાંસ્કૃતિક વિવિધતા

માનવની ઉત્ક્રાંતિ કેવી રીતે થઈ તે તમે અગાઉ શીખ્યા છો. આજનું આપણું સામાજિક જીવન હજારો વર્ષોની ઉત્ક્રાંતિથી આકાર પામ્યું છે. માણસે ભટકતી અવસ્થામાંથી સ્થિર સામાજિક જીવન તરફ પ્રગતિ કરી છે.

## ૧.૧ સમાજ: અર્થ અને જરૂરિયાત

ફક્ત લોકોનો સમૂહ એટલે સમાજ નહીં, પરંતુ સમૂહમાં રહેતી વ્યક્તિઓ વચ્ચેના સંબંધોની વ્યવસ્થા એટલે સમાજ. સમાજમાં વૃદ્ધ, પ્રૌઢ, યુવાન, નાના બાળકો, છોકરાઓ - છોકરીઓ જેવી દરેક વ્યક્તિનો સમાવેશ થાય છે.

### ૧.૧.૧ મનુષ્યને સમાજની જરૂર શા માટે પડી ?

ભટકતી અવસ્થામાં રહેતા માનવ પાસે સ્થિરતા અને સુરક્ષા ન હતી. પોતાની શારીરિક અને ભાવનાત્મક જરૂરિયાતો પૂર્ણ કરવા માટે તે સમૂહમાં રહેતો થયો. સમૂહમાં રહેવાથી તે પ્રતિકૂળ કુદરતી પરિસ્થિતિનો વધુ સક્ષમતાથી સામનો કરવા લાગ્યો. અન્ન અને રહેઠાણ મેળવવા માટે મનુષ્યો સાથે મળીને પરિશ્રમ કરવા લાગ્યા. સમૂહના બધા સભ્યો પરિશ્રમ કરે તો સૌનું જીવન વધુ સરળ બને છે, તે માનવને સમજાયું. આમાંથી જ માનવી સમાજ રચનાની શરૂઆત થઈ.

### ૧.૧.૨ મનુષ્યમાં રહેલી સામાજિકતા

મનુષ્ય સમાજનો ભાગ બનવામાં આનંદ માનનાર સામાજિક પ્રાણી છે. આપણને એકબીજા સાથે રહેવું ગમે છે. મનુષ્ય માત્ર સુરક્ષા માટે અથવા પોતાની શારીરિક અને ભૌતિક જરૂરિયાતો પૂરી કરવા માટે જ સમાજમાં રહેતો નથી, પરંતુ પોતાના સર્વાંગી વિકાસ માટે પણ સમાજમાં રહે છે. આપણને આનંદ થાય ત્યારે તે કોઈકને જણાવવાની ઈચ્છા થાય છે. દુ:ખ થાય ત્યારે કોઈક તેને સમજે એવી ઇચ્છા થાય છે. નવી કલ્પનાઓ આવે ત્યારે તે પોતાના પ્રિયજનોને કહેવાની ઈચ્છા થાય છે. આવી ભાવનાત્મક અને બૌદ્ધિક આપ-લેમાંથી આપણી સામાજિકતા પ્રગટ થાય છે.

**નીચે આપેલા પહેલાં ત્રણ ચિત્રો જોઈને છેલ્લા ચિત્રમાં આપેલા પ્રશ્નનો જવાબ શોધો.**




સામાજિકતા: સામાજિકતા એટલે વ્યક્તિની અન્ય લોકો સાથે સરળતા, સુસંવાદિતા અને સહકારપૂર્વક વર્તવાની ક્ષમતા.




સામાજિકતાથી બાળકનો વિકાસ

### ૧.૧.૩ કુટુંબ સંસ્થાનો વિકાસ

**સંયુક્ત કુટુંબ**



દાદા-દાદી → માતા-પિતા → બાળકો
દાદા-દાદી → કાકા-કાકી → બાળકો

**વિભક્ત કુટુંબ**



માતા-પિતા → બાળકો

શરૂઆતના કાળમાં મનુષ્યની, 'કુટુંબ'ની સંકલ્પના આજની જેમ સ્પષ્ટ નહોતી. મનુષ્ય ટોળામાં રહેતો હતો. કુદરતી સંકટોથી રક્ષણ મેળવવા માટે લોકો એક સાથે રહેવા લાગ્યા. તેથી તેમનામાં સુરક્ષાની ભાવના નિર્માણ થઈ.

અન્નની જરૂરિયાત પૂરી કરવા માટે મનુષ્યે ખેતી કરવાનું શરૂ કર્યું. ખેતીથી તેનું જીવન સ્થિર બન્યું. ખેતી માટે મોટા પ્રમાણમાં માનવીય શ્રમની જરૂર હોવાથી 'કુટુંબ પદ્ધતિ' અસ્તિત્વમાં આવી.



**કરી જુઓ.**

તમારા કુટુંબનું કોષ્ટક તૈયાર કરીને કુટુંબમાં કામોની વહેંચણી દર્શાવો. તમે પોતે ઘરમાં કયા કયા કામો કરો છો તેની યાદી બનાવો.




### ૧.૧.૪ સમાજમાં કામની વહેંચણી

સમાજના વિવિધ ઘટકોના વિશિષ્ટ રિવાજો અને પરંપરાનુસાર નિયમો અને કાયદાઓ બનાવવામાં આવે છે. સમૂહના બધા સભ્યો માટે તમામ કામો કરવાનું શક્ય નહોતું, તેથી સમૂહમાં કામોની વહેંચણીની શરૂઆત થઈ અને સમાજનું નિર્માણ થયું. ત્યારબાદ સમાજમાં વ્યવહાર સુચારુ રીતે ચાલે તે માટે નિયમો બનતાં ગયાં.

**કુટુંબ** : જે વ્યક્તિઓ રક્તસંબંધ, લગ્નસંબંધ અથવા દત્તકસંબંધને કારણે સમૂહમાં એકત્રિત રહે છે અને એકબીજાની કાળજી લે છે, તે સમૂહને કુટુંબ અથવા પરિવાર કહેવામાં આવે છે.

**નાનું કુટુંબ** : કુટુંબના સભ્યોની સંખ્યા ૪ અથવા ૪ કરતાં ઓછી હોય તેને નાનું કુટુંબ અથવા વિભક્ત કુટુંબ કહેવાય. (ઉદાહરણ તરીકે, માતા, પિતા, ભાઈ, બહેન)

**મોટું કુટુંબ** : જે કુટુંબમાં માતા-પિતા, બાળકો સાથે દાદા-દાદી, કાકા-કાકી અને તેમના સંતાનો સહુ એક સાથે રહે છે, તે કુટુંબને મોટું કુટુંબ અથવા સંયુક્ત કુટુંબ કહેવામાં આવે છે.

## ૧.૨ સામાજિક સંસ્થા અને કાર્ય




કુટુંબ, શાળા, મહાવિદ્યાલય, ધાર્મિક સંસ્થા વગેરેને સામાજિક સંસ્થાઓ તરીકે ઓળખવામાં આવે છે. તેમનું મુખ્ય કાર્ય મૂળભૂત સામાજિક જરૂરિયાતો પૂરી પાડવાનું છે. સમાજને સારા મૂલ્યોનું શિક્ષણ આપવું, ભાવનાત્મક આધાર આપવો અને સમાજમાં શિસ્ત જાળવવી તે સામાજિક સંસ્થાઓના મુખ્ય કાર્યો છે.

સમાજમાં દરેક વ્યક્તિમાં સ્વતંત્ર વિચાર કરવાની ક્ષમતા હોય છે. આ વિચાર કરવાની ક્ષમતા વિકસાવવામાં તેમના કુટુંબીજનો, પડોશીઓ, સગાસંબંધીઓ, મિત્રો અને શિક્ષકોનો મહત્વનો ફાળો હોય છે. એ જ રીતે રેડિયો, સમાચારપત્રો, ટેલિવિઝન, ફિલ્મો, નાટકો, ઇન્ટરનેટ, સામાજિક સંગઠનો, ધાર્મિક સંસ્થાઓ વગેરે માધ્યમો દ્વારા પણ દરેક વ્યક્તિનું વ્યક્તિત્વ અને વિચારસરણી વિકસતી રહે છે. સ્વતંત્ર વિચાર કરવાની ક્ષમતામાંથી વ્યક્તિઓની જુદીજુદી પસંદ-નાપસંદ અને રુચિઓ નિર્માણ થાય છે.

એક જ ગામમાં અથવા શહેરના એક જ ભાગમાં રહેતા સમાજના વિદ્યાર્થીઓમાં જુદાજુદા કલા-ગુણ અને કુશળતા વિકસે છે. આ કલા-ગુણો અને કુશળતાના આધારે એક જ શાળાના વિદ્યાર્થીઓ હોવા છતાં ભવિષ્યમાં વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત બને છે.

### શાળા: મહત્ત્વની સામાજિક સંસ્થા

સમાજે ઊભી કરેલી મૂળભૂત સામાજિક સંસ્થા એટલે શાળા. શિસ્ત, સહકાર, વિવિધ ઘટકો અને વિષયોની ઓળખ, કલા-ગુણોનું સંવર્ધન, સમૂહભાવના વગેરે બાબતો આપણે શાળાના માધ્યમથી શીખીએ છીએ. વ્યક્તિગત જીવન અને સામાજિક જરૂરિયાતો વચ્ચેની મહત્ત્વની કડી એટલે શાળા.



**કરી જુઓ.**

૧) તમારા મિત્રો કયા કયા કલાગુણોમાં રસ ધરાવે છે, તેનું કોષ્ટક તૈયાર કરો.

૨) તમારા મિત્રોને મોટા થયા પછી, શું બનવું ગમશે? એ વિશે તેમની સાથે ચર્ચા કરીને કોષ્ટક તૈયાર કરો.

### ૧.૨.૧ સમાજમાં પરસ્પર અવલંબન

અન્ન અને રહેઠાણ મનુષ્યની મૂળભૂત જરૂરિયાતો હતી. કુટુંબમાં રહેતા મનુષ્યને વસ્ત્રોની જરૂરિયાત અનુભવવા લાગી. અન્ન, વસ્ત્ર, રહેઠાણ જેવી મૂળભૂત જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે સ્થાયી વ્યવસ્થા ઊભી કરવાની જવાબદારી સમાજની હોય છે. જેમ કે,

૧) અન્નની જરૂરિયાત પૂરી કરવા માટે ખેતી કરવી.
૨) ખેતી કરવા માટે સાધનો અને પશુઓ ઉપલબ્ધ કરાવવા.
૩) બી-બિયારણ ઉપલબ્ધ કરાવવા.
૪) ખેતીના માલ પર પ્રક્રિયા માટેના ઉદ્યોગ નિર્માણ કરવા.

**સમાજ** : વિશિષ્ટ પ્રદેશમાં રહેતા, પોતાની આચારપદ્ધતિ ધરાવતાં અને જીવન વિષયક દ્રષ્ટિકોણ ધરાવતાં માનવીય સમૂહનું સંયોજિત સંગઠન એટલે સમાજ.

**સામાજિક સંસ્થા** : * મૂળભૂત સામાજિક કાર્યોની પૂર્તિ માટે માનવીના આચરણનું સંગઠિત રુપ એટલે સામાજિક સંસ્થા.
* લગ્નસંસ્થા, જાતિસંસ્થા, કુટુંબસંસ્થા અને શિક્ષણસંસ્થા વગેર સામાજિક સંસ્થાના ઉદાહરણો છે.

**સમાજના ઘટકો** : વ્યક્તિ, કુટુંબ, સમૂહ, સંસ્કૃતિ, સામાજિક નિયમો, મૂલ્યો, સામાજિક સંબંધો અને સામાજિક સંસ્થાઓ આ બધાં સમાજના ઘટકો છે.

૫) આ બધી બાબતોની પૂર્તિ કરવા માટે આર્થિક સુવિધા (જેમ કે, પતપેઢી અથવા બેંક પાસેથી ઋણ) ઉપલબ્ધ કરાવવું.

સમાજમાં આવી પરિપૂર્ણ વ્યવસ્થા ઊભી કરવી પડે છે. સમાજની વ્યક્તિઓની બૌદ્ધિક ક્ષમતાથી શિક્ષણ, આરોગ્ય જેવી સેવા-સુવિધાઓ નિર્માણ થાય છે. સમાજની વ્યક્તિઓના કલાગુણોથી સાંસ્કૃતિક સંપન્નતા આવે છે અને મનોરંજનના સાધનો તૈયાર થાય છે. સમાજની વ્યક્તિઓની વેપાર કુશળતા અને ઉદ્યમશીલતાથી ઉદ્યોગધંધા વધે છે. ભૌતિક માનસિક અને ભાવનાત્મક જરૂરિયાતો પૂરી કરવા સમાજના બધા વ્યક્તિઓ એકબીજા પર આધાર રાખે છે. તેને જ 'સમાજના વ્યક્તિઓનું પરસ્પરાવલંબન' કહે છે.




## ૧.૩. સામાજિક વિવિધતા

ભારતીય સમાજમાં અનેક ભાષાઓ, સંસ્કૃતિ, ખાદ્ય-પદાર્થો, ધર્મ, રીતરિવાજો અને પરંપરાઓ છે. ભારતની ભૌગોલિક વિવિધતા પણ ઉલ્લેખનીય છે. ભૌગોલિક વિવિધતાને પરિણામે સાંસ્કૃતિક વૈવિધ્ય પણ નિર્માણ થાય છે. આ વિવિધતા ભારતની મુખ્ય વિશેષતા અને ભારતની ખરી તાકાત પણ છે.

### ૧.૩.૧. ધાર્મિક વિવિધતા

ભારતમાં હિન્દુ, મુસ્લિમ, બૌદ્ધ, જૈન, ખ્રિસ્તી, શીખ અને પારસી જેવા અનેક ધર્મના લોકો હળીમળીને રહે છે. દરેકને પોતપોતાના ધર્મ પ્રમાણે તહેવારો અને ઉત્સવો ઉજવવાનું સ્વાતંત્ર્ય છે. જેના લીધે સમાજમાં ઐક્ય નિર્માણ થાય છે.

### ૧.૩.૨ ભાષિક વિવિધતા

સમાજને લીધે દરેક વ્યક્તિમાં વિશેષ ગુણો અને અનેક ક્ષમતાઓનો વિકાસ થાય છે. પરસ્પર બોલવા માટે આપણે ભાષા શીખીએ છીએ. ભાષા આપણને જન્મથી આવડતી હોતી નથી. આપણે ભાષા આપણા ઘરમાં, પડોશમાં અને શાળામાં શીખીએ છીએ. શાળામાં તો આપણને જુદી-જુદી ઘણી ભાષાઓ શીખવાની તક મળે છે.

મરાઠી, હિન્દી, ઉર્દુ, ગુજરાતી, કન્નડ, તેલગુ, તમિળ, બાંગ્લા, સિંધી જેવી અનેક ભાષા બોલનારા લોકો આપણી આજુબાજુ હોય છે. તે જ રીતે અહિરાણી, કોંકણી, વર્હાડી જેવી બોલી ભાષાઓ અને ગોંડી, ભીલ, સંથાલી જેવી આદિવાસી ભાષાઓને લીધે આપણો ભાષિક વારસો પણ સમૃદ્ધ થાય છે.

**સામાજિક પરસ્પરાવલંબન** : સમાજની વ્યક્તિઓ એકબીજાની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પરસ્પર અવલંબે છે. આ સ્થિતિને સામાજિક પરસ્પરાવલંબન કહે છે.

**સામાજિક વિવિધતા** : સામાજિક વિવિધતા એટલે સમાજમાં ભાષા, ધર્મ, જાતિ, સંસ્કૃતિ, પરંપરા, વેશભૂષા, વિચારધારા વગેરેમાં જોવા મળતી ભિન્નતા.

**ધાર્મિક વિવિધતા** : એક જ સમાજ અથવા દેશમાં વિવિધ ધર્મના લોકો એકત્ર રહે એટલે ધાર્મિક વિવિધતા.



**કહો જોઈએ !**

તમારા પરિસરમાં કઈ કઈ ભાષાઓ બોલાય છે?

## ૧.૪ સાંસ્કૃતિક વિવિધતા

માનવી સમાજ જીવનનો વિકાસ કલા, ભાષા, વેશભૂષા, ખાદ્યપદાર્થો, પરંપરા, રમતગમત વગેરે ઘટકો વચ્ચેની આંતરક્રિયાથી થયો છે. ભારત સાંસ્કૃતિક વિવિધતા સંપન્ન દેશ છે. દરેક પ્રદેશના તહેવારો, ઉત્સવો, ગીતો, રીતરિવાજો ભિન્ન છે. છતાં આ વિવિધતા પાછળની પ્રેરણા અને આસ્થા એક જ હોવાને કારણે સંપૂર્ણ દેશ એકતાના સૂત્રમાં બંધાયેલો છે.



**શોધો જોઈએ.**

મહારાષ્ટ્રમાં જાન્યુઆરી મહિનામાં મકરસંક્રાંતિનો તહેવાર ઉજવાય છે. તે જ પ્રમાણે વિવિધ પ્રદેશોમાં જાન્યુઆરી મહિનામાં સૂર્યનું સંક્રમણ ઉજવતા તહેવારો કયા નામે ઓળખાય છે?

### ૧.૪.૧ ખાદ્ય વિવિધતા

ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર ખેતીના ઉત્પાદનો બદલાય છે અને તેથી રોજિંદો આહાર પણ પ્રદેશ અનુસાર બદલાય છે. મહારાષ્ટ્રમાં ખવાતું સ્વાદિષ્ટ પીઠલ -ભાખરી ઈતર પ્રદેશોમાં અપવાદે જ મળે છે.

- **તેલ:** ભારતમાં દક્ષિણમાં નાળિયેર તેલ, ઉત્તરમાં રાઈનું તેલ અને પશ્ચિમમાં શિંગદાણાનું તેલ વપરાય છે.
- **મુખ્ય અન્ન :** દક્ષિણ ભારતમાં કિનારપટ્ટીના ભાગમાં અને તળાવની સંખ્યા વધુ હોય ત્યાં 'ભાત' જ્યારે ઉત્તર અને મધ્ય ભારતમાં 'ઘઉં, બાજરો, જુવાર અને મકાઈ' મુખ્ય અન્ન છે.
- **એકતા :** ઈડલી-ડોસા અને સમોસા,પરાઠા જેવા પદાર્થો આખા દેશમાં લોકપ્રિય છે, જે 'વિવિધતામાં એકતા' દર્શાવે છે.



**શોધો જોઈએ.**

દેશના વિવિધ પ્રદેશોમાં લોકપ્રિય મિષ્ટાન્નની યાદી કરો.

(જેમ કે, મહારાષ્ટ્ર- પુરણપોળી)



ભારતની ખાદ્ય વિવિધતા

**ભાષિક વિવિધતા** : ભાષિક વિવિધતા એટલે એક જ દેશમાં, રાજ્યમાં કે સમાજમાં જુદી જુદી ભાષાઓ, બોલીઓ અને લિપિઓ અસ્તિત્વમાં હોવી.

**સાંસ્કૃતિક વિવિધતા** : જુદી જુદી ભાષાઓ,ધર્મ ,પરંપરા, રીતિરિવાજો, તહેવારો, ઉત્સવો અને જીવન પદ્ધતિ હોવી એટલે સાંસ્કૃતિક વિવિધતા.






**શોધો જોઈએ**

| રાજ્ય | ભાષા | નૃત્ય પ્રકાર | રમત |
|---|---|---|---|
| મહારાષ્ટ્ર | મરાઠી | લાવણી | કબડ્ડી |
| ગુજરાત | | | |
| રાજસ્થાન | | | |
| પંજાબ | | | |
| હરિયાણા | | | |
| ઉત્તર પ્રદેશ | | | |
| પશ્ચિમ બંગાળ | | | |
| ઓડિશા | | | |
| આસામ | | | |
| કર્ણાટક | | | |
| મધ્યપ્રદેશ | | | |
| કેરળ | | | |
| તામિળનાડુ | | | |
| છત્તીસગઢ | | | |

### ૧.૪.૨ વિવિધતા ભારતની ઓળખ અને તાકાત-

ભારતીય સમાજમાં ભાષા, ધર્મ સંસ્કૃતિ, ખાદ્યપદાર્થ વગેરેમાં વિવિધતા જોવા મળે છે. આ વિવિધતા ભારતની ખરી 'તાકાત' અને 'વિશેષતા' છે. જુદા જુદા સમાજ વચ્ચે સામંજસ્ય, એકબીજાની પરંપરા અને રીતિરિવાજો માટે આદરની ભાવના હોવાથી, વિશાળ ભૌગોલિકતા અને પ્રચંડ લોકસંખ્યા હોવા છતાં આપણને બધે જ ભારતીયત્વની પ્રતીતિ થાય છે. એકબીજાની જીવન પદ્ધતિ અને સંસ્કૃતિ જાણી લીધા પછી બધી જ જીવન પદ્ધતિઓ અને સંસ્કૃતિઓ અધિક સંપન્ન થઈ છે. જુદી જુદી ભાષાઓ પરસ્પરના સંપર્કથી અધિક સમૃદ્ધ બની છે. એકબીજા પ્રત્યેની સહિષ્ણુતાની ભાવનાથી સામાજિક ઐક્ય નિર્માણ થાય છે. વખતોવખત સમાજ પર આવતી કુદરતી આપત્તિના સમયમાં સામાજિક એકતાની ભાવનાથી એકબીજાને મદદનો હાથ આપીએ છીએ. ભારતમાં વિવિધતાને સમાવી લેતી લોકશાહી પદ્ધતિનો બધાએ કરેલો સ્વીકાર, ભારતની વિવિધતામાં એકતા દર્શાવે છે.



# સ્વાધ્યાય

**પ્ર.૧ ઓળખો અને લખો.**

૧. અન્નની જરુરિયાત પૂરી કરવા માનવે આ વ્યવસાય શરૂ કર્યો ..........................

૨. વ્યક્તિઓ રક્તસંબંધ, વિવાહસંબંધ અથવા દત્તકસંબંધના લીધે એકત્ર રહી એકબીજાની કાળજી લેનારી સામાજિક સંસ્થા એટલે ......................

૩. ભારતની દક્ષિણ કિનારાપટ્ટીનું મુખ્ય અન્ન ......................

**પ્ર.૨ યાદી બનાવો.**

તમને ખબર હોય તેવી ઓછામાં ઓછી પાંચ ભાષાઓની યાદી બનાવો.

**પ્ર.૩ નીચેની સંકલ્પનાઓ સ્પષ્ટ કરો.**

૧. સમાજ

૨. કુટુંબ સંસ્થા

**પ્ર.૪ સમાજમાં નીતિનિયમો અને કાયદાની આવશ્યકતા શા માટે છે, તે તમારા શબ્દોમાં લખો.**

**પ્ર.૫ સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો.**




**પ્ર.૬ ચાલો, પોતે પોતાની જ કસોટી કરીએ.**

તમે 'આદર્શ નાગરિક' છો ?
નીચેના વિધાનો સામે (✓) અથવા (✗) કરો.

૧. હું કચરો કચરાપેટીમાં નાખું છું. [ ]

૨. હું લાઈનમાં જ ઉભો રહું છું, ધક્કા મુક્કી કરતો નથી.

૩. હું પાણીનો બગાડ કરતો નથી. [ ]

૪. હું પડોશીઓ અને વરિષ્ઠ નાગરિકોને મદદ કરું છું. [ ]

૫. હું સાર્વજનિક બગીચાના ફૂલો તોડતો નથી. [ ]

**ઉપક્રમ : :**

- ભારતના રાજ્યો અનુસાર ખાદ્યપદાર્થો, તહેવારો-ઉત્સવો અને નૃત્યોની વિવિધતા દર્શાવતો ચાર્ટ બનાવી વર્ગમાં લગાવો.
- ભારતના નકશામાં બધા રાજ્યો જુદા જુદા રંગમાં રંગો અને ત્યાંની એક પ્રસિદ્ધ બાબતનું નામ લખો.
- 'શાળા' દરેક માટે મહત્વની સામાજિક સંસ્થા છે, તે સ્પષ્ટ કરતું ચિત્રકોષ્ટક શિક્ષકની મદદથી તૈયાર કરો.

***

# ૨ ભારતીય બંધારણ



૨.૧. બંધારણનો અર્થ, આવશ્યકતા અને મહત્વ
૨.૨. બંધારણસભાનું કામકાજ
૨.૩. ભારતીય બંધારણ નિર્માણની પ્રક્રિયા

**સમતા** : તને ખબર છે ? સ્વાતંત્ર્ય અને પ્રજાસત્તાક દિન આપણા રાષ્ટ્રીય તહેવારો છે.

**અમન** : હા, સ્વાતંત્ર્ય દિન એટલે કે ૧૫ ઓગસ્ટે અને પ્રજાસત્તાક દિને એટલે કે ૨૬ જાન્યુઆરીએ આપણી શાળામાં ધ્વજવંદન થાય છે, તેમજ વિવિધ કાર્યક્રમો પણ યોજાય છે. આ બંને દિવસે કેટલું ઉત્સાહભર્યું અને આનંદનું વાતાવરણ હોય છે !

**મેરી** : ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ આપણા દેશને આઝાદી મળી. આપણે બ્રિટિશોની ગુલામીમાંથી મુક્ત થયા, તેથી દર વર્ષે આપણે ૧૫ ઓગસ્ટને 'સ્વાતંત્ર્ય દિન' તરીકે ઉજવીએ છીએ.

**સમતા** : પણ પ્રજાસત્તાક દિન એટલે શું?

**અમન** : ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી ભારત દેશનો વહીવટ ચલાવવા માટે તૈયાર કરવામાં આવેલું બંધારણ અમલમાં આવ્યું, તેથી દર વર્ષે આપણે ૨૬ જાન્યુઆરીને 'પ્રજાસત્તાક દિન' તરીકે ઉજવીએ છીએ.

**મેરી** : પણ આ દિવસને 'ગણરાજ્ય દિન' કેમ કહેવાય છે? બંધારણ એટલે શું? તે કોણે બનાવ્યું અને બંધારણની જરૂર કેમ હોય છે ? ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે જ બંધારણ કેમ અમલમાં આવ્યું?

ભારતીય બંધારણ વિશે મેરીને થયેલા પ્રશ્નો અને જિજ્ઞાસા તમારા મનમાં પણ હશે જ. ચાલો, આપણે આ પ્રકરણમાં તે જાણી લઈએ.

અગાઉના પ્રકરણમાં આપણે સમાજ વિશે અભ્યાસ કર્યો. સમાજના વિવિધ ઘટકો હળીમળીને એકસાથે રહે અને દરેકને પ્રગતિની સમાન તક મળે તે માટે કાયદા અને નિયમોની જરૂર હોય છે. સમાજના સંચાલન માટે મોટાભાગના દેશોએ પોતાના બંધારણની રચના કરી છે. આપણા ભારત દેશનો રાજ્યકારભાર આપણા બંધારણ મુજબ ચાલે છે.

**વિચાર કરો.**

મેદાન પર રમાતી અને રસ્તા પર રમાતી ક્રિકેટ મેચ વચ્ચે શો તફાવત છે? નીચેના મુદ્દાઓના આધારે તફાવત જણાવી મુદ્દાઓનું મહત્વ સમજાવો.

(૧) નિયમો (૨) સીમારેખા
(૨) સુરક્ષા (૩) અમ્પાયર

ક્રિકેટના મેદાન પર રમાતી મેચમાં સંગઠન, ઔપચારિકતા અને લેખિત નિયમોનું પાલન કરાય છે. પરંતુ રસ્તા પર રમાતી મેચમાં સામાન્ય રીતે કોઈ જ નિયમો હોતા નથી, સંગઠનનો અભાવ હોય છે અને ત્યાં કોઈ અધિકૃત અમ્પાયર પણ હોતા નથી. આ જ રીતે, જો દેશનો વહીવટ વ્યવસ્થિત રીતે ચલાવવો હોય, તો બંધારણ અનિવાર્ય છે. જો બંધારણ ન હોય, તો દેશનો કારભાર વ્યવસ્થિત ચાલશે નહીં.





## ૨.૧ બંધારણનો અર્થ, આવશ્યકતા અને મહત્વ

કોઈપણ દેશનો કારભાર સુવ્યવસ્થિત રીતે ચલાવવા માટે અને નાગરિકોના હક્કોના રક્ષણ માટે બંધારણ અત્યંત આવશ્યક હોય છે. દેશનો રાજ્યવહીવટ ચલાવવા માટે તૈયાર કરવામાં આવેલા મૂળભૂત કાયદા, નિયમો અને જોગવાઈઓને એકત્રિત રીતે 'બંધારણ' કહેવામાં આવે છે. બંધારણને 'રાજ્યબંધારણ' પણ કહે છે.

**બંધારણની જરૂરિયાત શા માટે હોય છે, તેના મુખ્ય કારણો નીચે મુજબ છે.**

**૧. નિયમોનું માળખું અને સુવ્યવસ્થા :** બંધારણ દેશના કાયદાઓનો સર્વોચ્ચ સ્ત્રોત છે. સમાજમાં વિવિધ જ્ઞાતિઓ, ધર્મો અને વિચારધારાના લોકો રહે છે. તેમની વચ્ચે સમન્વય જાળવવા માટે અને દેશ કઈ રીતે ચલાવવો જોઈએ, તે માટે કેટલાક મૂળભૂત નિયમોની જરૂર હોય છે. બંધારણ આ નિયમાવલી આપે છે.

**૨. શાસનના અધિકારો પર મર્યાદા :** જો બંધારણ ન હોય તો સરકાર સત્તાનો દુરુપયોગ કરી શકે છે. બંધારણ સરકારના અધિકારો સ્પષ્ટ કરે અને તેના પર મર્યાદાઓ મૂકે છે.

**૩. નાગરિકોના અધિકારોનું રક્ષણ :** બંધારણ નાગરિકોને કેટલાક મૂળભૂત હક્કો પ્રદાન કરે અને તેનું રક્ષણ કરે છે, (જેમ કે અભિવ્યક્તિની સ્વતંત્રતા, હરવા-ફરવાની સ્વતંત્રતા)

**૪. સત્તાનું વિભાજન:** બંધારણને કારણે રાજ્યવહીવટનું ત્રણ મહત્વના ઘટકોમાં વિભાજન થાય છે.

- **ધારાસભા :** કાયદા તૈયાર કરનારા ઘટકને ધારાસભા કહેવામાં આવે છે.
- **કારોબારી:** કાયદાઓનો અમલ કરનારા ઘટકને કારોબારી કહેવામાં આવે છે.
- **ન્યાયતંત્ર :** કાયદાનું અર્થઘટન કરનારા અને ન્યાય આપનારા ઘટકને 'ન્યાયતંત્ર' કહેવામાં આવે છે.

**૫. અલ્પસંખ્યકોના હિતોનું રક્ષણ :** લોકશાહીમાં બહુમતીનો આદર કરવામાં આવે છે, પરંતુ બંધારણને કારણે બહુમતી ધરાવતો સમૂહ અલ્પસંખ્યકો પર અન્યાય કરી શકતો નથી. તેમની ભાષા, સંસ્કૃતિ અને શૈક્ષણિક અધિકારોનું રક્ષણ કરવાની જવાબદારી બંધારણની છે.

**૬. દેશના ઉદ્દેશ્યો અને મૂલ્યો સ્પષ્ટ કરવા :** દેશને કઈ દિશામાં લઈ જવો છે, તે બંધારણની 'ઉદ્દેશિકા' પરથી સ્પષ્ટ થાય છે. ઉદાહરણ તરીકે, ભારતીય બંધારણે ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના ઉદ્દેશ્યો સ્વીકાર્યા છે.

બંધારણ દેશનો 'આત્મા' છે, જે ભારત જેવા દેશમાં લોકશાહીને જીવંત રાખવાનું કામ કરે છે.



**કરી જુઓ !**

તમારા વર્ગમાં શાંતિ અને શિસ્ત જળવાઈ રહે તે માટેની નિયમાવલી તૈયાર કરો.

### ૨.૧.૧ બંધારણના પ્રકાર

સામાન્ય રીતે બંધારણના બે પ્રકાર હોય છે. લેખિત અને અલેખિત.

**લેખિત :** દેશનો રાજ્યવહીવટ ચલાવવા માટે જરૂરી તમામ મૂળભૂત નિયમો, કાયદાઓ અને સિદ્ધાંતો જ્યારે કોઈ એક અથવા ચોક્કસ લેખિત દસ્તાવેજોમાં પદ્ધતિસર રીતે સંકલિત કરવામાં આવ્યા હોય, ત્યારે તેને 'લેખિત બંધારણ' કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે: ભારત, અમેરિકા.

**અલેખિત :** જે દેશનો વહીવટ ચલાવવા માટેના નિયમો કોઈ એક વિશિષ્ટ સમયગાળામાં, કોઈ ચોક્કસ બંધારણ સભા દ્વારા એકત્ર બેસીને લખવામાં આવ્યા ન હોય, તેને 'અલેખિત બંધારણ' કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે: બ્રિટન (યુનાઈટેડ કિંગડમ).



**ચાલો, શોધીએ અને ચર્ચા કરીએ**

લેખિત સંવિધાન અને અલેખિત સંવિધાન કયા કયા દેશોમાં છે, તે ઇન્ટનેટની મદદથી શોધો અને વર્ગમાં ચર્ચા કરો.

## ૨.૨ ભારતીય બંધારણ નિર્માણની પ્રક્રિયા

ભારતની ભૌગોલિક વિશાળતા, વિશાળ જનસંખ્યા અને સાંસ્કૃતિક વિવિધતાને ધ્યાનમાં લઈએ તો બંધારણ વગર દેશનો વહીવટ ચલાવવો

ખૂબ મુશ્કેલ બાબત છે. દેશમાં લોકશાહી વ્યવસ્થાને મજબૂત કરવા માટે બંધારણ આવશ્યક છે.

આપણા દેશને આઝાદી મળવાની છે એ નિશ્ચિત થયા પછી, વર્ષ ૧૯૪૬માં બંધારણ નિર્માણની પ્રક્રિયા શરૂ થઈ. આ માટે 'બંધારણ સભા'ની સ્થાપના કરવામાં આવી.

સ્વતંત્ર ભારતનો રાજ્યવહીવટ અંગ્રેજોએ બનાવેલા કાયદા મુજબ નહીં, પરંતુ ભારતીયોએ પોતે તૈયાર કરેલા કાયદા મુજબ ચાલવો જોઈએ, એવો સ્વતંત્રતા ચળવળના નેતાઓનો આગ્રહ હતો.






**શું તમે જાણો છો ?**

દેશમાં વિવિધ પ્રાંતોનો (તે સમયે મુંબઈ પ્રાંત, બંગાળ પ્રાંત, મદ્રાસ પ્રાંત એવા વિભાગો હતા.) વહીવટ ચલાવવા માટે વર્ષ ૧૯૪૬માં લોકપ્રતિનિધિઓની પસંદગી કરવામાં આવી હતી. દરેક પ્રાંતના લોકપ્રતિનિધિઓએ તેમનામાંથી કેટલાક પ્રતિનિધિઓને બંધારણ સભાના કાર્યમાં સહભાગી થવા માટે પસંદ કર્યા હતા. આ ઉપરાંત, તે સમયે દેશમાં વિવિધ રાજાઓના રજવાડાં (સંસ્થાનો) હતા. આ રજવાડાંઓના શાસકોએ પણ બંધારણ સભાના કાર્યમાં જોડાવા માટે તેમના પ્રતિનિધિઓ મોકલ્યા હતા. આમ, પ્રાંતો અને રજવાડાંઓના મળીને કુલ ૨૯૯ સભ્યો બંધારણ સભામાં હતા, જેમાં કેટલીક મહિલા સભ્યોનો પણ સમાવેશ થતો હતો.



**ચાલો, જાણી લઈએ.**

બંધારણ સભામાં બે પ્રકારના સભ્યો હતા.

૧. પ્રાંતોની વિધાનસભાઓમાંથી ચૂંટાયેલા સભ્યોની સંખ્યા-૨૨૯.
૨. સંસ્થાનિકો દ્વારા નિમણૂક કરાયેલા સભ્યોની સંખ્યા-૭૦.



**શોધો જોઈએ.**

સન ૧૯૨૮માં ઍમસ્ટરડેમ ખાતે યોજાયેલી ઑલિમ્પિક સ્પર્ધામાં ભારતની હૉકી ટીમે ભારતને પ્રથમ ઑલિમ્પિક સુવર્ણચંદ્રક જીતી આપ્યો હતો. તે હૉકી ટીમના કેપ્ટન આગળ જતાં ભારતની બંધારણ સભાના સભ્ય બન્યા હતા. તેમનું નામ શું હતું, તે શોધો.

## ૨.૩ બંધારણસભાની કામગીરી

સ્વતંત્ર ભારતનું બંધારણ તૈયાર કરવા માટે બંધારણસભાની સ્થાપના કરવામાં આવી હતી. બંધારણસભાની પ્રથમ બેઠક ૯ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ મળી હતી. ડૉ. સચ્ચિદાનંદ સિન્હાની સભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે પસંદગી કરવામાં આવી હતી. ૧૧ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની બંધારણ સભાના સ્થાયી અધ્યક્ષ તરીકે પસંદગી કરવામાં આવી.


ડૉ. સચ્ચિદાનંદ સિન્હા


ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

બંધારણસભાના કાનૂની સલાહકાર તરીકે બી. એન. રાવની નિમણૂક કરવામાં આવી હતી.

બંધારણસભાની કામગીરીમાં સુસૂત્રતા લાવવા માટે કુલ ૨૨ સમિતિઓ તૈયાર કરવામાં આવી હતી.

### બંધારણસભાની મહત્વની સમિતિઓ

| સમિતિનું નામ | સમિતિના પ્રમુખ |
|---|---|
| બંધારણસભા નિયમ સમિતિ (સંચાલન સમિતિ) | ડૉ . રાજેન્દ્ર પ્રસાદ |
| મસુદા સમિતિ | ડૉ. બાબાસાહેબ આંબેડકર |
| સંઘરાજ્ય સમિતિ | પંડિત જવાહરલાલ નેહરુ |
| મૂળભૂત અધિકાર અને અલ્પસંખ્યક સમિતિ | સરદાર વલ્લભભાઈ પટેલ |

આ અને અન્ય તમામ સમિતિઓએ રજૂ કરેલા અહેવાલોનો સામૂહિક વિચાર કરીને બંધારણનું માળખું તૈયાર કરવા માટે મસુદા સમિતિની સ્થાપના કરવામાં આવી હતી.

### ૨.૩.૧ મસુદા સમિતિ

મસુદા સમિતિ ભારતીય બંધારણનું નિર્માણ કરનારી સૌથી મહત્વની સમિતિ હતી. આ સમિતિની સ્થાપના ૨૯ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ થઈ હતી. મસુદા સમિતિએ વિવિધ સમિતિઓ પાસેથી મળેલા અહેવાલોનું પુનરાવલોકન કરીને બંધારણને અંતિમ સ્વરૂપ આપતો એક વાસ્તવિક મસૂદો તૈયાર કર્યો. આ સમિતિએ તૈયાર કરેલો અંતિમ મસુદો, ૧૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સભાએ સ્વીકાર્યો હતો.

**મસુદા સમિતિના સભ્યો:**
**મસુદા સમિતિમાં અધ્યક્ષ સહિત કુલ સાત સભ્યો હતા.**

૧. ડૉ. બી. આર. આંબેડકર (અધ્યક્ષ)
૨. શ્રી. એન. ગોપાલસ્વામી અય્યંગાર
૩. શ્રી અલ્લાદી કૃષ્ણાસ્વામી અય્યર
૪. ડૉ. કે. એમ. મુનશી
૫. શ્રી.મોહમ્મદ સાદુલ્લા
૬. શ્રી. બી. એલ. મિત્તર (તેમના રાજીનામા પછી શ્રી. કે. એન. માધવરાવની નિમણૂક થઈ)
૭. શ્રી. ડી. પી. ખેતાન (તેમના મૃત્યુ પછી શ્રી.ટી. ટી. કૃષ્ણમાચારીની નિમણૂક થઈ)



**શું તમે જાણો છો ?**

ડિસેમ્બર ૧૯૨૯ના લાહોર અધિવેશનમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે, બ્રિટિશો પાસે 'સંપૂર્ણ સ્વરાજ્ય'ની માંગણી કરી હતી. આ ઠરાવ મુજબ, ૨૬ જાન્યુઆરી ૧૯૩૦ના રોજ સમગ્ર દેશમાં પ્રથમ વખત 'સ્વાતંત્ર્ય-દિન' ઉજવવામાં આવ્યો હતો. ભારતીયોના સ્વાતંત્ર્ય સંગ્રામના આ ઐતિહાસિક દિવસનું મહત્વ અને યાદ કાયમ રહે તે માટે '૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના' રોજ બંધારણ અમલમાં આવ્યું. આથી જ આ દિવસને 'પ્રજાસત્તાક દિન' (ગણરાજ્ય દિન) તરીકે ઉજવવામાં આવે છે.

### ડૉ. બાબાસાહેબ આંબેડકરનું મસુદા સમિતિમાં યોગદાન



બંધારણસભાના અધ્યક્ષ ડૉ.રાજેન્દ્ર પ્રસાદને ભારતીય બંધારણનો મસૂદો અર્પણ કરતા ડૉ.બાબાસાહેબ આંબેડકર

ડૉ. બાબાસાહેબ આંબેડકરે વિવિધ દેશોના બંધારણોનો તુલનાત્મક અભ્યાસ કર્યો, તેમજ બંધારણસભાની તમામ સમિતિઓના અહેવાલોનો ઊંડો અભ્યાસ કરીને મસૂદો તૈયાર કરી બંધારણ સભામાં રજૂ કર્યો.

આ મસુદાની દરેક જોગવાઈઓ પર વિગતવાર ચર્ચા થઈ. ચર્ચા દરમિયાન બંધારણ સભાના સભ્યોના પ્રશ્નો અને શંકાઓના જવાબો આપવાની જવાબદારી ડૉ. બાબાસાહેબ આંબેડકરે કુશળતાપૂર્વક

નિભાવી. બંધારણ સભાના સૂચનો મુજબ બંધારણના મસુદામાં ફેરફાર કરવાનું મહત્વનું કામ પૂર્ણ કરી તેમણે બંધારણનો અંતિમ મસુદો તૈયાર કર્યો. તેમના આ અતુલનીય યોગદાનને કારણે તેમને 'ભારતીય બંધારણના શિલ્પકાર' કહેવામાં આવે છે.

| | | |
|---|---|---|
| <br>વિજયાલક્ષ્મી પંડિત | <br>સરોજિની નાયડુ | <br>અમ્મુ સ્વામીનાથન |
| <br>રેણુકા રે | <br>ઍની મૅસ્કરીન | <br>સુચેતા કૃપલાણી |
| <br>દાક્ષાયણી વેલાયુધન | <br>હંસા મહેતા | <br>બેગમ એઝાઝ રસૂલ |
| <br>માલતી ચૌધરી | <br>લીલા રૉય | <br>રાજકુમારી અમૃત કૌર |
| <br>દુર્ગાબાઈ દેશમુખ | <br>પૂર્ણિમા બૅનર્જી | <br>કમલા ચૌધરી |

બંધારણ સભાના મહિલા સભ્યો



## શું તમે જાણો છો ?

૧) બંધારણ સમિતિએ તૈયાર કરેલા બંધારણનો પહેલો મસુદો ફેબ્રુઆરી ૧૯૪૮માં પ્રકાશિત કરીને તેના પર ચર્ચા કરવામાં આવી.

૨) બંધારણ સભામાં વિવિધ વિષયો પર ચર્ચા થઈ. મોટાભાગની જોગવાઈઓ પર સર્વસંમતિથી એકમતે નિર્ણય લેવામાં આવ્યો.

૩) બંધારણસભાની કામગીરી ૨ વર્ષ, ૧૧ મહિના અને ૧૮ દિવસ ચાલી (૯ ડિસેમ્બર ૧૯૪૬થી ૨૫ નવેમ્બર ૧૯૪૯)

૪) બંધારણસભાના કાર્યકાળ દરમિયાન ૫૩,૦૦૦ લોકોએ પ્રેક્ષક ગૅલેરીમાં બેસીને બંધારણ સભાની કામગીરી પ્રત્યક્ષ જોઈ હતી.

૫) બંધારણ સભાના સભ્યોએ ૨૪ નવેમ્બર ૧૯૫૦ના રોજ બંધારણની પ્રત ઉપર હસ્તાક્ષર કર્યા હતા.

૬) મૂળ બંધારણમાં પ્રસ્તાવના, ૨૨ પ્રકરણો, ૩૯૫ કલમો અને ૮ પરિશિષ્ટો હતા.

૭) ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સભાએ સમગ્ર બંધારણનો સ્વીકાર કર્યો, તેથી ૨૬ નવેમ્બરનો દિવસ 'બંધારણ દિન' તરીકે ઉજવવામાં આવે છે.

૮) બંધારણના અમલીકરણ માટે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦નો દિવસ નક્કી કરવામાં આવ્યો. તેથી ૨૬ જાન્યુઆરી, આપણે 'પ્રજાસત્તાક દિન' તરીકે ઉજવીએ છીએ.

૯) બંધારણના નિર્માણ પછી ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી ૧૯૫૨માં પહેલી સાર્વજનિક ચૂંટણી થવા સુધી બંધારણ સભાએ ભારતની 'હંગામી સંસદ' તરીકે કામકાજ સંભાળ્યું હતું.



**ચાલો, જાણી લઇએ.**

- બંધારણની મૂળ અંગ્રેજી પ્રત લખનાર :
  **પ્રેમ બિહારી નારાયણ રાયજાદા**
- બંધારણની મૂળ હિન્દી પ્રત લખનાર :
  **વસંત કૃષ્ણ વૈદ્ય**
- બંને પ્રતોનું સુશોભન કરનાર– આચાર્ય નંદલાલ બોઝ



## સ્વાધ્યાય

**પ્ર.૧ કહો જોઈએ.**

૧. કાયદા તૈયાર કરનાર મંડળ

------------------------------------

૨. બંધારણ સભાના સ્થાયી અધ્યક્ષ

------------------------------------

૩. ભારતીય બંધારણના શિલ્પકાર

------------------------------------

**પ્ર.૨ નીચે આપેલું કોષ્ટક પૂર્ણ કરો.**

| સમિતિ પ્રમુખ | સમિતિનું નામ |
|---|---|
| ---------------------- | બંધારણસભા નિયમ સમિતિ |
| ડૉ. બાબાસાહેબ આંબેડકર | ---------------------- |
| ---------------------- | સંઘરાજ્ય સમિતિ |
| સરદાર વલ્લભભાઈ પટેલ | ---------------------- |

**પ્ર.૩ સંકલ્પના સ્પષ્ટ કરો.**

૧. બંધારણ

૨. મસુદા સમિતિ

**પ્ર.૪ દરેક દેશ માટે બંધારણ કેમ જરૂરી હોય છે, આ વિશે તમારો મત લખો.**

**પ્ર.૫ તમે શું કરશો ?**

'સામાન્ય રીતે છોકરાઓએ કરવાના કામ અને છોકરીઓએ કરવાના કામોમાં ભેદભાવ કરવામાં આવે છે.' બંધારણમાં આવતું સમતાનું મૂલ્ય સમજાવવા માટે તમે શું કરશો ?

**તમારી કૃતિ**

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

**ઉપક્રમ**

૧. વર્ગપ્રમુખ (મૉનિટર) ચૂંટવા માટે પ્રત્યક્ષ ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન કરો.

૨. તમારી નોંધપોથીમાં મૂળભૂત હક અને તે સંબંધિત તમારા કર્તવ્યનું કોષ્ટક તૈયાર કરો.

***



# ૩ ભારતીય બંધારણનું આમુખ અને વિશેષતા


૩.૧. આમુખ

૩.૨. ભારતીય બંધારણ મુજબ રાજ્યનું સ્વરૂપ

૩.૩. ભારતીય બંધારણના ઉદ્દેશો

૩.૪. ભારતીય બંધારણની વિશેષતાઓ




બંધારણસભામાં 'ઉદ્દેશોનો પ્રસ્તાવ' રજૂ કરતા – પંડિત જવાહરલાલ નેહરુ

૧૩ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ પંડિત જવાહરલાલ નેહરુએ બંધારણસભામાં **'ઉદ્દેશોનો પ્રસ્તાવ'** રજૂ કર્યો, જેમાંથી આગળ જતાં ભારતીય બંધારણનું આમુખ વિકસિત થયું.

## ૩.૧. આમુખ :

ભારતીય બંધારણની પ્રસ્તાવનાને 'આમુખ' કહેવામાં આવે છે. બંધારણની પ્રસ્તાવનામાંથી બંધારણના મૂલ્યો અને ઉદ્દેશ્યો સ્પષ્ટ થાય છે. તેથી, આમુખને 'બંધારણનો આત્મા' કહે છે.



**કરી જુઓ.**

ભારતીય બંધારણનું આમુખ તમારા હસ્તાક્ષરમાં લખો.

ભારતનું બંધારણ ભારતના લોકોએ તૈયાર કર્યું છે અને સ્વેચ્છાએ તેનો સ્વીકાર કર્યો છે. બંધારણના આમુખમાં ભારતને 'સાર્વભૌમ, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, લોકશાહી, પ્રજાસત્તાક' રાષ્ટ્ર ઘોષિત કરવામાં આવ્યું છે.

## ૩.૨ ભારતીય બંધારણ મુજબ રાજ્યનું સ્વરૂપ




**સાર્વભૌમ :** જે દેશ પર કોઈ પણ બાહ્ય શક્તિનું નિયંત્રણ નથી, જે દેશ પોતાના નિર્ણયો લેવા માટે સંપૂર્ણ સ્વતંત્ર છે. તે દેશને 'સાર્વભૌમ' કહેવામાં આવે છે. ભારતને પોતાના કાયદા બનાવવાનો અને વિદેશનીતિ નક્કી કરવાનો સર્વોચ્ચ અધિકાર છે.

**સમાજવાદી:** દેશની સંપત્તિનું નિર્માણ સમાજ દ્વારા સામૂહિક કરવામાં આવે છે અને તેના પર રાજ્યની માલિકી હોય છે. આને જ 'સમાજવાદી વ્યવસ્થા' કહેવાય છે. સંપત્તિનું કેન્દ્રીકરણ થવા ન દેતા, સમાજમાં આર્થિક અને સામાજિક વિષમતા ઘટાડવી તેનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

**ધર્મનિરપેક્ષ :** ધર્મનિરપેક્ષ એટલે કે રાજ્યનો (દેશનો) પોતાનો કોઈ સત્તાવાર ધર્મ નથી. દરેક ધર્મને સમાન માનવાની અને દરેક નાગરિકને પોતાની શ્રદ્ધા અનુસાર ધર્મનું પાલન કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોય છે.

**લોકશાહી** : લોકશાહી એટલે સત્તાનું ઉગમસ્થાન લોકો હોય છે અને તેઓ પોતે જ પોતાના પ્રતિનિધિઓ પસંદ કરે છે. 'લોકોનું, લોકો માટે અને લોકો દ્વારા ચાલતું શાસન' આ વ્યવસ્થાની ઓળખ છે.
**પ્રજાસત્તાક (ગણરાજ્ય)** : પ્રજાસત્તાક એટલે દેશના તમામ સાર્વજનિક પદો (દા.ત. રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, મુખ્યમંત્રી, મેયર, સરપંચ) વંશપરંપરાગત રીતે કોઈને મળતા નથી. આ પદો જનતા દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચોક્કસ સમયગાળા માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાસે હોય છે.

## ૩.૩ ભારતીય બંધારણના ઉદ્દેશ્યો

ભારતીય સ્વતંત્રતાસંગ્રામ દરમિયાન સામે આવેલા ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના મૂલ્યો પર આધારિત ભારતનું નિર્માણ કરવાનો ઉદ્દેશ બંધારણે સ્વીકાર્યો છે.

**૧. ન્યાય:** કોઈની પણ સાથે જાતિ, ધર્મ, વંશ, લિંગ કે ભાષાના આધારે ભેદભાવ કર્યા વગર સૌને પ્રગતિની સમાન તક આપવી એટલે ન્યાય. આમાં સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયનો સમાવેશ થાય છે.

**૨. સ્વતંત્રતા :** નાગરિકો પર કોઈ અયોગ્ય નિયંત્રણો ન હોવા અને તેમના વ્યક્તિત્વના વિકાસ માટે પોષક વાતાવરણ હોવું એટલે સ્વતંત્રતા. આમાં વિચાર, અભિવ્યક્તિ, હરફર, સંગઠન, વ્યવસાય, શ્રદ્ધા અને ઉપાસનાની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે.

**૩. સમાનતા :** જાતિ, ધર્મ, વંશ, લિંગ, ભાષા અથવા જન્મસ્થાનના આધારે કોઈને શ્રેષ્ઠ કે કનિષ્ઠ ન માનતા, સૌને સમાન દરજ્જો આપવો એટલે સમાનતા.

**૪. બંધુતા :** દેશના તમામ નાગરિકોમાં એકતાની ભાવના હોવી એટલે બંધુતા. આ ભાવના વ્યક્તિની પ્રતિષ્ઠા જાળવે છે અને રાષ્ટ્રની એકતાને મજબૂત કરે છે.

## ૩.૪ ભારતીય બંધારણની વિશેષતાઓ

ભારતીય બંધારણની કેટલીક મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે. જેનાથી બંધારણનું મહત્વ અધોરેખિત થાય છે.

### ૧. સૌથી મોટું લેખિત બંધારણ

ભારતનું બંધારણ અત્યંત વ્યાપક, ઊંડું અને વિસ્તૃત છે. વિશ્વના તમામ લેખિત બંધારણોમાં ભારતનું બંધારણ સૌથી મોટું છે.

### ૨. વિશ્વના વિવિધ બંધારણોમાંથી પસંદ કરેલી બાબતોનો સમાવેશ :

બંધારણસભાએ વિશ્વના વિવિધ દેશોના બંધારણોનો અભ્યાસ કરીને ભારત માટે જે બાબતો યોગ્ય હતી, તેનો સમાવેશ કર્યો છે.

### ૩. કઠોરતા લવચિકતાનો સંગમ

બંધારણની જોગવાઈઓમાં સરળતાથી ફેરફાર કરી શકાય છે, તેને 'લવચિક' બંધારણ કહેવાય છે. જ્યારે બંધારણની જોગવાઈઓમાં ફેરફાર કરવો ખૂબ અઘરો હોય છે, તેને કઠોર બંધારણ કહેવાય છે. આમ ભારતના બંધારણમાં કઠોરતા અને લવચીકતા બંનેનો સમન્વય છે.

### ૪. નાગરિકોના મૂળભૂત અધિકારો

ભારતીય બંધારણે ભારતના તમામ નાગરિકોને મૂળભૂત અધિકારો આપ્યા છે. તેમના રક્ષણની જવાબદારી બંધારણે ન્યાયતંત્રને સોંપી છે.

### ૫. નાગરિકોની મૂળભૂત ફરજો

મૂળભૂત હક્કોની સાથે બંધારણમાં કેટલીક મૂળભૂત ફરજો પણ આપવામાં આવી છે. દરેક ભારતીયે આ ફરજોનું પાલન કરવું અપેક્ષિત છે.

### ૬. રાજ્યસંસ્થા માટે માર્ગદર્શક સિદ્ધાંતો

ભારતીય બંધારણમાં માર્ગદર્શક સિદ્ધાંતો આપવામાં આવ્યા છે, જે મુજબ રાજ્યકારભાર ચલાવવો અપેક્ષિત છે.

### ૭. સંઘરાજ્યાત્મક પદ્ધતિ

ભારત એ રાજ્યોનો સંઘ (Union of States) છે. બંધારણે દેશમાં કેન્દ્ર સરકાર (સંઘશાસન) અને રાજ્ય સરકારો (રાજ્યશાસન) વચ્ચે સત્તાની વહેંચણી કરી છે. કેન્દ્ર સ્તરના વિષયો પર સંસદ અને રાજ્ય સ્તરના વિષયો પર રાજ્ય વિધિ મંડળ કાયદા બનાવી શકે છે.

### ૮. સંસદીય લોકશાહી

સંસદીય લોકશાહીમાં મતદારો તેમના પ્રતિનિધિઓને ચૂંટે છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી દેશના વડાપ્રધાનની પસંદગી થાય અને વડાપ્રધાન તેમનું મંત્રીમંડળ પસંદ કરે છે.

### ૯. સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર

૧૮ વર્ષ પૂર્ણ કરનાર દરેક ભારતીય નાગરિકને મતદાન કરવાનો અધિકાર છે, જેને 'પુખ્તવય મતાધિકાર' કહે છે.



**શું તમે જાણો છો ?**

**બંધધારણસભામાં મહારાષ્ટ્રના કેટલાક પ્રમુખ સભ્યો**


ડૉ. બાબાસાહેબ આંબેડકર


ડૉ. પંજાબરાવ દેશમુખ


શ્રી કેશવરાવ જેધે


ડૉ. દુર્ગાબાઈ દેશમુખ


શ્રી શંકરરાવ દેવ


શ્રી નરહર ગાડગીળ


શ્રી બાળાસાહેબ ખર્ડેકર


શ્રી દાદા ધર્માધિકારી


શ્રી બ્રજલાલ બિયાણી


શ્રી માધવ (બાપુજી) અણે



## સ્વાધ્યાય

**પ્ર.૧ યાદ કરો અને લખો.**

૧. હું બંધારણની શરૂઆત છું, મને બંધારણનો આત્મા કહેવાય છે, હું કોણ?

-----------------------------------------

૨. હું એક ગ્રંથ છું, જેમાં દેશ ચલાવવાના નિયમો અને કાયદાઓ છે, હું કોણ?

-----------------------------------------

**પ્ર.૨ જોડકાં જોડો.**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| ૧. સ્વતંત્રતા | (અ) 'હું' અને 'બીજા'માં ભેદભાવ ન કરવો. |
| ૨. સમાનતા | (બ) આપણે સૌ ભારતીય એક હોવાની ભાવના. |
| ૩. બંધુતા | (ક) પોતાના વિકાસ માટે પોષક વાતાવરણ મળવું. |
| | (ડ) બંધન વગર કોઈપણ કૃતિ કરવી. |

**પ્ર.૩ 'ત્રાજવાનું સંતુલન જાળવો'**

**સંકલ્પના :** બંધારણે એક પલ્લામાં 'હક્ક' અને બીજા પલ્લામાં 'કર્તવ્ય ' આપ્યા છે.

પ્રશ્નઃ નીચેના પ્રસંગોમાં 'સંતુલન' કેવી રીતે જાળવશો?

૧. હક્કઃ મને 'સાર્વજનિક બગીચામાં રમવાનો હક્ક' છે. પણ મારું કર્તવ્ય શું છે ?

---------------------------------------------

---------------------------------------------

૨. હક્કઃ મને 'સાર્વજનિક વસ્તુઓ (દા.ત. પરિવહન મંડળની બસ) વાપરવાનો હક્ક' છે. પણ મારું કર્તવ્ય શું છે ?

---------------------------------------------

---------------------------------------------

**પ્ર.૪ સંકલ્પના સ્પષ્ટ કરો.**

૧. ધર્મનિરપેક્ષ

૨. લોકશાહી

**પ્ર.૫ આગામી ૧૦ વર્ષમાં તમારા સપનાનું ભારત કેવું હશે, તે વિશે તમારો મત લખો.**

**ઉપક્રમ :**

- શાળાના પુસ્તકાલયમાંથી બંધારણની નકલ મેળવી તેમાંથી નાગરિકોના મૂળભૂત કર્તવ્યો શોધીને લખો.
- 'સાર્વભૌમ, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, લોકશાહી, પ્રજાસત્તાક/ગણરાજ્ય' આ શબ્દો પરથી ભારતીય બંધારણ વિષયક ઘોષવાક્ય તૈયાર કરો અને વર્ગમાં લગાવો.

***



# ૪ સ્થાનિક શાસન સંસ્થા (ગ્રામીણ)


૪.૧. ગ્રામીણ સ્થાનિક શાસન સંસ્થાની રચના
૪.૨. ગ્રામપંચાયત
૪.૩. પંચાયત સમિતિ
૪.૪. જિલ્લા પરિષદ


**'સાચું ભારત ગામડાઓમાં વસે છે.' – મહાત્મા ગાંધી**




ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારોની સ્થાનિક શાસન સંસ્થાઓ 'પંચાયત રાજ' કહેવામાં આવે છે. ગામ, તાલુકા અને જિલ્લા સ્તરીય શાસન સંસ્થાઓ સ્થાનિક લોકપ્રતિનિધિઓના હાથમાં રહે તે હેતુથી પંચાયતી રાજ્યવ્યવસ્થા બનાવવામાં આવી છે. તે મુજબ ગ્રામપંચાયત, પંચાયત સમિતિ અને જિલ્લા પરિષદ એમ ત્રિસ્તરીય રચના કરવામાં આવી છે. આથી લોકશાહીનું વિકેન્દ્રીકરણ થયું અને સ્થાનિક સ્તરના લોકપ્રતિનિધિઓના હાથમાં વધુમાં વધુ સત્તા આપવામાં આવી છે.



### શું તમે જાણો છો ?

૨૨ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ થયેલા ૭૩મા અને ૭૪મા બંધારણીય સુધારા દ્વારા પંચાયતરાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો પ્રાપ્ત થયો છે.

## ૪.૧ ગ્રામીણ સ્થાનિક શાસન સંસ્થાની રચના




## ૪.૨ ગ્રામપંચાયત

ગામનો વહીવટ સંભાળતી અને ગ્રામ વિકાસના કામો કરતી સ્થાનિક શાસન સંસ્થા એટલે 'ગ્રામપંચાયત'. પંચાયતી રાજ્યવ્યવસ્થામાં ગ્રામપંચાયત પાયાની સંસ્થા છે. ગ્રામપંચાયતના સભ્યોની સંખ્યા ગામની

લોકસંખ્યાના આધારે નક્કી કરાય છે. મહારાષ્ટ્ર રાજ્યમાં ગ્રામપંચાયતની સભ્ય સંખ્યા લોકસંખ્યા અનુસાર ઓછામાં ઓછી ૭ અને વધુમાં વધુ ૧૭ હોય છે. ગ્રામપંચાયતની મુદત પાંચ વર્ષની હોય છે. ગ્રામપંચાયતના તમામ સભ્યોની પસંદગી પુખ્તવય મતાધિકાર અને ગુપ્ત મતદાન પદ્ધતિથી કરવામાં આવે છે. ચૂંટણી લડવા માટે સભ્યની ઉંમર ઓછામાં ઓછી ૨૧ વર્ષ હોવી જોઈએ.

ગ્રામપંચાયતના સભ્યોની પસંદગી માટે પ્રભાગ (વોર્ડ) બનાવવામાં આવે છે. દરેક પ્રભાગમાંથી સભ્યો ચૂંટાય છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે કેટલીક બેઠકો અનામત રાખવામાં આવે છે. મહારાષ્ટ્રમાં ગ્રામપંચાયતમાં મહિલા પ્રતિનિધિઓ માટે ૫૦ ટકા બેઠકો અનામત છે.

**શોધો જોઈએ.**

આપણા પાડોશી રાજ્યોની ગ્રામપંચાયતમાં સ્ત્રીઓ માટે કેટલા ટકા બેઠકો અનામત છે?

ગ્રામપંચાયતના ચૂંટાયેલા સભ્યો 'પંચ' અથવા 'સભ્ય' કહેવાય છે. ચૂંટાયેલા સભ્યો પોતાનામાંથી જ એકને સરપંચ અને એકને ઉપસરપંચ તરીકે ચૂંટે છે. જો કે, હાલમાં મહારાષ્ટ્રમાં સરપંચની પસંદગી સીધી જનતા દ્વારા કરવામાં આવે છે. સરપંચ ગ્રામપંચાયતના લોકનિયુક્ત પદાધિકારી છે.

**ગ્રામપંચાયત સભ્ય સંખ્યા : લોકસંખ્યાનુસાર માપદંડ**




**ગ્રામપંચાયત :** છસ્સોથી ઓછી વસ્તી ધરાવતા બે કે તેથી વધુ ગામો માટે એક જ ગ્રામપંચાયત હોય છે, તેને 'જૂથ ગ્રામપંચાયત' કહેવામાં આવે છે.

### ૪.૨.૧. ગ્રામપંચાયતના કાર્યો

ગામનો વિકાસ કરવા માટે ગ્રામપંચાયત નીચે મુજબના કાર્યો કરે છે.




- ગામમાં રસ્તા બાંધવા અને તેનું સમારકામ કરવું.
- ગામમાં વીજ પુરવઠો, પીવાના પાણીની અને ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા કરવી.
- જન્મ-મરણ અને લગ્નની નોંધ રાખવી.
- ગામમાં સ્વચ્છતા રાખવી.
- ગામમાં પ્રાથમિક શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવી.
- ઘરવેરો અને પાણીવેરો ઉઘરાવવો.
- ગામના નાગરિકોને સરકારી યોજનાઓની માહિતી આપવી.

**ચાલો, જાણી લઈએ**

**મહારાષ્ટ્રની આદર્શ ગ્રામપંચાયત**

હિવરે બાજાર અહિલ્યાનગર જિલ્લાનું એક નાનું ગામ છે. સતત દુષ્કાળ અને ખેતીમાં ઓછું ઉત્પાદન હિવરે બાજારની કાયમી સમસ્યા હતી. આ સમસ્યા ઉકેલવા માટે ગામમાં વરસાદના પાણીનો સંગ્રહ અને જળસંચય ક્ષેત્રોનું સંવર્ધન કરવામાં આવ્યું. ગામમાં પુષ્કળ વૃક્ષો વાવવાથી

પાણીના સ્તરમાં વધારો થયો. ગ્રામજનોના સહયોગથી થોડા જ વર્ષોમાં હિવરે બાજાર હરિયાળું અને સમૃદ્ધ ગામ બની ગયું. હિવરે બાજાર ગામે આદર્શ ગ્રામપંચાયતનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ કાર્ય માટે ગામના તત્કાલીન સરપંચ શ્રી પોપટરાવ પવારને વર્ષ ૨૦૨૦માં ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**ચર્ચા કરો :**

નીચેનું ચિત્ર જોઈ તેમાંના ફરક વિશે ચર્ચા કરો.

જિલ્લા પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારી દ્વારા કરવામાં આવે છે.

**શું તમે જાણો છો ?**

શાસન નિર્ણય તારીખ ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪ મુજબ, ગ્રામસેવક પદનું નામ બદલીને 'ગ્રામપંચાયત અધિકારી' કરવામાં આવ્યું છે.

### અવિકસિત અને વિકસિત ગ્રામપંચાયતોમાંનો ફરક




**ચર્ચા કરો.**

- આદર્શ ગામ એટલે શું ?
- મહારાષ્ટ્રના આદર્શ ગામોના નામ શોધો.

### ૪.૨.૨. ગ્રામસેવક/ગ્રામપંચાયત અધિકારી

'ગ્રામસેવક' ગ્રામપંચાયતના વહીવટી પ્રમુખ હોય છે. ગ્રામપંચાયતનું કાર્યાલયીન કામકાજ અને રોજબરોજના વ્યવહારો માટે તેમની નિમણૂક કરવામાં આવે છે. ગ્રામસેવક ગ્રામપંચાયતના સચિવ હોય છે. ગ્રામપંચાયત માટે જરૂરિયાત મુજબ એક કે તેથી વધુ ગ્રામસેવકોની નિમણૂક કરી શકાય છે. તેમની નિમણૂક

### ૪.૨.૩ ગ્રામસભા

ગામના તમામ મતદારો મળીને 'ગ્રામસભા' બને છે. ગ્રામસભાના અધ્યક્ષ સરપંચ હોય છે. સરપંચની ગેરહાજરીમાં ઉપસરપંચ ગ્રામસભાનું અધ્યક્ષપદ સંભાળે છે. ગ્રામસભા ગ્રામપંચાયતના વહીવટ પર દેખરેખ રાખનારી અને ગામના વિકાસકામોને અંતિમ મંજૂરી આપનારી ૧૮ વર્ષથી ઉપરના તમામ મતદારોની સભા છે.

ગ્રામપંચાયતના વહીવટમાં ગ્રામસભાનું ઘણું મહત્વ છે. મહારાષ્ટ્રમાં ગ્રામસભાની વર્ષમાં ઓછામાં

ઓછી ચાર બેઠકો યોજવી તેવું કાયદેસરનું બંધન છે. ૨૬ જાન્યુઆરી, ૧મે, ૧૫ ઑગસ્ટ અને ૨ ઑક્ટોબરે ગ્રામસભાની બેઠકો થાય છે. આ સિવાય સરપંચને વિશેષ સભા બોલાવવાનો અધિકાર હોય છે. સરપંચ ગ્રામસભાની બેઠકોનું આયોજન કરે છે. ગ્રામસભા પહેલા મહિલાઓની સભા યોજવામાં આવે છે.



**કરી જુઓ.**

- ગામમાં તાજેતરમાં થયેલી ગ્રામસભા વિશે માહિતી મેળવો.
- તમારા ગામના સરપંચની મુલાકાત લો. તેમણે ગામમાં કયા કયા કામો કર્યા છે, તેની યાદી બનાવો.




### ગ્રામસભાના કાર્યો :

ગ્રામપંચાયતનો જમા-ખર્ચ તપાસીને તેને માન્યતા આપવી, વાર્ષિક અંદાજપત્ર મંજૂર કરવું, પાછલા આર્થિક વર્ષનો અહેવાલ અને ચાલુ વર્ષના કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરવી. આ પ્રકારના કામો વિશે ગ્રામસભામાં ચર્ચા કરીને નિર્ણયો લેવામાં આવે છે. ગ્રામસભાના તમામ કામકાજની નોંધ ગ્રામપંચાયત અધિકારીની નોંધપોથીમાં રાખવામાં આવે છે.

સ્થાનિક કર (ઘરવેરો, પાણીવેરો) અને કેન્દ્ર સરકાર/ રાજ્યસરકાર/ જિલ્લા પરિષદ તરફથી મળતું અનુદાન ગ્રામપંચાયતની આવકનું મુખ્ય સાધન છે. એ સિવાય બજાર કર, વ્યવસાય કર અને ગ્રામપંચાયતની સંપત્તિના ભાડા દ્વારા પણ ભંડોળ ભેગું કરવામાં આવે છે.



**કૃતિ કરો**

શાળામાં નમૂનારૂપ ગ્રામસભા ભરો.



**વિચાર કરો**

જો તમે સરપંચ બનો, તો તમને કયા કામો કરવા ગમશે?

### ૪.૩ પંચાયત સમિતિ

એક તાલુકાના તમામ ગામોનું એક 'વિકાસ જૂથ' હોય છે. વિકાસ જૂથનો વહીવટ જોતી સંસ્થા એટલે 'પંચાયત સમિતિ'. ગ્રામપંચાયત અને જિલ્લા પરિષદને જોડતી મહત્ત્વની કડી એટલે પંચાયત સમિતિ. પંચાયત સમિતિમાં લોકસંખ્યા અનુસાર ઓછામાં ઓછા ૧૫ અને વધુમાં વધુ ૪૫ સભ્યો હોય છે.

**પંચાયત સમિતિની રચના**




## ૪.૩.૧ પંચાયત સમિતિના સભાપતિ

પંચાયત સમિતિના ચૂંટાયેલા સભ્યો પોતાનામાંથી એક સભ્યને સભાપતિ અને એકને ઉપસભાપતિ તરીકે ચૂંટે છે. તેમનો કાર્યકાળ અઢી વર્ષનો હોય છે. પંચાયત સમિતિની સભા બોલાવવી, સભાનું અધ્યક્ષપદ સંભાળવું, સભાનું નિયંત્રણ કરવું, જિલ્લા પરિષદ તરફથી મળેલા આદેશોનો અમલ કરવો, પંચાયત સમિતિના કારભાર પર નિયંત્રણ રાખવું એ સભાપતિના મુખ્ય કાર્યો છે. સભાપતિની ગેરહાજરીમાં ઉપસભાપતિ કામકાજ સંભાળે છે.

## ૪.૩.૨ જૂથ વિકાસ અધિકારી

જૂથ વિકાસ અધિકારી પંચાયત સમિતિના વહીવટી પ્રમુખ હોય છે. મહારાષ્ટ્રમાં દરેક પંચાયત સમિતિમાં એક જૂથ વિકાસ અધિકારીની નિમણૂક કરવામાં આવે છે. તેમની પસંદગી મહારાષ્ટ્ર લોકસેવા આયોગ દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા કરવામાં આવે છે, પરંતુ નિમણૂક મહારાષ્ટ્ર સરકાર કરે છે. તેઓ તાલુકાની વિકાસયોજનાઓ અને નિર્ણયોના અમલીકરણનું કામ કરે છે. તેમના નિયંત્રણ નીચે પંચાયત સમિતિની યંત્રણા કામ કરે છે.

## ૪.૩.૩ પંચાયત સમિતિના કાર્યો

- પંચાયત સમિતિક્ષેત્રનાં કાર્યોનું નિયોજન કરવું.
- જિલ્લા પરિષદ વતી કાર્યક્ષેત્રમાં ચાલી રહેલા કામો પર દેખરેખ રાખવી.
- જિલ્લા પરિષદ અને ગ્રામ પંચાયત વચ્ચે સમન્વય સાધવો.
- તાલુકાની વિકાસ યોજનાનો અમલ કરવો.

આ પંચાયત સમિતિના મુખ્ય કાર્યો છે. પંચાયત સમિતિમાં સામાન્ય પ્રશાસન, જાહેર બાંધકામ, નાણા, ખેતી, આરોગ્ય, શિક્ષણ, મહિલા અને બાળ કલ્યાણ તેમ જ સમાજકલ્યાણ વગેરે વિભાગો હોય છે. તેમના દ્વારા કાર્યોનું નિયોજન અને અમલીકરણ કરાય છે. પંચાયત સમિતિ આ કાર્યો જિલ્લા પરિષદ અને સરકારના આદેશ મુજબ કરે છે.

પંચાયત સમિતિ પાસે આવકના પોતાના કોઈ સાધનો નથી. પંચાયત સમિતિના અંદાજપત્રનો સમાવેશ જિલ્લા પરિષદના અંદાજપત્રમાં કરવામાં આવે છે. પંચાયત સમિતિના ક્ષેત્રની યોજનાઓ સાકાર કરવા માટે જિલ્લા પરિષદ અને રાજ્ય સરકાર તરફથી અનુદાન આપવામાં આવે છે.

**પંચાયત સમિતિમાં વિવિધ સમિતિઓ અને તેમના કાર્યો**





**શોધો જોઈએ.**

- પંચાયત સમિતિના સભાપતિ કોણ પસંદ કરે છે?
- પંચાયત સમિતિના વહીવટી પ્રમુખ કોણ હોય છે ?

## ૪.૪ જિલ્લા પરિષદ

જિલ્લા પરિષદ સ્થાનિક શાસન સંસ્થાઓની જિલ્લા સ્તરે કાર્યરત સર્વોચ્ચ સંસ્થા છે. મહારાષ્ટ્રમાં હાલમાં ૩૬ જિલ્લા છે, પરંતુ જિલ્લા પરિષદોની સંખ્યા ૩૪ છે. તેનું કારણ એ કે રાજ્યના મુંબઈ શહેર અને મુંબઈ ઉપનગર આ બે જિલ્લાઓ સંપૂર્ણપણે શહેરી વસતી ધરાવતા હોવાથી ત્યાં જિલ્લા પરિષદ અસ્તિત્વમાં નથી.

જિલ્લા પરિષદમાં પુખ્તવય મતાધિકાર પદ્ધતિ અનુસાર ચૂંટણી થાય છે. જિલ્લા પરિષદમાં ઓછામાં ઓછા ૫૦ અને વધુમાં વધુ ૭૫ સભ્યો હોય છે. તમામ પંચાયત સમિતિઓના સભાપતિઓ જિલ્લા પરિષદના હોદ્દાની રૂએ સભ્યો હોય છે. સભ્યોનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે.

### ૪.૪.૧ જિલ્લા પરિષદ અધ્યક્ષ

જિલ્લા પરિષદમાં ચૂંટાયેલા સભ્યો પોતાનામાંથી એકની અધ્યક્ષ અને એકની ઉપાધ્યક્ષ તરીકે પસંદગી કરે છે. તેમનો કાર્યકાળ અઢી વર્ષનો હોય છે. જિલ્લા પરિષદ અધ્યક્ષની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ તેમની જવાબદારીઓ નિભાવે છે. જિલ્લા પરિષદના અધ્યક્ષ હોદ્દાની રૂએ સ્થાયી સમિતિના અધ્યક્ષ હોય છે.

### ૪.૪.૨ મુખ્ય કાર્યકારી અધિકારી

દરેક જિલ્લા પરિષદ માટે એક મુખ્ય કાર્યકારી અધિકારી હોય છે. તે જિલ્લા પરિષદના વહીવટી પ્રમુખ તરીકે કામ કરે છે. જિલ્લા પરિષદના વહીવટ પર તેમનું નિયંત્રણ હોય છે. જિલ્લા પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારી ભારતીય વહીવટી સેવાના અધિકારી હોય છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર કરે છે. જિલ્લા પરિષદના કામકાજ પર દેખરેખ રાખી લીધેલા નિર્ણયોનો અમલ કરવો મુખ્ય કાર્યકારી અધિકારીના પ્રમુખ્ય કાર્યો છે.

### ૪.૪.૩ જિલ્લા પરિષદના કાર્યો

જિલ્લા પરિષદમાં સ્થાયી સમિતિ, નાણાં સમિતિ, બાંધકામ સમિતિ, કૃષિ સમિતિ, સમાજકલ્યાણ સમિતિ, શિક્ષણ સમિતિ, આરોગ્ય સમિતિ, પશુસંવર્ધન અને દુગ્ધશાળા સમિતિ, મહિલા અને બાળ કલ્યાણ સમિતિ અને જળ વ્યવસ્થાપન તથા પાણી પુરવઠા સમિતિ - એમ કુલ ૧૦ સમિતિઓ હોય છે. તે પૈકી સ્થાયી સમિતિ સૌથી મહત્વની સમિતિ છે. દરેક સમિતિના એક સભાપતિ ચૂંટાય છે. પાણીવેરો, યાત્રા વેરો, બજાર વેરો વગેરે જીલ્લા પરિષદની આવકના સાધનો છે. આ સિવાય જમીન મહેસૂલના પ્રમાણમાં નિશ્ચિત અનુદાન રાજ્ય સરકાર જિલ્લા પરિષદને આપે છે. જિલ્લા પરિષદ જિલ્લાના વિકાસ માટે આ સમિતિઓ દ્વારા કાર્ય કરે છે. તેમના પ્રમુખ કાર્યો નીચે મુજબ છે.

**જિલ્લા પરિષદના વિભાગ અને મુખ્ય કાર્યો**

| સમિતિ | મુખ્ય કાર્યો |
|---|---|
| સ્થાયી | ૧. સામાન્ય વહીવટ, નાણાં અને સમન્વય<br>૨. અન્ય સમિતિઓ પર નિયંત્રણ- |
| નાણા | ૧. જિલ્લા પરિષદની આવક-જાવકનો હિસાબ રાખવો.<br>૨. હિસાબની તપાસ કરવી |
| કૃષિ | ૧. બિયારણ, ખાતર અને ઓજારોનું વિતરણ<br>૨. આધુનિક ખેતી તંત્રજ્ઞાનનું પ્રશિક્ષણ |
| સમાજકલ્યાણ | ૧. પછાત વર્ગોને માટે આર્થિક મદદ<br>૨. દિવ્યાંગ અને નિરાધાર લોકો માટે યોજનાઓ |
| શિક્ષણ | ૧. પ્રાથમિક શાળાઓનું નિયંત્રણ અને વ્યવસ્થાપન<br>૨. વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ વિતરણ |
| પશુસંવર્ધન અને દુગ્ધશાળા | ૧. પશુસંવર્ધન વિકાસ યોજનાઓ તૈયાર કરવી<br>૨. પશુ દવાખાનાઓનું નિયંત્રણ કરવું |
| જળ વ્યવસ્થાપન અને પાણી પુરવઠો | ૧. પીવાના સ્વચ્છ પાણીની વ્યવસ્થા કરવી<br>૨. સ્વચ્છતા અભિયાન ચલાવવું |
| બાંધકામ | ૧. ગામડાઓને જોડતા રસ્તા અને નાના પુલ બાંધવા<br>૨. પીવાના પાણીની સુવિધા કરવી |
| આરોગ્ય | ૧. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ચલાવવા<br>૨. રોગચાળાનું નિયંત્રણ અને રસીકરણ અને સ્વચ્છતા અભિયાન |
| મહિલા અને બાળ કલ્યાણ | ૧. મહિલા સશક્તિકરણ, આંગણવાડી નિરીક્ષણ<br>૨. પોષણ આહાર યોજના |



**કરી જુઓ.**

તમારા ક્ષેત્રની જિલ્લા પરિષદની વેબસાઇટની મુલાકાત લઈ જિલ્લા પરિષદની કાર્યપદ્ધતિ સમજી લો.

# સ્થાનિક શાસન સંસ્થાઓ: તુલનાત્મક કોષ્ટક

| ઘટક | ગ્રામ પંચાયત | પંચાયત સમિતિ | જિલ્લા પરિષદ |
|---|---|---|---|
| સ્તર | ગામ સ્તર | તાલુકા સ્તર | જિલ્લા સ્તર |
| સદસ્ય સંખ્યા | ૭ થી ૧૭ | ૧૫ થી ૪૫ | ૫૦ થી ૭૫ |
| પદાધિકારી | સરપંચ, ઉપસરપંચ | સભાપતિ, ઉપસભાપતિ | અધ્યક્ષ, ઉપાધ્યક્ષ |
| કાર્યકાળ | ૫ વર્ષ →સરપંચ<br>૫ વર્ષ →સદસ્ય | ૨.૫ વર્ષ →સભાપતિ<br>૫ વર્ષ →સદસ્ય | ૨.૫ વર્ષ →અધ્યક્ષ<br>૫ વર્ષ →સદસ્ય |
| ચૂંટણી | દર પાંચ વર્ષે | દર પાંચ વર્ષે | દર પાંચ વર્ષે |
| રાજીનામું | સરપંચ→સભાપતિ (પં.સ.)<br>સદસ્ય→સરપંચ | સભાપતિ→અધ્યક્ષ (જિ.પ.)<br>સદસ્ય→સભાપતિ (પં.સ.) | અધ્યક્ષ→વિભાગીય આયુક્ત<br>સદસ્ય→અધ્યક્ષ (જિ.પ.) |
| વહીવટી અધિકારી | ગ્રામસેવક/ગ્રામ પંચાયત અધિકારી | જૂથ વિકાસ અધિકારી | મુખ્ય કાર્યકારી અધિકારી |
| સભા | માસિક સભા, ગ્રામસભા (વર્ષામાં ચાર વખત) | મહિનામાં એકવાર | ત્રણ મહિનામાં એકવાર |



## સ્વાધ્યાય

**પ્ર.૧ નીચેની સમસ્યાઓ અને તેનું નિરાકરણ કરનાર અધિકારીઓની જોડી બનાવો.**

| 'અ' જૂથ | 'બ' જૂથ |
|---|---|
| અ) જૂથ વિકાસ અધિકારી (BDO) | ૧) ગામમાં થતાં જન્મ-મરણની નોંધણી કરવી. |
| બ) મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) | ૨) તાલુકાનાં વિકાસકામો ઉપર દેખરેખ રાખવી. |
| ક) ગ્રામ પંચાયત અધિકારી | ૩) જિલ્લા પરિષદે લીધેલા નિર્ણયોનો અમલ કરવો. |

**પ્ર.૨ ઓળખો, હું કોણ છું ?**

૧. ગામનો 'પ્રથમ નાગરિક':

---------------------------------------------

૨. જિલ્લા પરિષદના બધા વહીવટી કામકાજ સંભાળુ છું :

---------------------------------------------

**પ્ર.૩ તમે શું કરશો ?**

**પ્રસંગ ૧: તમારી શાળાના રસ્તા પર ઘણાં ખાડા પડ્યાં છે અને ચોમાસામાં તેમાં પાણી ભરાય છે. આ સમસ્યા ઉકેલવા તમે કોને પત્ર લખશો?**

અ) પોલીસ સ્ટેશન ક) બેંક મેનેજર

બ) ગ્રામ પંચાયત ડ) અન્ય

તમારો ઉત્તર અને કારણ :

પ્રસંગ ૨ : ૨૫૦ લોકસંખ્યા ધરાવતી વસતીમાં 'ગ્રામ પંચાયત' સ્થાપી શકાય ? જો નહીં, તો ત્યાં કઈ શાસન સંસ્થા કામ કરશે?

તમારો ઉત્તર અને કારણ :

પ્ર.૪ નીચેનું સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો :




પ્ર.૫ નીચેનું કોષ્ટક પૂર્ણ કરો. (મહારાષ્ટ્રની ગ્રામીણ સ્થાનિક શાસન સંસ્થાઓ-ત્રિસ્તરીય રચના)

| સ્તર | લોકપ્રતિનિધિ પ્રમુખ | વહીવટ પ્રમુખ |
|---|---|---|
| ગ્રામ પંચાયત | | |
| પંચાયત સમિતિ | | |
| જિલ્લા પરિષદ | | |

**ઉપક્રમ :**

૧. તમારા પરિસરમાં નજીકના સમયમાં થયેલા વિકાસકાર્યોની માહિતી મેળવી તેની વર્ગમાં ચર્ચા કરો.

૨. પરિસરમાં થયેલા વિકાસકામોને લીધે પર્યાવરણનું રક્ષણ થયું કે નુકસાન, આ વિષય પર વર્ગમાં બે જૂથ કરી ચર્ચા કરો.

૩. આધુનિક કાળની ગ્રામ પંચાયત જેવી પ્રાચીન ભારતમાં કઈ કઈ રચના હતી, તે શોધો અને તેના પર ચર્ચા કરો.

દાખલા તરીકે,

- જનપદ
- મહાત્મા બસવેશ્વરના સમયના 'અનુભવ મંટપ'
- કૌટિલ્યના અર્થશાસ્ત્રની શાસન રચના

****

# ૫ સ્થાનિક શાસન સંસ્થાઓ (શહેર)



| | |
|---|---|
| ૫.૧ નગરપંચાયત | ૫.૩ મહાનગરપાલિકા |
| ૫.૨ નગરપરિષદ | ૫.૪ કટક મંડળ (કેન્ટોનમેન્ટ બોર્ડ) |

પાછલા પાઠમાં આપણે ગ્રામીણ વિસ્તારની સ્થાનિક શાસન સંસ્થાઓનો અભ્યાસ કર્યો. આ પાઠમાં શહેરી સ્તરની શાસન વ્યવસ્થા અને તેના કાર્યો વિશે માહિતી મેળવીશું. શહેરી સ્થાનિક શાસન સંસ્થાઓમાં નગરપંચાયત, નગરપરિષદ, મહાનગરપાલિકા અને કટક મંડળનો સમાવેશ થાય છે.

શહેરીકરણને કારણે આપણા દેશમાં શહેરોની સંખ્યા વધી રહી છે. શહેરની શાસન વ્યવસ્થા અને પ્રશાસન વિશે માહિતી મેળવીએ.



**ચર્ચા કરો.**

શહેરોમાં ઉદભવતી સમસ્યાઓ વિશે ચર્ચા કરો.

## ૫.૧ નગરપંચાયત

જ્યારે કોઈ ગ્રામીણ વિસ્તારનું શહેરીકરણ થવા લાગે, ત્યારે રાજ્ય સરકાર તે વિસ્તાર માટે નગરપંચાયતની સ્થાપના કરે છે. નગરપંચાયત શહેરી સ્થાનિક શાસન સંસ્થા છે. અગિયાર હજારથી વધુ અને પચીસ હજારથી ઓછી લોકસંખ્યા ધરાવતા શહેરોમાં નગરપંચાયતની સ્થાપના કરાય છે. નગરપંચાયતની સ્થાપના માટે લોકસંખ્યા મુખ્ય શરત છે.

### ૫.૧.૧ નગરપંચાયતની રચના

નગરપંચાયતના સભ્યોની પસંદગી પુખ્તવય અને ગુપ્ત મતદાન પદ્ધતિથી થાય છે. નગરપંચાયતના સભ્યોની ચૂંટણી માટે પ્રભાગ (વોર્ડ) તૈયાર કરાય છે. તે પ્રભાગોમાંથી સભ્યો ચૂંટાય છે. અધ્યક્ષની પસંદગી સીધી જનતા દ્વારા કરાય છે. નગરપંચાયતમાં ૧૭ સભ્યો હોય છે. મહિલાઓ અને વંચિત ઘટકો માટે કેટલીક બેઠકો અનામત રખાય છે.



**શું તમે જાણો છો ?**

મહારાષ્ટ્રમાં કુલ ૧૪૬ નગરપંચાયતો છે. સૌથી વધુ નગરપંચાયતો નાગપુર વિભાગમાં છે.

નગરપંચાયતના પ્રમુખને 'અધ્યક્ષ' કહેવાય છે. અધ્યક્ષ સીધા જનતા દ્વારા ચૂંટાય છે. તેમનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે. નગરપંચાયતના તમામ કાર્યો તેમની અધ્યક્ષતા હેઠળ કરવામાં આવે છે.

**શહેરી શાસન સંસ્થાની રચના**

| મહાનગરપાલિકા | કટક મંડળ | નગરપરિષદ (નગરપાલિકા) | નગરપંચાયત |
|---|---|---|---|
| મેયર | અધ્યક્ષ | નગરાધ્યક્ષ | અધ્યક્ષ |
| ડેપ્યુટી મેયર | ઉપાધ્યક્ષ | ઉપનગરાધ્યક્ષ | ઉપાધ્યક્ષ |
| કમિશનર | કાર્યકારી અધિકારી | મુખ્ય અધિકારી | કાર્યકારી અધિકારી |

## નગરપંચાયતની રચના

**નગરપંચાયત**

૧૧,૦૦૦થી ૨૫,૦૦૦ લોકસંખ્યા ધરાવતા શહેરોમાં સ્થાપના

### લોક પ્રતિનિધિ

**અધ્યક્ષ**
- જનતા દ્વારા સીધી પસંદગી
- ૫ વર્ષનો કાર્યકાળ
- નગરપંચાયતની બેઠકોનું અધ્યક્ષપદ

**ઉપાધ્યક્ષ**
- ચૂંટાયેલા સભ્યોમાંથી પસંદગી.
- ૫ વર્ષનો કાર્યકાળ
- નગરપંચાયત અધ્યક્ષની ગેરહાજરીમાં કાર્યભાર

**નગરસેવક**
- લોકો દ્વારા વોર્ડ મુજબ સીધી ચૂંટણી
- વોર્ડની સંખ્યા લોકસંખ્યા પર આધારિત
- ૫ વર્ષનો કાર્યકાળ

**સ્વીકૃત સદસ્યો**
- વિશેષ જ્ઞાન અથવા અનુભવી વ્યક્તિઓ
- નગરાધ્યક્ષ દ્વારા પસંદગી
- મર્યાદિત સંખ્યા

### પ્રશાસકીય પ્રમુખ

**કાર્યકારી અધિકારી**
- રાજ્ય સરકાર દ્વારા નિમણૂક, પ્રશાસકીય પ્રમુખ .
- નગરપંચાયતના નિર્ણયોનો અમલ કરવો

**કર્મચારી**
- વિવિધ વિભાગોના કર્મચારીઓ (દા.ત. – આરોગ્ય, પાણીપુરવઠો, દૈનિક કામકાજ જોવું વગેરે)

**કરી જુઓ.**

**નીચેના ચિત્રોમાં નગર પરિષદ અને નગરપંચાયતના કાર્યો દર્શાવ્યા છે. ચિત્રો જોઈને કાર્યો લખો.**

**નગરપરિષદ અને નગરપંચાયતના કાર્યો**



નગરપંચાયત પોતાના કાર્યક્ષેત્રમાં વિવિધ વેરા નાંખે છે. નગરપંચાયત તમામ કામો તેને મળતા વેરાઓમાંથી કરે છે. તદુપરાંત તેમને કેટલુંક સરકારી અનુદાન પણ મળે છે.

### ૫.૨ નગરપરિષદ (નગરપાલિકા)

નગરપરિષદની સ્થાપના ૨૫ હજારથી વધુ લોકસંખ્યા ધરાવતા શહેરોમાં કરવામાં આવે છે. લોકસંખ્યા અનુસાર નગરપરિષદોનું અ, બ અને કમાં વર્ગીકરણ કરવામાં આવે છે.




## ૫.૨.૧ નગરપરિષદની રચના

નગરપરિષદના સભ્યો ગુપ્ત અને પુખ્ત મતદાન પદ્ધતિથી ચૂંટવામાં આવે છે, તેમને ‘નગરસેવક’ કહેવામાં આવે છે. નગરપરિષદનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે. નગરપરિષદના ઓછામાં ઓછા ૧૭ અને વધુમાં વધુ ૩૮ સભ્યો હોય છે.

**શું તમે જાણો છો ?**

મહારાષ્ટ્રમાં કુલ ૨૪૮ નગરપરિષદ છે. તેમાં સૌથી વધુ ૫૦ નગરપરિષદ પુણે અને ૪૯ નગરપરિષદો છત્રપતિ સંભાજીનગર વિભાગમાં છે. અમરાવતીમાં ૪૧, નાશિકમાં ૪૫, નાગપુરમાં ૪૧ અને કોકણ વિભાગમાં ૨૨ નગરપરિષદ છે.

સંદર્ભ:(https://mahadma.maharashtra.gov.in/)

**નગરપંચાયત અને નગરપરિષદના કાર્યો**

| મુખ્ય પ્રકાર | કામનું સ્વરૂપ | વિગતવાર કાર્યો | |
|---|---|---|---|
| ૧. આવશ્યક કાર્યો | આરોગ્ય | ૧) શહેરની સ્વચ્છતા જાળવવી અને સાર્વજનિક આરોગ્ય સેવાઓ પૂરી પાડવી.<br>૨) સાર્વજનિક દવાખાના બાંધીને લોકોને આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.<br>૩) ચેપી રોગોનું નિયંત્રણ કરવું. | ૪) જાહેર સ્થળોની સ્વચ્છતા રાખવી અને કચરાનું વ્યવસ્થાપન કરવું.<br>૫) ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા કરવી અને પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા કરવી.<br>૬) આરોગ્ય વિષયક જનજાગૃતિ ફેલાવવી. |
| | શિક્ષણ | ૧) પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા કરવી.<br>૨) સમાજના વંચિત ઘટકોને શિક્ષણના પ્રવાહમાં લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું. | ૩) જરૂરિયાત મુજબ નવી શાળાઓ ખોલવી અને તેમની દેખરેખ રાખવી.<br>૪) વ્યાવસાયિક શિક્ષણની તાલીમ આપવી. |
| | ઇતર | ૧) રસ્તા અને દીવાબત્તી સગવડ કરવી.<br>૨) શહેરના નાગરિકોના જન્મ, મૃત્યુ તેમજ લગ્નની નોંધ રાખવી. | ૩) વિવિધ પ્રકારના કર આકારવા.<br>૪) શહેરમાં સ્મશાનભૂમિ અને દફનભૂમિની વ્યવસ્થા કરવી. |
| ૨.ઐચ્છિક કાર્યો | | ૧) જાહેર ઉદ્યાનો અને બગીચા વિકસાવી તેનું વ્યવસ્થાપન કરવું.<br>૨) વ્યાયામશાળા અને ધર્મશાળા બાંધવી. | ૩) રમતગમતના મેદાન ઉપલબ્ધ કરાવવા.<br>૪) ગરીબો માટે ઘર બાંધવા.<br>૫) રોજગારની તકો ઊભી કરવી. |

### ૫.૨.૨ નગરાધ્યક્ષ

નગરપરિષદના પ્રમુખને 'નગરાધ્યક્ષ' કહે છે. તેમની પસંદગી સીધી જનતા દ્વારા કરવામાં આવે છે. તેમનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે. નગરાધ્યક્ષ શહેરના પ્રથમ નાગરિક ગણાય છે. નગરપરિષદની તમામ સભાઓનું અધ્યક્ષસ્થાન નગરાધ્યક્ષ સંભાળે છે. નગરપરિષદના આર્થિક વહીવટ પર નગરાધ્યક્ષ ધ્યાન રાખે છે. તેમની ગેરહાજરીમાં ઉપનગરાધ્યક્ષ કાર્યભાર સંભાળે છે. નગરપરિષદમાં ચૂંટાયેલા સભ્યોમાંથી જ ઉપનગરાધ્યક્ષ પસંદ કરાય છે.

### ૫.૨.૩ મુખ્યાધિકારી

નગરપરિષદના વહીવટી પ્રમુખ મુખ્યાધિકારી હોય છે. તેઓ રાજ્ય સરકારના અધિકારી હોય છે. તેમની પસંદગી રાજ્ય લોકસેવા આયોગ દ્વારા લેવાતી પરીક્ષાઓ દ્વારા થાય છે. નગરપરિષદના વહીવટી કાર્યોની જવાબદારી તેમના પર હોય છે.

### ૫.૨.૪ નગરપરિષદની આવકના સ્રોત –

નગરપરિષદ પાસે આવકના સ્વતંત્ર સાધનો છે. નગરપરિષદ પોતાના વિસ્તારમાં વિવિધ વેરાઓ વસૂલે છે. નગરપરિષદ જમીન અને મકાનો, આયાત માલ, વ્યવસાય, ઘર, વેપાર અને નોકરી, નાટ્યગૃહ અને સિનેમાઘરો, પાણીપુરવઠો વગેરે પર કરવેરા વસૂલે છે. નગરપરિષદનો ખર્ચ મુખ્યત્વે કરવેરા દ્વારા મળતી આવકમાંથી ચાલે છે. આ ઉપરાંત, નગરપરિષદને રાજ્ય સરકાર તરફથી આર્થિક સહાય અને અનુદાન મળે છે.

### ૫.૩ મહાનગરપાલિકા

મહાનગરપાલિકા શહેરી સ્થાનિક શાસન સંસ્થા છે. જે શહેરની વસ્તી ત્રણ લાખથી વધુ અને શહેરની આવક ઓછામાં ઓછી બે કરોડ હોય, તેવા શહેરો માટે મહાનગરપાલિકાની સ્થાપના કરવામાં આવે છે. મહાનગરપાલિકા સ્થાપવાનો અધિકાર મહારાષ્ટ્ર સરકાર પાસે છે. મુંબઈ મહારાષ્ટ્રની પ્રથમ મહાનગરપાલિકા છે. હાલ મહારાષ્ટ્રમાં કુલ ૨૯ મહાનગરપાલિકાઓ છે.



બૃહન્મુંબઈ મહાનગરપાલિકા

### ૫.૩.૧ મહાનગરપાલિકાની રચના

મહાનગરપાલિકાના સભ્યોની સંખ્યા શહેરની લોકસંખ્યાના આધારે નક્કી થાય છે. દરેક મહાનગર પાલિકાના સભ્યોની સંખ્યા રાજ્ય ચૂંટણીપંચ નક્કી કરે છે. સભ્યોની સંખ્યા નક્કી થયા પછી લોકસંખ્યાના પ્રમાણમાં શહેરના વિવિધ વોર્ડ કરવામાં આવે છે. હાલમાં મહારાષ્ટ્રમાં ચાર સભ્યોનો એક વોર્ડ એવી રચના છે. ફક્ત બૃહન્મુંબઈ મહાનગરપાલિકામાં એક સભ્યનો એક વોર્ડ છે.

મહાનગરપાલિકાની સભ્ય સંખ્યા ઓછામાં ઓછી ૬૫. બૃહન્મુંબઈ મહાનગરપાલિકામાં સૌથી વધુ ૨૨૭ સભ્યો છે. વોર્ડમાંથી ચૂંટાઈને આવતા સભ્યો 'નગરસેવક' કહેવાય છે. નગરસેવકોની પસંદગી પુખ્ત મતાધિકાર અને ગુપ્ત મતદાન દ્વારા કરવામાં આવે છે. નગરસેવકોનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે.

મહાનગરપાલિકાનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે. કાર્યકાળ પૂરો થતા પહેલા રાજ્ય સરકાર મહાનગરપાલિકાનું વિસર્જન કરી શકે છે. મહાનગરપાલિકા વિસર્જિત થાય અથવા તેની મુદત પૂરી થાય તો પછીના છ મહિનાની અંદર મહાન ગરપાલિકાની ચૂંટણી કરવી ફરજિયાત છે.

## મહાનગરપાલિકા રચના




મહાનગરપાલિકાના અધ્યક્ષને 'મેયર' અને ઉપાધ્યક્ષને 'ડેપ્યુટી મેયર' કહે છે. મેયર શહેરના પ્રથમ નાગરિક છે. મેયર અને ડેપ્યુટી મેયરનો કાર્યકાળ અઢી વર્ષનો હોય છે. તેઓ મુદત પૂરી થતા પહેલા પોતાના પદ પરથી રાજીનામું આપી શકે છે.

### ૫.૩.૨ મહાનગરપાલિકા કમિશનર

મહાનગરપાલિકાના મુખ્ય વહીવટી અધિકારી કમિશનર હોય છે. તેમના માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકાનો તમામ વહીવટ ચાલે છે. મહાનગરપાલિકા કમિશનરની નિમણૂક રાજ્ય સરકાર કરે છે. કમિશનર પદનાં અધિકારી ભારતીય પ્રશાસન સેવાના (આઈ.એ.એસ.) અધિકારી હોય છે. શહેરના પ્રશાસનની મુખ્ય જવાબદારી કમિશનરની હોય છે.

### ૫.૩.૩ મહાનગરપાલિકાના કાર્યો

**મહાનગરપાલિકાના કાર્યોને બે ભાગમાં વહેંચવામાં આવ્યા છે.**

| ફરજિયાત કાર્યો | ઐચ્છિક કાર્યો |
|---|---|
| શહેરના પાણી પુરવઠા અને ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા કરવી. | શહેરમાં બગીચાઓ અને ઉદ્યાનો બનાવવા. |
| વીજપુરવઠો, રસ્તાનું બાંધકામ અને સમારકામ, શહેરની સ્વચ્છતા અને હોસ્પિટલોની વ્યવસ્થા કરવી. | નાટ્યગૃહ, સ્ટેડિયમ અને સંગ્રહાલયોનું નિર્માણ કરવું. |
| સ્મશાન ભૂમિ-દફનભૂમિની વ્યવસ્થા કરવી તેમજ જન્મ-મરણની નોંધ રાખવી. | શહેરમાં મનોરંજનના સાધનો ઉપલબ્ધ કરાવવા. |

| | |
|---|---|
| આરોગ્ય અને પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા કરવી. | રસ્તાની બંને બાજુ અને અન્ય સ્થળોએ વૃક્ષારોપણ કરવું, શહેરનું સુશોભન કરવું. |
| ચેપીરોગોનું નિયંત્રણ કરવું. | સાર્વજનિક વાચનાલય અને ગ્રંથાલય બનાવવા. |
| શહેરમાં વાહનવ્યવહારની એટલે કે પરિવહનની વ્યવસ્થા કરવી. | મેળાવડા અને પ્રદર્શનો યોજવા, શહેરમાં રખડતા પશુઓનો બંદોબસ્ત કરવો. |
| જર્જરિત અને જોખમી ઈમારતોથી લોકોનું રક્ષણ કરવું. | અન્ય કાર્યો |

### ૫.૩.૪ મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓ

મહાનગરપાલિકા વિવિધ સમિતિઓ દ્વારા પોતાનું કાર્ય કરે છે.

- જેમ કે- સ્થાયી સમિતિ, શિક્ષણ સમિતિ, પરિવહન સમિતિ, સાર્વજનિક આરોગ્ય સમિતિ, કાયદા સમિતિ, સાર્વજનિક બાંધકામ સમિતિ અને બજાર સમિતિ વગેરે.

સ્થાયી સમિતિ મહાનગરપાલિકાની સૌથી મહત્વની સમિતિ છે.

### ૫.૩.૫ મહાનગરપાલિકાની આવકના સ્રોત

**મહાનગરપાલિકાની આવકના મુખ્ય બે સ્રોત છે.**

૧. મહાનગરપાલિકા પ્રત્યક્ષ કર વસૂલીને આવક મેળવે છે. પ્રત્યક્ષ કરમાં મિલકત કર, વાહન કર, સિનેમા અને જાહેરાત કર, પાણીવેરો વગેરેનો સમાવેશ થાય છે.

૨. અપ્રત્યક્ષ આવકમાં શુલ્ક (ફી) સહાયની વસૂલી અને સરકારી અનુદાન (ગ્રાન્ટ) તથા આર્થિક સહાયનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સાર્વજનિક હિતની યોજનાઓ પૂર્ણ કરવા માટે સરકારની મંજૂરીથી લૉન લેવાનો અધિકાર પણ મહાનગરપાલિકા પાસે છે.

### ૫.૪ કટક મંડળ (Cantonment Board)

કટક મંડળ શહેરી પ્રશાસનનો એક પ્રકાર છે. તેને 'છાવણી મંડળ' પણ કહે છે. ૧૯૨૪ની સાલમાં કટક મંડળની સ્થાપના થઈ. જે સ્થળે લશ્કરી છાવણી હોય, તે સ્થળે અન્ય નાગરિકોની વસતી પણ હોય છે. લશ્કરી ભાગના તે નાગરિકોને સુવિધા પૂરી પાડવા અને તેમની જરૂરિયાતો પૂરી પાડવા માટે કટક મંડળની સ્થાપના કરવામાં આવી છે.





**શું તમે જાણો છો ?**

ભારતમાં કુલ ૬૨ કટક મંડળ અસ્તિત્વમાં છે. તેમાંથી ૭ કટક મંડળ મહારાષ્ટ્રમાં છે. તે - ખડકી, પુણે કેમ્પ, દેહૂ રોડ (પુણે), ભિંગાર (અહિલ્યાનગર), દેવલાલી (નાશિક), છત્રપતિ સંભાજીનગર અને કામઠી (નાગપુર).

ભારતના તમામ કટક મંડળ ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયના નિયંત્રણ હેઠળ છે. જુદા-જુદા કટક મંડળમાં સભ્યોની સંખ્યા જુદી-જુદી હોય છે. કટક મંડળના મુખ્ય વહીવટી અધિકારીની નિમણૂક કેન્દ્ર સરકાર કરે છે. લોકસંખ્યાના આધારે કટક મંડળના વોર્ડ બનાવવામાં આવે છે. તે વોર્ડમાંથી લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ કટક મંડળના સભ્ય હોય છે. તેમનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે. આ ઉપરાંત કટક મંડળમાં શાસન દ્વારા નિયુક્ત લશ્કરી અધિકારીઓ હોય છે. આ બધા દ્વારા કટક મંડળનો કારભાર ચાલે છે.

છાવણીનો પ્રમુખ સૈન્ય અધિકારી કટક મંડળનો પદસિદ્ધ અધ્યક્ષ હોય છે. કટક મંડળના ઉપાધ્યક્ષ નાગરિક ક્ષેત્રના સામાન્ય લોકોના પ્રતિનિધિ હોય છે.

### ૫.૪.૧ કટક મંડળની વિશેષતાઓ

- કટક મંડળ બોર્ડની સ્થાપના ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.
- કટક મંડળ કેન્દ્ર સરકારના આધિપત્ય હેઠળની એકમાત્ર સ્થાનિક શાસન સંસ્થા છે.
- કટક મંડળને ખર્ચ માટે જરૂરી આર્થિક સહાય સંરક્ષણ મંત્રાલય દ્વારા આપવામાં આવે છે.
- કટક મંડળ સૈનિકો અને તેમની સાથે છાવણીમાં રહેતા સામાન્ય નાગરિકોને જરૂરી સેવાઓ પૂરી પાડે છે.
- કટક મંડળ લશ્કરી મથક હોય તેવા વિસ્તારોમાં વહીવટી કામકાજ જુએ છે.

### ૫.૪.૨ કટક મંડળના કાર્યો

- સૈન્ય અને નાગરિક વસ્તી ધરાવતા વિસ્તારોમાં સ્થાનિક પ્રશાસન કરવું.
- છાવણી વિસ્તારમાં શિક્ષણ, આરોગ્ય, બજાર વ્યવસ્થા, પાણીપુરવઠો, રસ્તા વગેરેની વ્યવસ્થા કરવી.
- દીવાબત્તી, બગીચા, સફાઈ જેવી મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવી.
- બાળકોને શિક્ષણ આપવા માટે છાવણી વિસ્તારમાં શાળાઓ ચલાવવી અને શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.
- અગ્નિશમન દળની વ્યવસ્થા કરવી.

**કટક મંડળ રચના : શ્રેણી અને સભ્ય સંખ્યા**

| શ્રેણી | લોકસંખ્યા માપદંડ | કુલ સભ્યો | સભ્ય રચના | | |
|---|---|---|---|---|---|
| | | | ચૂંટાયેલા | | પદસિદ્ધ/હોદ્દાની રૂએ |
| પ્રથમ શ્રેણી (I) | ૫૦,૦૦૦ થી વધુ | ૧૫ | ૭ ચૂંટાયેલા | + | ૮ પદસિદ્ધ/હોદ્દાની રૂએ |
| દ્વિતીય શ્રેણી (II) | ૧૦,૦૦૦ થી ૫૦,૦૦૦ | ૧૫ | ૭ ચૂંટાયેલા | + | ૮ પદસિદ્ધ/હોદ્દાની રૂએ |
| તૃતીય શ્રેણી (III) | ૨,૫૦૦ થી ૧૦,૦૦૦ | ૯ | ૪ ચૂંટાયેલા | + | ૫ પદસિદ્ધ/હોદ્દાની રૂએ |
| ચતુર્થ શ્રેણી (IV) | ૨,૫૦૦ થી ઓછી | ૩ | ૧ ચૂંટાયેલા | + | ૨ પદસિદ્ધ/હોદ્દાની રૂએ |

**વિશેષ નોંધ :** કટક મંડળમાં લશ્કરી વહીવટનું વર્ચસ્વ જળવાઈ રહે તે માટે પદસિદ્ધ/હોદ્દાની રૂએ સભ્યોની સંખ્યા ચૂંટાયેલા સભ્યો કરતા હંમેશા એક વધારે હોય છે.

- દવાખાના, રસીકરણ અભિયાન વગેરેની વ્યવસ્થા કરવી.
- રસ્તાની બંને બાજુએ વૃક્ષો વાવવા અને તેની જાળવણીની વ્યવસ્થા કરવી.
- સ્થાનિક કર ઉઘરાવવા અને તે કરમાંથી નાગરિકોની સુવિધાઓની વ્યવસ્થા કરવી.

**કંટક મંડળની આવકના સ્રોત**

- છાવણી વિસ્તારના પ્રત્યક્ષ કરમાંથી મળતી આવક.
- કેન્દ્ર સરકાર અને કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય તરફથી આર્થિક મદદ.



## સ્વાધ્યાય

પ્ર.૧ નીચેના ચિત્રો જોઈને તમારા પરિસરમાં આ સુવિધાઓ પૂરી પાડતી સ્થાનિક શાસન સંસ્થા કઈ છે, તે લખો.



આ સુવિધા પૂરી પાડતી સંસ્થા

.........................................



આ સુવિધા પૂરી પાડતી સંસ્થા

.........................................



આ સુવિધા પૂરી પાડતી સંસ્થા

.........................................




આ સુવિધા પૂરી પાડતી સંસ્થા

.........................................

**પ્ર.૨ ઓળખો, હું કોણ છું ?**

૧. લોકસંખ્યા ઓછી છે, પણ શહેરીકરણ ચાલુ છે, હું કોણ છું ?

..................................................................

૨. મારા સિવાય નગરપરિષદનું અંદાજપત્રક મંજૂર થઈ શકતું નથી, હું કોણ છું ?

..................................................................

૩. મોટા શહેરો માટે 'પ્રશાસકીય કરોડરજ્જુ' છું, મારી નિમણૂંક રાજ્ય સરકાર કરે છે, હું કોણ છું ?

..................................................................

**પ્ર.૩ નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.**

| શાસન સંસ્થા | મુખ્ય પદાધિકારી | વહીવટી અધિકારી |
|---|---|---|
| નગરપંચાયત | અધ્યક્ષ | .................... |
| .................... | .................... | મુખ્યાધિકારી |
| .................... | મેયર | .................... |

**પ્ર.૪ એક 'આદર્શ શહેર'નું સંકલ્પના ચિત્ર દોરો, જેમાં શહેરી સ્થાનિક સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવતી ઓછામાં ઓછી ૫ સુવિધાઓ સ્પષ્ટ દેખાય.** (દા.ત. સાયકલ ટ્રેક, સૌરદીવા, કચરાના વર્ગીકરણનું કેન્દ્ર, બગીચો, પીવાના પાણીની સગવડ વગેરે.)

**પ્ર.૫ તમારા શહેરને 'સ્માર્ટ અને સ્વચ્છ શહેર' બનાવવા માટે ઓછામાં ઓછા ૪ ધ્યેય વાક્યો/સૂત્રો તૈયાર કરો. દા.ત. 'શહેર આપણું ઘર છે, તેને સ્વચ્છ રાખવું આપણી ફરજ છે !'**

તમારા ધ્યેય વાક્યો/સૂત્રો :

૧. ................................................

૨. ................................................

૩. ................................................

૪. ................................................

**ઉપક્રમ :**

૧. તમારા પરિસરના સાર્વજનિક બગીચાઓની વર્તમાન સ્થિતિ જોઈને ત્યાં કઈ નવી સુવિધાઓની જરૂર છે તે લખો.

૨. શહેરમાં સાર્વજનિક દીવાલો પર સ્થાનિક વહીવટીતંત્રે સ્વચ્છતાનો સંદેશ આપતા ચિત્રો દોર્યા છે? તેનું નિરીક્ષણ કરો અને તેમાં કયો સંદેશ આપ્યો છે તે નોટબુકમાં લખો.

***

# ૬ જિલ્લા પ્રશાસન




૬.૧ જિલ્લા પ્રશાસનનો પરિચય
૬.૨ જિલ્લા મહેસૂલ પ્રશાસન: રચના, કાર્યો અને અધિકાર
૬.૩ જિલ્લા પોલીસ પ્રશાસન: રચના, કાર્યો અને અધિકાર
૬.૪ જિલ્લા ન્યાય પ્રશાસન: રચના અને કાર્યો




બાળકો, કલ્પના કરો કે આપણે એક ખૂબ મોટા જહાજ પર છીએ. આ જહાજ પર હજારો લોકો રહે છે. કોઈને ભૂખ લાગી છે, કોઈને દવાખાને જવું છે, તો કોઈને રમવા માટે સુરક્ષિત જગ્યા જોઈએ છે. હવે મને કહો, આટલા મોટા જહાજ પર ગેરવ્યવસ્થા ન સર્જાય તે માટે કોઈની જરૂર પડશે ને? એટલે જ જહાજ પર કૅપ્ટન હોય છે. આ કૅપ્ટન જહાજના પ્રમુખ હોય અને કોઈપણ સમસ્યા ઊભી થાય તો તેઓ પોતાના સાથીઓની મદદથી તેને ઉકેલે છે. આમ જહાજ સુરક્ષિત રીતે ગંતવ્ય સ્થાને પહોંચે તે માટે 'કૅપ્ટન'ની ભૂમિકા મહત્વની હોય છે.

સમજો, આપણો જિલ્લો એટલે 'જહાજ' અને જિલ્લાના 'જિલ્લાધિકારી' (કલેક્ટર) તેના 'કૅપ્ટન' છે !



સાંગલી જિલ્લાધિકારી કાર્યાલય

## ૬.૧ જિલ્લા પ્રશાસનનો પરિચય

વિવિધ જિલ્લાઓ મળીને રાજ્યો બન્યા છે.

જિલ્લા પ્રશાસન રચના:




જિલ્લાનું પોતાનું સ્વતંત્ર વહીવટી તંત્ર હોય છે, જે 'જિલ્લા પ્રશાસન' કહેવાય છે. જિલ્લાને પ્રશાસનના એક મહત્વપૂર્ણ ઘટક તરીકે ઓળખવામાં આવે છે. જિલ્લા પ્રશાસન રાજ્ય પ્રશાસન અને સ્થાનિક પ્રશાસન વચ્ચેની એક મહત્વની કડી છે. મહેસૂલ ઉઘરાવવો, કૃષિ સિંચાઈ, લોકકલ્યાણના કાર્યો, આપત્તિ વ્યવસ્થાપન, સસ્તા અનાજનું વિતરણ, ચૂંટણીઓનું આયોજન, સ્થાનિક શાસન સંસ્થાઓના કામકાજ ઉપર દેખરેખ રાખવાની જવાબદારી વગેરે જિલ્લા પ્રશાસનના કાર્યો છે.

જિલ્લા અધિકારી જિલ્લા પ્રશાસનના પ્રમુખ હોય છે. જિલ્લાને પ્રશાસન વ્યવસ્થાના મુખ્ય ઘટક તરીકે જોવાય છે. આમ, મૂળભૂત પ્રશાસન વ્યવસ્થા દ્વારા ચાલતા તમામ સાર્વજનિક વ્યવહારોનું વ્યવસ્થપાન એટલે જિલ્લા પ્રશાસન.

**૬.૨ જિલ્લા મહેસૂલ પ્રશાસન : રચના, કાર્યો, અને અધિકાર** – જિલ્લા મહેસૂલ યંત્રણા જિલ્લા પ્રશાસનનો એક મહત્વનો વિભાગ હોવાથી તેમાં જિલ્લાધિકારી, ઉપજિલ્લાધિકારી, ઉપવિભાગીય અધિકારી, તહેસીલદાર, નાયબ તહેસીલદાર, મંડળ

અધિકારી અને ગ્રામ મહેસૂલ અધિકારી (તલાટી)આ બધાનો સમાવેશ થાય છે. આ યંત્રણા જમીન, મહેસૂલ પ્રશાસન, કાયદાકીય સુવ્યવસ્થા, નાગરિકોના કામ, નૈસર્ગિક આપત્તિ-વ્યવસ્થાપન અને રાહત કાર્યો જેવી મહત્વની જવાબદારીઓ સંભાળે છે.

### જિલ્લા મહેસૂલ પ્રશાસનઃ રચના

| | |
|---|---|
| ૧. જિલ્લાધિકારી (કલેક્ટર) | જિલ્લાના મુખ્ય મહેસૂલ અધિકારી |
| ૨. ઉપ-જિલ્લાધિકારી | જિલ્લા અધિકારીને મદદ કરે છે. |
| ૩. તહેસીલદાર | તાલુકાના મુખ્ય મહેસૂલ અધિકારી |
| ૪. નાયબ તહેસીલદાર | તહેસીલદારને મદદ કરે છે. |
| ૫. મંડળ અધિકારી/ મંડળ નિરીક્ષક | અનેક ગામોના જૂથ પર દેખરેખ રાખે છે. |
| ૬. તલાટી | ગામના મહેસૂલ અધિકારી |
| ૭. કોતવાલ | તલાટીને મદદ કરે છે. |

### ૬.૨.૧ જિલ્લાધિકારી

જિલ્લાધિકારી ભારતીય પ્રશાસકીય (વહીવટી) સેવાના અધિકારી હોય છે. તેઓ જિલ્લા પ્રશાસનના પ્રમુખ છે. તેમની પસંદગી કેન્દ્રીય લોકસેવા આયોગ દ્વારા થાય છે, પરંતુ તેમની નિમણૂક રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. અન્ય તમામ કાર્યોની સાથે તેમણે કાયદો અને વ્યવસ્થા જાળવવાનું અને જમીન મહેસૂલ ઉઘરાવવાનું અત્યંત મહત્વનું કાર્ય કરવાનું હોય છે. આ સાથે જ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની વિવિધ કલ્યાણકારી યોજનાઓના અમલીકરણની સત્તા પણ જિલ્લા અધિકારી પાસે હોય છે.

**તહેસીલદાર :**

જિલ્લો વિવિધ નાના-નાના ઉપવિભાગોમાં વહેંચાયેલો હોય, આ ઉપવિભાગોને 'તાલુકો' કહે છે. તહેસીલદાર તાલુકા પ્રશાસનના પ્રમુખ હોય છે. તેઓ તાલુકા અંતર્ગત આવતા તમામ નાના-મોટા ગામડાઓ અને તાલુકા મથકની મહેસૂલ વિષયક વહીવટી જવાબદારીઓ સંભાળે છે.

**જિલ્લાધિકારીના કાર્યો**

- **૧ મહેસૂલ વિષયક**
  - જિલ્લાના મહેસૂલ પ્રશાસનના પ્રમુખ
  - જમીનનું મહેસૂલ નક્કી કરવું, સરકારી કર અને અન્ય લેણાંની વસૂલાત
  - અન્ય સરકારી લેણાની વસૂલાત
  - જમીનની નોંધની ચોકસાઈ અને અદ્યતનતા જાળવવી
- **૨ જિલ્લા દંડાધિકારી તરીકે કરવાના કાર્યો**
  - જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા.
  - વર્ષમાં એક વાર પોલીસ ચોકીનું નિરીક્ષણ કરવું.
  - જિલ્લા દંડાધિકારી તરીકે કાર્ય કરવું.
  - કાયદો અને સુવ્યવસ્થાનો પ્રશ્ન ઊભો થાય તો કર્ફ્યુનો આદેશ આપવો.
- **૩ જિલ્લા ચૂંટણી નિર્ણય અધિકારી તરીકેનું કાર્ય**
  - સંસદીય અને વિધાનસભાની ચૂંટણી દરમિયાન ચૂંટણી અધિકારી તરીકે કામ કરવું.
  - જિલ્લાની મતદાર યાદી અદ્યતન કરવી.
  - મતદાન મથકો માટે જરૂરી સુરક્ષા વ્યવસ્થા પૂરી પાડવી.
  - મતગણતરી કરીને ચૂંટણીના પરિણામો જાહેર કરવા.
- **૪ આપત્તિ વ્યવસ્થાપનનું કાર્ય**
  - જિલ્લામાં ઉદ્‌ભવતી કટોકટીની પરિસ્થિતિમાં કટોકટી વ્યવસ્થાપક તરીકે કાર્ય કરવું.
  - જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સમિતિના પદસિદ્ધ હોદ્દેદાર અધ્યક્ષ તરીકે કાર્ય કરવું.
  - આપત્તિગ્રસ્તોની મદદ કરવી અને તેમનું પુનર્વસન કરવું.
  - કટોકટીના સમયમાં નાગરિકોના જાનમાલનું રક્ષણ કરવું.

તે જિલ્લાધિકારીના નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે. તેમના કાર્યો નીચે મુજબ છે :

- જમીનના દસ્તાવેજોની નોંધણી અને વિભાજન કરવું.
- જમીન મહેસૂલની વસૂલાત કરવી.
- જમીન પર અતિક્રમણ થયું હોય, તો તેને દૂર કરવું.
- આપત્તિ વ્યવસ્થાપન અને મદદ કાર્યમાં સહભાગી થવું.
- નાગરિક સુવિધાઓ સંબંધિત તમામ મહત્વના પ્રમાણપત્રો આપવા.
- જમીનવિષયક દિવાની સ્વરૂપના કેટલાંક પ્રકરણોમાં ન્યાયદંડાધિકારી તરીકે કામ કરવું.

**કરી જુઓ.**

૧. ચિત્ર જુઓ, શું સમજાયું તે કહો.




૨. કેન્દ્ર સરકારે છોકરીઓના વિકાસ અને તેમના શિક્ષણ માટે ચાલુ કરેલી યોજનાઓ વિશે વધુ માહિતી મેળવી વર્ગમાં તેના વિશે જૂથે ચર્ચા કરો.

### તલાટી :

તલાટી ગામડાના સ્તરે મહેસૂલ વિભાગનો કર્મચારી હોય છે. ગ્રામીણ મુલકી વહીવટમાં તેને નીચે મુજબની જવાબદારીઓ નિભાવવી પડે છે.

- મહેસૂલ ઉઘરાવવો, ખેતીવાડી માટે ઋણ અને તેની વસૂલાત કરવી.
- ગામની સ્થાવર મિલકતોની નોંધ રાખવી અને તેના ઉતારા આપવા.
- દુષ્કાળ નિવારણ કાર્યોની કાર્યવાહી કરવી.
- ચૂંટણી અંગે સોંપવામાં આવેલા કાર્યો કરવા.
- જિલ્લાધિકારી દ્વારા સમયે સમયે નક્કી કરાયેલા રજિસ્ટર, પુસ્તકો અને હિસાબ રાખવા વગેરે.

તલાટી પર પ્રત્યક્ષ નિયંત્રણ મંડળ અધિકારી અને ત્યારબાદ તહસીલદારનું હોય છે.

**ચાલો, જાણી લઈએ**

**મહારાષ્ટ્રના કેટલાક સનદી અધિકારીઓના ઉલ્લેખનીય કાર્યો**

**ડૉ. રાજેન્દ્ર ભારુડ (સનદી અધિકારી IAS)**

કોવિડ-૧૯ રોગચાળાનો સામનો કરવા માટે નંદુરબારના તત્કાલીન જિલ્લાધિકારી ડૉ. રાજેન્દ્ર ભારુડે તેમના તબીબી જ્ઞાનનો ઉપયોગ કરીને 'ઓક્સિજન પ્લાન્ટ' તૈયાર કર્યો.

પરિણામે, નંદુરબાર જિલ્લો ઓક્સિજનની ઉપલબ્ધતા બાબતે આત્મનિર્ભર બન્યો. કોરોના સંક્રમિત આદિવાસી વ્યક્તિઓના આઇસોલેશન માટે તેમણે શાળાઓ, સામુદાયિક કેન્દ્રો, હોસ્ટેલ અને ધર્મશાળાઓમાં ઓક્સિજન સુવિધા ધરાવતા બેડ તૈયાર કર્યા હતા.

**ઈ.ઝેડ.ખોબ્રાગડે (ભૂતપૂર્વ સનદી અધિકારી IAS):** ભારતીય વહીવટી સેવામાં કાર્યરત હતા ત્યારે ઈ. ઝેડ. ખોબ્રાગડેએ બંધારણ પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી દરેક શાળામાં 'બંધારણના આમુખનું વાચન' કરવાનો ઉપક્રમ શરૂ કર્યો હતો. મહારાષ્ટ્ર સરકારે આ પહેલની નોંધ લઈને ૨૦૦૮થી મહારાષ્ટ્રની દરેક શાળામાં આમુખનું વાચન ફરજિયાત કર્યું છે.

## ૬.૨.૨ જિલ્લા પ્રશાસન દ્વારા ચલાવવામાં આવતી મહત્વની યોજનાઓ :

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અમલમાં મૂકવાની જવાબદારી જિલ્લાધિકારીની હોય છે. વિકાસલક્ષી અને કલ્યાણકારી સ્વરૂપની વિવિધ યોજનાઓ જિલ્લાધિકારી દ્વારા ચલાવવામાં આવે છે. તેની માહિતી નીચે મુજબ છે :

### ૧. સામાજિક અને કલ્યાણકારી યોજનાઓ :

સમાજમાં સ્ત્રીઓ, નાના બાળકો, અપ્રગતિશીલ ઘટકો, સામાજિક- આર્થિક રીતે નબળા વર્ગો વગેરે માટે કલ્યાણકારી યોજનાઓ. જેમ કે- 'બેટી બચાવો બેટી પઢાઓ' યોજના, અંત્યોદય યોજના વગેરે.

**૨. ગ્રામીણ વિકાસ અને રોજગાર નિર્માણ યોજના:** આજીવિકા અને ગ્રામીણ વિસ્તારોમાં પરિવહન વ્યવસ્થા અંગેની યોજનાઓ. જેમ કે: પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, રાષ્ટ્રીય અને મહારાષ્ટ્ર રાજ્ય ગ્રામીણ જીવનોન્નતિ અભિયાન, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વગેરે.

**૩. ખેતી વિષયક યોજના :** કૃષિ ઉત્પાદકતા વધારવા, સિંચાઈ અને સંગ્રહની સુવિધાઓમાં સુધારો કરવા, પાકમાં વિવિધતા લાવવી, ખેડૂતોને લૉન ઉપલબ્ધ કરાવી આપવી વગેરે યોજનાઓ જિલ્લા પ્રશાસન દ્વારા ચલાવવામાં આવે છે. જેમ કે: પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના.



**કહો જોઈએ !**

તમે જિલ્લાધિકારી બનો તો તમે કયા કયા કામ કરશો ?

## ૬.૩ જિલ્લા પોલીસ પ્રશાસન: રચના, કાર્યો અને અધિકાર

જિલ્લા પોલીસ તંત્રનું સૌથી મહત્વનું કાર્ય એટલે સાર્વજનિક સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા જાળવવી તેમજ ગુનાખોરી અટકાવવી વગેરે છે. પોલીસ તંત્રની સતર્કતાને લીધે લોકોને સુરક્ષિતતા અને, ન્યાય મળે છે. નાગરિકોના જાનમાલનું સંરક્ષણ થાય છે.

જિલ્લા સ્તરે પોલીસ તંત્રના પ્રમુખ પોલીસ અધીક્ષક હોય છે અને તેઓ જિલ્લા પોલીસ દળનું નેતૃત્વ કરે છે. જિલ્લાનું તમામ પોલીસ તંત્ર પોલીસ અધીક્ષકના નિયંત્રણ હેઠળ કામ કરે છે. તેમની પસંદગી કેન્દ્રીય લોકસેવા આયોગ દ્વારા થાય છે.



**શોધો જોઈએ :**

'सद्रक्षणाय खलनिग्रहणाय' મહારાષ્ટ્ર પોલીસ સેવા દળનું બ્રીદવાક્ય (ધ્યેયવાક્ય) છે. આ વાક્યનો અર્થ શોધો.

| જિલ્લા પોલીસ પ્રશાસન તંત્રની રચના |
|---|
| ૧. પોલીસ અધીક્ષક (S.P.) |
| ૨. અતિરિક્ત પોલીસ અધિક્ષક (Addl. S.P.) |
| ૩. પોલીસ ઉપઅધીક્ષક (Dy.S.P.) |
| ૪. પોલીસ નિરીક્ષક (P.I.) |
| ૫. સહાયક પોલીસ નિરીક્ષક (A.P.I.) |
| ૬. ઉપનિરીક્ષક (P.S.I.) |
| ૭. સહાયક પોલીસ ઉપનિરીક્ષક (A.S.I.) |
| ૮. પોલીસ હવાલદાર (H.C.) |
| ૯. પોલીસ સિપાહી (P.C.) |

### ૬.૩.૨ પોલીસ અધીક્ષકના કાર્યો અને અધિકાર

- જિલ્લામાં ગુનાખોરી રોકવી અને તેના પર નિયંત્રણ રાખવું.
- સામાન્ય જનતામાં સુરક્ષિતતાની ભાવના નિર્માણ કરવી.
- ટ્રાફિક વ્યવસ્થાપન કરવું.
- આપત્તિ વ્યવસ્થાપન અને કટોકટીની પરિસ્થિતિમાં મદદરૂપ ભૂમિકા ભજવવી.

અતિ મહત્વની વ્યક્તિઓની સુરક્ષાની જવાબદારી જિલ્લા પોલીસ પ્રશાસન પર હોય છે.



**શું તમે જાણો છો ?**

**સાયબર ગુનાખોરી :**

કમ્પ્યુટર અને ઇન્ટરનેટના માધ્યમથી કોઈ વ્યક્તિ, સંસ્થા વગેરેની સંગણક પ્રણાલીમાં ઘૂસીને તેમાંની માહિતી ચોરવી (હેક કરવી.), તેનો દુરુપયોગ કરવો, વાયરસ મોકલવા, ઇમેલ દ્વારા છેતરપિંડી કરવી, ધમકી આપવી, ખંડણી માંગવી જેવી પ્રવૃત્તિઓને 'સાયબર ગુનાખોરી' કહેવાય છે.

**સાયબર હેલ્પલાઇન ફોન નંબર: ૧૯૩૦**

## ૬.૪ જિલ્લા ન્યાય પ્રશાસન: રચના અને કાર્યો

જિલ્લા ન્યાયાધીશ જિલ્લા સ્તરે પ્રમુખ ન્યાયિક પ્રાધિકારી હોય છે. જ્યારે તેઓ દિવાની કેસના સંદર્ભમાં કામ કરે છે, ત્યારે તેમને 'જિલ્લા ન્યાયાધીશ' કહેવામાં આવે છે અને જ્યારે તેઓ ફોજદારી કેસના સંદર્ભમાં કામ કરે છે, ત્યારે તેમને 'સત્ર ન્યાયાધીશ' કહેવામાં આવે છે.

### ૬.૪.૧ જિલ્લા ન્યાયાલય (અદાલત)

ન્યાયપાલિકા અથવા ન્યાયાલય વ્યવસ્થા બંધારણના રક્ષક તરીકે ઓળખાય છે. સર્વોચ્ચ ન્યાયાલય ના નિયંત્રણ હેઠળ ઉચ્ચ ન્યાયાલય અને ઉચ્ચ અદાલતના નિયંત્રણ હેઠળ જિલ્લા અદાલતો કામ કરે છે. ઉચ્ચ અદાલતની સલાહ મુજબ રાજ્યના રાજ્યપાલ, જીલ્લા ન્યાયાધીશની નિમણૂક કરે છે. જીલ્લામાં કાયદાકીય બાબતોના તમામ વિવાદોનો ઉકેલ લાવવાનો અધિકાર જીલ્લા અદાલત પાસે હોય છે.



જિલ્લા અદાલત

દરેક જિલ્લાની જીલ્લા અદાલતમાં અને મુખ્ય ન્યાયાધીશ હોય છે, જેમને જિલ્લા ન્યાયાધીશ કહેવામાં આવે છે. જિલ્લા ન્યાયાધીશને તેમના કામમાં મદદ કરવા માટે અન્ય કેટલાક કનિષ્ઠ ન્યાયાધીશો પણ હોય છે. જિલ્લા અદાલતમાં દિવાની અને ફોજદારી એમ બંને પ્રકારના કાર્યો જોવામાં આવે છે.

**જીલ્લા અને સત્ર ન્યાયાલયની રચનાનું કોષ્ટક**

| દીવાની કેસો | ફોજદારી કેસો |
|---|---|
| જિલ્લા ન્યાયાધીશ | સત્ર ન્યાયાધીશ |
| અતિરિક્ત જિલ્લા ન્યાયાધીશ | અતિરિક્ત સત્ર ન્યાયાધીશ |
| દિવાની ન્યાયાધીશ વરિષ્ઠ સ્તર | મુખ્ય ન્યાયદંડાધિકારી ન્યાયાલય |
| દિવાની ન્યાયાધીશ કનિષ્ઠ સ્તર | ન્યાયદંડાધિકારી ન્યાય પ્રથમ વર્ગ |

### ૬.૪.૨ જિલ્લા અદાલતના કાર્યો –

**૧. ન્યાયિક અધિકાર :** જિલ્લા અદાલતો જિલ્લા કક્ષાએ દિવાની કેસો અને ફોજદારી કેસોની સુનાવણી કરે છે.

- **દીવાની કેસો :** અ) જમીન અને અન્ય મિલકતની માલિકીના હક્કો સંબંધિત કબ્જો, અતિક્રમણ વગેરે બાબતોના દાવા ચલાવવા. બ) કુટુંબમાં મિલકતની વહેંચણી, વારસા હક્ક વગેરે બાબતોના દાવા.
- **ફોજદારી કેસો :** ૩ વર્ષથી વધુની સજાની જોગવાઈ હોય તેવા તમામ ગુનાઓના કેસ સત્ર અદાલતમાં ચલાવવામાં આવે છે. દા.ત. લૂંટફાટ , ખૂન વગેરે જેવા ગંભીર ગુનાઓ.

**૨. અપીલ સુનાવણી :** જિલ્લા અદાલત એ જિલ્લામાં અપીલ કરવા માટેની અદાલત હોય છે. કનિષ્ઠ અદાલતે આપેલા આદેશો વિરુદ્ધ 'અપીલ અદાલત' તરીકે તેને ઓળખવામાં આવે છે. દિવાની ન્યાયાધીશ (વરિષ્ઠ સ્તર) અને મુખ્ય ન્યાય દંડાધિકારીના ચુકાદાઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અપીલ પર સુનાવણી કરવાનો અધિકાર જિલ્લા અદાલત પાસે હોય છે.

**૩. વહીવટી અધિકાર :** જિલ્લા અને સત્ર ન્યાયાલય અંતર્ગત આવતી અદાલતોના કર્મચારીઓની નિમણૂક, પદોન્નતિ બઢતી (પ્રમોશન), વિષયક અને શિસ્તભંગ બદલની કાર્યવાહી કરવાના તમામ અધિકારો જિલ્લા અદાલત પાસે હોય છે.

### જિલ્લા સ્તરીય અન્ય અદાલતો

- કૌટુંબિક અદાલત
- ગ્રાહક તકરાર નિવારણ
- કામગાર/ઔદ્યોગિક અદાલત
- બાળ ન્યાય મંડળ



**ચાલો, જાણી લઈએ !**

**કાનૂની સેવા સત્તામંડળ એટલે શું?**

સમાજના નબળા વર્ગોને મફત કાનૂની સહાય પૂરી પાડવાના ઉદ્દેશ સાથે ૧૯૮૭માં ભારતમાં કાનૂની સેવા સત્તામંડળની સ્થાપના કરવામાં આવી હતી. આ સત્તામંડળનો મુખ્ય હેતુ સમાજના નબળા વર્ગોને તેમની અદાલતી બાબતો કે કાનૂની કાર્યોમાં મફત સેવા અને મદદ આપવાનો છે. આર્થિક અથવા અન્ય અસમર્થતાના કારણે કોઈ પણ નાગરિક ન્યાયથી વંચિત ન રહી જાય, તે આ કાનૂની સેવા સત્તામંડળનો મુખ્ય ઉદ્દેશ્ય છે.



## સ્વાધ્યાય

**પ્ર.૧ કહો, હું કોણ છું ?**

૧. જિલ્લાનો પ્રથમ વહીવટી અધિકારી અને આપત્તિ વ્યવસ્થાપન સમિતિનો અધ્યક્ષ છું.

..........................................

૨. ગામડાના સ્તરે શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસને મદદ કરું છું.

..........................................

૩. તાલુકા સ્તરે મહેસૂલ ઉઘરાવું છું અને 'તાલુકા દંડાધિકારી' તરીકે પણ ઓળખાઉં છું.

..........................................

૪. જિલ્લામાં ગુનાખોરી રોકવા માટે પોલીસ દળનું નેતૃત્વ કરું છું.

..........................................

**પ્ર.૨ નીચેના પ્રસંગોએ તમે કયા અધિકારી પાસે જશો?**

૧. તમારી જમીનનો 'સાતબારા'નો ઉતારો જોઈતો હોય તો :-

..........................................

૨. તમારા પરિસરમાં ચોરી થઈ હોય અને ફરિયાદ નોંધાવવાની હોય તો-

..........................................

૩. બે વ્યક્તિઓ વચ્ચેનો જમીનનો વિવાદ અદાલતમાં લઈ જવાનો હોય તો-

..........................................

૪. કુદરતી આપત્તિના કારણે (દા.ત. કરા પડવા) પાકને થયેલા નુકસાનનું પંચનામુ કરવા માટે-

..........................................

**પ્ર.૩ નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.**

| અધિકારી | કાર્યો |
|---|---|
| જિલ્લાધિકારી | જિલ્લાનું મહેસૂલ એકઠું કરવું અને કાયદો તથા સુવ્યવસ્થા જાળવવી. |
| જિલ્લા પોલીસ અધીક્ષક | ........................................ |
| તહેસીલદાર | ........................................ |
| જિલ્લા ન્યાયાધીશ | ........................................ |
| તલાટી | ........................................ |

**પ્ર.૪ સંકલ્પના સ્પષ્ટ કરો.**

૧. જિલ્લાધિકારી

૨. તહેસીલદાર

**પ્ર.૫ કલ્પના કરો અને લખો: 'જો હું જિલ્લાધિકારી બનું તો...'**

તમારા જિલ્લામાં ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ સર્જાઈ છે. આવી સ્થિતિમાં જિલ્લાધિકારી તરીકે તમે કયા ત્રણ કાર્યોને સર્વોચ્ચ પ્રાધાન્ય આપશો અને શા શાટે?

**ઉપક્રમ**

૧. જિલ્લા પ્રશાસન દ્વારા ચલાવવામાં આવતી 'આપત્તિ વ્યવસ્થાપન' પ્રણાલી વિશે માહિતી મેળવો અને કટોકટીના સમયમાં જરૂરી સંપર્ક ક્રમાંકોની યાદી તૈયાર કરો.

૨. જિલ્લાધિકારી અને અન્ય વિભાગોના પ્રમુખ (દા.ત. શિક્ષણ, આરોગ્ય) ભેગા મળીને જિલ્લાના વિકાસ પર ચર્ચા કરતા હોય તેવું નાનકડું નાટક રજૂ કરો.

૩. તમારા વિસ્તારના કોઈ પણ વહીવટી અધિકારીની મુલાકાત લો.

૪. જિલ્લાધિકારી અથવા તહેસીલદાર બનવા માટે કઈ પરીક્ષા પાસ કરવી પડે છે? માહિતી મેળવો અને વર્ગમાં ચર્ચા કરો.

***

## વિદ્યાર્થીઓ, વધુ માહિતી માટે આ પણ વાંચો.












પ્રિય બાળમિત્રો,

કોઈપણ દ્વારા કરાતા અયોગ્ય સ્પર્શથી જો તમે અસહજતા અનુભવો તો તમારે ચૂપ ન રહેવું જોઈએ. તમે...

૧. આમ થવામાં તમારો કોઈ દોષ નથી, તે યાદ રાખો

૨. તમારી કોઈ વિશ્વાસુ વ્યક્તિને આ બનાવ વિશે જાણ કરો.

૩. તમે પોક્સો ઈ-બૉક્સ મારફત રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગને પણ જાણ કરી શકો છો.

**અયોગ્ય, અસુરક્ષિત સ્પર્શના કારણે તમે મૂંઝવણ અનુભવતા હો, તો એ માટે તમારે દુઃખી થવાની જરૂર નથી. કારણ કે એમાં તમારો કોઈ દોષ જ નથી.**




આ બટન દબાવો.

POCSO e-box સંકેતસ્થળ ncpcr@gov.in પર ઉપલબ્ધ છે.

**તમારી વય ૧૮ વર્ષ કરતાં નાની છે અને તમે કોઈ મુશ્કેલીમાં છો, કોઈ તકલીફ-મૂંઝવણ-તાણ અનુભવો છો અથવા તમે આ પ્રકારનો ત્રાસ સહન કરતાં કોઈ બાળકને જાણો છો તો સંપર્ક કરો.**




બાળ સહાયતા ક્રમાંક - 1098/૧૦૯૮ (દસ નવ આઠ) : ૨૪ કલાક કાર્યરત રાષ્ટ્રીય આપાત્કાલીન મફત દૂરધ્વનિ સેવા છે, જે મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા સમર્થિત 'ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા' દ્વારા ચલાવાતો ઉપક્રમ છે.

નવા સમાજ તરફ
Towards a new dawn





મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

इतिहास व नागरिकशास्त्र इयत्ता सहावी (गुजराती माध्यम)

₹ 89.00